સંવત્ ૨૦૬૫ પોષસુદ ૫

શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્

શ્રીકૃષ્ણાય નમો નમઃ

સને. ૨૦૦૯ તા. ૧-૧-૦૯

-: છપાવી પ્રસિધ્ધ કરનાર :-

શ્રીસ્વામિનારાયણ મંદિર, ભુજ - કચ્છ.

# શ્રી વ્યાસમુનિ વિરચિતઃ

# શ્રીમદ્ભાગવત મહાપુરાણ

## -: પંચમ સ્કંધ :-

### અધ્યાય -:- ૧

## પ્રિયવ્રત રાજાનું ચરિત્ર

પરીક્ષિત રાજા પૂછે છે — હે ભગવન્ ! મહારાજ પ્રિયવ્રત તો ભગવાનના મહાન ભક્ત અને આત્મનિષ્ઠ હતા, જેના બંધનમાં જીવ પોતાના મૂળ સ્વરૂપને ભૂલી જઈ કર્મના બંધનમાં બંધાઈ જાય છે, એવા ગૃહસ્થાશ્રમમાં તેમને ભાવના શાથી થઈ ?. [૧] હે શ્રેષ્ઠ વિપ્ર ! આવા નિર્લેપ મહાપુરુષોનું ગૃહસ્થાશ્રમમાં પડવું યોગ્ય નથી. [૨] જેમનું ચિત્ત પવિત્ર કીર્તિવાળા શ્રીહરિનાં ચરણોની શીતળ છાયાનો આશ્રય પામીને શાન્ત થઈ ગયું છે, તે મહાપુરુષો પરિવાર આદિમાં આસક્ત થાય નહીં. એમાં કોઈ પ્રકારે સંદેહ નથી. [૩] સ્ત્રી ઘર અને પુત્રાદિકમાં આસક્ત રહીને પણ મહારાજ પ્રિયવ્રતે શી રીતે સિદ્ધિ પ્રાપ્ત કરી ? અને તેમની શ્રીકૃષ્ણના ચરણોમાં દૃઢ ભક્તિ કઈ રીતે થઈ ? એ વાતનો મને વસવસો છે. [૪]

શુકદેવજી કહે છે — હે રાજન્ ! તમારું કહેવું બરાબર છે, જેમનાં ચિત્ત પવિત્ર કીર્તિવાળાં શ્રીહરિનાં પરમ મધુર ચરણ કમળના મકરંદરસમાં તલ્લીન થઈ ગયાં છે તે કોઈ વિઘ્ન નડતરને લીધે અવરોધ આવવા છતાં પરમહંસ ભાગવતોને પ્રિય વાસુદેવ ભગવાનના કથાશ્રવણરૂપી પરમ કલ્યાણમય માર્ગને પ્રાયઃ છોડતા નથી. [૫] હે રાજન્ ! રાજકુમાર પ્રિયવ્રત પરમ ભગવદ્ભક્ત હતા. નારદજીનાં ચરણોની સેવા કરવાથી તેમને સહજમાં જ પરમતત્ત્વનું જ્ઞાન થયું હતું. તે પોતાનું જીવન નિરંતર બ્રહ્મના અભ્યાસમાં વિતાવવાનો સંકલ્પ કરવાના હતા, તે સમયમાં તેમના પિતા સ્વાયંભૂ મનુએ રાજ્ય શાસન માટે પ્રિયવ્રત રાજાને શાસ્ત્રમાં કહેલા સર્વે ઉત્તમ ગુણોવાળા પૂર્ણપણે સંપન્ન થયેલા જોઈને તેમને રાજ્યાસનની ધુરા સંભાળી લેવા આજ્ઞા કરી. પરંતુ પ્રિયવ્રતે તો પોતાની તમામ ઈન્દ્રિયોને તથા ક્રિયાઓને ભગવાન વાસુદેવના ચરણોમાં અખંડ સમાધિયોગ દ્વારા સમર્પણ કરી દીધી હતી. એટલે પિતાની આજ્ઞાનો કોઈ પણ પ્રકારે અનાદર કરવો ન જોઈએ, પરંતુ રાજસત્તા મેળવવાથી મારો આત્મા, સ્ત્રી, પુત્રાદિ પ્રપંચરૂપ માયાના આવરણમાં આવી જશે, વળી રાજ્ય અને કુટુંબની ચિંતામાં હું પણ કદાચિત્ પરમાર્થ તત્ત્વને ભૂલી જઈશ, એમ વિચારીને તેમણે પિતાની આજ્ઞાનો સ્વીકાર ન કર્યો. [૬] બ્રહ્માજીને તો આ ત્રિગુણાત્મક માયા પ્રપંચની વૃદ્ધિનો નિરંતર વિચાર રહ્યા કરે છે, અને રાજાઓ જેમ સઘળા સંસારના જીવોનો અભિપ્રાય પોતાના ગુપ્તચરો મારફત મેળવતા રહે છે તેમ બ્રહ્મા પણ સમસ્ત સંસારના જીવોના અંતર્ગત વિચારોને જાણતા રહે છે. પ્રિયવ્રતની આવી મનોવૃત્તિ જોઈ એટલે તે મૂર્તિમંત ચારે વેદ તથા મરીચ્યાદિ પાર્ષદોને સાથે લઈ બ્રહ્મલોકમાંથી નીચે ઊતર્યા. [૭] આકાશમાં ઠેકાણે ઠેકાણે વિમાનોમાં બિરાજેલા ઈન્દ્ર વગેરે પ્રધાન દેવોએ તેમનું પૂજન કર્યું, માર્ગમાં પોતપોતાની મંડળીમાં આવેલ સિદ્ધ, ગન્ધર્વ, સાધ્ય, ચારણ અને મુનિજનોએ તેમની સ્તુતિ કરી, આમ બધીજ જગ્યાએ આદર સત્કાર પામતા તે નક્ષત્રપતિ ચંદ્રમાની જેમ ગન્ધમાદનની તળેટીને દેદીપ્યમાન કરતા પ્રિયવ્રતની પાસે પહોંચ્યા. [૮] નારદજી પણ પ્રિયવ્રતને આત્મવિદ્યાનો ઉપદેશ આપવા માટે ત્યાં આવેલા હતા. બ્રહ્માજી ત્યાં પહોંચ્યા ત્યારે તેમના વહાન હંસને જોઈ દેવર્ષિ

નારદ સમજી ગયા કે મારા પિતા બ્રહ્મા પધાર્યા છે. આથી તે સ્વાયંભૂવ મનુ તથા પ્રિયવ્રત સહિત ઊભા થયા, અને બધાએ હાથ જોડીને પ્રણામ કર્યા. [૯] હે પરીક્ષિત ! પછી નારદજીએ તેમની વિવિધ પ્રકારે પૂજા કરી અને મધુર વાણીથી તેમના ગુણ તથા અવતારની શ્રેષ્ઠતાનું વર્ણન કર્યું, ત્યારે આદિપુરુષ ભગવાન બ્રહ્મા મંદમંદસ્મિત વાળી દયામય દૃષ્ટિ કરીને આ પ્રમાણે વચન કહેવા લાગ્યા. [૧૦]

બ્રહ્મા કહે છે – હે પ્રિય ! હું તને બિલકુલ સાચી વાત કહું છું, તેને ધ્યાન દઇને સાંભળ, તારે સર્વોપરી શ્રીહરિ પ્રત્યે કોઇ જાતની દોષ દૃષ્ટિ રાખવી ન જોઇએ, તેમાં પણ હું, મહાદેવજી અને તારા પિતા સ્વાયંભૂવમનુ અને તારા ગુરુ નારદજી અમે બધા તેમને આધીન રહી આજ્ઞાનું પાલન કરીએ છીએ. [૧૧] કોઇ પણ મનુષ્ય તપ, વિદ્યા, યોગબળ કે બુદ્ધિબળથી અથવા ધર્મ કે ધનની શક્તિથી અને પોતે અથવા બીજાની મદદથી તેમના વચનનો અનાદર કરી શકતો નથી. [૧૨] હે પ્રિયવર ! સર્વે જીવો જન્મ, મરણ, શોક, મોહ, ભય અને સુખદુઃખને ભોગવવા અને કર્મ કરવા અવ્યક્ત ઈશ્વરે આપેલા શરીરને ધારણ કરે છે. [૧૩] હે વત્સ ! જેમ દોરીથી નાથેલ પશુ મનુષ્યનો ભાર વહન કરે છે, તેમ આપણે સૌ પરમાત્માની વેદવાણીરૂપ રાશમાં સાત્વિક, રાજસ અને તામસ આ ત્રણ પ્રકારનાં કર્મોના આધારભૂત બ્રાહ્મણ વગેરે વાક્યોના મજબૂત દોરડાથી બંધાઇને નાથેલા બળદો જેમ ખેડૂતની મરજી પ્રમાણે કામ કરે તેમ આપણે તે પરમાત્માની ઇચ્છા મુજબ કર્મને વળગી રહીએ છીએ. [૧૪] હે અંગ ! ભોગ ભોગવવામાં પણ આપણે પરતંત્ર છીએ, કેમકે ઈશ્વરે ગુણ અને કર્મને અનુસારે આપણને જે દેહ આપ્યો છે તે આપણે મંજૂર રાખવો જ પડે છે. અને તે અનુસાર આપણે સુખ અથવા દુઃખ ભોગવતા રહીએ છીએ, જેમ કોઇ આંધળો માણસ દેખતા માણસને અનુસરે છે. [૧૫] આ સઘળું અજ્ઞાનીને માટે છે, પણ જ્ઞાની એવા બ્રહ્મવેત્તાને માટે નથી, એમ સમજવું નહીં, કારણ કે મુક્તિને પામેલો મનુષ્ય પણ પ્રારબ્ધના ભોગ ભોગવતો રહીને ભગવાનની ઇચ્છાનુસાર પોતાના શરીરને ધારણ કરે જ છે. જેવી રીતે નિદ્રામાં જે સ્વપ્ન જોયાં હોય તે જાગ્યા પછી માણસને સ્વપ્નામાં દીઠેલા પદાર્થનું સ્મરણ રહે છે પણ તે પદાર્થમાં અભિમાન થાય નહિ, તેમ મુક્તભાવને પામેલા જીવોને પણ આ દેહનું સ્મરણ રહે છે, પણ તેમાં અભિમાન થતું નથી, તે કારણે એ જીવનમુક્ત ભોગની વાસનાથી બીજો દેહ ધારણ કરવો પડે તેવું કર્મ પણ કરતો નથી. [૧૬] ઘરનો ત્યાગ કરી વનમાં જવાથી જ મોક્ષ થાય છે, એમ સમજવું નહીં, કેમ કે ગાફલ માણસ વનમાં રહેવા છતાં પણ જો મન સહિત ઇન્દ્રિયોરૂપી છ શત્રુઓ ભેળા જ હોવાથી અસાવધાનીને કારણે વિષયોમાં ખેંચી જાય છે. અને જે વિદ્વાન્ માણસ સાવધાની પૂર્વક જિતેન્દ્રિય તથા આત્મારામ થઇને ઘરમાં રહેતો હોય તો પણ ગૃહસ્થાશ્રમ તેનું કાંઇ બગાડી શકતો નથી. [૧૭] જેને આ છ શત્રુઓને જીતવાની ઇચ્છા હોય તેણે પ્રથમ પોતાના પરિવાર સહિત ઘરમાં રહીને મન ઈંદ્રિયોરૂપી છ શત્રુઓનો અત્યંત નિરોધ કરી તેમને વશ કરવાનો પ્રયત્ન કરવો જોઇએ. જેવી રીતે કિલ્લામાં રહીને લડનાર રાજા અતિ બળવાન શત્રુઓને પણ જીતી લેછે, પછી જ તે સ્વતંત્ર વિહાર કરી શકે છે. એવા વિચારશીલ વિદ્વાનોને માટે ઘર અને વન બન્ને સમાન થઇ જાય છે. છતાં પણ ભગવાન પદ્મનાભે આપેલા ભોગો ભોગવ્યા પછી આસક્તિ મુક્ત થઇ પોતાના આત્મસ્વરૂપમાં લીન થઇ જાય છે. [૧૮-૧૯]

શુકદેવજી કહે છે – ત્રણે લોકના ગુરુ બ્રહ્માએ જ્યારે આ પ્રમાણે કહ્યું ત્યારે પરમ ભાગવત પ્રિયવ્રત પોતે નાના હોવાને કારણે નમ્રતાપૂર્વક મસ્તક નમાવી આપની આજ્ઞા શિરોમાન્ય છે એમ કહીને ઘણા આદરથી તેમની આજ્ઞા માથે ચડાવી. [૨૦] સ્વાયંભૂવ મનુએ પોતાના પુત્રના આ વર્તનથી પ્રસન્ન થઇને ભગવાન બ્રહ્માજીની વિધિસર પૂજા કરી, ત્યાર પછી તે મન અને વાણીને અગોચર પોતાના આશ્રય અને વ્યવહારથી પર પરબ્રહ્મનું ચિંતન કરતા પોતાના લોકમાં ચાલ્યા ગયા. [૨૧] આ પ્રમાણે મનુએ બ્રહ્માજીની કૃપાથી પોતાનો મનોરથ પૂરો થયા પછી નારદજીની આજ્ઞાથી પ્રિયવ્રતને સંપૂર્ણ ભૂમંડળની રક્ષાની જવાબદારી સોંપી દીધી, અને પોતે વિષયરૂપી ઝેરી જળથી ભરપૂર અને તરીને પાર કરવા કઠણ એવા ગૃહસ્થાશ્રમરૂપી જળાશયની ભોગલાલસાથી મુક્તિ મેળવી. [૨૨] હવે પૃથ્વીપતિ મહારાજ પ્રિયવ્રત ભગવાનની ઇચ્છાથી રાજશાસનના કાર્યમાં નિયુક્ત થયા, જેઓ સમસ્ત બંધનમાંથી મુક્ત કરાવવામાં અતિશય સમર્થ છે, તે આદિ પુરુષ શ્રીભગવાનનાં ચરણકમળનું ધ્યાન કરતા રહેવાથી તેમના રાગ દ્વેષ વગેરે દોષ નાશ પામ્યા અને તેનું હૃદય પણ અત્યંત શુદ્ધ હતું, તેમ છતાં વડીલોનું માન રાખવા માટે તેઓ પૃથ્વીનું શાસન કરવા લાગ્યા. [૨૩] ત્યારપછી તેમણે વિશ્વકર્માની પુત્રી બર્હિષ્મતી સાથે લગ્ન કર્યું, તેનાથી તેમને દશ પુત્રો થયા તેઓ પણ પોતાના પિતાની સમાન ગુણવાન, ચારિત્ર્યવાન, કર્મનિષ્ઠ પરાક્રમી અને રૂપવાન હતા અને

www.bhujmandir.org

દશ પુત્રો પછી સૌથી નાની ઊર્જસ્વતી નામે એક પુત્રી થઈ. [૨૪] પુત્રોનાં નામ આગ્નિધ્ર, ઈધ્મજિહ્વ, યજ્ઞબાહુ, મહાવીર, હિરણ્યરેતા, ઘૃતપૃષ્ઠ, સવન, મેધાતિથિ, વીતિહોત્ર અને કવિ હતા, આ બધાં નામો અગ્નિનાં પણ છે. [૨૫] તે દશપુત્રોમાંથી કવિ, મહાવીર અને સવન એ ત્રણ પુત્રો નૈષ્ઠિક બ્રહ્મચારી થયા, તેમણે નાની વયમાં જ આત્મવિદ્યાનો અભ્યાસ કરવા માંડ્યો અને અંતે તેમણે સંન્યાસ આશ્રમ સ્વીકાર્યો. [૨૬] આ નિવૃત્તિ પરાયણ મહર્ષિઓએ સંન્યાસ આશ્રમમાં રહીને સમસ્ત જીવોનો આધાર અને સંસારના બંધનોથી ભય પામેલા લોકોના આશ્રય દાતા એવા ભગવાન શ્રીવાસુદેવના ચરણકમળનું ચિંતવન કર્યું, તેનાથી પ્રાપ્ત થયેલ અખંડ શ્રેષ્ઠ ભક્તિયોગથી તેમનું અંતઃકરણ સર્વથા શુદ્ધ થયું તેના કારણે તેના હૃદયમાં ભગવાન શ્રીહરિનો આવિર્ભાવ થયો. દેહાદિક સર્વે ઉપાધિ નિર્મૂળ થવાથી તેમનો આત્મા સર્વે જીવોના આત્માના આધાર એવા પરબ્રહ્મ પરમાત્મા સાથે તદ્રૂપ થઈ ગયો. [૨૭] પ્રિયવ્રત રાજાની બીજી પત્નીથી ઉત્તમ, તામસ અને રૈવત નામના ત્રણ પુત્રો ઉત્પન્ન થયા, કે જેઓ પોતાના જ નામવાળા મન્વંતરોના અધિપતિ થયા. [૨૮] આ પ્રમાણે કવિ આદિ ત્રણ પુત્રો નિવૃત્તિ લીધા પછી પ્રિયવ્રત રાજાએ અગિયાર અર્બુદ (દશ કરોડ બરાબર એક અર્બુદ) વર્ષો સુધી પૃથ્વીનું શાસન કર્યું, જ્યારે તેઓ પોતાની અખંડ પુરુષાર્થભરી બળવાન ભુજાઓ વડે ધનુષ્યની દોરી ખેંચી ટંકાર કરતા ત્યારે તમામ ધર્મદ્રોહીઓ ભયના માર્યા એવા સંતાઈ જતા હતા કે ક્યાંય નજરે પડતા ન હતા. પ્રાણથી પણ અધિક પ્રિય બર્હિષ્મતીનો દિન પ્રતિદિન આનંદ અને વિકાસ વધતો જતો હતો. તથા વિવિધ ક્રીડાઓ, સ્ત્રીજનને યોગ્ય હાવભાવ, લાજથી સંકોચાતું મંદહાસ્ય પૂર્વક જોવું અને સુંદર હાંસી મશ્કરીના વાક્યોથી જાણે વિવેક ભૂલી જઈને મોહમાં મગ્ન થયા હોયને શું એવી રીતે ભોગ ભોગવતા હોય એમ લાગતું હતું, પરંતુ વાસ્તવિક રીતે સંસારિક ભોગમાં આસક્ત ન હતા. [૨૯] એક વખત તેમને એવો વિચાર આવ્યો કે મેરુ પર્વતને પ્રદક્ષિણા ફરતા સૂર્યનારાયણ પૃથ્વીમાં લોકાલોક પર્વત પર્યંત અજવાળું કરે છે, પણ તેમાં વારાફરતી કોઈ એક બાજુ અડધા ભાગમાં અંધારું રહે છે, એ પોતાને નહીં ગમતાં ભગવાનની ઉપાસનાને લીધે અતિશય પ્રભાવશાળી એ પ્રિયવ્રત રાજા રાત્રીને પણ દિવસ બનાવી દેવાના હેતુથી સૂર્યના રથ સરખા વેગવાળા તેજોમય રથમાં બેસીને સૂર્યની પછવાડે બીજા સૂર્યની પેઠે ફરતા પૃથ્વીની સાત પ્રદક્ષિણા એવી રીતે કરી કે સૂર્ય જ્યારે અસ્તાચળ પર હોય ત્યારે પોતાનો રથ ઉદયાચળ પર આરોહણ કરતો હતો અને સૂર્ય જ્યારે ઉદય પામતા હોય ત્યારે તે પ્રિયવ્રત રાજા અસ્તાચળ પર પહોંચી જતા હતા. [૩૦] તે સમયે તેમના રથના પૈડાંઓથી જે ચીલા પડ્યા તે સાત સમુદ્ર થયા, કે જે સાત સમુદ્રને કારણે પૃથ્વીમાં સાત દ્વીપ થયા. [૩૧] તેમના નામ અનુક્રમે આ પ્રમાણે છે જંબુદ્વીપ, પ્લક્ષદ્વીપ, શાલ્મલિદ્વીપ, કુશદ્વીપ, કૌંચદ્વીપ, શાકદ્વીપ અને પુષ્કરદ્વીપ એમાંના પહેલા પહેલા કરતા પછી પછીના બમણા વિસ્તારવાળો છે. એવી રીતે એક દ્વીપ અને એક સમુદ્ર આ પ્રમાણે રચના થઈ છે. [૩૨] આ સાતે સમુદ્રો ક્રમશઃ ખારા પાણીથી, શેરડીના રસથી, મદિરાથી, ઘીથી, દૂધથી, દહીંથી અને મીઠા પાણીથી ભરેલા છે. આ સાતે સમુદ્રો ખાઈઓ સમાન છે, અને દરેક સમુદ્રો ક્રમથી અલગ અલગ સાતે ટાપુને ઘેરી રહેલા છે. મહારાજ પ્રિયવ્રતે પોતાના પુત્ર આગ્નીધ્ર, ઈધ્મજિહ્વ, યજ્ઞબાહુ, હિરણ્યરેતા, ઘૃતપૃષ્ઠ, મેધાતિથિ અને વીતિહોત્ર આ દરેકને અનુક્રમે જંબુ આદિ દ્વીપોના રાજા બનાવ્યા. [૩૩] અને પોતાની કન્યા ઊર્જસ્વતીનો વિવાહ શુક્રાચાર્ય સાથે કર્યો. તેનાથી શુક્રની કન્યા દેવયાનીનો જન્મ થયો. [૩૪] હે રાજન્ ! જેમણે ભગવાનના ચરણ કમળની રજના પ્રભાવથી ભૂખ, તરસ, શોક, મોહ, જરા, મૃત્યુ આ છ ગુણો તથા મન સહિત ઈન્દ્રિયોને જીતી લીધા છે એવા ભગવદ્ ભક્તો આવા પુરુષાર્થમાં લાગી રહે તેમાં નવાઈ પામવા જેવું કાંઈ નથી. કારણ કે ભગવાનના નામનું એક જ વાર ઉચ્ચારણ કરવાથી ચંડાલ આદિ નીચ યોનિનો પુરુષ પણ સંસારના બંધનમાંથી તરત મુક્ત થઈ જાય છે. [૩૫] આમ અપાર બળ અને પરાક્રમવાળા પ્રિયવ્રત રાજા એક દિવસ નારદજીના ચરણની સેવા કરતાં અર્થાત્ નારદજીએ આપેલો ઉપદેશ ગ્રહણ કર્યા છતાં પણ હું ફરી સંસારના પ્રપંચમાં ફસાઈ ગયો છું, આવું વિચારીને પોતાને વિહ્વળ જોઈને મનોમન વિચાર કરવા લાગ્યા. [૩૬] અહો !!! ભારે અનર્થ થયો, મારી વિષય લોલુપ ઈન્દ્રિયોએ મને અવિદ્યાથી જન્મતા વિષમ વિષયરૂપ અંધકારમય કૂવામાં ધકેલી દીધો. બસ બસ હવે આ વિષયભોગ ઘણો ભોગવ્યો, અરે રે !!! હું તો સ્ત્રીનો ક્રીડામૃગ બની ગયો, તેણે મને વાનરની જેમ નચાવ્યો, મને ધિક્કાર છે ! આ પ્રમાણે તેણે પોતાની વારંવાર નિંદા કરી. [૩૭] એ પ્રમાણે અફસોસ કરી ભગવાનની કૃપાથી પ્રાપ્ત થયેલા વિવેકને લીધે સારી પૃથ્વીનું ચક્રવર્તી રાજ્ય પોતાના પુત્રોને યોગ્યતા પ્રમાણે વહેંચી આપી. અને જેની સાથે તેમણે વિવિધ પ્રકારના ભોગો ભોગવ્યા હતા તે પોતાની બર્હિષ્મતી રાણી અને મોટી સમૃદ્ધિવાળાં રાજ્યનો મૃતશરીરની પેઠે ત્યાગ કરી પ્રિયવ્રત રાજા ફરી નારદજીએ કહેલા માર્ગને અનુસરી ભગવાનની

www.bhujmandir.org

લીલાનું ચિંતવન કરવા લાગ્યા. ૩૮

એ પ્રિયવ્રત રાજા વિષે એવી ઉક્તિ પ્રસિદ્ધ છે કે- વૈષ્ણવો ઉપર પ્રીતિ રાખતા પ્રિયવ્રત રાજા જેવું કાર્ય કર્યું તેવું કાર્ય સર્વશક્તિમાન ભગવાન સિવાય બીજો કોણ કરવા સમર્થ છે ? તેમણે રાત્રીના અંધકારને નષ્ટ કર્યો, અને પોતાના રથના પૈડાના ખાડારૂપ સાત સમુદ્રનું સર્જન કર્યું. ૩૯ દ્વીપોની રચનાથી પૃથ્વીની વ્યવસ્થારૂપ વિભાગ કર્યા અને પ્રત્યેક દ્વીપમાં વિભાગ પ્રમાણે નદીઓ, પર્વતો અને વન વગેરેથી તેમના સીમાડા નક્કી કરી આપ્યા. ૪૦ પોતે ભગવાનના એકાંતિક ભક્ત હતા અને પોતાના જ સત્કર્મથી મેળવેલ સ્વર્ગલોક, મૃત્યુલોક અને પાતાળલોક તેમજ સમગ્ર ઐશ્વર્ય સુખને પણ છેલ્લીવારે નરક સમાન માન્યું. ૪૧

ઈતિ શ્રીમદ્ ભાગવતે મહાપુરાણે પંચમ સ્કંધે પ્રિયવ્રત ચરિત્ર વર્ણન નામનો પહેલો અધ્યાય સંપૂર્ણ. (૧)

## અધ્યાય -:- ૨

## આગ્નીધ્ર રાજાનું ચરિત્ર

શુકદેવજી કહે છે - પિતા પ્રિયવ્રત રાજા આ પ્રમાણે તપશ્ચર્યામાં સંલગ્ન થઈ ગયા ત્યારે આગ્નીધ્ર રાજા તેમની આજ્ઞાને અનુસરીને જંબૂદ્વીપની પ્રજાનું ધર્માનુસાર પુત્રની પેઠે પાલન કરવા લાગ્યા. ૧ એક વખત તેઓ પિતૃલોક પામવાની ઈચ્છાથી સત્પુત્રની પ્રાપ્તિને માટે પૂજાની સર્વે સામગ્રી એકઠી કરીને દેવનારીઓના ક્રીડાસ્થળ એવા મંદરાચળની એક પહાડીમાં ગયા, અને તપસ્યામાં સંલગ્ન થઈને એકાગ્રચિત્તે પ્રજાપતિ બ્રહ્માજીની આરાધના કરવા લાગ્યા. ૨ ભગવાન આદિપુરુષ બ્રહ્માજીએ તેમની ઈચ્છા જાણીને પોતાની સભાની ગાયિકા પૂર્વચિત્તિ નામની અપ્સરા તેમની પાસે મોકલી. ૩ રાજા આગ્નીધ્રના આશ્રમની પાસે અત્યંત રમણીય એક ઉપવન હતું, તેમાં પૂર્વચિત્તિ અપ્સરા ફરવા લાગી, તે ઉપવનમાં જાતજાતના ગાઢ વૃક્ષોની ડાળીઓ પર સોનેરી લતાઓ ફેલાયેલી હતી. તેમના પર બેઠેલાં મોર વગેરે સ્થળચર પક્ષીઓનાં યુગલો સુમધુર પોતાના શબ્દો કરી રહ્યાં હતાં. તેમનો સ્વરોથી યુક્ત ધ્વનિ સાંભળીને જળકૂકડી, કારંડવ, કલહંસ આદિ જળચર પક્ષીઓ પણ વિવિધ પ્રકારના કલરવ કરવા લાગ્યાં, આ બન્ને સ્વરોથી કમળ યુક્ત સરોવર પણ ગુંજી રહ્યું હતું. ૪ પૂર્વચિત્તિની વિલાસપૂર્ણ સુલલિત ગતિવિધિથી અને ચાલની શૈલીથી ડગલે ડગલે તેમનાં ચરણોનાં ઝાંઝરનો મનોહર ધ્વનિ સાંભળીને રાજકુમાર આગ્નીધ્રે સમાધિમાં મીંચેલાં પોતાના કમળ સમાન નેત્રોને અડધા ખોલીને જોયું તો પોતાની પાસે જ અપ્સરા દેખાઈ, તે અપ્સરા ભમરીની પેઠે દરેક પુષ્પ પાસે જઈને તેને સુંઘતી હતી, અને દેવતાઓ તથા મનુષ્યોના મન અને નેત્રોને આહ્લાદિત કરનારી પોતાની વિલાસપૂર્ણ ચાલ તેમજ ક્રીડા, ચાપલ્ય, લજ્જા, વિનયયુક્ત દૃષ્ટિ, મધુરવાણી અને મનોહર પોતાના ગાત્રોથી જાણે પુરુષોના હૃદયમાં કામપ્રવેશ માટે દ્વારરૂપ હતી. તેમના મુખમાંથી અમૃત સમાન વચન નીકળતું હતું, તેમના સ્તનરૂપી કળશ, કટિપાશ અને કટિમેખળા અત્યંત મનોહર રીતે હાલતા હતા, તેવી અપ્સરાને જોવાથી આગ્નીધ્રના હૃદયમાં કામ ઉત્પન્ન થયો અને ઉન્મત્તની પેઠે આ પ્રમાણે કહેવા લાગ્યા. ૫-૬ હે મુનિવર્ય ! તું કોણ છે ? આ પર્વત પર તું શું કરવા ઈચ્છે છે ? તું સાક્ષાત્ પરમાત્માની કોઈ માયા તો નથી ને ? હે મિત્ર ! તેં દોરી વિનાનાં આ બે ધનુષ્ય શા માટે ધારણ કર્યાં છે ? એમનાથી અમારાં જેવાં ગાફલ હરણોનો શિકાર કરવા ઈચ્છે છે કે શું ? તારાં આ બે બાણ તો ઘણાં સુંદર અને તીક્ષ્ણ છે, અહો !!! તે કમળની પાંખડી સમાન દેખાવમાં બહુ શાંત છે, અને પીછાં વિનાના આ બાણ કોના ઉપર છોડવા ઈચ્છે છે ? એ અમે જાણતા નથી, પણ એટલી અમારી માગણી છે કે તારું આ પરાક્રમ અમારા જેવા જડબુદ્ધિઓ માટે કલ્યાણકારી થાઓ. ૮ આ આપના શિષ્યો વિદ્યાભ્યાસ કરી રહ્યા છે, અને રહસ્ય સહિત સામવેદનું ગાન કરતાં કરતાં જાણે ભગવાનની સ્તુતિ કરે છે, ઋષિઓ જેમ વેદની શાખાઓનું સેવન કરે તેમ આ આપના સઘળા શિષ્યો ચોટલામાંથી ખરેલા પુષ્પોનું સેવન કરી રહ્યા છે. ૯ હે બ્રહ્મન્ ! તારા ચરણમાં જે પાંજરાં ધર્યાં છે તેમાંથી તેતરનો અવાજ સંભળાય છે પણ તેતર પક્ષી જોવામાં આવતાં નથી. આ સુંદર નિતંબના મંડળમાં કદંબના ફૂલ જેવી કાંતિ તમને ક્યાંથી મળી છે ? એમની ઉપર તો અંગારાઓના મંડળ જેવું પણ દેખાય છે, પરંતુ તારું વલ્કલવસ્ત્ર ક્યાં છે ? ૧૦ હે વિપ્ર તમારા આ સુંદર શીંગડાંમાં શું ભરેલું છે ? લાગે છે કે તેમાં ઘણાં અમૂલ્ય

www.bhujmandir.org

રત્નો ભરેલાં છે, અહીં જઇને તો મારી દૃષ્ટિ રોકાઇ જાય છે, હે સુભગા ! આ શીંગો પર જે તેં લેપ લગાડેલો છે તેની ગંધથી તો મારો આખો આશ્રમ સુગંધીમાન થઇ રહ્યો છે. ૧૧ હે મિત્ર ! તમારો લોક મને દેખાડો કે જ્યાંના રહેવાસીઓ પોતાના વક્ષઃસ્થળો પર આવાં અદ્‌ભુત અવયવો ધારણ કરે છે અને અમારા જેવાના મનને લલચાવનારા મુખમાં વિચિત્ર હાવભાવ, સુંદર ભાષણ અને અધરામૃત જેવી અનોખી વસ્તુઓ રહેલી છે. ૧૨ હે મિત્ર ! તારો શો આહાર છો ? કે જેને આરોગવાથી તારા મુખથી હવનની સુગંધ ફેલાઇ રહી છે ? લાગે છે કે તું વિષ્ણુ ભગવાનની કોઇ કળા જ છે, વળી તારા કાનમાં ચળકતા અને નેત્રો નહિ મીચનારાં બે માછલારૂપ કુંડળ છે. તારું મુખ સુંદર સરોવર જેવું છે, તેમાં તારી ચંચળ બે આંખો માછલાંની જેમ ઊછળ્યા કરે છે, દંતપંક્તિ હંસો જેવી અને વાંકડિયાળી કેશલટાઓ ભમરાઓ જેવી છે. ૧૩ તું જ્યારે પોતાના હસ્તકમળથી ટપલી મારીને દડાને ઉચ્છાળે છે ત્યારે ચારેકોર જતો મારી આંખોને ભ્રમિત કરે છે, સાથે સાથે મારા મનમાં પણ ખળભળાટ પેદા કરે છે. તારી વાંકી જટા ખુલી ગઇ છે. તેની કેમ સંભાળ કરતા નથી ? અરે !!! આ લંપટ તથા ધૂર્ત પવન કેવો દુષ્ટ છે કે જે વારંવાર તારા કટીવસ્ત્રને ઉડાડી મૂકે છે ! ૧૪ હે તપોધન ! તપસ્વીઓના તપને ભ્રષ્ટ કરનાર આ અનુપમ રૂપ તેં કયું તપ કરીને મેળવ્યું છે ? હે મિત્ર ! થોડા દિવસ મારી સાથે રહીને તપશ્ચર્યા કર અથવા ક્યાંક વિશ્વનો વિસ્તાર કરવાની ઇચ્છાથી બ્રહ્માએ કૃપા કરીને તમને મારી પાસે મોકલી છે કે શું ? ૧૫ સાચે જ તું બ્રહ્માજીએ આપેલી પ્રિય ભેટ છે, હવે હું તને છોડી શકું નહીં. તારામાં તો મારું મન અને આંખો એવી અટવાઇ ગઇ છે કે અન્યત્ર જવા ઇચ્છતા જ નથી. હે સુંદર શીંગડાંવાળી ! હું કે જે તને આધીન છું તેને જ્યાં તારી ઇચ્છા હોય ત્યાં લઇ જા. હું તો તારી સાથે ફરનાર છું અને મંગલમયી સખીઓ પણ ભલે આપની સાથે જ રહે ૧૬

શુકદેવજી કહે છે, હે રાજન્ ! આગ્નીધ્ર રાજા બુદ્ધિમાન અને સ્ત્રીઓને પ્રસન્ન કરવામાં કુશળ હોવાથી તેમણે આ પ્રકારની માધુર્યપૂર્ણ મીઠી મીઠી વાતોથી અપ્સરાને પ્રસન્ન કરી દીધી. ૧૭ આ આગ્નીધ્ર રાજાની બુદ્ધિ, શીલ, રૂપ, અવસ્થા, લક્ષ્મી અને ઉદારતાથી આકર્ષાઇને તે અપ્સરાએ જંબુદ્વીપના તે અધીપતિની સાથે હજારો વર્ષો સુધી પૃથ્વી અને સ્વર્ગના ભોગ ભોગવ્યા ૧૮ ત્યારબાદ તે આગ્નીધ્ર રાજાને તે અપ્સરાના ગર્ભથી નાભિ, કિંપુરુષ, હરિવર્ષ, ઇલાવૃત, રમ્યક, હિરણ્મય, કુરુ, ભદ્રાશ્વ અને કેતુમાલ નામના નવ પુત્રો ઉત્પન્ન થયા. ૧૯ એ પૂર્વચિત્તિ અપ્સરાએ એક વર્ષે એક દીકરો એમ નવ વર્ષે નવ દીકરાને જન્મ આપીને તેઓને રાજ ભવનમાં જ મૂકીને પાછી બ્રહ્મા પાસે ગઇ. ૨૦ આગ્નીધ્રના આ નવ પુત્રો માતાના અનુગ્રહથી સ્વભાવિક જ બળવાન અને દૃઢ શરીરવાળા હતા, તે સર્વે દીકરાઓને આગ્નીધ્રે જંબુદ્વીપના તેમના જ જેવા નામવાળા નવ ખંડ પાડી પ્રત્યેક દીકરાને એક એક ખંડ વહેંચી આપતાં તેઓ વિભાગ પ્રમાણે પોતપોતાના ખંડમાં રાજ્ય કરવા લાગ્યા. ૨૧ મહારાજ આગ્નીધ્ર કામભોગથી તૃપ્તિ નહીં પામતો અને દિવસે દિવસે તે અપ્સરાને જ અધિક કરી માનતો તે રાજા વેદોક્ત કર્મ કરીને તે અપ્સરાના લોકને જ પામ્યો કે જ્યાં પિતૃઓ પોતાના પુણ્ય કર્માનુસાર વિવિધ ભોગો ભોગવવામાં મસ્ત રહે છે. ૨૨ પિતા આગ્નીધ્ર પરલોક સિધાવ્યા પછી નાભિ વિગેરે નવ ભાઇઓએ મેરુદેવી, પ્રતિરૂપા, ઉગ્રદંષ્ટ્રી, લતા, રમ્યા, શ્યામા, નારી, ભદ્રા અને દેવવીતિ નામની મેરુપર્વતની નવ દીકરીઓ સાથે લગ્ન કર્યાં. ૨૩

ઈતિ શ્રીમદ્ ભાગવતે મહાપુરાણે પંચમ સ્કંધે આગ્નીધ્ર વર્ણન નામનો બીજો અધ્યાય સંપૂર્ણ. (૨)

## અધ્યાય - : - ૩

# નાભિ રાજાનું ચરિત્ર

શુકદેવજી કહે છે - હે રાજન્ ! આગ્નીધ્રના પુત્ર નાભિને કોઇ સંતાન ન હતું, તેથી તેમણે પોતાની પત્ની સાથે પુત્રની ઇચ્છાથી એકાગ્ર ચિત્તથી યજ્ઞપુરુષ ભગવાનનું પૂજન કર્યું. ૧ જો કે ભગવાન, દ્રવ્ય, દેશ, કાળ, મંત્ર કે દક્ષિણાથી મળે તેવા નથી, છતાં પણ પોતાના ભક્ત ઉપરના વાત્સલ્યને લીધે પોતાના ભક્તોના મનોરથ પૂર્ણ કરવાની ઇચ્છાથી શ્રદ્ધા પૂર્વક યજન કરનાર નાભિરાજાને પોતાનાં મનોહર રમણીય સ્વરૂપનું દર્શન દીધું. ૨ એ પુરુષોત્તમનારાયણની અષ્ટભુજા હતી, સોના જેવી કાંતિ હતી, પીળા રેશમી વસ્ત્ર ધારણ કર્યાં હતાં, વક્ષઃસ્થલમાં શ્રીવત્સનું ચિહ્ન શોભતું હતું, શંખ, ચક્ર, ગદા, પદ્મને તેમજ કૌસ્તુભમણિને ધારણ કરી રહેલા હતા, મસ્તક ઉપર ચળકતા મણિઓવાળા મુગટને ધારણ કરી રહેલા, કુંડળ, કડાં,

www.bhujmandir.org

કટીમેખલા, હાર, બાજુબંધ આદિ આભૂષણોથી શોભતા એવા ભગવાનને જોઈને જેમ નિર્ધન પુરુષને ધન મળે તેમ અતિશે રાજી થયેલા યજમાન, ઋત્વિજ અને સભાસદો, આ બધા ઘણા માનથી પોતાના મસ્તક નમાવી ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા. ૩

ઋત્વિજો સ્તુતિ કરે છે – હે પૂજ્ય ! આપ પરિપૂર્ણ છો તોપણ અમો આપના ભક્તો છીએ અને આપ અમારા પૂજનીય છો. પરંતુ આપની પૂજા કરવામાં અમો કાંઇ પણ જાણતા નથી, માટે વારંવાર નમસ્કાર કરીએ છીએ. આપ પ્રકૃતિ પુરુષથી પર છો, તો પછી પ્રાકૃત ગુણોના કાર્યભૂત આ સંસારમાં જેની બુદ્ધિ ફસાયેલી છે અને આપના ગુણગાન કરવામાં સર્વથા અસમર્થ એવો કયો મનુષ્ય છે કે આપના સ્વરૂપનું નિરૂપણ કરી શકે ? આપ તો સાક્ષાત્ પરમાત્મા છો. ૪ આપના પરમ મંગલમય ગુણો સમસ્ત પ્રજાનાં દુઃખોને મટાડનાર, સુખરૂપ અને ઉત્તમ છે તે અનેક ગુણોમાંથી એકાદ ગુણનું વર્ણન કરી શકે પણ વધારે બની શકે નહિ. ૫ હે પરમેશ્વર ! આપ એવા દયાસાગર છો કે, આપને જો કે મનવાણી પહોંચી શકતા નથી તો પણ સહજમાં મળતાં જળ, પુષ્પ, તુલસીપત્ર, દૂર્વાંકુર આદિ સામગ્રી વડે ભક્તજન આપની પૂજા કરે અથવા ગદ્‌ગદ્ મનવાણીથી આપની સ્તુતિ કરે તેટલા માત્રથી આપ પરિપૂર્ણ સંતુષ્ટ થઇ જાઓ છો. ૬ હે પરમાત્મા ! અમે જે યજ્ઞ કરી રહ્યા છીએ એથી આપનો કોઇ વિશેષ અર્થ સિદ્ધ થાય તેવું નથી તોપણ અમારા જેવા ભક્તો ઉપર આપની કરુણાને લીધે અમારો યજ્ઞ ફળીભૂત થાય એવું અમે માનીએ છીએ. ૭ હે મહાપુરુષ તમારા આપમેળે જ ક્ષણે ક્ષણે થતા પુરુષાર્થના ફળસ્વરૂપ જે પરમાનંદ સ્વભાવિકજ નિરંતર પાદુર્ભૂત થતો રહે છે, આપ સાક્ષાત્ તેનું જ સ્વરૂપ છો આ પ્રમાણે જોકે આપને આ યજ્ઞ વગેરેથી કોઇ પ્રયોજન નથી તો પણ કાંઇક કામનાને લીધે જ આ યજ્ઞવડે આપની આરાધના કરી રહ્યા છીએ. અને તે મનોરથની સિદ્ધિ પણ થવી જોઇએ. ૮ આપ બ્રહ્મા વગેરે દેવતાઓ કરતાં પણ પરમ શ્રેષ્ઠ છો, અમે તો એ પણ જાણતા નથી કે અમારું પરમ કલ્યાણ શામાં છે ? અને નથી તો અમારાથી આપની યથાયોગ્ય પૂજા પણ થઇ શકી; તો પણ જેમ તત્ત્વજ્ઞાની મનુષ્યો બોલાવ્યા વિના પણ માત્ર કરુણાવશ થઇને અજ્ઞાની મનુષ્યોની પાસે પહોંચી જાય છે, તેવી જ રીતે આપ પણ અમને મોક્ષ નામના પોતાના પરમપદનું અને અમારી અભીષ્ટ વસ્તુઓનું પ્રદાન કરવા માટે અન્ય સાધારણ યજ્ઞદર્શકોની જેમ અહીં પ્રગટ થયા છો. ૯ હે મહારાજ ! અમને સૌથી મોટું વરદાન તો આપે એજ આપી દીધું કે, નાભિરાજાની યજ્ઞશાળામાં અમોને દર્શન દીધું, હવે અમે બીજું શું વરદાન માગીએ ? ૧૦ હે પ્રભુ ! આપના ગુણોનું ગાન પરમ મંગલમય છે, વૈરાગ્યથી પ્રગટેલા જ્ઞાનરૂપ અગ્નિથી જેઓના રાગ દ્વેષાદિ સઘળા મળ બળી ગયા છે, અને તેથી જ જેમનો સ્વભાવ આપના જેવો જ શાન્ત છે એવા આત્મારામ મુનિઓ પણ નિરંતર આપના ગુણોનું જ ગાન કરતા રહે છે. ૧૧ અમો દર્શનમાત્રથી કૃતાર્થ થયા છીએ છતાં પણ આપની પાસે એક વરદાન માગીએ છીએ કે જ્યારે અમો પડતાં, આખડતાં, છીકતાં કે બગાસુ ખાતાં તેમજ સંકટ સમયે તાવ તથા મરણની દશામાં આપનું સ્મરણ નહિ થઇ શકવા છતાં પણ કોઇ પણ રીતે આપના સકળ કળીયુગના મળનો નાશ કરનારા 'ભક્તવત્સલ', 'દીનબંધુ' વગેરે ગુણોને અનુરૂપ નામનું ઉચ્ચારણ અમારી વાણી દ્વારા થાય. ૧૨ હે પરમેશ્વર ! તમારી પાસે એક બીજું પણ વરદાન માગીએ છીએ, કે આપ સાક્ષાત્ પરમેશ્વર છો, સ્વર્ગ, અપવર્ગ વગેરેમાં એવી કોઇ વસ્તુ નથી કે જે આપ આપી શકો નહીં. તો પણ જેમ કોઇ કંગાળ મનુષ્ય ધનાઢ્ય અને દાનેશ્વરી પુરુષ પાસે જઇને ફોતરાંની માંગણી કરે, તેવી જ રીતે અમારા યજમાન આ નાભિરાજા સંતાનને જ પરમ પુરુષાર્થ માનીને આપના જેવો પુત્ર પ્રાપ્ત કરવા માટે આપની આરાધના કરી રહ્યા છે. ૧૩ આપની માયાને નથી કોઇ સમજી શકતું કે નથી કોઇ પાર પામી શકતું, જે લોકો મહાપુરુષનો સમાગમ કર્યો નથી કે તેમની પાસેથી જ્ઞાન મેળવ્યું નથી એવો કોણ મનુષ્ય હોય કે જેની બુદ્ધિ દૂષિત થઇ ન હોય ? અથવા તમારી માયાને વશ ન હોય ?. ૧૪ હે દેવાધિદેવ ! આપ ભક્તજનોના મોટાં મોટાં કાર્ય કરનારા છો, મંદ બુદ્ધિવાળા એવા જે અમો તે આ હલકાં કામ સારુ આપનું અહીં આવાહન કર્યું એ આપનો ખરેખર અનાદર જ કર્યો છે છતાં પણ આપ સર્વમાં સમાન દૃષ્ટિ રાખનારા છો, તેથી સ્વાર્થી અને અજ્ઞાની એવા જે અમો તે અમારા આ અપરાધને ક્ષમા કરો. ૧૫

શુકદેવજી કહે છે – હે રાજન્ આ પ્રમાણે નાભિરાજાએ પૂજેલા ઋત્વિજોએ ભગવાનના ચરણોમાં વંદના કરીને સ્તુતિ કરી ત્યારે ભક્તવત્સલ પરમાત્મા કરુણા વશ થઇ આ પ્રમાણે કહેલા લાગ્યા. ૧૬

હે ઋષિઓ ! સત્યવાણી બોલનારા તમોએ આ રાજાને મારા જેવો પુત્ર થાય એવું જે અપૂર્વ વરદાન માગ્યું તે સુલભ તો નથી જ કારણ કે અદ્વિતીય હોવાથી મારા જેવો તો હું એક જ છું, તેમ છતાં પણ બ્રાહ્મણોનું વચન મિથ્યા ન થવું જોઇએ એ

www.bhujmandir.org

હેતુથી અને મારાં જેવો બીજો કોઈ ન હોવાથી હું પોતે જ અંશ કળાથી નાભિરાજાને ઘેર અવતાર ધારણ કરીશ. [૧૭-૧૮] આ પ્રમાણે મહારાણી મેરુદેવીના સાંભળતાં તેના પતિ નાભિરાજાને કહીને ભગવાન અંતર્ધાન થઈ ગયા. [૧૯] હે પરીક્ષિત રાજા ! તે યજ્ઞમાં મહર્ષિઓએ પ્રસન્ન કરેલા ભગવાન શ્રીહરિ નાભિરાજાનું પ્રિય કરવાની ઈચ્છાથી મેરુદેવીને ત્યાં દિગંબર, સન્યાસીઓ અને નૈષ્ઠિક બ્રહ્મચારીઓના ધર્મનું સ્થાપન કરવા માટે શુદ્ધ સત્ત્વમય વિગ્રહથી પ્રગટ થયા. [૨૦]

ઈતિ શ્રીમદ્ ભાગવતે મહાપુરાણે પંચમ સ્કંધે નાભિચરિત્ર ઋષભદેવ પ્રાગટ્ય વર્ણન નામનો ત્રીજો અધ્યાય સંપૂર્ણ. (૩)

## અધ્યાય - : - ૪

# ઋષભદેવ ભગવાનનું ચરિત્ર

શુકદેવજી કહે છે - હે રાજન્ ! નાભિરાજાના પુત્રનો જન્મ થયો ત્યારથી જ તેના શરીરમાં વજ્ર અંકુશ વગેરે ભગવાનના ચિહ્નો જોવામાં આવતાં હતાં. અને સમતા, શાન્તિ, વૈરાગ્ય, ઐશ્વર્ય વગેરે મહાવિભૂતિઓને કારણે તેમનો પ્રભાવ દિવસે દિવસે વધતો જતો હતો, આ જોઈને મંત્રી વગેરે આમાત્યો, પ્રજાજનો, બ્રાહ્મણો અને દેવતાઓને એવી બળવાન અભિલાષા થવા લાગી કે આ શ્રેષ્ઠ પુત્ર દ્વારા જ પૃથ્વીનું રાજ્ય થાય એવી ઈચ્છા રાખવા લાગ્યા. [૧] તેમનું રાજાના ચિહ્નોથી અંકિત સુંદર શરીર અને વિપુલ કીર્તિ, તેજ, બળ, ઐશ્વર્ય, યશ, પરાક્રમ અને શૂરવીરતા વગેરે ગુણોને કારણે નાભિરાજાએ પોતાના પુત્રનું નામ ઋષભ રાખ્યું. [૨] એકવાર ઈન્દ્ર મહારાજે ઈર્ષ્યાવશ થઈને પોતાની મૂર્ખતાથી તે ભગવાન ઋષભદેવના રાજ્યમાં વૃષ્ટિ ન કરી. તે વાત જાણી યોગેશ્વર ભગવાન ઋષભદેવજીએ ઈન્દ્રની મૂરખાઈ ઉપર હસતાં હસતાં પોતાની યોગમાયાના પ્રભાવથી પોતાના અજનાભખંડમાં પોતેજ ખૂબ પાણી વરસાવ્યું. [૩] નાભિરાજા પોતાની ઈચ્છા મુજબ શ્રેષ્ઠ પુત્ર પામીને અત્યંત આનંદમગ્ન થઈ ગયા અને પોતાની જ ઈચ્છાથી મનુષ્ય શરીર ધારણ કરનારા શ્રીહરિનું અત્યંત પ્રેમથી લાલન-પાલન કરતા હતા અને પુત્રની દરેક ક્રિયાના વિલાસથી હે પુત્ર ! હે વત્સ ! કહેતાં અત્યંત પરમ સુખ પામ્યા. [૪] જ્યારે નાભિરાજાએ જોયું કે મારા મંત્રી આદિ આમાત્યો સહિત સારા રાષ્ટ્રની પ્રજા મારા પુત્ર ઋષભદેવજી ઉપર ઘણો જ પ્રેમ કરે છે એમ જાણીને તેમજ લોકોના મતને અનુસરીને અને ધર્મમર્યાદાના રક્ષણને વાસ્તે ઋષભદેવજીનો રાજ્યાભિષેક કર્યો. ત્યાર પછી બ્રાહ્મણોના હાથમાં સોંપીને તે નાભિરાજા પોતાની પત્ની મેરુદેવી સાથે બદ્રિકાશ્રમમાં ચાલ્યા ગયા, પછી શુદ્ધ અને તીવ્ર તપશ્ચર્યાથી ભગવાન શ્રીવાસુદેવની આરાધના કરતાં કરતાં પંચભૌતિક દેહનો ત્યાગ કર્યો. [૫]

હે પાંડુનંદન ! તે નાભિરાજા વિશે એવી લોકોક્તિ છે– ''નાભિરાજાના ઉદાર કાર્યનું આચરણ બીજો કયો પુરુષ કરી શકે ? કે જે રાજાનાં શુદ્ધ કર્મોથી પ્રસન્ન થઈને સાક્ષાત્ ભગવાન શ્રીહરિ તેમના પુત્રરૂપે અવતર્યા હતા. અને તે નાભિરાજા જેવો બીજો બ્રાહ્મણ ભક્ત પણ કોણ હોઈ શકે ? કે જેમની દક્ષિણા વગેરેથી સંતુષ્ટ થયેલા બ્રાહ્મણોએ પોતાના મંત્રબળથી યજ્ઞશાળામાં સાક્ષાત્ ભગવાન શ્રીવાસુદેવ નારાયણનાં દર્શન કરાવ્યાં.'' [૬-૭]

ભગવાન ઋષભદેવે પોતાના દેશ અજનાભખંડને કર્મભૂમિ માનીને લોક કલ્યાણને વાસ્તે થોડોક સમય ગુરુકુલમાં વાસ કર્યો, ગુરુને યોગ્ય દક્ષિણા આપીને ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવા માટે ગુરુની આજ્ઞા મેળવી. લોકોને ગૃહસ્થાશ્રમના ધર્મ શીખવવા સારુ શ્રુતિ, સ્મૃતિમાં કહેલા ધર્મોનું આચરણ કરતા રહીને ઈન્દ્રની કન્યા જયન્તી સાથે લગ્ન કરી તેમાં પોતાના જેવા જ ગુણીયલ સો પુત્રોને ઉત્પન્ન કર્યા. [૮] તે સો પુત્રોમાં ભરતજી સૌથી મોટા મહાયોગી અને ગુણવાન હતા, કે જેના નામ ઉપરથી આ અજનાભ ખંડનું નામ ભરતખંડ કહેવાય છે. [૯] ભરતથી નાના કુશાવર્ત, ઈલાવર્ત, બ્રહ્માવર્ત, મલય, કેતુ, ભદ્રસેન, ઈન્દ્રસ્પૃક્, વિદર્ભ અને કીકટ એ નવ પુત્રો બીજા નેવું ભાઈઓથી મોટા હતા. [૧૦] તેમનાથી નાના કવિ, હરિ, અંતરિક્ષ, પ્રબુદ્ધ, પિપ્પલાયન, આવિર્હોત્ર, દ્રુમિલ, ચમસ અને કરભાજન આ ભાગવત ધર્મનો પ્રચાર કરનારા નવ યોગેશ્વરો કહેવાયા આ નવયોગેશ્વરો મહા વૈષ્ણવ અને ભગવત્સંબંધી ધર્મનો ઉપદેશ કરનારા મહાન ભગવદ્‌ભક્તો હતા તેના મહિમા અને ચરિત્રનું ગાન વસુદેવ અને નારદજીના સંવાદરૂપે આગળ એકાદશ સ્કંધમાં કહેવામાં આવશે. [૧૧-૧૨] નવ યોગેશ્વરોથી નાના જયન્તીના એક્યાશી પુત્રો પિતાની આજ્ઞાનું પાલન કરનારા, અતિ વિનમ્ર, મહાન વેદજ્ઞ અને નિરંતર યજ્ઞો કરનારા હતા. તેઓ પુણ્યકર્મનું

અનુષ્ઠાન કરવાથી શુદ્ધ અને વેદમાં નિપુણ એવા બ્રાહ્મણો થઈ ગયા. [૧૩] ઋષભદેવ ભગવાન પોતે પરમ સ્વતંત્ર હોવાને કારણે અનેક પ્રકારના અનર્થો તો પોતાની મેળે જ તેમનાથી દૂર રહેતા હતા, તો પણ સામાન્ય માણસની પેઠે કર્મો કરતા રહીને સમય પ્રમાણે પ્રાપ્ત ધર્મનું આચરણ કરીને તેનું તત્ત્વ નહીં જાણનારા લોકોને પોતાના આચરણથી જ ઉપદેશ આપતા હતા, તેની સાથે સમ, શાન્ત, મિત્રભાવ અને કરુણામય રહીને ધર્મ, અર્થ, યશ, સંતાન, ભોગસુખ અને મોક્ષનો સંગ્રહ કરતા જનોને ગૃહસ્થાશ્રમના નિયમવાળા બનાવ્યા. [૧૪] મહાપુરુષો જે પ્રમાણે આચરણ કરે છે, તે પ્રમાણે અન્ય લોકો તેનું જ અનુકરણ કરે છે. [૧૫] જોકે ઋષભદેવ ભગવાન પોતે બધા જ ધર્મોનું જેમાં નિરૂપણ કરેલું છે એવા વેદના ગૂઢ રહસ્યને જાણતા હતા, તો પણ બ્રાહ્મણોને પૂછીને તેમણે બતાવેલ સામ, દામ વગેરે નીતિ અનુસારે જ પ્રજાનું પાલન કરતા હતા. [૧૬] તેમણે શાસ્ત્રો અને બ્રાહ્મણોના ઉપદેશને અનુસારે સર્વે દેવતાઓને ઉદ્દેશીને દ્રવ્ય, દેશ, કાળ, આયુષ્ય, શ્રદ્ધા, ઋત્વિજ વગેરેથી સંપન્ન સર્વે પ્રકારના સો સો યજ્ઞો શાસ્ત્રવિધિ પ્રમાણે કર્યા. [૧૭] ઋષભદેવ ભગવાનના શાસનકાળમાં તમામ પ્રજાજનોને પોતાને માટે કોઈની પાસેથી કોઈ પણ વસ્તુ લેવાની ઈચ્છા થતી ન હતી. એટલું જ નહીં પરંતુ ભગવાન સિવાય અન્ય કોઈ પદાર્થ તરફ દૃષ્ટિપાત પણ કરતા ન હતા, બસ ભગવાનમાં જ મારો અનુરાગ રહે. [૧૮] એક વખત ભગવાન ઋષભદેવ ફરતા ફરતા બ્રહ્માવર્ત દેશમાં પહોંચ્યા, ત્યાં મોટા મોટા બ્રહ્મર્ષિઓની સભામાં તેઓ પ્રજાની સામે જ પોતાના જિતેન્દ્રિય, નમ્રતાવાળા, વિનયી અને અતિશય પ્રેમી એવા પુત્રોને ઉપદેશ આપવા માટે આ પ્રમાણે કહેવા લાગ્યા. [૧૯]

ઈતિ શ્રીમદ્ ભાગવતે મહાપુરાણે પંચમ સ્કંધે ઋષભદેવ જીવનકાળ વર્ણન નામનો ચોથો અધ્યાય સંપૂર્ણ. (૪)

## અધ્યાય - : - ૫

# ઋષભદેવજીએ કરેલો પોતાના પુત્રોને ઉપદેશ.

ઋષભદેવજી કહે છે - હે પુત્રો ! આ મૃત્યુલોકમાં મનુષ્ય શરીર કેવળ સંસારિક વિષયો ભોગવવા માટે જ નથી, વિષયભોગો તો વિષ્ઠા ખાનારાં ભૂંડ, કૂતરાંઓ વગેરે પ્રાણીઓને પણ મળે જ છે, આ શરીરથી કેવળ દિવ્ય તપસ્યા જ કરવી જોઈએ કે જેથી અંતઃકરણ શુદ્ધ થાય, કારણ કે અંતઃકરણની શુદ્ધિથી જ પરબ્રહ્મ પરમાત્માની પ્રાપ્તિ થાય છે. [૧] સંતોએ મહાપુરુષોની સેવા કરવી એ મુક્તિનું દ્વાર કહેલું છે, અને સ્ત્રીનો સંગ કરનાર કામીપુરુષોનો સંગ કરવો તેને નરકનું દ્વાર કહેલું છે. જેઓ સમાન દૃષ્ટિ રાખનારા, ક્રોધરહિત, સર્વના મિત્ર અને સદાચાર સંપન્ન હોય તેને મહાપુરુષો કહેલા છે. [૨] આવા મહાપુરુષો કેવળ પરમાત્માના પ્રેમને જ પુરુષાર્થ માનતા હોય છે, અને સ્ત્રી, પુત્ર, ધન વગેરે સામગ્રીથી સંપન્ન ઘરોમાં અરુચિ રાખનારા તેમજ દેહ નિર્વાહ કરતાં વધારે ઈચ્છા નહીં રાખનારાને મહાપુરુષો સમજવા. [૩] જ્યારે ઈન્દ્રિયોને રાજી કરવા સારુ કાંઈ પણ કર્મ કરે ત્યારે ગાફલતાથી પાપ થયા વિના રહેતું જ નથી, અને તે પાપને લીધે નાશવંત અને દુઃખરૂપ એવો આ દેહ ઉત્પન્ન થયો છે, એટલા જ માટે વારંવાર કર્મ કર્યા કરવાં તે હું યોગ્ય માનતો નથી. [૪] જ્યાં સુધી જીવને આત્મતત્ત્વ જાણવાની ઈચ્છા થતી નથી ત્યાં સુધી જ તે અજ્ઞાનને લીધે પોતાના સ્વરૂપને જાણી શકતો નથી. અને જ્યાં સુધી લૌકિક ક્રિયાઓમાં જ રુચિવાળો હોય છે ત્યાં સુધી મનમાં કર્મની વાસનાઓ દૂર થતી નથી. તેના કારણે દેહરૂપી બંધન પ્રાપ્ત થાય છે. [૫] ભગવાન કહે છે આ પ્રમાણે અવિદ્યા વડે આત્મસ્વરૂપના ઢંકાઈ જવાથી કર્મોમાં વશ થયેલું ચિત્ત મનુષ્યને ફરીથી કર્મમાં જ પ્રવૃત્ત કરે છે, અને તેના કારણે તે જીવને મારે વિષે પ્રીતિ થતી નથી. તેથી જ તે દેહ બંધનમાંથી છૂટી શકતો નથી. [૬] સ્વાર્થમાં પાગલ થયેલો જીવ જ્યાં સુધી વિવેકદૃષ્ટિથી ઈન્દ્રિયોની ચેષ્ટાને મિથ્યા જોતો નથી, ત્યાં સુધી આત્મસ્વરૂપની વિસ્મૃતિ થઈ જાય છે, તે કારણે વિષય પ્રધાન ઘરમાં મિથુનાદિ વિષયોને ભોગવતો અને મહા કલેશને ઉઠાવતો ઘરમાં જ આસક્ત રહે છે. [૭] સ્ત્રીપુરુષનો જે પરસ્પર સંબંધરૂપ દામ્પત્યભાવ છે તેને જ વિદ્વાનો તેમના હૃદયની બીજી સ્થૂળ અને દુર્ભેદ્ય ગ્રંથિ કહે છે, દેહાભિમાનરૂપી એક એક સૂક્ષ્મ ગ્રંથિ તો તેમનામાં અલગ અલગ રીતે પહેલાંથી જ છે તેના કારણે જીવને પોતાની ઈન્દ્રિયો ઉપરાંત સ્વજન, સુત, ધન, ધામ અને ધરા આદિમાં હું અને મારાપણાનો મોહ થાય છે. [૮] જ્યારે માણસની કર્મવાસનાઓને કારણે બંધાએલી મજબૂત ગાંઠ ઢીલી પડે છે, ત્યારે તે માણસ દામ્પત્યભાવથી નિવૃત્ત થઈ જાય છે, અને ત્યારપછી સંસારના કારણભૂત અહંકારને ત્યજી દઈને બધાજ પ્રકારનાં બંધનોમાંથી મુક્ત થઈને ભગવાનના પરમધામને પામે છે. [૯] (અહંકારનો ત્યાગ અને

www.bhujmandir.org

www.bhujmandir.org

પરમપદની પ્રાપ્તિ માટે પચીશ પ્રકારના સાધનો કહેછે) ઋષભદેવ ભગવાન કહે છે, હે પુત્રો ! સર્વનો ઈશ્વર એવો જે હું તે મારી ભક્તિ, ગુરુની સેવા, તૃષ્ણાનો ત્યાગ, સુખ-દુઃખાદિક દ્વંદ્વોને સહન કરવાં, આ જીવને જ્યાં જાય ત્યાં દુઃખ જ ભોગવવું પડે છે. આવો વિચાર, જ્ઞાન મેળવવાની ઈચ્છા, તપ, સકામ કર્મોનો ત્યાગ, હમેશાં મારાં ચરિત્રરૂપ કથાનું શ્રવણ, મારા ગુણોનું ગાન, મારા ભક્તોનો સંગ કરવો, વૈર બુદ્ધિનો ત્યાગ, સમતાથી, શાન્તિથી અને શરીર - ઘર વગેરેમાં હું અને મારાપણાના ભાવને ત્યજવાની ઈચ્છાથી, સારી રીતે વેદાંત શાસ્ત્રના અભ્યાસથી, એકાંતસ્થળનું સેવન, પ્રાણ, ઈન્દ્રિય અને મનને સારી રીતે જીતવાથી, શાસ્ત્રો અને મહાપુરુષોના વચનોમાં વિશ્વાસ, અષ્ટપ્રકારના બ્રહ્મચર્યનું પાલન, પોતાના કર્તવ્યનો ત્યાગ ન કરવો, વૃથા વચન ન બોલવું, સર્વત્ર મારી જ સત્તા જોવાથી, અનુભવ અને જ્ઞાન સહિતના તત્ત્વવિચારથી, યોગના સાધનરૂપ સમાધિ, ધૈર્ય, ઉદ્યમી અને સત્ત્વગુણથી યુક્ત થઈને અહંકારરૂપ પોતાના લિંગશરીરને ત્યાગ કરી દેવું જોઈએ. ૧૦-૧૩ મનુષ્યે પોતે સાવધાન રહીને કર્મોને રહેવાના સાધનરૂપ અને અવિદ્યાથી પ્રાપ્ત થયેલ હૃદયગ્રંથિરૂપ બંધનને શાસ્ત્રોમાં દર્શાવેલી રીતે કાપી નાખવું જોઈએ. ૧૪ અને જેને મારો લોક પામવાની અથવા મારા કેવળ અનુગ્રહની જ ઈચ્છા હોય તેને તો બાપે દીકરાઓને, ગુરુએ શિષ્યોને અને રાજાએ પ્રજાઓને ક્રોધ રહિત થઈને આવો જ ઉપદેશ કરવો જોઈએ, પણ કર્મમાં જ મૂઢ બનેલા અજ્ઞાની લોકોને કર્મમાંજ ફરી જોડવા ન જોઈએ. જન્મથી જ સકામ માણસોને પાછા ફરી સકામ કર્મમાં જ જોડવા એ તો આંધળાને ખાડામાં નાખવા બરાબર છે. માટે તેવું કામ કરનારને કયા પુરુષાર્થની પ્રાપ્તિ થાય ? ૧૫ માણસ પોતાનું સાચું કલ્યાણ જોવામાં તો આંધળો જ છે, તેથી જ તેઓ અનેકવિધ ભોગવિલાસમાં ફસાઈને તુચ્છ અને ક્ષણિક એવાં સુખ માટે એક બીજા સાથે વૈર રાખે છે અને ક્ષણિક સુખ મેળવવા જતાં અનંત દુઃખ આવી પડે છે, એ મૂઢ લોકો વિચાર કરતા નથી. ૧૬ ખાડામાં પડવા માટે અવળા માર્ગે જતા નેત્રહીન મનુષ્યને જેમ આંખવાળો મનુષ્ય તે તરફ જવા દેતો નથી, તેવી જ રીતે અજ્ઞાની મનુષ્યને અવિદ્યામાં ફસાઈને દુઃખો તરફ જતો જોઈને, દયાળુ અને જ્ઞાની મનુષ્ય તેને પાછો સંસારના માર્ગમાં જ કેમ જોડે ? અર્થાત્ સ્વભાવથી જ અજ્ઞાની માણસને અજ્ઞાનનો માર્ગ બતાવવો એ તો અવળા માર્ગે જતા આંધળાને તે જ માર્ગે જવા પ્રેરણા બરાબર છે. ૧૭ સંસારના માર્ગમાં પડેલા મનુષ્યને ભક્તિમાર્ગનો ઉપદેશ આપી તેને સંસારમાંથી મુક્ત કરાવી શક્તો નથી તે ગુરુ, ગુરુ નથી; સ્વજન, સ્વજન નથી; પિતા, પિતા નથી; માતા, માતા નથી; ઈષ્ટદેવ, ઈષ્ટદેવ નથી અને પતિ, પતિ નથી. (અર્થાત્ વારંવાર થતા જન્મ મરણથી જે મુક્ત કરી શકે તેણે જ શિષ્ય, સંબંધી કે પુત્ર કરવાનો પ્રયત્ન કરવો જોઈએ, અને દેવ પણ તેને જ માનવા કે જે આપણી પૂજા સ્વીકારી મોક્ષ આપી શકે.) ૧૮

મારા આ અવતાર શરીરનું રહસ્ય સાધારણ મનુષ્યો જાણી શકે તેમ શક્ય નથી. શુદ્ધ સત્ત્વમય મારું હૃદય છે અને તેમાં જ ધર્મ રહેલો છે, અને અધર્મને મેં ઘણો જ દૂર કરી દીધો છે તેથી જ સત્પુરુષો મને ''ઋષભ'' નામથી કહે છે. ૧૯ શુદ્ધ સત્ત્વમય હૃદયમાંથી જ તમો સર્વે ઉત્પન્ન થયા છો, તેથી મત્સર છોડીને તમારા મોટાભાઈ ભરતની સેવા કરો. તેની સેવા કરવી એ મારી જ સેવા કરવા બરાબર છે અને એ જ તમારું પ્રજાપાલન કાર્ય છે. ૨૦ બીજા બધા ભૂતો કરતાં વૃક્ષો અત્યંત શ્રેષ્ઠ છે, તેમના કરતાં ચાલનારા જીવો શ્રેષ્ઠ છે અને તેમના કરતાં જ્ઞાનયુક્ત પશુ શ્રેષ્ઠ છે, તેમના કરતાં ઉત્તરોત્તર મનુષ્યો, પ્રમથ, ગંધર્વ, સિદ્ધો, કિન્નરો, અસુરો, દેવતાઓ આદિ શ્રેષ્ઠ છે. દેવતાઓમાં પણ ઉત્તરોત્તર ઈન્દ્ર, બ્રહ્માજીના પુત્ર દક્ષ વગેરે પ્રજાપતિઓ, રુદ્રો શ્રેષ્ઠ છે. અને તે રુદ્રો બ્રહ્માજી થકી ઉત્પન્ન થયા છે તેથી રુદ્રો કરતાં બ્રહ્માજી શ્રેષ્ઠ છે. ભગવાન કહે છે તે બ્રહ્માજી મારાથી ઉત્પન્ન થયા છે અને તે મારી ઉપાસના કરે છે તેથી હું તેમના કરતાં પણ શ્રેષ્ઠ છું, પરંતુ મારાં કરતાં પણ બ્રાહ્મણો શ્રેષ્ઠ છે, કારણ કે હું તેમને પૂજ્ય માનું છું. ૨૧-૨૨ ઋષભદેવ ભગવાન સભામાં બેઠેલા બ્રાહ્મણો પ્રત્યે કહે છે, હે વિપ્રો ! બીજા કોઈ પણ પ્રાણીને હું તમારા જેવાં સમજતો નથી તો તમારાથી શ્રેષ્ઠ તો માની જ કેમ શકું ? જે લોકો બ્રાહ્મણોને શ્રદ્ધા પૂર્વક જમાડે છે તે આહુતિને હું જેટલી પ્રસન્નતાથી સ્વીકારું છું તેટલી પ્રસન્નતાથી અગ્નિમાં હોમાયેલી સામગ્રીનો સ્વીકાર કરતો નથી. ૨૩ જે બ્રાહ્મણો મારા પ્રાચીન દેહરૂપ વેદ તેનું અધ્યયન કરી ધારણ કરે છે અને જેઓમાં પરમ પવિત્ર શમ, દમ, સત્ય, દયા, તપ, તિતિક્ષા અને જ્ઞાનાદિ સત્ત્વગુણો રહેલા છે તેવા બ્રાહ્મણો કરતાં અધિક શ્રેષ્ઠ કોણ હોઈ શકે ? ૨૪ હું કે જે બ્રહ્મા વગેરે કરતાં શ્રેષ્ઠ છું, સ્વર્ગ તથા મોક્ષનો અધિપતિ છું અને સર્વ કારણનો કારણ એવો જે હું તે મારી પાસેથી પણ અકિંચન એવા જે મારા ભક્તો તે નિઃસ્પૃહ હોવાને કારણે કાંઈ પણ ઈચ્છતા નથી, તો પછી રાજ્યાદિક વગેરેની તો ઈચ્છા જ ક્યાંથી રાખે ? ૨૫ હે પુત્રો ! તમો સમસ્ત સ્થાવર, જંગમ પ્રાણીઓને મારું જ શરીર સમજીને શુદ્ધ બુદ્ધિથી ડગલે ને પગલે

www.bhujmandir.org

તેમની સેવા કરો, એ જ મારી સાચી પૂજા છે. ²⁶ મન, વાણી અને દૃષ્ટિ આદિ અન્ય સર્વે ઈન્દ્રિયોની ક્રિયાઓનું સાક્ષાત્ ફળ એ મારી આ પ્રકારની પૂજા છે, એ વિના મનુષ્ય પોતાને મહા મોહમય એવા કાળપાશથી છોડાવી શક્તો નથી. ²⁷

શુકદેવજી કહે છે— હે રાજન્ ! ઋષભદેવજીના પુત્રો પોતે બધી જ રીતે કેળવાયેલા હતા, તોપણ લોકોને ઉપદેશ આપવાના ઉદ્દેશથી મહાપ્રભાવશાળી પરમ સુહૃદ ભગવાન ઋષભે તેમને આ પ્રમાણે ઉપદેશ આપ્યો. સો પુત્રોમાં ભરત સૌથી મોટા હતા અને મહા વૈષ્ણવ તેમજ વૈષ્ણવોના સેવક હતા, તેનો પૃથ્વીના પાલનને માટે રાજ્યાભિષેક કરી પોતે તુરત સંસારનો ત્યાગ કરી નિવૃત્તિપરાયણ થયા અને મહામુનિઓને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભગવાનની ભક્તિનો યોગ્ય ઉપદેશ આપવા માટે પોતે બિલકુલ વિરક્ત થઇ ગયા; તે સમયે કેશ વિખરાયેલા હતા, ઉન્મત્તના જેવો વેશ હતો, અને શરીર તો કેવળ દિશારૂપી વસ્ત્રોથી જ ઢંકાયેલું હતું, આવી સ્થિતિમાં તેઓ અગ્નિહોત્રના અગ્નિઓને પોતામાં જ લીન કરીને સંન્યાસી થઈ બ્રહ્માવર્ત દેશમાંથી બહાર નીકળી ગયા. ²⁸

તેઓ સર્વથા મૌન થઈ ગયા, લોકો બોલાવે તોપણ નહીં બોલતા મૌનવ્રત ધરીને ચૂપ જ રહેવા લાગ્યા, આટલું જ નહીં પણ જડ, અંધ, બધિર, મૂંગા, પિશાચ અને ગાંડાઓની પેઠે ચેષ્ટા કરવા લાગ્યા. ²⁹ ક્યારેક નગરોમાં અને ગામોમાં, તો ક્યારેક ખીણોમાં, ખેડૂતોની વસ્તીમાં, બગીચામાં, પહાડી ગામોમાં, સૈન્યની છાવણીમાં, ગૌશાળાઓમાં, ભરવાડોના નેસડાઓમાં અને ક્યારેક ધર્મશાળાઓમાં વાસ કરતા હતા. તો વળી ક્યારેક જંગલો અને આશ્રમો વગેરેમાં પણ વિચરતા હતા. એવા ભગવાન ઋષભદેવજીને કોઇ રસ્તેથી જતા લોકો, મુક્ત મને વિચરનારા હાથીને જેમ માખીઓ સતાવે તેમ મૂર્ખ અને દુષ્ટ લોકો તેમની પાછળ પડી તેમને હેરાન કરતા હતા, કોઇ ધમકી આપી બિવરાવતા, કોઇ મારતા, કોઇ તેમના ઉપર પેશાબ કરતા, કોઇ થૂંકતા, કોઇ ઢેખાળા મારતા, કોઇ વિષ્ઠા અને ધૂળ ફેંકતા, કોઇ અધોવાયુ છોડતા અને કોઇ ગાળો આપીને તેમનો તિરસ્કાર કરતા હતા. તોપણ વનનો હાથી જેમ માખીઓને ન ગણકારે તેમ ઋષભદેવજી પણ એ કોઇને ગણકારતા ન હતા, કેમ કે આત્મા અને અનાત્માના અનુભવને લીધે પોતે પોતાના સ્વરૂપમાં જ મગ્ન રહેતા હતા, આ મિથ્યા શરીરમાં તેમને જરા પણ અહંતા મમતા ન હતી. તેઓ તો કાર્ય કારણરૂપ સમસ્ત પ્રપંચના સાક્ષી થઈને પરમાત્માના જ સ્વરૂપમાં ચિત્તની વૃત્તિ રાખી પૃથ્વી પર વિચરણ કરતા હતા. ³⁰ એમના હાથ, પગ અને વક્ષઃસ્થળ બહુ જ સુકોમળ હતાં, બાહુ અને ખભા મોટા હતા, કંઠ તથા મુખ વગેરે અવયવોની રચના ઘણી જ સુંદર હતી, સ્વભાવથી મનોહર અને સ્વતઃસિદ્ધ હસવાથી મુખ અત્યંત શોભતું હતું, આંખો નવા કમળપત્ર જેવી રાતી, લાંબી અને સુંદર હતી, તેમની કીકીઓ શીતળ અને સંતાપને હરનારી હતી. કાન, ગાલ, હાથ અને નાસિકા સરખા અને સુશોભિત હતા, તેમના હાસ્ય યુક્ત મનોહર મુખારવિંદની શોભા જોઇને નગરની સ્ત્રીઓના ચિત્તમાં કામદેવનો પ્રવેશ થતો હતો, તેમના મુખ આગળ લાંબી વાંકડિયાળી કેશલટો લટકી રહી હતી, તેમના માથાના મોટા વાળના ભારને લીધે અને અવધૂતોના જેવા ધૂળથી ખરડાયેલા શરીરને કારણે જડ જેવા જણાતા હતા. ³¹ ઋષભદેવ ભગવાને વિચાર્યું કે આલોકો મને યોગનું સાધન કરવામાં વિઘ્નરૂપ છે અને તેનાથી બચવા માટે બીભત્સવૃત્તિથી રહેવું એજ યોગ્ય છે, એમ માની અજગરવૃત્તિથી રહેવા લાગ્યા, એક જ જગ્યાએ રહેવું ખાવું, પીવું, મળ-મૂત્રનો ત્યાગ કરવો એ બધું જ સૂતાં સૂતાં જ કરવા લાગ્યા, અને પોતાના મળ-મૂત્રમાં જ આળોટીને આખું શરીર ખરડી મેલ્યું હતું. ³² તેમની એ વિષ્ઠામાંથી એવો સુગંધ નીકળવા માંડ્યો કે તેથી ફરતા દશ યોજન સુધીમાં સર્વે જગ્યા સુગંધમય બની ગઇ હતી. ³³ એ પ્રમાણે પોતાની સર્વે ચેષ્ટા ગાય, મૃગ અને કાગડાની પેઠે કરતા હતા, ક્યારેક ઊભા ઊભા, ક્યારેક બેઠાં બેઠાં, ખાતા, પીતા કે મળ-મૂત્રનો ત્યાગ કરતા હતા અને બીજી સર્વે ક્રિયાઓ પણ પશુના જેવી જ કરતા હતા. ³⁴ આ પ્રમાણે ઋષભદેવજી પોતે તો મોક્ષદાતા હતા છતાં પણ પરમહંસોને ત્યાગના આદર્શનો બોધ આપવા માટે ઘણા પ્રકારની યોગચર્યાઓનું આચરણ કરતા હતા, તેઓ સર્વ શ્રેષ્ઠ મહા આનંદનો નિરંતર અનુભવ કરતા ભગવાન પોતે જ હતા છતાં પણ લોકોની ભીડ નહીં થવાને સારુ યોગીઓએ આમ વર્તવું જોઇએ એમ દેખાડવા સારુ એ પ્રમાણે કરતા હતા. સર્વપ્રાણીઓના આત્મારૂપ અને આત્મ સ્વરૂપ ભગવાન શ્રીવાસુદેવ સાથે કોઇ પ્રકારનો ભેદ ન હતો, તેથી તેમના સર્વે પુરુષાર્થ પૂર્ણ થઇ ચૂક્યા હતા. તેથી આકાશ ગમન, મનના સરખો શરીરનો વેગ, અંતર્ધાન થઇ જવું, બીજાના શરીરમાં પ્રવેશ કરવો, દૂરના શબ્દો તથા પદાર્થોને જાણવા આદિક અનેક પ્રકારની સિદ્ધિઓ સ્વેચ્છાએ પોતાની પાસે હતી જ છતાં પણ તેમણે તેમનો મનથી પણ આદર કે સ્વીકાર કર્યો નહીં. ³⁵

**ઈતિ શ્રીમદ્ ભાગવતે મહાપુરાણે પંચમ સ્કંધે ઋષભદેવ ચરિત્ર વર્ણન નામનો પાંચમો અધ્યાય સંપૂર્ણ. (૫)**

www.bhujmandir.org

## અધ્યાય - : - ૬

# ઋષભદેવ ભગવાનના દેહ ત્યાગનું ચરિત્ર

પરીક્ષિત રાજા પૂછે છે — હે મહારાજ ! આત્મારામ લોકો કે જેઓના રાગ દ્વેષાદિક કર્મરૂપ બીજ યોગથી પ્રદીપ્ત થયેલા જ્ઞાનરૂપ અગ્નિથી બળી ગયા હોય એવા પુરુષોને યદચ્છાથી દૈવયોગે આપમેળે જ અણિમાદિ સિદ્ધિઓ મળી જાય તો તેમના રાગાદિ ક્લેશોનું કારણ કોઈ રીતે બની શક્તી નથી, છતાં પણ ભગવાન ઋષભદેવજીએ સિદ્ધિઓનો અનાદર શા માટે કર્યો ? [૧]

શુકદેવજી કહે છે — હે રાજન્ ! તમારું કહેવું સાચું છે, પરંતુ માલ ખરીદનાર લોકો જેમ જૂઠું બોલનાર લુચ્ચા વેપારીનો વિશ્વાસ કરતા નથી, તેમ બુદ્ધિમાન પુરુષો પણ ઘડીવારે સ્થિર નહીં રહેનાર આ ચંચળ ચિત્તનો ભરોસો કરતા નથી. [૨] તેવી જ રીતે કેટલીક વાર કહેલું છે કે — આ ચંચળ ચિત્ત સાથે ક્યારેય પણ મૈત્રી કરવી નહીં. મનનો વિશ્વાસ કરવાથી મોટા મોટા યોગીઓનું ઘણાકાળથી સંચિત કરેલું તપ ક્ષણવારમાં જ ક્ષીણ થઈ ગયું છે. [૩] જેવી રીતે વ્યભિચારિણી સ્ત્રી, વ્યભિચારી પુરુષોને તક આપીને તેમના હાથે પોતાનામાં ભરોસો રાખનાર પોતાના પતિનો વધ કરાવી દે છે, તેવી જ રીતે જે યોગીઓ મનનો વિશ્વાસ કરે છે તેમનું મન કામ, ક્રોધાદિક અંતઃશત્રુઓને સાથે રાખી આક્રમણ કરવાની તક આપીને તેમને ભ્રષ્ટ કરી દે છે. [૪] કામ, ક્રોધ, મદ, લોભ, શોક, મોહ, ભય અને કર્મબંધન વગેરેનું મૂળ તો મન જ છે, માટે એ મનનો કોઈ પણ બુદ્ધિમાન પુરુષો વિશ્વાસ કરતા નથી. [૫] એટલા જ માટે ભગવાન ઋષભદેવજી સર્વે લોકપાલોના શિરોમણિ હતા તો પણ પોતે જડ મનુષ્યોના જેવા વેશ, ભાષા અને આચરણથી પોતાના ઈશ્વરીય પ્રભાવને છુપાવીને રહેતા હતા. છેલ્લી અવસ્થાએ તેઓ યોગીઓને દેહત્યાગની વિધિ શીખવાડવા માટે પોતાના શરીરનો ત્યાગ કરવાની ઈચ્છા કરી. આ દેખાતો લોક સર્વે અસત્ય છે એવો દૃઢ નિશ્ચય કરી પોતાના અંતઃકરણમાં સ્વસ્વરૂપનું ધ્યાન કરતા દેહાભિમાન છોડી દીધું. [૬] આ પ્રમાણે લિંગશરીરના અભિમાનથી મુક્ત થયેલા ભગવાન ઋષભદેવજી પોતે શરીર છોડીને પોતાના પરમ ધામમાં ગયા પછી પણ આ પૃથ્વી પર રહેલ પોતાનો દેહ યદચ્છાથી કોંક, વેંક, કુટક આદિ દક્ષિણ કર્ણાટકમાં મોઢામાં પથ્થર મૂકેલો, છૂટા કેશ વાળો અને દિગમ્બરરૂપે પાગલની જેમ ફરતો હતો. [૭] આ સમયે વાયુના વેગથી હલન ચલન થતા વાંસના ઘર્ષણને લીધે ભયંકર દાવાગ્નિ પ્રજ્વલિત થયો, તે અગ્નિએ પોતાની વિશાળ જ્વાળાથી ઋષભદેવજીના દેહ સહિત ચારેકોર આખા વનને ભસ્મ કરી દીધું. [૮] હે રાજન્ ! સમય જતાં કળિયુગમાં અધર્મ વૃદ્ધિ પામતાં કોંક, વેંક અને કુટક દેશનો 'અર્હન્' નામનો મૂર્ખ રાજા આ ઋષભદેવજીનું પરમહંસપણાનું ચરિત્ર સાંભળી, પોતે તે પ્રમાણે આચરણ કરી, પોતાના પૂર્વજન્મના ઘોર પાપોને લીધે, વૈદિક ધર્મના માર્ગનો નિર્ભયપણે ત્યાગ કરીને પોતાની બુદ્ધિ મુજબ અયોગ્ય અને પાખંડપૂર્ણ કુમાર્ગનો પ્રચાર કરશે. [૯] એ માર્ગમાં ચાલનારા નીચ માણસો અજ્ઞાનથી મોહ પામી, પોતાની પવિત્રતા અને સદાચાર કે જે વેદશાસ્ત્રમાં કહેલ છે તેને છોડી દેશે. સ્નાન નહીં કરવું, આચમન લેવું નહીં, મલિનતા રાખવી, વાળ ચૂંટાવી લેવા વગેરે ઈશ્વરનો તિરસ્કાર કરનાર પાખંડ ધર્મોને મન ફાવે તે રીતે ગ્રહણ કરશે. આ ઘોર પાપોથી બુદ્ધિ હણાઈ જવાને લીધે ઘણું કરીને વેદો, બ્રાહ્મણો અને યજ્ઞોની નિંદા કરવા લાગશે. [૧૦] તેઓ પોતાની આગળથી ચાલી આવતી અવૈદિક સ્વેચ્છાકૃત અંધ પરંપરામાં વિશ્વાસ રાખવાને કારણે પોતે જ ઘોર નરકમાં પડશે. [૧૧] જોકે ભગવાન ઋષભદેવનો આ અવતાર રજોગુણી લોકોને મોક્ષમાર્ગનો ઉપદેશ કરવા માટે જ થયો હતો. [૧૨] આના ગુણોનું વર્ણન કરતા લોકો આવી ઉક્તિ કહે છે, અહો !!! સાત સમુદ્રોવાળી પૃથ્વીના તમામ દ્વીપો અને દેશોમાં આ ભારતવર્ષ મહાન પુણ્યભૂમિ છે, કારણ કે અહીંના લોકો શ્રીહરિના મંગળમય અવતારોનાં ચરિત્રોનું ગાન કરે છે. [૧૩] અહો !!! પ્રિયવ્રત રાજાના વંશની ભારે ઉજ્જ્વળ કીર્તિ છે, કે જે વંશમાં પુરાણપુરુષ આદિનારાયણે ઋષભ અવતાર ધારણ કરીને મોક્ષ આપનારો ધર્મ પાળ્યો હતો. [૧૪] અહો !!! અજન્મા ભગવાન ઋષભદેવજીના માર્ગ પર કોઈ બીજો યોગી મનથી પણ કેવી રીતે ચાલી શકે ? કારણ કે યોગીજનો યોગસિદ્ધિઓ મેળવવા માટે પ્રયત્ન કરે છે, અને ઋષભદેવજી તો સિદ્ધિઓ પોતાની પાસે આવવા ઈચ્છતી હતી તો પણ મિથ્યા જાણીને તેનો ત્યાગ કરી દીધો હતો. [૧૫] હે રાજન્ ! આ પ્રમાણે સમગ્ર વેદો, સ્વર્ગાદિ લોકો, દેવતાઓ, બ્રાહ્મણો અને ગાયોના પરમ રક્ષક ઋષભદેવ ભગવાનનું આ પવિત્ર ચરિત્ર કે જે મનુષ્યોના સમગ્ર પાપોને નાશ કરનારું છે તે મેં તમને કહી સંભળાવ્યું, આ પરમ મંગલમય ચરિત્રને જે મનુષ્ય એકાગ્રચિત્તે શ્રદ્ધાપૂર્વક નિરંતર સાંભળે

www.bhujmandir.org

છે અથવા ગાય છે તે બન્નેની ભગવાન શ્રીવાસુદેવનારાયણને વિષે પરમ એકાંતિક ભક્તિ ઉત્પન્ન થાય છે. [૧૬] અનેક પ્રકારનાં પાપોથી ભરેલા અને સંસારિક તાપોથી અત્યંત તપેલા એવા પોતાના અંતઃકરણને વિદ્વાનો આ ચરિત્રરૂપી સરિતામાં નવરાવતા રહે છે, તે મનુષ્યોને પરમ આનંદમય શાંતિ મળે છે, આની આગળ ભગવાનના એકાંતિક ભક્તો ખુદ ભગવાને આપવા ઈચ્છેલી ચાર પ્રકારની મુક્તિનો પણ આદર કરતા નથી. [૧૭]

શુકદેવજી કહે છે — હે રાજન્ !ભગવાન શ્રીકૃષ્ણ સ્વયં પાંડવોના તથા યાદવોના રક્ષક, ગુરુ, ઈષ્ટદેવ, સંબંધી અને નિયંતા હતા, એટલું જ નહીં પરંતુ ક્યારેક તો તેમની ભક્તિના વશપણાથી આજ્ઞાંકિત સેવક પણ બની જતા હતા. આવી રીતે ભગવાન પોતાને નિરંતર ભજનારાઓને મુક્તિ આપે છે, પરંતુ પ્રેમલક્ષણા ભક્તિ આપતા નથી. કારણ કે એવી ભક્તિ સર્વ પુરુષાર્થ કરતાં પણ મોંઘી છે. [૧૮] નિરંતર વિષયભોગની અભિલાષા કરવાને કારણે પોતાના વાસ્તવિક કલ્યાણ પ્રત્યે દીર્ઘકાળ સુધી બેસુધ રહેલા લોકોને જેઓ આત્મકલ્યાણનો ઉપદેશ આપનારા અને પોતે નિરંતર આત્મસ્વરૂપની પ્રાપ્તિ થવાને લીધે સર્વપ્રકારની તૃષ્ણાઓથી મુક્ત હતા એવા ભગવાન શ્રીઋષભદેવને હું નમસ્કાર કરું છું. [૧૯]

ઈતિ શ્રીમદ્ ભાગવતે મહાપુરાણે પંચમ સ્કંધે ઋષભદેવ ચરિત્ર વર્ણન નામનો છઠ્ઠો અધ્યાય સંપૂર્ણ. (૬)

## અધ્યાય - : - ૭

# ભરતજીનું ચરિત્ર

શુકદેવજી કહે છે - હે પરીક્ષિત ! ભગવાનના એકાંતિક ભક્ત અને મહાવૈષ્ણવ એવા ભરતજીને તેમના પિતા ઋષભદેવજીએ જ્યારે રાજ્યાધિકાર આપ્યો ત્યારે ભરતજીએ વિશ્વરૂપની દીકરી પંચજની સાથે લગ્ન કર્યું. [૧] અહંકારથી જેવી રીતે તન્માત્રાઓ સહિત પાંચ મહાભૂતો ઉત્પન્ન થાય છે, તેવી જ રીતે ભરતજીએ પોતાની સ્ત્રી પંચજનીના ગર્ભથી સર્વપ્રકારે પોતાના સરખા જ ગુણોવાળા સુમતિ, રાષ્ટ્રભૃત, સુદર્શન, આવરણ અને ધૂમ્રકેતુ નામના પાંચ પુત્રો ઉત્પન્ન કર્યા, આ ખંડ પૂર્વે ‘‘અજનાભ’’ નામથી ઓળખાતો હતો, તે ભરતજીના સમયથી ‘‘ભરતખંડ’’ એવા નામથી કહેવાય છે. [૨-૩] સર્વજ્ઞ અને સ્વધર્મને અનુસરનારા એ ભરત રાજાએ પોતાના બાપદાદાઓની પેઠે જ પોતાના ધર્મમાં ચાલનારી પ્રજાનું અત્યંત વાત્સલ્ય ભાવે પાલન કર્યું. [૪] તેમણે હોતા, અધ્વર્યુ, ઉદ્‌ગાતા અને બ્રહ્મા આ ચાર ઋત્વિજો દ્વારા કરવામાં આવતા પ્રકૃતિ અને વિકૃતિ એ બન્ને પ્રકારના અગ્નિહોત્ર, દર્શ, પૂર્ણમાસ, ચાતુર્માસ્ય, પશુ, સોમાદિ યજ્ઞોથી ભગવાન કે જે યજ્ઞ અને ક્રતુરૂપ છે તેમનું શ્રદ્ધાથી પૂજન કર્યું. [૫] આ પ્રમાણે અંગો અને ક્રિયાઓ સહિત અનેક પ્રકારના યજ્ઞોના અનુષ્ઠાન સમયે જ્યારે અધ્વર્યુઓ આહુતિ આપવા હાથમાં હવિ ધારણ કરતા ત્યારે યજમાન ભરત તે યજ્ઞકર્મથી જે કાંઈ પુણ્ય ફળ થતું તે સર્વે યજ્ઞપુરુષ એવા શ્રીવાસુદેવ ભગવાનને અર્પણ કરી દેતા હતા. તે પરબ્રહ્મ જ ઈન્દ્ર વગેરે સમસ્ત દેવતાઓના પ્રકાશક છે. તેઓ જ મંત્રો દ્વારા પ્રાપ્ત કરવા યોગ્ય વાસ્તવિક તત્ત્વ પણ છે. અને તે દેવતાઓના પણ નિયામક હોવાથી મુખ્ય દેવ છે. આ પ્રમાણે પોતાની ભગવદર્પણ બુદ્ધિરૂપી કુશળતાથી રાગ દ્વેષાદિ મળોની શુદ્ધિ કરતા રહીને સૂર્ય વગેરે તમામ યજ્ઞભોક્તા દેવતાઓ ભગવાન વાસુદેવ નારાયણના જ નેત્રાદિ અવયવો છે એમ માની પૂજન કરતા હતા. [૬] આવી રીતે કર્મની શુદ્ધિથી જેમનું અંતઃકરણ શુદ્ધ થઈ ગયું છે એવા ભરતજીને અંતર્યામીરૂપે વિરાજમાન હૃદયાકાશમાં જ અભિવ્યક્ત થતા, સ્વરૂપથી મનમાં બિરાજતા ભગવાનમાં દિવસે દિવસે વધતી જતી એવી બહુ જ ભક્તિ ઉત્પન્ન થઈ, હૃદયાકાશમાં જણાય એવા પરબ્રહ્મ ભગવાન પોતાના શ્રીવત્સ, કૌસ્તુભમણિ, વનમાળા, શંખ, ચક્ર, ગદા અને પદ્મ આદિ ચિહ્નોથી શોભી રહેલા મહાપુરુષરૂપથી ભરતજીને હૃદયમાં દર્શન દેતા હતા. [૭] આ પ્રમાણે એક કરોડ વર્ષ વીતી જતાં પોતાના રાજ્યભોગના પ્રારબ્ધનો અંત આવ્યો જાણી, પોતે ભોગવેલી વંશપરંપરાગત સંપત્તિ યોગ્ય રીતે પુત્રોને વહેંચી આપી, અને પોતે સર્વ સંપત્તિથી ભરપૂર એવા રાજમહેલને છોડીને પુલહાશ્રમમાં તપ કરવા માટે ચાલ્યા ગયા. [૮] આ પુલહાશ્રમમાં રહેતા ભક્તો પર ભગવાનનું અત્યંત વાત્સલ્ય છે તેથી ભગવાન આજે પણ ત્યાં તપ કરી રહેલા પોતાના ભક્તોને પ્રત્યક્ષ દર્શન આપે છે. [૯] ત્યાં ગંડકી નામની પ્રસિદ્ધ નદી છે, તેની શિલાઓમાં ઉપર નીચે બન્ને તરફ ગોળાકાર નાભિવાળાં ચિહ્નો હોય છે, એવી અને ઋષિઓના આશ્રમોને સર્વે દિશાઓથી પવિત્ર કરતી ચક્રાકાર નદી વહે છે. [૧૦] એ પુલહાશ્રમના બગીચામાં ભરતજી એકાંતસ્થાનમાં એકલા જ રહીને તે પત્ર, પુષ્પ, જળ, તુલસીપત્ર, કંદમૂળ, ફળાદિ નાના પ્રકારની સામગ્રીથી ભગવાનની આરાધના કરવા લાગ્યા. તેથી ભરતજીનું અંતઃકરણ

www.bhujmandir.org

સમગ્ર વિષયોમાંથી નિવૃત્ત થઇને શાન્ત થઇ ગયું. અને તેમને પરમ આનંદ પ્રાપ્ત થયો. ૧૧ આ પ્રમાણે નિરંતર ભગવાનનું પૂજન કરવાથી તેમને ભગવાન પ્રત્યે દિવસે દિવસે પ્રેમનો વેગ વધવા લાગ્યો, તે કારણે તેમનું હૃદય દ્રવીભૂત થઇને શાંત થઇ ગયું. આવી રીતે આનંદના પ્રબળ વેગથી શરીરનાં રૂવાડાં ઊભાં થઇ જતાં હતાં, અને અતિશય ઉત્કંઠાને લીધે વારંવાર આવતાં સ્નેહનાં આંસુઓથી દૃષ્ટિ રોકાઇ જતી હતી. અને જ્યારે પોતાના પ્રિયતમનાં રાતા ચરણારવિંદના ધ્યાનથી ભક્તિયોગનો આવિર્ભાવ થયો ત્યારે પરમ આનંદથી છલકાયેલ હૃદયરૂપી ગહન સરોવરમાં બુદ્ધિ ડૂબી જવાથી તેમને નિયમ પૂર્વક કરવામાં આવતી ભગવાનના પૂજનની પણ સ્મૃતિ રહી નહીં. ૧૨ આ પ્રમાણે તેઓ ભગવાનની સેવાના નિયમમાં જ તત્પર રહેતા હતા. અને શરીરે કૃષ્ણમૃગચર્મ ધારણ કરતા, ત્રિકાળસ્નાનને કારણે ભીંજાતા રહેવાથી તેમના કેશ ગૂંથાઇ જઇ વાંકડિયાળી લટોથી ભરતજી અત્યંત શોભતા હતા, તેઓ પ્રાતઃકાળે સૂર્ય પૃથ્વીમાંથી બહાર નીકળતાં તેમની સામે ઊભા રહી તેમાં રહેલા સૂર્ય સરખા તેજવાળા પરમપુરુષ ભગવાન નારાયણની આરાધના કરતા આગળ કહેવાશે તે પ્રમાણે સ્તુતિ કરતા હતા. ૧૩ પ્રકૃતિથી પર, કર્મો પ્રમાણે ફળને આપનારા, બુદ્ધિને ગતી આપનારા, પોતાના સંકલ્પથી વિશ્વને ઉત્પન્ન કરનારા અને ઉત્પન્ન થયેલા વિશ્વમાં પોતાની અંતર્યામી શક્તિથી પ્રવેશ કરી પોષણ કરનારા એવા જે સૂર્યદેવના આત્મારૂપ ભગવાન છે તે પરમપુરુષ નારાયણ ભગવાનને શરણે છીએ. ૧૪

ઈતિ શ્રીમદ્ ભાગવતે મહાપુરાણે પંચમ સ્કંધે ભરતજી ઘર ત્યાગ વર્ણન નામનો સાતમો અધ્યાય સંપૂર્ણઃ (૭)

## અધ્યાય - : - ૮

# મૃગલામાં મોહ થવાથી ભરતજીનો બીજો જન્મ મૃગનો થયો.

શુકદેવજી કહે છે - એકવાર ભરતજી ગંડકી નદીમાં શૌચાદિ નિત્ય કર્મરૂપ સ્નાન કરીને પ્રણવ ૐ કારનો જપ કરતા કરતા, ત્રણ મુહૂર્ત સુધી નદીના કાંઠે બેસી રહ્યા. ૧ હે રાજન્ ! એ સમયે એક મૃગલી તરસથી વ્યાકુળ થઇને પાણી પીવા માટે એકલી જ તે નદીકિનારે આવી. ૨ એ મૃગલી નદીમાં પાણી પી રહી હતી તેટલી વારમાં નજીકમાં જ એક સિંહે લોકોને ત્રાસ ઉપજાવે તેવી ગર્જના કરી. ૩ એ ગર્જના સાંભળીને સ્વભાવથી જ વિહ્વળ (ડરપોક) જાતની એ હરણી ચકળવકળ થઇને ચારે બાજુ જોવા લાગી, સિંહની બીક લાગવાથી તેમનું હૃદય અત્યંત વ્યાકુળ થઇ ગયું, અને દૃષ્ટિ ભમવા લાગી, તેથી તેણે તરસ છીપ્યા પહેલાં જ ભયને લીધે નદી પાર કરવા માટે જોરથી છલાંગ મારી. ૪ તેના પેટમાં ગર્ભ હતો તેથી છલાંગ મારી તે સમયે અત્યંત ભયને કારણે તેનો તે ગર્ભ પોતાના સ્થાનેથી ખસીને યોનિદ્વારથી નીકળી જઇને નદીના પ્રવાહમાં પડી ગયો. ૫ તે અચાનક ગર્ભપાત થવાથી, લાંબી છલાંગ મારવાથી અને સિંહના ભયંકર અવાજથી ભયભીત થવાને કારણે તેમજ પોતાના ટોળાથી એકલી પડેલી એ મૃગલી કોઇ પર્વતની ગુફામાં ગઇ અને ત્યાં જ મૃત્યુ પામી. ૬ અને આ બાજું એ મૃગલીનું બચ્ચું નદીના પ્રવાહમાં તણાતું હતું તેને ભરતજીએ જોયું તેથી તેને તેના પર ઘણી દયા આવી તેથી તે ભરતજી સ્વજનની જેમ માતાવિહોણા બચ્ચાને પોતાના આશ્રમમાં લઇ આવ્યા. ૭ તે મૃગના બચ્ચા પ્રત્યે ભરતજીની મમતા દૃઢ થવાને કારણે રોજ રોજ ઘાસ વગેરે ખવડાવીને ઉછેરવું, સિંહાદિ જાનવરોથી તેમની રક્ષા કરવી, બચ્ચી લેવા વગેરેથી લડાવવું અને ખંજવાળવા વગેરેથી તેને રાજી કરવા લાગ્યા. આમ કરવાથી ભરતજીને મૃગના બચ્ચાને વિષે અતિશય આસક્તિ બંધાઇ જવાથી, થોડા જ દિવસોમાં તેમના યમ, નિયમ, ભગવત્ પૂજન વગેરે કર્મો એક પછી એક છૂટવા લાગ્યા, આમ કરતાં કેટલેક દિવસે ભગવાન સંબંધી ઘણાં બધાં જ કર્મો છૂટી ગયાં. ૮ ભરતજીને મૃગના બચ્ચા વિષે મનમાં એવી આસક્તિ થઇ કે, અહો !!! કેવી ખેદની વાત છે ? આ બિચારા કંગાળ મૃગનું બાળક કાળચક્રના વેગથી પોતાના ટોળા અને સગા સંબંધીઓથી જુદો પડી મારા આશ્રય નીચે રહ્યું છે. આ મને જ પોતાનાં માતા-પિતા, ભાઇઓ, સંબંધી અને સાથી સમજે છે. આ મૃગને મારા સિવાય અન્ય કોઇની ખબર નથી, અને મારામાં જ વિશ્વાસ રાખે છે, વળી શરણાગતનો અનાદર કરવામાં દોષ છે એમ હું જાણું છું. તેથી મારે પણ શરણાગતનો અનાદર ન કરવો જોઇએ. એમ માની તેને વિષે દોષ બુદ્ધિનો ત્યાગ કરી પાલન-પોષણ કરવું વગેરે લાડ પ્યાર કરવા લાગ્યા. ૯ શાંત સ્વભાવ વાળા અને દીન દુઃખિયાનું રક્ષણ કરનારા પરોપકારી મહાપુરુષો આવા શરણાગતના રક્ષણ ખાતર પોતાના મોટામાં મોટા સ્વાર્થની પણ પરવા કરતા નથી. ૧૦

www.bhujmandir.org

આવી રીતે હરણના બચ્ચામાં આસક્તિ વધવાથી બેસતાં, સૂતાં, હરતાં, ફરતાં, ઊભા રહેતાં તેમજ ભોજન કરતી વેળાએ પણ ભરતજીનું ચિત્ત સ્નેહના બંધનથી બંધાએલું હોવાથી તેને સાથે જ રાખવા લાગ્યા. ૧૧ દર્ભ, પુષ્પ, સમિધ, પત્ર, ફળ, કંદમૂળ વગેરે જ્યારે લેવા જતા, ત્યારે પણ વરુ અને કૂતરાઓ આને ફાડી ખાશે એવી બીકને લીધે તે બચ્ચાને સાથે લઈને વનમાં જતા. ૧૨ રસ્તે જતાં મન ગમતા કૂણાં ઘાસ વગેરેને જોઈને તે હરણનું બચ્ચુ મુગ્ધભાવે રોકાઈ જતું, ત્યારે ભરતજી અત્યંત પ્રેમભાવથી દયાવશ થઈને તેમને ઊંચકીને ખભે બેસાડી દેતા, આ પ્રમાણે ક્યારેક ખોળામાં લઈને તો ક્યારેક છાતીએ લગાડીને રમાડતા પોતે મોટો આનંદ માનવા લાગ્યા. ૧૩ નિત્ય ભગવાનની પૂજા વગેરે કર્મો કરતી વખતે પણ ભરતજી વચ્ચે વચ્ચે ઊઠીને તેને જુવે છે અને જોઈને સ્વસ્થ મનથી તેને આશીર્વાદ આપતાં બોલી ઊઠતા, હે બેટા ! સર્વપ્રકારે તારું મંગળ થાઓ. ૧૪

એ બચ્ચું ક્યારેક આંમ તેમ જતું રહ્યું હોય ત્યારે ભરતજીના જોવામાં ન આવવાથી જેમ લોભી માણસનું ધન જતું રહેવાથી તેના હૃદયમાં અત્યંત ઉદ્વેગ થાય તેમ ભરતજી પણ વ્યાકુળ હૃદયવાળા થતા હતા, અને પછી તેઓ હરણના બચ્ચાના વિરહથી હૃદયમાં સંતપ્ત થઈને દયામણી રીતે શોક કરતા આ પ્રમાણે બોલી ઊઠતા. ૧૫ અરેરે !!! શું કહી શકાય ? જેની માતા મૃત્યુ પામી છે તે મા વિહોણું બિચારું હરણનું બચ્ચું દુષ્ટ કિરાતના જેવી બુદ્ધિવાળા, પુણ્યહીન, અનાર્ય એવો હું તે મારો વિશ્વાસ કરીને મને પોતાનો માનીને મેં કરેલા અપરાધોને સત્પુરુષોની જેમ ભૂલી જઈને ફરી પાછું મારી પાસે આવશે ને ? ૧૬ શું હું ફરી આ આશ્રમના ઉપવનમાં તે બચ્ચાને ભગવાનની કૃપાથી સુરક્ષિત રહેલું અને નિર્વિઘ્નપણે લીલું ઘાસ ચરતું મને જોવામાં આવશે ? ૧૭ અરે ! રખેને ક્યાંક એવું ના બને કે કોઈ વરુઓ કે કૂતરાઓ ટોળે મળીને અથવા એકલા રખડનાર ભૂંડ, વાઘ, સિંહ આદિ જાનવરો એને ભરખી ન જાય ! ૧૮ અરેરે ! સર્વ જગતના ક્ષેમકુશળ માટે ઉદય પામતા વેદત્રયીરૂપ સૂર્યનારાયણ અસ્ત થવા પર છે, અને હજુ સુધી એ મૃગલીની થાપણરૂપ બાળક પાછું આવતું નથી. ૧૯ શું તે અનેક પ્રકારના સુંદર અને જોવા જેવા પોતાના બાળખેલથી સ્નેહીઓના ખેદને મટાડનાર અને કાળિયારમૃગનો રાજકુમાર પુણ્યહીન એવા મારી પાસે આવીને મને આનંદિત તો કરશે ને ? ૨૦ અહો ! ક્યારેક તો હું ગમ્મત કરતાં ખોટી રીતે સમાધિના ઢોંગથી આંખો મીંચી જતો ત્યારે એ બાળક સ્નેહના કોપથી મારી પાસે આવીને જળબિંદુ જેવી નાજુક શીંગડીઓના અગ્રભાગથી મને હલાવતો હતો. ૨૧ ક્યારેક હું જેના ઉપર હવનની સામગ્રી મૂકી હોય એવા દર્ભના આસનને તે મૃગ પોતાના દાતોંથી ખેંચીને અપવિત્ર કરી મૂકતો, ત્યારે મારા ધમકાવવાથી તે અત્યંત ભયભીત થઈને તત્કાળ પોતાની સર્વે ચેષ્ટાઓ છોડી દઈને ઋષિકુમારની જેમ પોતાની સર્વે ઈન્દ્રિયોનો નિરોધ કરીને ચૂપચાપ બેસી જતો હતો. ૨૨

(ભરતજી જમીન પર રહેલાં ખરીઓના ચિહ્નો જોઈને કહેલા લાગ્યા) અહો ! આ તપસ્વિની પૃથ્વીએ એવું તો કયું તપ કર્યું છે ? કે તે અતિ નમ્રતાવાળા કાળિયારમૃગનાં બચ્ચાનાં નાનાં નાનાં સુંદર, સુખદાયી અને સુકોમળ ખરીઓવાળા ચિહ્નોથી અંકિત થઈને મને કે જે હું ધનરૂપી મૃગના બચ્ચાથી રહિત અને દુઃખી છું તે ધનની પ્રાપ્તિનો માર્ગ બતાવી રહી છે, અને તે પોતે પોતાના શરીરને ખરીના ચિહ્નોથી વિભૂષિત કરીને સ્વર્ગ અને અપવર્ગના દેવતાઓ અને બ્રાહ્મણો માટે યજ્ઞસ્થળ બનાવી રહી છે. ૨૩ (ભરતજી ચંદ્રમામાં રહેલા મૃગના ચિહ્નને પોતાનો મૃગ માનીને કહે છે) અહો ! સિંહના ભયથી જેની માતા મરી ગઈ છે એવું મૃગનું બાળક આજે પોતાના આશ્રમથી વિખૂટું પડી ગયું છે, તેથી તેને અનાથ જોઈને ચંદ્રમા દયાથી પ્રેરાઈને તેનું રક્ષણ કરી રહ્યા છે કે શું ? કે પછી પોતાના પુત્રોના વિયોગરૂપી દાવાનળની જ્વાળાથી હૃદય દાઝી જવાને કારણે મેં એક મૃગબાળનો સહારો લીધો હતો, પરંતુ તેના ચાલ્યા જવાથી મારું હૃદય ફરીથી બળવા લાગ્યું છે તેથી આ ચંદ્રમા પોતાના શીતળ, શાંત અને સ્નેહપૂર્ણ અમૃતમય કિરણો વડે મને શાંત કરી રહ્યા છે કે શું ! ૨૪-૨૫

હે રાજન્ ! આ પ્રમાણે જેમના મનોરથ પૂર્ણ થવાનું સર્વથા અસંભવ છે એવા ભરતજીનું ચિત્ત વ્યાકુળ રહેવા લાગ્યું, મૃગબાળના રૂપમાં આસક્ત થતા પોતાના પ્રારબ્ધકર્મોને કારણે તપસ્વી ભરતજી યોગના અનુષ્ઠાનથી અને ભગવાનની ભક્તિથી ભ્રષ્ટ થયા. નહિતર તો જેમણે ત્યાગ કરવા દુષ્કર એવા પોતાના જ પુત્રોને મોક્ષમાર્ગમાં વિઘ્નરૂપ સમજીને તેનો ત્યાગ કરી દીધો છે એવા ભરતજીને વિજાતીય મૃગબાળમાં આવા અતૂટ આસક્ત શા માટે થાય ? આ પ્રમાણે રાજર્ષિ ભરત વિઘ્નોના વશપણાથી યોગના સાધનથી ભ્રષ્ટ થયા, અને મૃગના પાલન પોષણ અને લાડ-પ્યારમાં જ વ્યસ્ત રહીને આત્મસ્વરૂપને ભૂલી ગયા. એ વેળાએ જેનું ટળવું અત્યંત મુશ્કેલ છે તે બળવાન વિકરાળ કાળ જેવી રીતે ઉંદરના દરમાં સાપ ઘૂસી આવે તેમ

www.bhujmandir.org

ભરતજીના માથા ઉપર ચડી આવ્યો. [૨૬] તે અંત સમયે મૃગબાળ ભરતજીની પાસે બેઠેલા પુત્રની જેમ શોકાતુર થઈ રહ્યો હતો, અને ભરતજી પણ તે શોકમગ્ન મૃગબાળને જોઈ રહ્યા હતા, તેમનું ચિત્ત હરણમાં લાગેલું હતું. આ પ્રકારની આસક્તિમાં જ મૃગની સાથે તેમનું શરીર પણ છૂટી ગયું. ત્યાર પછી સમય જતાં તે ભરતજીને અંતકાળની ભાવના પ્રમાણે અન્ય સાધારણ મનુષ્યોની જેમ મૃગનું શરીર મળ્યું, પરંતુ તેમની સાધના પ્રબળ હોવાને કારણે પૂર્વજન્મની સ્મૃતિ તેને મૃગના દેહમાં પણ નાશ પામી નહીં. [૨૭] હરણના દેહમાં પણ પૂર્વજન્મની ભગવાનની આરાધનાના પ્રભાવથી પોતાને મૃગરૂપ થવાનું કારણ જાણીને તેઓ ઘણો જ પશ્ચાતાપ કરતા કહેવા લાગ્યા. [૨૮] અહો ! ઘણા ખેદની વાત છે કે, હું જ્ઞાનીઓના માર્ગથી ભ્રષ્ટ થયો. સઘળા સંગોનો ત્યાગ કરી એકાંત અને પવિત્ર વનનો આશ્રય લીધો હતો. ત્યાં રહીને જે ચિત્તને મેં સર્વ પ્રાણીના આત્મા શ્રીવાસુદેવ ભગવાનમાં નિરંતર તેમના જ ગુણોનું શ્રવણ, મનન અને સંકીર્તન કરીને તથા પ્રત્યેક ક્ષણને તેમની જ આરાધના સ્મરણ વગેરે થકી સફળ કરીને, સ્થિરભાવે સંપૂર્ણ પણે જોડી દીધું હતું. છતાં પણ અજ્ઞાની એવો જે હું તે મારું ચિત્ત અણધાર્યું એક નાનકડા હરણના બચ્ચા પાછળ પોતાના લક્ષ્યમાંથી ચ્યુત થઈ ગયું. [૨૯] આ પ્રમાણે મૃગના શરીરમાં રહેલા ભરત રાજાના હૃદયમાં જે વૈરાગ્યભાવ જાગ્રત થયો તેને છુપાવી રાખીને તેમણે પોતાની માતા હરણીનો ત્યાગ કર્યો અને પોતાની જન્મભૂમિ કાલંજર પર્વત પરથી તેઓ ફરી શાન્ત સ્વભાવવાળા મુનિઓને પ્રિય એવા શાલગ્રામતીર્થમાં, પુલસ્ત્ય અને પુલહ ઋષિના આશ્રમમાં પહોંચ્યા. [૩૦] પુલહાશ્રમમાં રહીને પણ તેઓ કાળની પ્રતીક્ષા કરવા લાગ્યા, અને મને કોઈ અન્યમાં પ્રીતિ ન થઈ જાય, એવો આસક્તિ તરફથી તેમને બહુ જ ભય લાગવા માંડ્યો. તેથી માત્ર એકલા જ રહેતા અને સૂકાં પાંદડાં, ઘાસ અને લતાનો આહાર કરી જીવન નિર્વાહ કરતા હતા, એ પ્રમાણે કેટલાક દિવસો સુધી રહ્યા પછી તેમણે ગંડકી નદીના પ્રવાહમાં ઊભા રહી મૃગના શરીરનો ત્યાગ કરી દીધો. [૩૧]

ઈતિ શ્રીમદ્ ભાગવતે મહાપુરાણે પંચમ સ્કંધે ભરતજી મૃગના દેહને પામ્યા એ નામનો આઠમો અધ્યાય સંપૂર્ણ. (૮)

## અધ્યાય - : - ૯

# ભરતજીનો ત્રીજો જન્મ બ્રાહ્મણકુળમાં થયો

શ્રીશુકદેવજી કહે છે - હે રાજન્ ! મૃગના શરીરને છોડ્યા પછી ભરતજીનું શું થયું, તે સાંભળો. આંગીરસ ગોત્રમાં ઉત્પન્ન થયેલા એક શ્રેષ્ઠ બ્રાહ્મણ હતા. તેઓ બ્રાહ્મણોચિત શમ, દમ, તપ, સ્વાધ્યાય, ત્યાગ, સન્તોષ, તિતિક્ષા, વિનય, વિદ્યા, અનસૂયા (બીજાના ગુણોમાં દોષ ન જોવા), આત્મજ્ઞાન અને પ્રસન્નતા વગેરે સર્વે ગુણોથી સંપન્ન હતા. તેમની મોટી પત્નીથકી તેમની સમાન વિદ્યા, શીલ, આચાર, રૂપ અને ઉદારતા વગેરે તમામ ગુણોથી સંપન્ન નવ પુત્રો થયા, તથા નાની પત્નીથી એક સાથે એક પુત્ર અને એક પુત્રીનો જન્મ થયો. [૧] કહેવાય છે કે, આ બન્નેમાં જે પુત્ર હતો, તે મૃગના શરીરનો ત્યાગ કરીને ચરમદેહ (જે શરીરથી જીવાત્મા જન્મ મરણથી છૂટીને મોક્ષ પ્રાપ્ત કરે છે, તેને ચરમ દેહ કહેવાય છે.) માં બ્રાહ્મણ થયા હતા. પરમભાગવત રાજર્ષિશ્રેષ્ઠ ભરતજી જ હતા. [૨] આ જન્મમાં પણ ભગવાનની કૃપાથી પોતાના પૂર્વજન્મોનું સ્મરણ રહેવાને કારણે, તેમને સદાય મનમાં ડર રહ્યા કરતો હતો કે આ જન્મમાં ફરી કોઈ વિઘ્ન ઉપસ્થિત ન થાય, તેથી પોતાના સ્વજનોના સંગથી પણ ઘણા ડરતા હતા; જેમનું શ્રવણ, સ્મરણ અને ગુણકીર્તન બધા પ્રકારના કર્મબન્ધનોને કાપી નાખે છે તેવાં શ્રીભગવાનના યુગલચરણકમળને જ સદાય હૃદયમાં ધારણ કરી રહેલા હતા બીજાઓની દૃષ્ટિમાં પોતાને ઉન્મત્ત મૂર્ખ, અંધ અને બધિરના જેવા દેખાડતા હતા. [૩] પિતાનો તો તેમની ઉપર એવો જ સ્નેહ હતો. તેથી તે બ્રહ્માણ દેવતાએ પોતાના આવા ઉન્મત્ત પુત્રના પણ શાસ્ત્રાનુસાર સમાવર્તન પર્યન્ત વિવાહથી પહેલાંના બધા જ સંસ્કારો કરવાના નિર્ણયથી તેમનો ઉપનયન સંસ્કાર કર્યો. જો કે ભરતજીને કોઈ નિયમની જરૂરત ન હોવા છતાં 'પુત્ર પિતા પાસેથી ઉપદેશ ગ્રહણ કરે' આવા શાસ્ત્રવિધાન અનુસારે પિતાજીએ તેમને શૌચ-આચમન વગેરે આવશ્યક કર્મોનો ઉપદેશ આપ્યો. [૪]

પરન્તુ ભરતજી તો પિતાની આગળ જ તેમના ઉપદેશથી વિરુદ્ધ આચરણ કરવા લાગ્યા હતા. પિતાજી ઈચ્છતા હતા કે વર્ષાઋતુમાં તેને વેદાધ્યયનનો પ્રારંભ કરાવી દઉં. પરન્તુ વસંત અને ગ્રીષ્મઋતુના ચૈત્ર, વૈશાખ, જેઠ અને અષાઢ- આ

www.bhujmandir.org

ચાર મહિનાઓ સુધી અભ્યાસ કરાવતા રહ્યા છતાં પણ તેને વ્યાહૃતિ અને શિરોમન્ત્ર પ્રણવ સહિત ત્રિપદા ગાયત્રી પણ સારી રીતે ભણાવી ન શક્યા. [૫] આવું હોવાં છતાં પણ પોતાના આ પુત્રમાં તેમને આત્મવત્ અનુરાગ હતો. તેથી ભરતજીની કોઈ પણ કાર્યમાં ઈચ્છા ન હોવા છતાં પણ 'પુત્રને સારી શિક્ષા આપવી જોઈએ' આવા અનુચિત આગ્રહથી ભરજીને શૌચ, વેદાધ્યયન, વ્રત, નિયમ તથા ગુરુ અને અગ્નિની સેવા વગેરે બ્રહ્મચર્યાશ્રમમાં આવશ્યક નિયમોનો ઉપદેશ આપતા રહ્યા. પરન્તુ પુત્રને સુશિક્ષિત જોવાની તેમની ઈચ્છા પૂરી થઈ ન હતી અને પોતે પણ ભગવાનની ભક્તિ રૂપ પોતાના મુખ્ય કર્તવ્યથી અસાવધાન રહીને કેવળ ઘરના કામ-કાજમાં વ્યસ્ત રહેતા હતા, કે હંમેશાં સાવધાન રહેનાર કાળ ભગવાને આક્રમણ કરીને તેમનો અંત કરી નાખ્યો. [૬] ત્યારે તેમની નાની પત્નીના ગર્ભ થકી ઉત્પન્ન થયેલાં બન્ને બાળકોને પોતાની શોક્યને સોંપીને પોતે સતી થઈને પતિલોકમાં ચાલી ગઈ. [૭] ભરતજીના ભાઈઓ તો કર્મકાંડમાં સૌથી સારું જ્ઞાન ધરાવતા હતા. તેઓ બ્રહ્મજ્ઞાનરૂપ પરાવિદ્યાથી સર્વથા અનભિજ્ઞ હોવાને કારણે તેઓ ભરતજીના પ્રભાવને પણ જાણતા ન હોવાથી તેને સાવ મૂર્ખ સમજતા હતા. પિતાજીના પરલોક સિધાવ્યા પછી તેમણે ભરતજીને વિદ્યાભ્યાસ કરાવવાનો આગ્રહ છોડી દીધો. [૮] ભરતજીને માન-અપમાનનો કોઈ વિચાર ન હતો. જ્યારે કોઈ નરપશુ તેને મૂર્ખ, અથવા બધિર કહીને પુકારતા તો તે પણ તેવી જ રીતે કહેવા લાગતા. કોઈ પણ તેમની પાસેથી કોઈ પણ પ્રકારનું કામ કરાવવા ઈચ્છતા હતા, તો તેઓ તેમની ઈચ્છા પ્રમાણે કરી આપતા. વેઠરૂપે અથવા મજુરીરૂપમાં, માંગવાથી અથવા માંગ્યા વિના જે કાંઈ પણ થોડું ઘણું સારું અથવા ખરાબ અન્ન મળી જતું તેને કોઈ પ્રકારનો જીભનો સ્વાદ જોયા વિના ભોજન કરી લેતા હતા. બીજા કોઈ કારણથી ઉત્પન્ન ન થનાર સ્વતઃસિદ્ધ કેવળ જ્ઞાનાનંદસ્વરૂપ આત્મજ્ઞાન તેમને પ્રાપ્ત થઈ ગયું હતું; તેથી ઠંડી-ગરમી, માન અપમાન વગેરે દ્વન્દ્વથી થતાં સુખ-દુઃખ વગેરેમાં તેમને દેહાભિમાનની સ્ફૂર્તિ થતી નહોતી. [૯] તેઓ ઠંડી-ગરમી, વર્ષા અને ઝંઝાવાતના સમયે પણ સાંઢની જેમ નગ્નાવસ્થામાં પડ્યા રહેતા. તેમનું શરીર હૃષ્ટ-પુષ્ટ અને માંસલ હતું. તેઓ પૃથ્વીપર જ પડ્યા રહેતા હતા. ક્યારેય તેલ મર્દન વગેરે કરતા ન હતા અને ક્યારેય સ્નાન પણ કરતા ન હતા, તેથી તેમના શરીરપર મેલ જામી ગયો હતો. તેમનું બ્રહ્મતેજ ધૂળથી ઢંકાયેલા મૂલ્યવાન મણિની સમાન છુપાઈ ગયું હતું. તેઓ પોતાની કટીભાગમાં એક મેલુ-ઘેલું કપડું બાંધીને રાખતા હતા. તેની યજ્ઞોપવીત પણ ઘણી મેલી થઈ ગઈ હતી. તેથી અજ્ઞાની લોકો 'આ કોઈ દ્વિજ છે' 'કોઈ અધમ બ્રાહ્મણ છે' એવું કહીને તેમનો તિરસ્કાર કર્યા કરતા હતા, પરંતુ તેઓએ એનો કોઈ વિચાર ન કરીને સ્વચ્છન્દ વિચરણ કરતા હતા. [૧૦] તેમના ભાઈઓ તેને બીજાની મજૂરી કરીને પેટ પોષણ કરે છે એવું જોઈને પોતાના ખેતરોમાં ક્યારાઓ બનાવવામાં લગાડી દીધા. તો તે કાર્યને પણ કરવા લાગ્યા. પરંતુ તેને એ વાતનું બિલકુલ ધ્યાન ન હતું કે તે ક્યારાઓની જમીન સમતલ છે કે ઊંચી-નીચી, અથવા નાની છે કે મોટી છે. તેમના ભાઈઓ તેમને ચોખાની કણકી, ઓસામણ, ભૂસું, સડેલા અડદ કે પછી વાસણોમાં દાઝી ગયેલા અનાજનો પોપડો વગેરે જે કાંઈ પણ આપતા તેને તે અમૃતની સમાન માનીને ભોજન કરતા.[૧૧]

કોઈ એક સમયે ડાકુઓના સરદારે જેના સામંત શૂદ્ર જાતિના હતા તે પુત્રની ઈચ્છાથી ભદ્રકાલીને મનુષ્યની બલિ આપવાનો નિશ્ચય કર્યો. [૧૨] તેણે જે પુરુષ - પશુબલિ માટે પકડી લાવ્યો હતો તે ભાગ્યબળે તેમની પકડમાંથી ભાગી નીકળ્યો હતો. તેને શોધવા માટે તેમના નોકરો ચારે બાજુ દોડ્યા; પરંતુ અંધારી અર્ધીરાત્રીના સમયે તેની કોઈ ભાળ મળી નહી. તે સમયે દૈવયોગથી એકાએક તેમની દષ્ટિ આ આઙ્ગિરસગોત્રીય બ્રાહ્મણકુમારપર પડી, જે વીરાસને બેસીને હરણ - ભૂંડ વગેરે પ્રાણીઓથી પોતાના ખેતરનું રક્ષણ કરી રહ્યા હતા.[૧૩] તે લોકોએ જોયું કે આ નરપશુ તો સારાં લક્ષણવાળો છે, આનાથી આપણા સ્વામીનું કાર્ય અવશ્ય સિદ્ધ થશે. આવું વિચારતાં તેમનું મુખ આનંદથી ખીલી ઊઠ્યું. અને તેઓએ ભરતજીને દોરડાંઓથી બાંધીને ચંડિકા મંદિરમાં લઈ ગયા. [૧૪]

ત્યાર પછી તે ચોરોએ પોતાના રીત-રિવાજ મુજબ તેને વિધિપૂર્વક સ્નાન કરાવીને નવાં વસ્ત્રો પહેરાવ્યાં તથા અનેક પ્રકારનાં આભૂષણો, ચંદન, માળા અને તિલક વગેરેથી વિભૂષિત કરી સારી રીતે ભોજન કરાવ્યું. પછી ધૂપ, દીપ, માળા, ડાંગરની ધાણી, કૂપળ, અઙ્કુર, ફળ અને નૈવેદ્ય વગેરે સામગ્રી સાથે બલિદાનની વિધિ પ્રમાણે ગાન, સ્તુતિ અને મૃદઙ્ગ તથા ઢોલ વગેરેનો મહાન્ ધ્વનિ કરતાં કરતાં તે નરપશુ એવા ભરતજીને ભદ્રકાળીની આગળ નીચું માથું કરાવીને બેસાડી દીધો. [૧૫]

ત્યાર પછી ચોરરાજના લુટારા પુરોહિતે તે નર-પશુના રુધિરથી દેવીને પ્રસન્ન કરવા માટે દેવીમંત્રોથી અભિમંત્રિત કરાયેલી એક ધારદાર તલવાર લીધી. [૧૬] તે લુટારાઓ સ્વભાવથી તો રજોગુણી અને તમોગુણી હતા જ, વળી ધનના મદથી

www.bhujmandir.org

તેમનું ચિત્ત વધારે ઉન્મત થઇ ગયું હોવાથી હિંસામાં પણ સ્વાભાવિક રુચિ હતી. આ સમયે તે ચોરલોકો ભગવાનના અંશસ્વરૂપ બ્રાહ્મણકુળનો તિરસ્કાર કરીને સ્વચ્છંદતાથી કુમાર્ગની તરફ વધી રહ્યા હતા. આપત્તિકાળમાં પણ શાસ્ત્ર જેના વધની આજ્ઞા નથી આપતાં, એવા સાક્ષાત્ બ્રહ્મભાવને પામેલા વૈરહીન તથા સમસ્ત પ્રાણિઓના સહૃદ્ એક બ્રહ્મર્ષિકુમારનો તે બલિ દેવા ઈચ્છતા હતા. આ ભયંકર કુકર્મ જોઈને દેવી ભદ્રકાલીના શરીરમાં દુ:સહ બ્રહ્મતેજથી દાહ થવા લાગ્યો અને તેઓ એકાએક મૂર્તિમાંથી પ્રગટ થઇ ગયાં. ૧૭

અત્યંત અસહનશીલતા અને ક્રોધના કારણે તેમનાં ભવાં ચડી ગયાં હતાં તથા વિકરાલ દાંત અને ચઢેલી લાલ આંખોને કારણે તેમનું મુખ અત્યંત ભયાનક હતું. તેમના આ વિકરાલ રૂપને જોઈને એવું જણાતું હતું કે જાણે આ સંસારનો સંહાર કરી નાખશે. તેમણે ક્રોધથી તાડૂકીને ભયંકર અટ્ટહાસ્ય કર્યું અને તે અભિમન્ત્રિત ખડ્‌ગથી જ તે બધા પાપીઓનાં મસ્તકો કાપી નાખ્યાં અને પોતાના ગણોની સાથે તેમના ગળાઓમાંથી વહેતાં ગરમ રક્તરૂપ આસવ, પીને અત્યંત ઉન્મત્ત થઈને ઊંચા સ્વરથી ગાતાં અને નાચતાં તે માથાઓને દડાની જેમ રમવા લાગ્યાં. ૧૮ સાચું છે, કે મહાપુરુષો પ્રત્યે કરેલ અત્યાચારરૂપ અપરાધ આ જ પ્રમાણે ઊલટો પોતાના જ ઉપર આવી પડે છે. ૧૯

હે પરીક્ષિત્ ! જેમની દેહાભિમાનરૂપ સુદૃઢ હૃદયગ્રન્થિ છૂટી ગઈ છે, જે સમસ્ત પ્રાણિઓના મિત્ર અને આત્મા છે તથા વૈર રહિત છે, જેમનું સાક્ષાત્ ભગવાન્ જ ભદ્રકાળી વગેરે ભિન્ન ભિન્ન રૂપો ધારણ કરીને પોતાનું ક્યારેય લક્ષ્ય નહીં ચૂકનારા કાળચક્રરૂપ શ્રેષ્ઠ અસ્ત્રથી જેમની રક્ષા કરે છે. અને જેમણે ભગવાનનાં નિર્ભય ચરણકમળોનો આશ્રય લઇ રાખ્યો છે તે ભગવાનના ભક્ત પરમહંસો માટે પોતાનું મસ્તક કપાવાનો અવસર આવવા છતાં પણ કોઈ પ્રકારે વ્યાકુળ ન થવું એ કોઈ મહાન આશ્ચર્યની વાત નથી. ૨૦

ઈતિ શ્રીમદ્ ભાગવતે મહાપુરાણે પંચમ સ્કંધે જડભરત ચરિત્ર વર્ણન નામનો નવમો અધ્યાય સંપૂર્ણ: (૯)

## અધ્યાય - : - ૧૦

# જડભરત અને રાજા રહૂગણનો મિલાપ.

શ્રીશુકદેવજી કહે છે - હે રાજન્ ! એક વાર સિન્ધુસૌવીર દેશનો સ્વામી રાજા રહૂગણ પાલખી પર બેસીને જઇ રહ્યા હતો. જ્યારે તે ઈક્ષુમતી નદીના કિનારે પહોંચ્યા ત્યારે તેની પાલખી ઊંચકનારા કહારોના જમાદારને એક એ કહારની આવશ્યકતા પડી. દૈવયોગે તેને આ બ્રાહ્મણ દેવતા (જડભરત) મળી ગયા. તેને જોઇને તેઓ વિચાર્યું કે, 'આ મનુષ્ય હૃષ્ટ-પુષ્ટ, યુવાન અને મજબૂત અંગોવાળો છે. તેથી આ તો બળદ તથા ગધેડાની જેમ સારી રીતે ભાર ઉપાડી શકે તેમ છે. આવું વિચારીને તેણે વેઠ માટે પકડેલા બીજા કહારોની સાથે એમને પણ બળપૂર્વક પકડીને પાલખીમાં જોડી દીધો. મહાત્મા ભરતજી જોકે કોઈ પ્રકારે આ કાર્યમાં યોગ્ય ન હતા, તો પણ કશું બોલ્યા વિના મૌન રહી પાલખીને ઉપાડી ચાલવા લાગ્યા. ૧ તે દ્વિજશ્રેષ્ઠ, કોઈ જીવ પગ નીચે દબાઈ ન જાય એવા ડરથી આગળની એક ધનુષ જેટલી પૃથ્વી જોઈને ચાલતા હતા. તેથી બીજા કહારોની ગતિ સાથે તાલમેળ ન થવાથી જ્યારે પાલખી વાંકી સીધી થવા લાગી. ત્યારે રાજા રહૂગણે પાલખી ઊંચકનાર નોકરોને કહ્યું 'અરે કહારો ! બરોબર ચાલો, પાલખીને વાંકી સીધી કરીને કેમ ચાલો છો ?' ૨ ત્યારે પોતાના માલિક રાજાનું આક્ષેપ યુક્ત વચન સાંભળીને તે કહારોને ડર લાગ્યો કે ક્યાંક રાજા અમોને દંડ ન આપે. તેથી તે પાલખી ઊચકનારા મજૂરો રાજાને આ પ્રમાણે નિવેદન કરવા લાગ્યા. ૩

હે મહારાજ ! અમે અસાવધાન નથી, અમે તો તમારી આજ્ઞાનુસાર સારી રીતે પાલખી લઈને ચાલીએ છીએ પણ આ એક નવો કહાર હમણાં-હમણાં પાલખીમાં જોડ્યો છે, તે ઝડપથી ચાલી શકતો ન હોવાથી અમે બધા તેની સાથે પાલખી લઈ જઈ શકતા નથી. ૪ કહારોનાં આ દીન વચન સાંભળીને રાજા રહૂગણે વિચાર્યું, સંસર્ગથી ઉત્પન્ન થતો દોષ એક જ વ્યક્તિમાં હોવા છતાં તેનો સંબન્ધ રાખનાર બધા પુરુષોમાં આવી શકે છે. તેથી જો તેનો પ્રતિકાર નહીં કરવામાં આવે તો ધીરે ધીરે આ બધા કહારો પોતાની ચાલ બગાડી દેશે.' આવું વિચારીને રાજા રહૂગણ થોડા ક્રોધિત થઈ ગયા. જોકે તેણે મહાપુરુષોનું સેવન કર્યું હતું , છતાં પણ ક્ષત્રિય સ્વભાવને લીધે બલપૂર્વક તેની બુદ્ધિ રજોગુણથી વ્યાપ્ત થઇ ગઈ અને તેઓ તે દ્વિજશ્રેષ્ઠથી જેમનું

www.bhujmandir.org

બ્રહ્મતેજ રાખથી ઢંકાયેલા અગ્નિની જેમ પ્રગટ નહીં હતું તેવા તે બ્રાહ્મણશ્રેષ્ઠને વ્યંગ્યપૂર્ણ વચન કહેવા લાગ્યો. [૫]

'અરે ભાઈ ! ઘણા ખેદની વાત છે, એવું લાગે છે કે તું અવશ્ય થાકી ગયો છે. તારા આ સાથીયોએ તને જરાય પણ સહારો આપ્યો નથી, ઘણે દૂરથી તું એકલો જ ઘણા સમયથી પાલખી ઊંચકી ચાલે છે. તારું શરીર પણ ખાસ મોટું તાજું અને ભરાવદાર નથી, અને અરે મિત્ર ! વૃદ્ધાવસ્થાએ તને ઢીલો પાડી દીધો છે, ' આ પ્રમાણે ઘણાં વ્યઙ્ગ વચનો દ્વારા ટોણાં મારવા છતાં પણ તેઓ પહેલાની જેમ જ મૌન રહીને પાલખી ઊંચકીને ચૂપચાપ ચાલતા રહ્યા. તેમણે રાજાના વચનોથી જરા પણ માઠું ન લગાડ્યું; કારણ કે તેમની દૃષ્ટિએ તો પંચભૂતો, ઈંદ્રિયો અને અન્તઃકરણના યોગરૂપ પોતાનું આ અંતિમ શરીર આવિદ્યાનું જ કાર્ય હતું. આ જુદા-જુદા અઙ્ગોથી યુક્ત દેખાઈ દેવા છતાં પણ વાસ્તવમાં હતું જ નહી, તેથી તેમાં તેમનો હું અને મારા પણાનો મિથ્યા અધ્યાસ સર્વથા નિવૃત્ત થઈ ગયો હતો તેઓ બ્રહ્મરૂપ થઈ ગયા હતા. [૬] કિન્તુ પાલખી હજું પણ સારી રીતે ચાલતી નથી, આ જોઈને રાજા રહૂગણ ક્રોધથી લાલ, પીળા થઈ ગયા અને કહેવા લાગ્યા, અરે ! આ શું ? શું તું જીવતો જ મરી ગયો છે ? જાણતો નથી, હું તારો માલિક છું; તું મારો અનાદર કરીને મારી આજ્ઞાનું આ પ્રમાણે ઉલ્લંઘન કરી રહ્યો છે ! એવું લાગે છે કે તું મૂર્ખ છે. અરે ! હું દંડપાણિ યમરાજની સમાન પ્રજાનું શાસન કરનાર છું. સારું, ઊભો રહે; હું અત્યારે જ તને દંડ દઉં છું. ત્યારે જ તારી બુદ્ધિ ઠેકાણે આવશે. [૭] રહૂગણને રાજા હોવાનું અભિમાન હોવાથી આ પ્રમાણે વધારે પડતા અપશબ્દો બોલતો તે પોતાને મહાન બુદ્ધિમાન સમજતો હતો, તેથી રજોગુણ અને તમોગુણ યુક્ત અભિમાનને વશીભૂત થઈને તેમણે ભગવાનના અનન્ય પ્રીતિપાત્ર ભક્તવર ભરતજીનો તિરસ્કાર કર્યો. યોગેશ્વરની વિચિત્ર વાણી અને વર્તનની તેને જરા પણ ખબર ન હતી. તેની આવી અપરિપક્વ બુદ્ધિ જોઈને તે સંપૂર્ણ પ્રાણિઓના સુહૃદ અને આત્મા, બ્રહ્મભૂત બ્રાહ્મણદેવતા હસ્યા અને કોઈ પ્રકારનું અભિમાન રાખ્યા વિના આ પ્રમાણે કહેવા લાગ્યા. [૮]

જડભરતે કહ્યું - હે રાજન્ ! તમે જે કાંઈ કહી રહ્યા છો, તે સાચું જ છે; હું તેમાં કોઈ ઠેકડી અથવા ઉપહાસની વાત નથી માનતો. કારણ કે જો કોઈ ભાર નામની વસ્તુ છે તો તેને ઊંચકનાર શરીરને છે, અને જે કાંઈ માર્ગ છે તે પણ તેમાં ચાલનાર શરીર માટે જ છે. મારો શરીરથી કોઈ સંબન્ધ નથી, તેથી મને ન ભાર ઊંચકવાનો ક્લેશ છે અને ન માર્ગમાં ચાલવાનો શ્રમ છે. તમારું આ વચન પણ યોગ્ય જ છે કે સ્થૂલ અને સૂક્ષ્મપણું તેમજ નાના અને મોટાપણું તો આ પંચભૂતોના પિંડ શરીરમાં જ છે. તેથી આ વિષયમાં કોઈ વિવાદ નથી. [૯] સ્થૂલતા, કૃશતા, આધિ, વ્યાધિ, ભૂખ, તરસ, ભય, કલહ, ઈચ્છા, વૃદ્ધત્વ, નિદ્રા, પ્રેમ, ક્રોધ, અભિમાન અને શોક આ બધા ધર્મો દેહાભિમાનને લઈને ઉત્પન્ન થનાર જીવમાં રહે છે; મારાંમાં તો તેનો બિલકુલ અંશ પણ નથી. [૧૦]

હે રાજન્ ! તમે જે જીવવા મરવાની વાત કહી એ બન્ને વાતો તો જેટલાં વિકારી પદાર્થો છે, તે બધામાં નિયમિતરૂપથી જોવા મળે છે; કારણ કે આ બધાં પદાર્થો આદિ અને અંતવાળાં છે. હે યશસ્વી નરેશ ! જ્યાં સ્વામિ-સેવકભાવ સ્થિર હોય, ત્યાં જ આજ્ઞાપાલન વગેરેનું નિયમ પણ લાગુ પડે છે. તમારા અને મારા વચ્ચે આ સંબન્ધ સ્થિર નથી, આમાં પરિવર્તન પણ થઈ શકે છે. [૧૧]

'તમે રાજા છો અને હું પ્રજા છું ' આવા પ્રકારની ભેદ બુદ્ધિ માટે મને વ્યવહારના સિવાય બીજુ કોઈ પણ પ્રયોજન નથી દેખાતું. પરમાર્થ દૃષ્ટિથી જોવામાં આવે તો કોને સ્વામી કહેવા અને કોને સેવક કહેવા ? છતાં પણ હે રાજન્ ! તમને જો સ્વામીપણાનું અભિમાન છે તો બોલો, હું તમારી શું સેવા કરું ? [૧૨]

હે વીરવર ! હું તો મત્ત, ઉન્મત્ત અને જડની સમાન પોતાની મસ્તિમાં રહું છું. મને દંડ આપીને તમને શું મળશે ? જો હું વાસ્તવમાં જડ અને પ્રમાદી જ હોવું, તો પણ મને શિક્ષા આપવી એ તો પીસેલાને ફરી પીસવાની જેમ વ્યર્થ જ થશે. મને દંડ આપીને તમે ચતુર ચાલાક તો નહીં બનાવી શકો. [૧૩]

શ્રીશુકદેવજી કહે છે - હે પરીક્ષિત્ ! મુનિવર જડભરત યથાર્થ તત્ત્વનો ઉપદેશ કરતાં કરતાં આટલો ઉત્તર આપીને મૌન થઈ ગયા. આ જડભરતજીનાં વચનો સાંભળી રહૂગણ રાજાનું દેહાત્મબુદ્ધિના હેતુભૂત અજ્ઞાન નિવૃત્ત થઈ ગયું હતું. તેથી તેઓ પરમ શાંત થઈ ગયા હતા. તેથી આટલું કહીને, ભોગ દ્વારા પ્રારબ્ધનો ક્ષય કરવા માટે તેઓ ફરી પાછા પહેલાંની જેમ જ તે પાલખી લઈને ચાલવા લાગ્યા. [૧૪]

હે પરીક્ષિત્ ! આ બાજુ સિન્ધુસૌવીરનરેશ રહૂગણ પણ પોતાની ઉત્તમ શ્રદ્ધાને કારણે તત્ત્વજિજ્ઞાસાનો પૂર્ણ અધિકારી હતો. જ્યારે તેણે તે દ્વિજશ્રેષ્ઠના આ અનેક યોગ ગ્રન્થોથી સમર્થિત અને હૃદયની ગ્રન્થિનું છેદન કરનાર વાક્ય સાંભળ્યાં,

www.bhujmandir.org

ત્યારે તે તત્કાળ પાલખીમાંથી નીચે ઊતરી ગયો. તેનો રાજમદ સંપૂર્ણ નષ્ટ થઇ ગયો અને તે તેમના ચરણોમાં મસ્તક રાખીને પોતાના અપરાધને ક્ષમા કરવા વિનવતો આ પ્રમાણે કહેવા લાગ્યો. [૧૫]

રહૂગણ રાજા કહે છે- હે દેવ ! તમે દ્વિજનું ચિહ્ન યજ્ઞોપવીત ધારણ કરી રાખ્યું છે, તો બતાવો છુપાવેશમાં તમે કોણ છો ? શું તમો દત્તાત્રેય વગેરે અવધૂતોમાંથી કોઇ એક છો ? તમે કોના પુત્ર છો ? તમારો જન્મ ક્યાં થયો છે અને આહીં કયા કારણથી વિચરણ કરો છો ? જો તમે મારું કલ્યાણ કરવા માટે પધાર્યા છો, તો શું તમો સાક્ષાત્ સત્ત્વમૂર્તિ ભગવાન કપિલજી તો નથી ને ? [૧૬]

મને ઈન્દ્રના વજ્રનો કોઇ ડર નથી અને મહાદેવજીના ત્રિશૂળથી ડરતો નથી, યમરાજના દંડથી પણ ડરતો નથી. અને અગ્નિ, સૂર્ય, ચન્દ્ર, વાયુ અને કુબેરના આયુધોથી પણ કોઇ ભય નથી; પરંતુ બ્રાહ્મણના અપમાનથી હું ઘણો ડરું છું. [૧૭] તેથી કૃપા કરીને બતાવો, આ પ્રમાણે પોતાની વિજ્ઞાન રૂપી શક્તિને છુપાવીને અજ્ઞાનીની જેમ વિચરનારા તમે કોણ છો ? વિષયોથી તો તમે સંપૂર્ણ અનાસક્ત જણાવો છો. તમારી કોઇ ઓળખાળ મળતી નથી. તો હે મહાત્મન્ ! તમારાં યોગયુક્ત વાક્યોનો બુદ્ધિ દ્વારા વિચાર કરવાથી પણ મારો સંશય દૂર થયો નથી. [૧૮] હું તો આત્મજ્ઞાની મુનિઓના પરમગુરુ અને સાક્ષાત્ શ્રીહરિની જ્ઞાનશક્તિના અવતાર યોગેશ્વર ભગવાન કપિલજીને એ પૂછવા માટે જઇ રહ્યો હતો કે આ લોકમાં એક માત્ર શરણ લેવા યોગ્ય કોણ છે. [૧૯] તો શું તમે જ તે કપિલમુનિ છો, કે જેઓ મનુષ્યોની દશા જોવા માટે આ પ્રકારે વિચરણ કરો છો ? ભલા ઘરમાં આસક્ત રહેનાર વિવેકહીન પુરુષ યોગેશ્વરોની ગતિને કેવી રીતે જાણી શકે ? [૨૦]

( આ પ્રમાણે ભરતજીનો પરિચય પૂછીને હવે તેના કથનમાં શંકા કરીને રાજા રહૂગણ કહે છે) કર્મો કરવાથી દેહને શ્રમ પડે છે તેવું મેં યુદ્ધ વગેરે કર્મોમાં જોયું છે. તેથી મારું અનુમાન છે કે તમને પણ વજન ઊંચકવાથી અને રસ્તે ચાલવાથી અવશ્ય શ્રમ પહોંચ્યો હશે. (પરંતુ તમે તો કહ્યું હતું કે હું તો વજન ઊંચકનારો પણ નથી અને ચાલનારો પણ નથી, અને વ્યવહાર સિવાય મને કંઇ જણાતું નથી વગેરે) તો મને તો વ્યવહારમાર્ગ પણ સાચો જ જણાય છે, કારણ કે ફૂટેલા ઘડાથી પાણી લાવવું વગેરે કાર્ય થતું નથી, [૨૧] દેહ વગેરેના ધર્મોનો આત્મા પર કોઇ પ્રભાવ હોતો નથી, એવી વાત પણ નથી. ચૂલા પર મૂકેલી તપેલી જ્યારે અગ્નિથી તપવા લાગે છે ત્યારે તેમાં રહેલું પાણી પણ ઊકળવા લાગે છે; અને પછી તે પાણીથી ચોખાનો અંદરનો ભાગ પણ પાકી જાય છે. એ જ પ્રમાણે દેહ, ઈન્દ્રિય, અને અંતઃકરણના સાન્નિધ્યથી જીવનું સંસરણ થાય છે. જીવ તેનો તથા તેના શ્રમ વગેરેનો પણ અનુભવ કરે છે. [૨૨]

તમે દંડ વગેરેનું વ્યર્થપણું બતાવ્યું, પણ રાજા તો પ્રજાનું શાસન અને પાલન કરવા માટે નિયુક્ત કરાયેલો તે પ્રજાનો સેવક જ છે. પરંતુ રાજા દ્વારા ઉન્મત્ત વગેરે લોકોને દંડ આપવો એ પિષ્ટપેષણ કહેવાય નહીં. કારણ કે પોતાના ધર્મનું આચરણ કરવું એ ભગવાનની સેવા જ છે, તેમ કરનારો માણસ પોતાના સમસ્ત પાપસમૂહને નષ્ટ કરી દે છે. [૨૩]

"હે દીનબંધુ ! રાજવીપણાના અભિમાનથી ઉન્મત્ત થઈને મેં તમારા જેવા પરમસાધુની અવજ્ઞા કરી છે. હવે તમે મૈત્રીની ભાવના કરો અને એવી કૃપાદૃષ્ટિ કરો કે જેનાથી સાધુની અવજ્ઞા કરનાર એવો જે હું તે આ અપરાધમાંથી મુક્ત થાઉં. [૨૪] તમે દેહાભિમાન રહિત અને વિશ્વબંધુ શ્રીહરિના અનન્ય ભક્ત છો; તેથી સૌમાં સમદૃષ્ટિ છે. આપની અંદર માન અપમાનને કારણે કોઇ વિકાર થઇ શક્તો નથી. પરંતુ એક મહાપુરુષનું અપમાન કરવાને કારણે મારા જેવો મનુષ્ય, સાક્ષાત્ ત્રિશૂળપાણિ મહાદેવજી જેવો પ્રભાવશાળી હોવા છતાં પણ, પોતાના અપરાધને લીધે થોડા જ સમયમાં અવશ્ય નષ્ટ થઇ જશે."[૨૫]

ઈતિ શ્રીમદ્ ભાગવતે મહાપુરાણે પંચમ સ્કંધે જડભરત અને રહૂગણરાજાના સંવાદ નામનો દશમો અધ્યાય સંપૂર્ણઃ (૧૦)

## અધ્યાય -ઃ- ૧૧

# ભરતજીએ રાજા રહૂગણને કરલો ઉપદેશ

જડભરતે કહ્યું - હે રાજન્ ! તમે પરમાર્થતત્ત્વને બરાબર નથી જાણતા છતાં પણ મોટા જ્ઞાનિઓની જેમ ઉપર ઉપરથી તર્કવિતર્કની વાતો કરી રહ્યા છો, એનાથી શ્રેષ્ઠ જ્ઞાનિપુરુષોમાં તમારી ગણના ન થઇ શકે. તત્ત્વવિચાર કરતી વખતે વિચારવાન્ પુરુષ તમે પ્રતિપાદન કરેલ સ્વામી-સેવક વગેરેના આ વ્યવહારને સત્યરૂપથી સ્વીકાર નથી કરતા.[૧] હે રાજન્ !

www.bhujmandir.org

કદાચ તમે ઈચ્છો કે લૌકિક વ્યવહારની જેમ જ વૈદિક વિચારથી તત્ત્વનો નિર્ણય થઈ શકે; તો એ પણ સંભવ નથી; કારણ કે વેદવાક્ય પણ વિશેષપણે ગૃહસ્થધર્મમાં કરવામાં આવતા મોટા મોટા યજ્ઞવિધિનો વિસ્તાર કરવામાં વ્યસ્ત છે. રાગદ્વેષાદિ દોષોથી રહિત વિશુદ્ધ તત્ત્વજ્ઞાનની પૂરેપૂરી વાત વેદવાણીમાં પણ કહેવામાં આવી નથી. [૨] ગૃહસ્થને યોગ્ય યજ્ઞ વગેરે કર્મોથી પ્રાપ્ત થતું સ્વર્ગ વગેરેનું સુખ સ્વપ્નની જેમ ત્યાગ કરવા જેવું છે, એવું જે મનુષ્યને નથી મનાતું તે મનુષ્યને તત્ત્વનું જ્ઞાન કરાવામાં સાક્ષાત્ ઉપનિષદ્‌ના વચનો પણ સમર્થ નથી.[૩] જ્યાં સુધી મનુષ્યનું મન સત્ત્વ, રજ અને તમોગુણને વશ રહે છે, ત્યાં સુધી તે નિરંકુશ પણે તેની જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયો, શુભ અને અશુભ કર્મો કરતી રહે છે.[૪] આ મન જ વાસનામય છે; અને વિષયોમાં આસક્તિ વાળું છે અને ગુણોથી પ્રેરિત, રાગ-દ્વેષાદિ વિકારોથી યુક્ત છે અને પાંચભૂતથી બનેલું આ સ્થૂળ શરીર, દશ ઈન્દ્રિયો અને મન આ સોળકળાઓમાં મુખ્ય છે. આ મન જ દેવતા અને મનુષ્યાદિ ઉત્તમ-અધમ જેવા જુદા જુદા શરીરોને ધારણ કરાવવામાં કારણ છે. [૫] આ માયાયુક્ત મન સંસારચક્રમાં છેતરનારું છે. અને પોતાના શરીરના અભિમાની જીવની સાથે મળીને તેને કાળચક્રથી પ્રાપ્ત થતાં સુખ-દુઃખ અને તેનાથી જુદા મોહરૂપી અવશ્યંભાવી (ચોક્કસ પણે થનાર) ફળોની અભિવ્યક્તિ કરે છે. [૬] જ્યાં સુધી આ મન રહે છે, ત્યાં સુધી જાગ્રત અને સ્વપ્નાવસ્થાનો વ્યવહાર સદાય પ્રકાશિત થઈને જીવાત્માને માટે દૃશ્ય બને છે. તેથી પંડિતજનો મનને જ ત્રિગુણમય અધમ સંસારનો અને ગુણાતીત પરમોત્કૃષ્ટ મોક્ષપદનું પણ કારણ બતાવે છે. [૭] વિષયોમાં આસક્ત એવું આ મન જીવને સંસારના સંકટમાં નાખી દે છે; વિષય રહિત થયા પછી એ જ મન તેને શાન્તિમય મોક્ષપદ પ્રાપ્ત કરાવે છે. જેમ ઘીથી ભીંજાયેલ વાટને ખાનારા દીવડામાંથી તો ધૂમાડાવાળી જ્યોત નીકળતી રહે છે અને જ્યારે ઘી સમાપ્ત થઈ જાય છે ત્યારે તે પોતાના કરાણભૂત અગ્નિ તત્ત્વમાં લીન થઈ જાય છે; તેવી રીતે ગુણ અને કર્મોથી આસક્ત થયેલું મન અનેક પ્રકારની વિષય વૃત્તિઓનો આશ્રય લેતું રહે છે અને તેનાથી મુક્ત થઈ ગયા પછી તે પોતાના તત્ત્વમાં લીન થઈ જાય છે. [૮]

હે વીરશ્રેષ્ઠ ! પાંચ કર્મ ઈન્દ્રિયો, પાંચ જ્ઞાન ઈન્દ્રિયો અને એક અહંકાર આ મનની અગિયાર વૃત્તિઓ છે તથા પાંચ પ્રકારના કર્મો, પાંચ તન્માત્રાઓ અને એક શરીર આ અગિયાર તેના આધારભૂત વિષયો કહેલા છે. [૯] ગન્ધ, રૂપ, સ્પર્શ, રસ અને શબ્દ - આ પાંચ જ્ઞાનેન્દ્રિયોનો વિષય છે. મળત્યાગ, સંભોગ, ભાષણ અને લેણ-દેણ કરવું આદિ વ્યાપાર આ પાંચ કર્મેન્દ્રિયોનો વિષય છે. તથા ‘આ શરીર મારું છે’ એવું માનવું એ અહંકારનો વિષય છે. કેટલાક લોકો અહંકારને મનની બારમી વૃત્તિ અને તેના આશ્રયભૂત શરીરને બારમો વિષય માને છે. [૧૦] મનની આ અગિયાર વૃત્તિઓ દ્રવ્ય (વિષય) સ્વભાવ, સંસ્કાર, કર્મ અને કાળ વડે સેંકડો, હજારો અને કરોડો પ્રકારોમાં પરિણામ પામે છે. પરંતુ તેનું અસ્તિત્વ ક્ષેત્રજ્ઞ એવા આત્માની સત્તાને લીધે જ છે. પણ સ્વયં અથવા પરસ્પર મળવાથી રહેતી નથી. [૧૧] એવું હોવા છતાં પણ મનની સાથે ક્ષેત્રજ્ઞનો કોઈ સંબંધ નથી. આ તો જીવની જ માયાદ્વારા નિર્મિત ઉપાધિ છે. તેનું કારણ માયા છે. આ મન ઘણું કરીને સંસાર બંધનમાં નાખનારા અવિશુદ્ધ કર્મો કરવામાં જ પ્રવૃત્ત રહે છે. તેની ઉપર્યુક્ત વૃત્તિઓ પ્રવાહરૂપે નિત્ય જ રહે છે; જાગ્રત અને સ્વપ્ન અવસ્થામાં તે વૃત્તિઓ પ્રગટ થાય છે અને સુષુપ્તિ અવસ્થામાં છૂપાઈ જાય છે. આ બન્ને અવસ્થાઓમાં ક્ષેત્રજ્ઞ (જીવાત્મા) કે જે વિશુદ્ધ ચિન્માત્ર છે તે વૃત્તિઓને સાક્ષીરૂપે જોતો રહે છે. [૧૨] (જીવાત્મા અને પરમાત્માના ભેદથી ક્ષેત્રજ્ઞ બે પ્રકારના છે. અત્યાર સુધી જીવાત્માનું વર્ણન કરવામાં આવ્યું. હવે પછી પરમાત્માનું નિરુપણ કરવામાં આવે છે.) આ ક્ષેત્રજ્ઞ, પરમાત્મા, સર્વવ્યાપક, જગતનું આદિકારણ, પરિપૂર્ણ, પ્રત્યક્ષ, સ્વયંપ્રકાશ, અજન્મા, બ્રહ્માદિક દેવતાઓના પણ નિયંતા અને પોતાને આધીન રહેનારી માયા દ્વારા જીવપ્રાણીમાત્રના અન્તઃકરણમાં રહીને જીવોને પ્રેરિત કરનાર, સમસ્ત ભૂતપ્રાણીઓના આશ્રયરૂપ ભગવાન વાસુદેવ છે.[૧૩] જેવી રીતે વાયુ સંપૂર્ણ સ્થાવર (વૃક્ષાદિ) જંગમ (મનુષ્યાદિ) પ્રાણિઓમાં પ્રાણરૂપમાં પ્રવેશ કરીને તેને પ્રેરિત કરતો રહે છે. તેવી રીતે તે પરમાત્મા શ્રીવાસુદેવ ભગવાન સર્વેના સાક્ષી થઈને આત્મસ્વરૂપે આ સમગ્ર સ્થાવર-જંગમરૂપ સંસારમાં ઓતપ્રોત થઈને રહે છે.[૧૪]

હે રાજન્ ! જ્યાં સુધી મનુષ્ય જ્ઞાનદ્વારા આ સંસારરૂપ માયાનો તિરસ્કાર કરીને સાંસારિક સર્વે પ્રદાર્થમાંથી આસક્તિ છોડીને તથા કામ, ક્રોધ વગેરે છ અન્તઃશત્રુઓને જીતીને આત્મતત્ત્વને જાણી લેતો નથી અને જ્યાં સુધી તે આત્માના ઉપાધિરૂપ મનને સંસારના દુઃખોનું ક્ષેત્ર (કારણ) માની લેતો નથી, ત્યાં સુધી તે મનુષ્ય આ સંસારલોકમાં ‘જન્મ-મરણના ચક્રમાં’ ભટકતો રહે છે. કારણ કે આ મન જીવના શોક, મોહ, રોગ, રાગ, લોભ અને વેર વગેરેના સંસ્કારોની તથા મમતાની વૃદ્ધિ

www.bhujmandir.org

કરતું રહે છે. [૧૫-૧૬] આ મન જ તમારો મહાબળવાન શત્રુ છે. તમારાથી તેની ઉપેક્ષા કરવાથી તેની શક્તિ વિશેષ પણે વધી ગઇ છે. જો કે આ મન પોતે તો સર્વથા મિથ્યા છે. છતાં પણ એણે તમારા આત્માસ્વરૂપને ઢાંકી રાખ્યું છે. તેથી તમો સાવધાન થઈને શ્રીગુરુ અને શ્રીહરિના પાવન ચરણકમળોની ઉપાસના રૂપી અસ્ત્રથી તેને મારી નાખો. [૧૭]

ઈતિ શ્રીમદ્ ભાગવતે મહાપુરાણે પંચમ સ્કંધે રહૂગણ વર્ણન નામનો અગિયારમો અધ્યાય સંપૂર્ણઃ (૧૧)

## અધ્યાય - : - ૧ ૨

## રહૂગણે પૂછેલા પ્રશ્નોનું ભરતજીએ આપેલ સમાધાન.

રાજા રહૂગણ કહે છે - હે ભગવાન ! હું તમને નમસ્કાર કરું છું. ભગવાન જેવી રીતે લોકની રક્ષા માટે શરીર ધારણ કરે છે. તેવી રીતે તમે પણ આ સંસારમાં રહેતા પ્રાણીઓનો ઉદ્ધાર કરવા માટે જ આ શરીર ધારણ કર્યું છે. હે યોગેશ્વર ! પોતાના પરમ આનંદરૂપ આત્મસ્વરૂપનો અનુભવ કરીને તમે આ સ્થૂલ શરીરથી ઉદાસીન થઇ ગયા છો. તથા એક જડ બ્રાહ્મણના વેશથી પોતાના સદાય જ્ઞાનમય સ્વરૂપને સાધારણ મનુષ્યની નજરે અદશ્ય કરી રાખેલું છે. એવા આપને હું વારંવાર નમસ્કાર કરું છું. [૧] હે બ્રહ્મન્ ! જેવી રીતે તાવથી પીડાતા રોગી પુરુષ માટે ગળ્યું ઔષધ, અને તડકાથી તપેલા પુરુષ માટે શીતલ જળ અમૃતની સમાન હોય છે. તેવી રીતે દેહાભિમાનરૂપ ઝેરીલા સર્પે જેની વિવેકબુદ્ધિને ડંસી લીધી છે, તેવા મારા માટે તમારાં વચનો અમૃતની જેમ ઔષધી સમાન છે. [૨] હે દેવ ! હું તમારી પાસેથી મારા સંશયોની નિવૃત્તિ પછી કરાવી લઈશ, પણ પહેલા તો આ સમયે તમે જે અધ્યાત્મયોગમય ઉપદેશ આપ્યો છે તેને જ અતિ સરલ બનાવીને મને સમજાવો. તેને સમજવાની મને ઘણી ઉત્કંઠા છે.[૩] હે યોગેશ્વર ! તમે એમ કહ્યું જે કે- ભાર ઉપાડવાની ક્રિયા તથા તેના લીધે શ્રમરૂપી જે ફળ થાય છે. તે બન્નેય પ્રત્યક્ષ હોવા છતાં પણ કેવળ વ્યવહારમૂલક જ છે. વાસ્તવમાં તે સત્ય નથી. તત્ત્વ વિચારની આગળ તેનું કાંઇ મૂલ્ય નથી. તેથી આ વિષયમાં મારું મન ભ્રમિત થઈ જાય છે. તમારા આ વચનનો મર્મ મને સમજમાં આવતો નથી.[૪]

જડભરતે કહ્યું- હે પૃથ્વીપતિ ! આ દેહ પૃથ્વીનો જ વિકાર છે, પથ્થર વગેરે પદાર્થથી તેનો શો ફરક છે ? જ્યારે આ શરીર કોઇ પણ કારણથી પૃથ્વી ઉપર ચાલવા લાગે ત્યારે તેનું ભારવાહક વગેરે નામ પડી જાય છે. જુઓ ! એનાં બે પગ છે, તેમના ઉપર ક્રમશઃ એડીઓ, પિડીંઓ, ઘૂટણો, જાંઘો, કમર, વક્ષઃસ્થળ, ગરદન, ખભા વગેરે વિવિધ અંગો છે.[૫] ખભા ઉપર લાંકડાની પાલખી રાખી છે; તેમાં પણ સૌવીરરાજ નામનો એક પાર્થિવ વિકાર જ બેઠો છે. જેમાં આત્મબુદ્ધિરૂપ અભિમાન કરવાથી તમે ‘હું સિન્ધુ દેશનો રાજા છું’ આવા પ્રબળ મદથી આંધળા થઇ રહ્યા છો. [૬] પરન્તુ આનાથી તમારી કોઇ પ્રકારની શ્રેષ્ઠતા સિદ્ધ થતી નથી. વાસ્તવમાં તો તમે ઘણા ક્રૂર અને ધૃષ્ટ જ છો. તમે આ બિચારા દીનદુઃખી કહારોને કેદમાં પકડીને પાલખીમાં જોડી દીધા છે; અને પછી મહાપુરુષોની ધર્મસભામાં મોટી મોટી તત્ત્વજ્ઞાનની વાતો કરો છો કે ‘હું લોકોનું રક્ષણ કરનારો છું’. આ તમને શોભતું નથી.[૭-૮] આપણે જોઈએ છીએ કે જેટલાં નામ ભેદવાળા દેખાતાં આ સંપૂર્ણ ચરાચર ભૂતપ્રાણીઓ હંમેશાં પૃથ્વીમાંથી જ ઉત્પન્ન થાય છે અને પૃથ્વીમાં જ લીન થઇ જાય છે; તેથી તેમના ક્રિયાભેદને લીધે અલગ અલગ નામ પડી ગયાં છે. વાસ્તવમાં તેના સિવાય વ્યવહારનું બીજુ શું મૂળ છે ? [૯] આ પ્રમાણે ‘પૃથ્વી’ શબ્દનો વ્યવહાર પણ ખોટો જ છે. વાસ્તવિક નથી; કારણ કે એ પોતાનું ઉપાદાન કારણરૂપ સૂક્ષ્મ પરમાણુઓમાં લીન થઇ જાય છે. અને જેના સંયોગથી પૃથ્વીરૂપ કાર્યની સિદ્ધિ થાય છે, તે પરમાણુઓ અવિદ્યાને લીધે મનથી જ કલ્પાયેલ છે. વાસ્તવમાં તેની પણ સત્તા નથી. [૧૦]

(આ સમગ્ર પ્રપંચ ભગવાનની માયાનો જ ખેલ છે, તેનાથી અલગ તેની કોઈ સત્તા નથી.) આ પ્રમાણે બીજું પણ જે કંઇ સ્થૂળ-શૂક્ષ્મ નાનું-મોટું, કાર્ય-કારણ તથા ચેતન અને અચેતન વગેરે ગુણોથી યુક્ત ભેદવાળું પ્રપંચ દેખાય છે- તેને પણ દ્રવ્ય, સ્વભાવ, આશય, કાળ અને કર્મ વગેરે નામોવાળી ભગવાનની માયાનું જ કાર્ય સમજો. [૧૧] વિશુદ્ધ પરમાર્થરૂપ, અદ્વિતીય તથા અંદર-બહારના ભેદથી રહિત પરિપૂર્ણ જ્ઞાન જ સત્ય વસ્તુ છે. તે સર્વ-અંતર્વર્તી અને સર્વથા નિર્વિકાર છે. તેનું જ નામ ‘ભગવાન’ છે. અને તેને જ પંડિતજનો ‘વાસુદેવ’ નામથી કહે છે. [૧૨]

હે રહૂગણ ! તે જ્ઞાનરૂપ પરમાત્મા મહાપુરુષોના ચરણરજથી પોતાને નવડાવ્યા વિના કેવળ તપ, યજ્ઞ વગેરે વૈદિક

www.bhujmandir.org

કર્મ, અન્નાદિનું દાન, અતિથિઓની સેવા, ગરીબોની સેવા, વગેરે ગૃહસ્થોચિત ધર્માનુષ્ઠાન, વેદોનું અધ્યયન અથવા જળ, અગ્નિ અથવા સૂર્યની ઉપાસના વગેરે કોઈ પણ સાધન કરવાથી તે પરમાત્માનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત થતું નથી. [૧૩] તેનું કારણ એ છે કે, મહાપુરુષોની લોકમાં સદાય પવિત્રકીર્તિ, શ્રીહરિના ગુણોની ચર્ચા થતી રહે છે તેથી વિષયોની વાત તો તેની પાસે આવી પણ શકતી નથી; અને જ્યારે ભગવાનની કથાનું નિત્યપ્રતિ સેવન કરવામાં આવે ત્યારે તે મોક્ષની ઈચ્છાવાળા પુરુષની પવિત્ર બુદ્ધિને ભગવાન શ્રીવાસુદેવમાં લગાડી દે છે.[૧૪]

હું પૂર્વજન્મમાં ભરત નામનો રાજા હતો. ઐહિક (આલોકના) અને પારલૌકિક (પરલોકના) બન્ને પ્રકારના વિષયોથી વિરક્ત થઈને ભગવાનની આરાધનામાં જ રત રહેતો હતો; છતાં પણ એક મૃગમાં આસક્તિ થઈ જવાથી મારે પરમાર્થમાંથી ભ્રષ્ટ થઈને આગલા જન્મમાં મૃગનો અવતાર લેવો પડ્યો હતો. [૧૫] પરન્તુ ભગવાન શ્રીકૃષ્ણની ઉપાસનાના પ્રભાવથી તે મૃગયોનિમાં પણ મારી પૂર્વજન્મની સ્મૃતિ લુપ્ત થઈ ન હતી, એથી જ હું આ જન્મમાં જડભરત નામથી પ્રસિદ્ધ છું અને જનસંસર્ગથી ડરીને હમેશાં અસંગ ભાવથી ગુપ્તરૂપથી જ વિચરતો રહું છું. સારાંશ એ છે કે વિરક્ત મહાપુરુષોના સત્સંગથી પ્રાપ્ત થયેલા જ્ઞાનરૂપ ખડ્ગ દ્વારા મનુષ્યને આ લોકમાં જ પોતાના મોહબંધનને કાપી નાખવું જોઈએ. પછી શ્રીહરિની લીલાઓના કથન અને શ્રવણથી ભગવાનનું સ્મરણ કાયમ રહેવાને કારણે તે સહેલાઈથી જ સંસારમાર્ગને પાર કરીને ભગવાનને પ્રાપ્ત કરી શકે છે. [૧૬]

ઈતિ શ્રીમદ્ ભાગવતે મહાપુરાણે પંચમ સ્કંધે રહૂગણને જડભરત દ્વારા જ્ઞાનોપદેશ વર્ણન નામનો બારમો અધ્યાય સંપૂર્ણઃ (૧૨)

~~~~~~~~~~~~~~~~~~~~

## અધ્યાય - : - ૧૩

## ભવાટવીનું વર્ણન અને રહૂગણના પ્રશ્નોનું સમાધાન.

જડભરતે કહ્યું - હે રાજન્ ! સુખરૂપી ધનમાં આસક્ત એવો જીવ સમુદાય દેશ દેશાન્તરમાં ફરી ફરીને વ્યાપાર કરનાર વ્યાપારી સમૂહ જેવો છે. માયાએ જીવને દુસ્તર પ્રવૃત્તિમાર્ગમાં જોડી દીધો છે; તેથી તેની દષ્ટિ સાત્ત્વિક, રાજસ અને તામસના ભેદથી જુદા જુદા પ્રકારના કર્મો પર થાય છે. તે કર્મોમાં ભટકતો ભટકતો આ જીવસમુદાય સંસાર ભવાટવીમાં જઈ પહોંચે છે. ત્યાં તેને જરા પણ શાન્તિ મળથી નથી. [૧]

હે મહારાજ ! તે જંગલમાં છ લુટારાઓ છે. આ વેપારી સમાજનો નાયક ઘણો દષ્ટ છે. તેના નેતૃત્વમાં જ્યારે આ (વેપારી સમાજ) ત્યાં પહોંચે છે, ત્યારે આ લુટારાઓ બળપૂર્વક આની બધી માલ-મિલકત લૂંટી લે છે. જેવી રીતે વરુઓ ઘેટાંઓના ટોળામાં ઘૂસી જઈને તેમને ખેંચી લઈ જાય છે. તેવી જ રીતે એની સાથે રહેતાં વરુ જ આને અસાવધાન જોઈને આના ધનને અહીં-તહીં ખેંચવા લાગે છે. [૨] તે જંગલ ઘણા બધા વેલા,ઘાસ, અને ઝાડ-ઝાખરાને કારણે ઘણું દુર્ગમ બનેલું છે. તેમાં તીવ્ર ડાંસ અને મચ્છરો આને આરામથી રહેવા દેતા નથી, ત્યાં તેને ક્યારેક તો ગન્ધર્વનગર દેખાવા લાગે છે અને ક્યારેક-ક્યારેક ચમચમતા અતિ ચંચલ આગિયા (પતંગિયા) આંખોની આગળ આવી જાય છે. [૩] આ વણિક સમુદાય આ વનમાં નિવાસસ્થાન, જળ અને ધન વગેરેમાં આસક્ત થઈને આમ-તેમ ભટક્યા કરે છે. ક્યારેક આંધીથી ઉડેલી ધૂળથી જ્યારે બધી દિશાઓ ધુમાડાઓથી ઠંકાઈ જાય છે અને તેની આંખોમાં પણ ધૂળ ભરાઈ જાય છે. ત્યારે તેને દિશાઓનું જ્ઞાન પણ નથી રહેતું. [૪] ક્યારેક આ વ્યાપારી સમુદાયને નહીં દેખાતા તમરાંઓનો કર્ણકટુ (કાનને અપ્રિય) શબ્દ સંભળાય છે, ક્યારેક ઘૂવડો પોતાની બોલીથી આનું ચિત્ત વ્યથિત કરી નાખે છે. ક્યારેક આને ભૂખ પરેશાન કરવા લાગે છે. તો આ નિન્દનીય વૃક્ષોનો જ સહારો શોધવા લાગે છે અને ક્યારેક તરસથી વ્યાકૂળ થઈને મૃગજળ તરફ દોટ મૂકે છે. કયારેક જળ રહિત સૂકી નદીઓની ચકમકમાં ફસાઈને તેની તરફ દોડે છે. [૫] ક્યારેક અન્ન ન મળવાથી પરસ્પર એક બીજાના અન્નના ગ્રાહક બની જાય છે, ક્યારેક દાવાનળમાં પ્રવેશીને અગ્નિમાં અટવાઈ જાય છે. અને ક્યારેક યક્ષલોકો આના પ્રાણ ખેંચવા લાગે છે ત્યારે તે દુઃખી થઈ જાય છે. [૬] ક્યારેક પોતાથી વધારે બળવાન લોકો તેનું ધન લૂંટવા લાગે છે તો તે દુઃખી થઈને શોક અને મોહમાં બેભાન થઈ જાય છે. અને ક્યારેક ગંધર્વનગરમાં પહોંચીને થોડી ક્ષણ માટે બધું દુઃખ ભૂલીને આનંદનો અનુભવ
~~~~~~~~~~~~~~~~~~~~

www.bhujmandir.org

કરે છે. [૭] આ (વ્યાપારી સમુદાય) ક્યારેક પર્વતોપર ચડવા ઈચ્છે છે. તો કાંટા અને કાંકરાઓને લીધે પગ ચારણી થઈ જવાથી ઉદાસ થઈ જાય છે. પરિવાર ઘણો વધી જાય છે અને ઉદરપૂર્તિ (આજીવિકા)નું સાધન નથી હોતું તો ભૂખની અગ્નિમાં સંતપ્ત થઈને પોતાના જ સગાસંબન્ધીઓ પર ખિજાવા લાગે છે. [૮] ક્યારેક અજગર તથા સર્પનો કોળિયો બનીને વનમાં ફેંકીદેવાયેલ મડદાની જેમ પડ્યો રહે છે. તે સમયે તેને કાંઈ સૂધ બુધ નથી રહેતી. ક્યારેક બીજા ઝેરી જંતુઓ તેને ડંખવા લાગે છે તો તેના ઝેરના પ્રભાવથી આંધળો થઈને કોઈ ઊંડા કૂવામાં પડી જાય છે અને ઘોર દુઃખમય અંધકારમાં બેહોશ થઈને પડ્યો રહે છે. [૯] ક્યારેક મધ શોધવા લાગે છે તો મધમાંખીઓ આના નાકમાં કરડવા લાગે છે. અને આનું બધું અભિમાન નષ્ટ થઈ જાય છે. અનેક મુશ્કેલીઓનો સામનો કર્યા પછી કદાચ કોઈ પણ પ્રકારે તેને મધ મળી પણ જાય છે તો બીજા લોકો તેની પાસેથી છીનવી લે છે. [૧૦] ક્યારેક ટાઢ, તડકો, તૂફાન અને વરસાદથી પોતાની રક્ષા કરવામાં અસમર્થ થઈ જાય છે. ક્યારેક પરસ્પર થોડો વ્યાપાર કરે છે તો ધનના લોભથી બીજાને દગો દઈને તેમની સાથે વેર બાંધી લે છે. [૧૧] ક્યારેક ક્યારેક તે સંસારવનમાં આનું ધન નષ્ટ થઈ જાય છે તો આની પાસે શય્યા, આસન, રહેવા માટે સ્થળ અને હરવા ફરવા માટે સવારી વગેરે પણ રહેતું નથી. ત્યારે બીજાઓ પાસેથી માંગે છે; માંગવાથી પણ જ્યારે ઈચ્છિત વસ્તુ મળતી નથી ત્યારે તેને ઘણો તિરસ્કાર સહન કરવો પડે છે. [૧૨]

આ પ્રમાણે વ્યવહારિક સંબંધને કારણે એક બીજા સાથે દ્વેષભાવ વધી જાવાથી પણ તે વ્યાપારી સમૂહ પરસ્પર વિવાહ જેવા સંબંધો જોડે છે અને પછી આ માર્ગમાં દુઃખો અને ધનસંપત્તિનો નાશ આદિ દુઃખોને ભોગવતો ભોગવતો મરેલાની જેમ થઈ જાય છે. [૧૩] અને સાથિઓમાંથી જે જે મરતા જાય છે, તેને ત્યાંને ત્યાં છોડીને નવા જન્મેલાઓને સાથે લઈને તે વણઝારાઓના સમૂહની જેમ આગળ વધતો રહે છે. હે વીરવર ! તેમાંથી કોઈ પણ પ્રાણી નથી પાછો આવ્યો કે નથી કોઈ આ સંકટપૂર્ણ માર્ગને પાર કરીને પરમાનંદમય યોગનું શરણ લીધું. [૧૪] (વાસ્તવમાં આ યોગમાર્ગ જ આત્યંતિક દુઃખનિવૃત્તિનું સાધન છે, તેથી વિચારશીલ પુરુષ પણ સર્વ જગ્યાએથી નિવૃત્તિ લઈને આ માર્ગનો આશ્રય લે છે.) જેમણે મોટા મોટા દિગ્પાળો પર વિજય મેળવ્યો છે, એવા ધીર વીર પુરુષો પણ 'આ પૃથ્વી મારી છે' એવું અભિમાન કરીને પરસ્પર વેર બાંધીને સંગ્રામભૂમિમાં લડી મરે છે. તો પણ તેમણે ભગવાન વિષ્ણુનું આ અવિનાશી પરમપદ મળતું નથી. કે જે 'પરમપદ' વેરભાવથી રહિત પરમહંસોને જ પ્રાપ્ત થાય છે. [૧૫]

આ સંસારવનમાં ભટકનાર આ વણઝારાનો સમૂહ ક્યારેક કોઈ વેલાની ડાળિયોમાં આશ્રય લે છે. અને તેમાં રહેનાર મધુરભાષી પક્ષીઓના મોહમાં ફસાઈ જાય છે. ક્યારેક સિંહના ઝુંડથી ભયભીત થઈને બગલા, કંક અને ગીધની સાથે પ્રીતિ કરે છે. [૧૬] જ્યારે તેનાથી છેતરપીંડીનો ભોગ બને છે. ત્યારે હંસોની (સંત-મહાત્માની)પંક્તિમાં પ્રવેશ કરવા ઈચ્છે છે; પરંતુ તેને તેમનો આચાર રુચતો નથી, તેથી વાનરોમાં ભળી જઈને તેમના જાતિસ્વભાવને અનુસારે ગૃહસ્થ સુખમાં રત રહીને વિષયભોગથી ઈન્દ્રિયોને તૃપ્ત કરતો રહે છે. અને એક બીજાનું મુખ જોઈને પોતાની આયુષના અવધિકાળને ભૂલી જાય છે. [૧૭] ત્યાં વૃક્ષોમાં ક્રીડા કરતો રહીને પુત્ર અને સ્ત્રીના સ્નેહ બંધનમાં બંધાઈ જાય છે. તેમાં મૈથુનની કામ વાસના એટલી વધી જાય છે કે જાત જાતના દૂર્વ્યવહારોથી દીન (દયામણો) થવા છતાં પણ આ વિવશ બનીને પોતાના બંધનોને તોડવાનું સાહસ નથી કરી શકતો. ક્યારેક અસાવધાનીથી પર્વતની ગુફામાં પડી જતો હોય છે તો તેમાં રહેતા હાથીથી ડરીને કોઈ વેલીને સહારે લટકતો રહે છે. [૧૮] હે શત્રુદમન ! જો કોઈ રીતે તેને તે આપત્તિથી છૂટકારો મળી પણ જાય તો તે ફરી પોતાના કુંડાળામાં મળી જાય છે. જો મનુષ્ય માયાની પ્રેરણાથી એકવાર આ માર્ગમાં પહોંચી જાય છે તેને ભટકતાં ભટકતાં જીવનપર્યંત પોતાના પરમ પુરુષાર્થને ઓળખી શકતો નથી. [૧૯]

હે રહૂગણ ! તમે પણ એજ માર્ગમાં ભટકી રહ્યા છો. તેથી હવે પ્રજાને દંડવાનું કાર્ય છોડીને સમગ્ર પ્રાણિઓના પ્રિય બની જાઓ. અને વિષયોમાં અનાસક્ત થઈને ભગવાનની સેવાથી ધારદાર બનાવેલ જ્ઞાનરૂપી ખડ્‌ગ લઈને આ માર્ગને પાર કરી લ્યો. [૨૦]

રાજા રહૂગણે કહ્યુ ! અહો ! ચોરાશીલાખ યોનિઓમાં આ મનુષ્ય જન્મ જ સૌથી ઉત્તમ છે. બીજા લોકમાં પ્રાપ્ત થનાર દેવ વગેરે ઉત્તમ જન્મોથી પણ શું લાભ છે ? જ્યાં ભગવાન ઋષીકેશના પવિત્ર યશથી શુદ્ધ અન્તઃકરણવાળા તમારા જેવા મહાત્માઓનો વારંવાર સમાગમ મળતો નથી. [૨૧] તમારા ચરણકમળની રજનું સેવન કરવાથી જેનાં બધાં પાપ, તાપ નષ્ટ

www.bhujmandir.org

થઈ ગયાં છે, તે મહાનુભવોને ભગવાનની વિશુદ્ધ ભક્તિ પ્રાપ્ત થવી કોઈ વિચિત્ર (આશ્ચર્ય) વાત નથી. મારું તો તમારા બે ઘડી સત્સંગથી જ બધા કુતર્કમૂલક અજ્ઞાન નષ્ટ થઈ ગયું છે. [૨૨] તત્ત્વજ્ઞાનીઓની ઓળખ તેના બાહ્ય આચરણ વેશભૂષાથી નથી હોતી; તેથી તે કોઈ પણ વેષમાં કે ઉંમરમાં હોય હું તેમને નમસ્કાર કરું છું; તેમાં જો તે વયોવૃદ્ધ હોય તેને નમસ્કાર છે; જે બાળક છે તેમને નમસ્કાર છે; જે યુવાન છે તેમને નમસ્કાર છે; અને જે ક્રીડામાં રત (રમતાં) બાળકો છે; તેમને પણ નમસ્કાર છે; જે બ્રહ્મજ્ઞાની બ્રાહ્મણ અવધૂતવેશમાં પૃથ્વી પર વિચરણ કરે છે તેમનાથી અમારા જેવા ઐશ્વર્યથી ઉન્મત્ત થયેલા રાજાઓનું કલ્યાણ થાઓ.[૨૩]

શ્રીશુકદેવજી કહે છે - હે ઉત્તરાનંદન ! આ પ્રમાણે તે પરમ પ્રભાવશાળી બ્રહ્મર્ષિપુત્રે પોતાનું અપમાન કરનાર સિન્ધુનરેશ રહૂગણને પણ અત્યન્ત કરુણાવશ આત્મતત્ત્વનો ઉપદેશ આપ્યો. ત્યારે રાજા રહૂગણે નમ્ર ભાવથી પરિપૂર્ણ સમુદ્રની જેમ શાન્તચિત્ત અને સંયમીત ઈન્દ્રિઓવાળા થઈને પૃથ્વી પર વિચરવા લાગ્યા. [૨૪] તેમના સત્સંગથી પરમાત્મા તત્ત્વનું જ્ઞાન મેળવીને સૌવીરપતિ રહૂગણે પણ અન્તઃકરણમાં અવિદ્યાવશ આરોપિત દેહાત્મબુદ્ધિનો ત્યાગ કર્યો. હે રાજન્ ! જે લોકો ભગવાનના આશ્રિત એવા અનન્ય ભક્તોનું શરણ લઈ લે છે. તેનો આવો જ પ્રભાવ હોય છે. તેમની પાસે અવિદ્યા રહી શકતી નથી. [૨૫]

રાજા પરીક્ષિતે કહ્યું - હે મહાભાગવત મુનિશ્રેષ્ઠ ! તમે પરમ વિદ્વાન છો. તમે રૂપક વગેરે વડે અપ્રત્યક્ષરૂપથી જીવોનું જે સંસારરૂપ માર્ગનું વર્ણન કર્યું છે, તે વિષયની કલ્પના વિવેકી પુરુષોની બુદ્ધિએ કરેલી છે; તે અલ્પબુદ્ધિવાળા પુરુષોને સરલતાથી સમજમાં નથી આવતી. તેથી મારી તમને પ્રાર્થના છે; કે આ દુર્બોધ વિષયના રૂપકને સ્પષ્ટિકરણ કરનાર શબ્દોથી સમજાવો.[૨૬]

ઈતિ શ્રીમદ્ ભાગવતે મહાપુરાણે પંચમ સ્કંધે ભવાટવી રૂપક કથન વર્ણન નામનો તેરમો અધ્યાય સંપૂર્ણઃ (૧૩)

## અધ્યાય -:- ૧૪

# ભવાટવીનું સ્પષ્ટીકરણ

શ્રીશુકદેવજી કહે છે- હે રાજન્ ! દેહાભિમાની જીવો દ્વારા સત્ત્વ વગેરે ગુણોના ભેદથી શુભ, અશુભ અને મિશ્ર એ ત્રણ પ્રકારનાં કર્મ થતાં રહે છે. તે કર્મો દ્વારા જ નિર્માયેલ જુદા જુદા પ્રકારનાં શરીરોની સાથે થતો જે સંયોગ-વિયોગ વગેરે રૂપ અનાદિ સંસાર જીવોને પ્રાપ્ત થાય છે, તેના અનુભવનાં છ દ્વાર છે. - મન અને પાંચ જ્ઞાનેન્દ્રિયો, તેનાથી વિવશ થઈને આ જીવસમૂહ માર્ગ ભૂલીને ભયંકર વનમાં ભટકતો રહીને ધનના લોભી વણઝારાની જેમ પરમ સમર્થ ભગવાન વિષ્ણુને આશરે રહેનારી માયાની પ્રેરણાથી ભયાનક જંગલની જેમ દૂર્ગમ માર્ગમાં પડીને સંસારવનમાં જઈ પહોંચે છે. આ વન સ્મશાનની સમાન અત્યંત અશુભ છે. આમ ભટકતા જીવે પોતાના શરીરથી કરેલ કર્મોનું ફળ ભોગવવું પડે છે. અહીં અનેક વિઘ્નોને કારણે તેને પોતાના વ્યાપારમાં સફળતા પણ મળતી નથી; છતાં પણ તેના પરિશ્રમને શાન્ત કરનાર શ્રીહરિ અને ગુરુદેવના ચરણારવિંદના મકરંદના મધના રસિક ભક્તોરૂપી ભ્રમરાઓના માર્ગને અનુસરતો નથી. આ સંસરાવનમાં મન સહિત છ ઈન્દ્રિઓ જ પોતાના કર્મોની દૃષ્ટિએ ડાકુઓની સમાન છે. [૧] પુરુષ ઘણું કષ્ટ સહન કરીને જે ધન કમાય છે, તેનો ઉપયોગ ધર્મમાં હોવો જોઈએ; તે જ ધર્મ જો સાક્ષાત્ ભગવાન પરમપુરુષની આરાધનાના રૂપમાં થઈ જાય છે તો પરલોકમાં નિશ્રેયસનો હેતુ થાય છે, એમ બતાવવામાં આવ્યું છે. પરન્તુ જે મનુષ્યનો બુદ્ધિરૂપી સારથિ વિવેકહીન હોય છે અને મન વશમાં હોતું નથી. તેમના તે ધર્મોપયોગી ધનને આ મન સહિત છ ઈન્દ્રિયો, જોવું, સ્પર્શ કરવો, સાંભળવું, સ્વાદ લેવો, સુંઘવું, સંકલ્પ-વિકલ્પ કરવો અને નિશ્ચય કરવો. આ પ્રવૃત્તિઓ દ્વારા ગૃહસ્થોચિત વિષયભોગોમાં ફસાવીને એવી રીતે લૂંટી લે છે કે જેમ બેઈમાન સરદારનું અનુગમન કરનારા, અસાવધાન વણઝારાના સમૂહનું ધન ચોર-ડાકૂ લૂટીને લઈ જાય છે. [૨] એટલું જ નહીં તે સંસાર વનમાં રહેનાર તેના કુટુંબીજનો કે જેઓ નામથી તો સ્ત્રી, પુત્ર વગેરે કહેવાતાં હોય છે, પરન્તુ જેમનું કર્મ સાક્ષાત્ વરુઓ અને ગીધો જેવું હોય છે તે ધનલોભી કુટુંબના ધનને તેની ઈચ્છા ન હોવા છતાં પણ તેના જોતાં જ એવી રીતે લૂંટીને લઈ

www.bhujmandir.org

જાય છે, જેમ વરુઓ ભરવાડોથી સુરક્ષિત ઘેટાંઓને લઇ જાય છે. [૩]

જેમ ખેતરોમાં કોઇ બીજ અગ્નિ દ્વારા બાળી નાખવામાં આવ્યું ન હોય તો દરવર્ષે ખેડી નાખવા છતાં પણ વાવણીનો સમય આવતાં તે ખેતર ફરી પાછું ઝાડ-ઝાખરાં, વેલા અને ઘાસ વગેરેથી ગીચ થઇ જાય છે, તેવી રીતે આ ગૃહસ્થાશ્રમ પણ કર્મ ભૂમિ છે. તેમાં પણ જો કર્મોનો સંપૂર્ણ ઉચ્છેદ ક્યારેય પણ નથી થતો, કારણ કે આ સંસાર કામનાઓનો પટારો છે. [૪] ગૃહસ્થાશ્રમમાં આસક્ત થયેલ વ્યક્તિના ધનરૂપ બાહ્ય પ્રાણોને ડાંસ અને મચ્છરો જેવા નીચ પુરુષોથી તથા શલભ, (તીડ) શકુન પક્ષી, ચોર, ઊંદર વગેરેથી હાનિ પહોંચતી રહે છે. ક્યારેક આ માર્ગમાં ભટકતા-ભટકતા આ અવિદ્યા, કામના, અને કર્મોથી કલુષિત થયેલ પોતાના ચિત્તથી દૃષ્ટિદોષના કારણે આ મૃત્યુલોકને જે ગંધર્વનગરની સમાન અસત્ય છે, તેને સત્ય સમજવા લાગે છે. [૫] પછી ખાન-પાન અને સ્ત્રી સમાગમ વગેરે વ્યસનોમાં ફસાઇને મૃગજળની જેમ ખોટા વિષયો તરફ દોડવા લાગે છે. [૬] ક્યારેક બુદ્ધિના રજોગુણથી પ્રભાવિત હોવાથી બધા અનર્થોનું મૂળ અગ્નિના મળરૂપ સુવર્ણને જ સુખનું સાધન માનીને તેને મેળવવા માટે આતુર થઇને એવી રીતે દોડધામ કરવા લાગે છે; જેમ વનમાં ઠંડીથી ધ્રૂજતો પુરુષ અગ્નિ માટે વ્યાકૂળ થઇને આગિયા (દીવા જેવું પ્રકાશ કરતું વિશેષ પ્રકારનું પતંગિયું) ને અગ્નિ માનીને તેના તરફ દોડે છે. [૭] ક્યારેક આ પંચભૂતના શરીરને જીવિત રાખનાર ઘર, અન્ન, જળ અને ધન વગેરેમાં અભિનિવેશ કરીને આ સંસારવનમાં આમ-તેમ દોડધામ કરતો રહે છે. [૮] ક્યારેક આંધીની જેમ આખમાં ધૂળ નાખનારી પત્નીને ખોળામાં બેસાડી લે છે, તો તરતજ પ્રેમમાં આંધળો થઇને સત્પુરુષોની મર્યાદાનો વિચાર કરતો નથી. તે સમયે આંખોમાં રજોગુણ રૂપી ધૂળ ભરાઇ જવાથી બુદ્ધિ એવી મલીન થઇ જાય છે કે પોતાના કર્મના સાક્ષી દશે દિશાઓના દેવતાઓને પણ ભૂલાવી દે છે. [૯] ક્યારેક પોતાની જાતે જ એકાદવાર વિષયોનું મિથ્યાપણું જાણી લેવા છતાં પણ અનાદિકાળથી શરીરમાં આત્મબુદ્ધિ ભાવ રહેવાથી વિવેકબુદ્ધિ નષ્ટ થઇ જવાને કારણે તે રણમાં દેખાતા મૃગજળ જેવા વિષયો તરફ જ ફરી દોડવા લાગે છે. [૧૦] ક્યારેક પ્રત્યક્ષ બોલનાર ઘુવડની જેમ શત્રુઓની અને પરોક્ષપણે બોલનાર તમરાંઓ જેવા રાજાની અતિ કઠોર અને દિલને દુઃખ પહોંચાડનારી ભયાવહ ધાક-ધમકીથી તેના કાન અને મનને ઘણું દુઃખ પહોંચે છે. [૧૧] પૂર્વજન્મનાં પુણ્ય નષ્ટ થઇ જવાથી જીવતો હોવા છતાં પણ મડદા જેવો થઇ જાય છે; અને જે કારસ્કર અને કાકતુંડ વગેરે એવા જ પ્રકારની દૂષિત લતાઓ ઝેરીલા કૂવાઓની સમાન છે. તથા જેનું ધન આ લોક અને પરલોક એમ બન્ને લોકમાં કામ નથી આવતું અને જે જીવતો જ મરેલાની સમાન છે, તેવા કૃપણ પુરુષોનો આશ્રય લે છે. [૧૨] ક્યારેક દુષ્ટપુરુષોના સંગથી બુદ્ધિ નષ્ટ થઇ જવાને કારણે સૂકી નદીમાં પડીને દુઃખીની જેમ આ લોક અને પરલોકમાં દુઃખ આપનાર પાખંડમાં ફસાઇ જાય છે. [૧૩] જ્યારે બીજાઓને દુઃખ પહોંચાડવાથી તેને અન્ન પણ મળતું નથી, ત્યારે પોતાના સગા પિતા-પુત્રોને અથવા જેમની પાસે પિતા, પુત્ર વગેરેનું એક કણ પણ દેખે છે તેને ફાડી ખાવા તૈયાર થઇ જાય છે. [૧૪] ક્યારેક દાવાનળ અગ્નિની જેમ પ્રિય વિષયોથી રહિત અને પરિણામે દુઃખમય લાગતા ઘરમાં પહોંચે છે તો ત્યાં પોતાના પ્રિયજનના વિયોગ વગેરેથી તેના શોકની આગ ભભૂકી ઊઠે છે; તેનાથી દુઃખી થઇને ઘણો જ ખિન્ન થવા લાગે છે. [૧૫] ક્યારેક કાળની સમાન ભયંકર રાજકુળરૂપ રાક્ષસ તેના પરમપ્રિય ધનરૂપ પ્રાણને હરી લે છે. તો પોતે મરેલાની જેમ નિર્જીવ થઇ જાય છે. [૧૬] ક્યારેક મનથી કલ્પિત પદાર્થોની જેમ અત્યંત અસત્‌ પિતા-પિતામહ વગેરે સંબંધોને સત્ય માનીને તેના સહવાસથી સ્વપ્નની જેમ ક્ષણિક સુખનો અનુભવ કરે છે. [૧૭]

ગૃહસ્થાશ્રમ માટે જે કર્મવિધિનો ઘણો વિસ્તાર કરવામાં આવ્યો છે તેનું અનુષ્ઠાન કોઇ મોટા પર્વત ઉપર ચડવાની સમાન કઠિન છે. તેની તરફ પ્રવૃત્ત થયેલા લોકોને જોઇને તેની દેખાદેખી કરીને તે પણ જ્યારે તેને પૂરા કરવાનો પ્રયાસ કરે છે ત્યારે અનેક પ્રકારની મુશ્કેલીઓથી દુઃખી થઇને કાંટાં અને કાંકરાઓથી ભરાયેલી ભૂમિનાં ક્ષેત્રમાં પહોંચેલી વ્યક્તિની જેમ દુઃખી થઇ જાય છે. [૧૮] ક્યારેક પેટની અસહ્ય ભૂખની આગથી અધીરો થઇને પોતાનાં કુટુંબીજનો ઉપર જ ગુસ્સે થાય છે. [૧૯] પછી જ્યારે નિદ્રારૂપ અજગરના પંજામાં ફસાઇ જાય છે, ત્યારે અજ્ઞાનરૂપી ઘોર અંધકારમાં ડૂબીને વેરાન જંગલમાં ફેંકાયેલ મડદાની જેમ પડ્યો રહે છે. તે સમયે તેને કોઇ પ્રકારનું ભાન રહેતું નથી. [૨૦] ક્યારેક દૂર્જનોરૂપી દંશ દેનારા જીવો એટલા કરડે છે, તિરસ્કાર કરે છે કે તેનાં ગર્વરૂપ દાંત, જેનાથી તે પોતે બીજાને કરડતો હતો તે તૂટી જાય છે. ત્યારે તેને અશાંતિને

www.bhujmandir.org

કારણે ઊંઘ પણ આવતી નથી. તથા મર્મવેદનાને કારણે ઘડીએ ઘડીએ વિવેકશક્તિ નષ્ટ થતી રહેવાથી અંતમાં આંધળાની જેમ તે નરકરૂપ અંધારા કૂવામાં પડી જાય છે. ૨૧ ક્યારેક વિષયસુખરૂપ મધના કણોને શોધતાં શોધતાં જ્યારે તે ચોરી છૂપીથી પરસ્ત્રી અથવા પરધન ઉપાડવા ઈચ્છે છે, ત્યારે તેના સ્વામી અથવા રાજાદ્વારા માર્યો જઈને એવા ભયંકર નરકમાં પડે છે જેનો કોઈ પતો નથી. ૨૨

એટલાજ માટે એવું કહેવામાં આવે છે કે પ્રવૃત્તિ માર્ગમાં રહીને કરવામાં આવેલ લૌકિક અને વૈદિક બન્ને પ્રકારનાં કર્મ જીવને સંસારની જ પ્રાપ્તિ કરાવનાર છે. ૨૩ જો કોઈ પ્રકારે રાજા વગેરેના બંધનમાંથી છૂટી પણ ગયો તો અન્યાયથી અપહરણ કરેલ તે સ્ત્રી અને ધન તે દેવદત્ત નામની કોઈ બીજી વ્યક્તિ પડાવી લે છે, અને તેનાથી વિષ્ણુમિત્ર નામની કોઈ ત્રીજી વ્યક્તિ લૂંટી લે છે. આ પ્રમાણે તે ભોગો એક પુરુષથી બીજા પુરુષ પાસે જતાં રહે છે. એક જ વ્યક્તિ પાસે ટકતાં નથી. ૨૪ ક્યારેક ક્યારેક ઠંડી અને પવન વગેરે અનેક આધિદૈવિક, આધિભૌતિક અને આધ્યાત્મિક દુઃખની પરિસ્થિતિને દૂર કરવામાં અસમર્થ હોવાથી તે અપાર ચિંતાઓને કારણે ઉદાસ થઈ જાય છે. ૨૫ ક્યારેક પરસ્પર આપ-લેનો વ્યવહાર કરતી વખતે બીજાનું પૈસાભાર અથવા તેનાથી પણ થોડું ધન ચોરી લે છે, તો આ બેઈમાનીને કારણે તેનાથી વેર બાંધી લે છે ૨૬ હે રાજન્ ! આ માર્ગમાં અગાઉ કહ્યાં તે પ્રમાણે વિઘ્નો ઉપરાંત સુખ-દુઃખ, રાગ-દ્વેષ, ભય, અભિમાન, પ્રમાદ, ઉન્માદ, શોક, મોહ, લોભ, માત્સર્ય, ઈર્ષ્યા, અપમાન, ક્ષુધા-પિપાસા, આધિ-વ્યાધિ, જન્મ-જરા અને મૃત્યુ વગેરે બીજાં પણ અનેક વિઘ્નો છે. ૨૭ આ વિઘ્ન ભરેલા માર્ગમાં આ પ્રમાણે ભટકતો રહેતો આ જીવ કોઈક સમયે દેવમાયારૂપી સ્ત્રીના બાહુપાશમાં આવી જઈને વિવેક રહિત થઈ જાય છે. ત્યારે તેના માટે વિહારભવન વગેરે બનાવવાની ચિંતામાં મગ્ન રહે છે, તથા તેને આશરે રહેનાર પુત્ર, પુત્રી અને અન્ય સ્ત્રીઓની મીઠી મીઠી વાણી, નેત્ર કટાક્ષ અને ચેષ્ટાઓમાં આસક્ત થઈને તેમનાંમાં જ ચિત્ત ફસાઈ જવાથી તે ઈંદ્રિઓનો દાસ થઈ જાય છે અને અપાર અંધકારમય નરકોમાં પડે છે. ૨૮

કાળચક્ર સાક્ષાત્ ભગવાનનું આયુધ છે તે પરમાણુથી લઈને દ્વિપરાર્ધ સુધીના પળ, ઘડી આદિ અવયવોથી યુક્ત છે. તે નિરંતર સાવધાન રહીને ફર્યા કરે છે, જલ્દી જલ્દી બદલાતી બાલ્યાવસ્થા, યુવાવસ્થા, વૃદ્ધાવસ્થા વગેરે જીવનની અવસ્થાઓ જ તેનો વેગ છે. ભગવાન વિષ્ણુ પોતાના કાળચક્ર આયુદ્ધ દ્વારા તે બ્રહ્માથી લઈને નાનામાં નાનાં તણખલા સુધીના બધા પ્રાણીઓનો નિરંતર સંહાર કરતા રહે છે. તેની ગતિમાં કોઈ પણ અડચણ ઊભી કરી શકતું નથી. તેનો ભય રાખવા છતાં પણ જે આ પોતાનું આયુધ છે, તે સાક્ષાત્ કાલચક્ર ભગવાન યજ્ઞપુરુષની આરાધના છોડીને મંદબુદ્ધિ મનુષ્ય પાખંડીઓના સંગમાં આવી જઈને કંક, ગીધ, બગ અને બટેર જેવાં, આર્યશાસ્ત્ર બહિષ્કૃત કરેલા દેવતાઓનો આશ્રય લે છે, કે જેમનો કેવળ વેદ-બહારના અપ્રમાણિક આગમશાસ્ત્રોએ જ ઉલ્લેખ કર્યો છે. ૨૯ આ પાખંડીઓ તો પોતેજ છેતરાયેલા છે; તો તે પાખંડીનો આશ્રય લેનાર જીવાત્મા તેનાથી છેતરાઈને દુઃખી થાય છે, ત્યારે બ્રાહ્મણોને શરણે જાય છે, પરંતુ ઉપનયન સંસ્કાર થયા પછીનાં શ્રુતિ અને સ્મૃતિએ કહેલા કર્મોથી ભગવાન યજ્ઞપુરુષની આરાધના કરવી વગેરે જે તેમને માટે શાસ્ત્રોક્ત બ્રાહ્મણોના આચરણ છે તે તેને સારાં નથી લાગતાં; તેથી વેદોમાં બતાવેલ આચાર પ્રમાણે પોતામાં શુદ્ધિ ન હોવાને કારણે તે શૂન્ય શૂદ્રકૂળમાં પ્રવેશ કરે છે, જેનો સ્વભાવ વાંનરોની જેમ કેવળ પોતાના કુટુંબનું પોષણ કરવું અને સ્ત્રીનું સેવન કરવું એ જ છે. ૩૦ તે શૂદ્રકુળમાં કોઈની રોક-ટોક ન હોવાથી સ્વચ્છંદ વિહાર કરવાથી તેની બુદ્ધિ અત્યંત દયાજનક થઈ જાય છે, અને એકબીજાનું મુખ જોવું વગેરે વિષયભોગમાં ફસાઈને તેને પોતાનું મૃત્યુ સમયનું પણ સ્મરણ રહેતું નથી. ૩૧ ઝાડની જેમ સાંસારિક સુખ જ જેનું ફળ છે તેઓના ઘરોમાં સુખ માનીને વાનરોની જેમ સ્ત્રી, પુત્ર વગેરેમાં આસક્ત થઈને તે પોતાની સારીએ જીંદગી મૈથુન વગેરે ક્ષણિક વિષય ભોગમાં વેડફી નાખે છે.૩૨ આ પ્રમાણે પ્રવૃત્તિ માર્ગમાં ચાલી સુખ દુઃખને ભોગવતો આ જીવાત્મા રોગરૂપી પર્વતની ગુફામાં ફસાઈને તેમાં રહેનાર મૃત્યરૂપ હાથીથી ડરતો રહે છે.૩૩

ક્યારેક ઠંડી, તોફાની પવન વગેરે અનેક પ્રકારના આધિદૈવિક, આધિ-ભૌતિક અને આધ્યાત્મિક દુઃખોથી છૂટકારો લેવામાં અસફળ થઈ જાય છે, તે સમયે અનેક વિષયોની ચિંતાથી તે અકડાઈ જાય છે. ૩૫ ક્યારેક પરસ્પર લે વેચ વગેરે વ્યાપાર કરવામાં વધારે કંજૂસી કરવાથી તેને થોડું ધન મળે છે. ૩૬ ક્યારેક ધન નષ્ટ થઈ જાય છે ત્યારે તેની પાસે સૂવું બેસવું

www.bhujmandir.org

અને ખાવા વગેરેની પણ કોઈ સામગ્રી રહેતી નથી. ત્યારે પોતાના પ્રિય વિષયભોગ ન મળવાથી તે ચોરી વગેરે અનીતિના માર્ગથી મેળવવા પ્રયત્ન કરે છે, તેનાથી તેને ગમે ત્યારે બીજાઓના હાથેથી અપમાનિત થવું પડે છે.[૩૭] આ પ્રમાણે ધનની આસક્તિથી પરસ્પર વેરભાવ વધી જવાથી પણ તે પોતાની પૂર્વવાસનાથી લાચાર થઈને પરસ્પર વિવાહ વગેરે સંબંધો બાંધે છે અને છોડતો રહે છે.[૩૮]

આ સંસાર માર્ગમાં ચાલનાર આ જીવ અનેક પ્રકારનાં દુઃખ અને વિઘ્નો અડચણોથી ઘેરાઈ જવાથી માર્ગમાં જેનાં ઉપર જ્યાં સંકટો આવે છે અથવા જે કોઈ મરી જાય છે તેને ત્યાંને ત્યાં છોડી દે છે. તથા નવા જન્મેલાનો સાથ લે છે. ક્યારેક કોઈના માટે શોક કરે છે, તો ક્યારેક કોઈકનું દુઃખ જોઈને મૂર્ચ્છિત થઈ જાય છે. અને પ્રિયજનોનો વિયોગ થવાની આશંકાથી ભયભીત થઈ જાય છે. કોઈકથી ઝગડવા લાગે છે, કોઈ આપત્તિ આવે છે તો રોવા લાગે છે. ક્યારેક મનને અનુકૂળ કોઈ વાત થઈ ગઈ હોય તો આનંદનો માર્યો ફૂલાઈ જાય છે. ક્યારેક ગાવા લાગે છે અને ક્યારેક તેમને માટે કેદખાનામાં જવા માટે પણ અટકાતો નથી. સજ્જન પુરુષો તેની પાસે ક્યારેય આવતાં ન હોવાથી તે સાધુજનોના સમાગમથી હમેશાં વંચિત રહી જાય છે. આ પ્રમાણે આ નિરંતર આગળ વધતો જાય છે. આહીંથી તેની યાત્રાનો પ્રારંભ થયો છે અને જેને આ માર્ગની અંતિમ અવધિ કહે છે, તે પરમાત્માની પાસે આ જીવાત્મા આજ સુધી પાછો ફર્યો નથી. [૩૯] પરમાત્મા સુધી પહોંચવા માટે યોગશાસ્ત્રની પણ ગતિ નથી; જેને બધા પ્રકારનાં શાસનનો ત્યાગ કર્યો છે. તે નિવૃત્તિ પરાયણ મુનિજનો જ તેને પ્રાપ્ત કરી શકે છે. [૪૦] જે દિગ્ગજોને જીતનાર અને મોટા-મોટા યજ્ઞોનું અનુષ્ઠાન કરનાર રાજર્ષિ છે તેની પણ ત્યાં પરમાત્મા સુધી ગતિ નથી, તે યુદ્ધભૂમિમાં શત્રુઓનો સામનો કરીને કેવળ પ્રાણ પરિત્યાગ જ કરે છે તથા જેમાં આ મારું છે; એવું અભિમાન કરીને વેર બાંધ્યું હતું તે પૃથ્વીમાં જ પોતાના શરીરનો ત્યાગ કરીને સ્વયં પરલોક (કોઈક દેવના લોકમાં) સીધાવે છે. પરંતુ આ સંસારમાંથી તેઓ પણ મુક્ત થતા નથી.[૪૧] પોતાના પુણ્યકર્મ રૂપ લતાઓનો આશ્રય લઈને જો કોઈ પ્રકારે તે જીવ આ આપત્તિઓથી અથવા નરકથી છૂટકારો મેળવી પણ લે છે, તો પણ એજ રીતે સંસારમાર્ગમાં ભટકતો આ જન સમુદાયમાં મળી જાય છે, એવી જ દશા સ્વર્ગ વગેરે ઉર્ધ્વલોકોમાં જનારાઓની પણ છે. [૪૨]

હે રાજન્ ! (આ ભવાટવીના રૂપકનું તાત્પર્ય તમને સમજાઈ ગયું હશે હવે ભરતજીનું મહાત્મ્ય સાંભળો) મહર્ષિ ભરતના વિશે પંડિતજનો એવું કહે છે, જેમ પક્ષીરાજ ગરુડજીની સ્પર્ધા કોઈ માંખી કરી શકતી નથી, તેવી રીતે રાજર્ષિ માહાત્મા ભરતના માર્ગને કોઈ બીજા રાજાઓ મનથી પણ સનુસરણ કરી શકતા નથી.[૪૩] તેઓએ પુણ્યકીર્તિ શ્રીહરિમાં અનુરક્ત થઈને અતિ મનોહર સ્ત્રી, પુત્ર, મિત્ર અને રાજ્ય વગેરેનો યુવાન વયમાં જ વિષ્ઠાની જેમ ત્યાગ કરી દીધો છે; બીજાઓ માટે આવો ત્યાગ કરવો બહુજ કઠિન છે. [૪૪] તેમણે ત્યાગ કરવો અતિ મુશ્કેલ એવી પૃથ્વી, પુત્ર, સ્વજન, સંપત્તિ અને સ્ત્રીનો તથા જેના માટે મોટા મોટા દેવતાઓ પણ કરગરતા રહે છે, પરંતુ જે સ્વયં પોતાની દયાદષ્ટિ માટે તેના પર દષ્ટિપાત કરતી રહેલી હતી, તે લક્ષ્મીની પણ લેશમાત્ર ઈચ્છા ન રાખી. આ બધુ ભરતજી માટે યોગ્ય જ હતું, કારણ કે જે મહાનુભાવોનું ચિત્ત ભગવાન મધુસૂદનની સેવામાં અનુરક્ત થઈ ગયું છે, તેની દષ્ટિમાં મોક્ષપદ પણ અતિ તુચ્છ છે.[૪૫] ભરતજીએ શરીર છોડવાની ઈચ્છા થતાં ઊંચે અવાજે કહ્યું હતું કે ધર્મની રક્ષા કરનાર, ધર્માનુષ્ઠાનમાં નિપુણ, યોગવડે જાણી શકાનાર, સાંખ્ય દ્વારા પ્રતિપાદન કરાયેલ, પ્રકૃતિના ઈશ્વર, યજ્ઞમૂર્તિ સર્વાંતર્યામી શ્રીહરિને નમસ્કાર છે. [૪૬] હે રાજન્ ! રાજર્ષિ ભરતના પવિત્ર ગુણ અને કાર્યોથી ભક્તજનો પણ પ્રશંસા કરે છે. તેમનું આ ચરિત્ર કલ્યાણકારી, આયુષ અને ધનની વૃદ્ધિ કરનાર, લોકમાં સારો યશ ફેલાવનાર અને સ્વર્ગ તથા મોક્ષની પ્રાપ્તિ કરાવનાર છે. જે પુરુષ આ ભરતજીનું ચરિત્ર સાંભળે છે અથવા સંભળાવે છે અને તેનું અભિનંદન કરે છે તેની બધી ઈચ્છાઓ પોતેજ પૂર્ણ થઈ જાય છે; બીજા પાસેથી તેને કાઈ પણ માંગવું પડતું નથી. [૪૭]

**ઈતિ શ્રીમદ્ ભાગવતે મહાપુરાણે પંચમ સ્કંધે ભવાટવી વર્ણન નામનો ચૌદમો અધ્યાય સંપૂર્ણ: (૧૪)**

www.bhujmandir.org

## અધ્યાય - : - ૧૫

# ભરતજીના વંશનું વર્ણન.

શ્રીશુકદેવજી કહે છે- હે રાજન્ ! ભરતજીનો સુમતિ નામનો પુત્ર હતો. ઋષભદેવજીના માર્ગનું અનુશરણ કર્યું તેથી કળિયુગમાં ઘણા બધા પાખંડી અનાર્ય પુરુષો પોતાની દુષ્ટ મતિથી વેદવિરુદ્ધ કલ્પના કરીને તેને દેવતા માનવા લાગ્યા. [૧] તેની પત્ની વૃદ્ધસેનાથી દેવતાજિત નામનો પુત્ર થયો [૨] દેવતાજિતને અસુરીના ગર્ભથી દેવદ્યુમ્ન, દેવદ્યુમ્નને ધેનુમતીના ગર્ભથી પરમેષ્ઠી અને તેને સુવર્ચલાના ગર્ભથી પ્રતીહ નામનો પુત્ર થયો. [૩] તેમણે બીજા પુરુષોને આત્મવિદ્યાનો ઉપદેશ કરી સ્વયં શુદ્ધચિત થઈને પરમ પુરુષ શ્રીનારાયણનો સાક્ષાત્ અનુભવ કર્યો હતો. [૪] પ્રતીહની પત્ની સુવર્ચલાના ગર્ભથી પ્રતિહર્તા, પ્રસ્તોતા અને ઉદ્ગાતા નામના ત્રણ પુત્ર થયા. આ ત્રણે પુત્રો યજ્ઞ વગેરે કર્મોમાં ઘણા નિપુણ હતા. તેમાં પ્રતિહર્તાને સ્તુતિ નામની પત્નિ હતી, તેના ગર્ભથી અજ અને ભૂમા નામના બે પુત્ર થયા. ભૂમાને ઋષિકુલ્યાના ગર્ભથી ઉદ્ગીથ અને ઉદ્ગીથને દેવકુલ્યાથી પ્રસ્તાવ થયો અને પ્રસ્તાવને નિયુત્સાના ગર્ભથી વિભુ નામનો પુત્ર થયો. વિભુને રતિના ઉદરથી પૃથુષેણ થયો. પૃથુષેણને આકૃતિના ગર્ભથી નક્ત નામનો પુત્ર થયો અને નક્તને દ્રુતિના ગર્ભથી ઉદારકીર્તિ રાજર્ષિપ્રવર ગયનો જન્મ થયો. આ ગય રાજા જગતની રક્ષા માટે સત્ત્વગુણને સ્વીકાર કરનાર સાક્ષાત્ ભગવાન વિષ્ણુનો અંશ માનવામાં આવતા હતા. સંયમ વગેરે અનેક ગુણોને કારણે તે ગયની મહાપુરુષોમાં ગણના કરવામાં આવતી હતી. [૫-૬] મહારાજ ગયે પ્રજાનું પાલન, પોષણ વગેરે કરીને તથા જૂદા જૂદા પ્રકારના યજ્ઞોનું અનુષ્ઠાન કરીને નિષ્કામભાવથી કેવળ ભગવાનની પ્રસન્તા માટે પોતાના ધર્મનું આચરણ કર્યું. તેનાથી તેનાં બધાં કર્મ સર્વશ્રેષ્ઠ પરમપુરુષ પરમાત્મા શ્રીહરિને અર્પિત કરીને પરમાર્થરૂપ બની ગયા હતા. તેનાથી તથા બ્રહ્મવેતા મહાપુરુષના ચરણોની સેવાથી તેને ભક્તિયોગની પ્રાપ્તિ થઈ. ત્યારે નિરંતર ભગવાનનું ચિંતવન કરીને તેમણે પોતાનું ચિત્ત શુદ્ધ કર્યું. અને શરીર વગેરે અનાત્મા વસ્તુઓથી અહંકાર હટાવીને તે પોતાના આત્માને બ્રહ્મરૂપનો અનુભવ કરવા લાગ્યા. આ બધું હોવા છતાં પણ તે નિરભિમાની થઈને પૃથ્વીનું પાલન કરતા રહ્યા. [૭] હે પરીક્ષિત ! પ્રાચીન ઈતિહાસને જાણનારા મહાત્માઓએ રાજર્ષિ ગયના વિષે આ ગાથા કહી છે. [૮]

અહો !!! પોતાના કર્મોથી મહારાજા ગયની બરાબરી બીજા કયા રાજા કરી શકે છે ? તે તો સાક્ષાત્ ભગવાનની કળા જ હતા. તેના સિવાય બીજા કયા રાજા આ પ્રમાણે યજ્ઞોનું વિધિવત્ અનુષ્ઠાન કરનાર, મનસ્વી, બહુજ્ઞ, ધર્મની રક્ષા કરનાર, લક્ષ્મીનો પ્રિય પાત્ર, સાધુસમાજના શિરોમણિ અને સત્પુરુષોનો સાચો સેવક હોઈ શકે ? [૯] સત્ય સંકલ્પવાળી પરમ સાધ્વી શ્રદ્ધા, મૈત્રી, અને દયા વગેરે દક્ષકન્યાઓએ ગંગા સહિતની અનેક નદીઓના જળથી અતિ પ્રસન્તાથી તેનો અભિષેક કર્યો હતો. તથા તેની ઈચ્છા ન હોવા છતાં પણ વસુંધરાએ, જેમ ગાય પોતાના વાછડાને સ્નેહથી દૂધ પિવડાવે છે તેવી રીતે તેના ગુણોથી પ્રસન્ન થઈને પ્રજાને ધન, રત્ન વગેરે ઈચ્છિત પદાર્થો આપ્યાં હતાં. [૧૦]

તેમને કોઈ પ્રકારની કામનાઓ ન હતી. છતાં પણ વેદોક્ત કર્મોએ તેમને બધા પ્રકારના ભોગો આપ્યા હતા. રાજાઓએ યુદ્ધ ભૂમિમાં તેમના બાણોથી સત્કૃત થઈને વિવિધ પ્રકારની ભેટો આપી હતી, તથા બ્રાહ્મણોએ દક્ષિણા વગેરે ધર્મથી પ્રસન્ન થઈને તેઓને પરલોકમાં મળનાર પોતાના ધર્મફળનો છટ્ઠો ભાગ આપ્યો. [૧૧] તેમના યજ્ઞમાં ઈન્દ્ર વધારે સોમપાન કરવાથી ઉન્મત્ત થઈ ગયા હતા. તથા તેમની અત્યંત શ્રદ્ધા તથા વિશુદ્ધ અને નિશ્ચલ ભક્તિભાવથી સમર્પિત કરેલ યજ્ઞફળને ભગવાન યજ્ઞપુરુષે સાક્ષાત્ પ્રગટ થઈને ગ્રહણ કર્યું હતું . [૧૨] જે (યજ્ઞપુરુષ)ના તૃપ્ત થવાથી બ્રહ્માજીથી માંડીને દેવતા, મનુષ્ય, પશુ-પક્ષી, વૃક્ષ અને તૃણપર્યંત બધા જીવ તત્કાળ તૃપ્ત થઈ ગયા હતા. તે વિશ્વાત્મા શ્રીહરિ નિત્ય તૃપ્ત હોવા છતાં પણ રાજર્ષિ ગયના યજ્ઞમાં તૃપ્ત થઈ ગયા હતા. તેથી તેમની બરાબરી કોઈ બીજી વ્યક્તિ કેવી રીતે કરી શકે ? [૧૩] મહારાજ ગયને ગયંતીના ગર્ભથી ચિત્રરથ, સુગતિ અને અવરોધન નામના ત્રણ પુત્રો થયા. તેમાં ચિત્રરથની પત્ની ઊર્ણાથી સમ્રાટનો જન્મ થયો. [૧૪] સમ્રાટને ઉત્કલાથી મરીચિ અને મરીચિને બિન્દુમતીથી બિન્દુમાન નામનો પુત્ર થયો. તેનો સરઘાથી મધુ, મધુનો સુમનાથી વીરવ્રત અને વીરવ્રતના ભોજાથી મંથુ અને પ્રમંથુ નામના બે પુત્રો થયા. તેમાંથી મંથુનો સત્યાના ગર્ભથી ભૌવન થયો અને ભૌવનનો દૂષણાના ઉદરથી ત્વષ્ટા, થયો અને ત્વષ્ટાનો વિરોચનાથી વિરજ અને વિરજની વિષૂચી નામની પત્નિથી શતજિત વગેરે સો પુત્રો અને એક પુત્રીનો જન્મ થયો. [૧૫]

વિરજના વિશે આ શ્લોક પ્રસિદ્ધ છે. જેવી રીતે ભગવાન વિષ્ણુ દેવતાઓની શોભા વધારે છે. તેવી રીતે આ પ્રિયવ્રત વંશને તેમાં સૌથી છેલ્લે ઉત્પન્ન થયેલ રાજા વિરજે પોતાના સુયશથી વિભૂષિત કર્યો હતો. [૧૬]

ઈતિ શ્રીમદ્ ભાગવતે મહાપુરાણે પંચમ સ્કંધે ભરતવંશ વર્ણન નામનો પંદરમો અધ્યાય સંપૂર્ણઃ (૧૫)

www.bhujmandir.org

શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્

શ્રીકૃષ્ણાય નમો નમઃ

# શ્રી વ્યાસમુનિ વિરચિતઃ
# શ્રીમદ્‌ભાગવત મહાપુરાણ
## -: પંચમ સ્કંધ :-

અધ્યાય -: - ૧૬

## ભુવનકોશનું વર્ણન

રાજા પરીક્ષિતે કહ્યું - હે મુનિવર ! જ્યાં સુધી સૂર્યદેવનો પ્રકાશ છે અને જ્યાં સુધી તારામંડળ સહિત ચંદ્રદેવને જોઇ શકાય છે, ત્યાં સુધી તમે ભૂમંડળનો વિસ્તાર બતાવ્યો છે. [૧] તેમાં પણ તમે બતાવ્યું કે મહારાજ પ્રિયવ્રતના રથનાં પૈડાઓનાં સાત રેખાઓથી સાત સમુદ્ર બની ગયા હતા. જેને કારણે આ પૃથ્વીપર સાત દ્વીપોનું વિભાજન થયું. તેથી હે ભગવન્ ! હવે હું આ બધા દ્વીપોનું પરિમાણ (વિસ્તાર-માપ) અને લક્ષણો સાથે તેનું પૂરેપૂરું વિવરણ જાણવા ઇચ્છુ છું. [૨] કારણ કે જે મન ભગવાનના આ ગુણમય સ્થૂળ વિગ્રહમાં લાગી શકે છે. તેનું વાસુદેવ નામવાળા સ્વયંપ્રકાશ, નિર્ગુણ બ્રહ્મરૂપ સૂક્ષ્મતમ સ્વરૂપમાં પણ લાગવું સંભવ છે. તેથી હે ગુરુવર ! આ વિષયનું વસ્તારથી વર્ણન કરવાની કૃપા કરો. [૩]

શ્રીશુકદેવજીએ કહ્યું - હે મહારાજ ! ભગવાનની માયાના ગુણોનો એટલો બધો વિસ્તાર છે કે જો કોઇ પુરુષ દેવતાઓ જેટલું આયુષ મેળવી લે તો પણ મન અને વાણીથી તે માયાના ગુણોના વિસ્તારનો અંત મેળવી શક્તા નથી. તેથી અમે નામ, રૂપ, પરિણામ અને તેના લક્ષણો દ્વારા મુખ્ય વિષયોને લઇને ભૂમંડળની વિશેષતાઓનું વર્ણન કરીશું. [૪] આ જમ્બુદ્વીપ જેમાં આપણે રહીએ છીએ, ભૂમંડળરૂપી કમળના કોશ સ્થાનીય જે સાત દ્વીપો છે, તેમાં સૌથી અંદરનો જે કોશ છે તેનો વિસ્તાર એક લાખ યોજન છે અને આ કમળપત્રની જેમ ગોળાકાર છે. [૫] તેમાં નવ હજાર યોજનના વિસ્તારવાળા નવ ખંડ છે. જે તેની સીમારેખાનો વિભાગ કરનાર આઠ પર્વતોથી વહેંચાયેલા છે. [૬] તેમની વચ્ચે ઈલાવૃત્ત નામનો દશમો ખંડ છે, તેના મધ્યભાગમાં કુલપર્વતોનો રાજા મેરુપર્વત છે. તે જાણે ભૂમંડળરૂપ જે કમળ તેની ડાંડી જ છે તે ઉપરથી લઇને નીચે સુધી બધું સુવર્ણ મય છે. અને એક લાખ યોજન ઊંચો છે. તેનો વિસ્તાર શિખરપર બત્રીસ હજાર અને તળેટીમાં સોળ હજાર યોજન છે. તથા સોળ હજાર યોજન તે પૃથ્વીની અંદર રહેલો છે, અર્થાત્ ભૂમિની બહાર તેની ઊંચાઇ ચોર્યાસી હજાર યોજન છે. [૭] ઈલાવૃત ખંડના ઉત્તરમાં ક્રમશઃ નીલ, શ્વેત અને શૃઙ્ગવાન્ નામના ત્રણ પર્વત છે, જે રમ્યક, હિરણ્મય અને કુરુ નામના ખંડની સીમા નક્કી કરે છે. તે પૂર્વથી પશ્ચિમસુધી ખારા પાણીના સમુદ્ર સુધી ફેલાયેલો છે. તેમાં દરેકની પહોળાઇ બે હજાર યોજન છે અને લંબાઇમાં પહેલાં કરતા પછીનો ક્રમશઃ દસમા ભાગથી સહેજ વધુ એટલા માપમાં ઓછો છે; પહોળાઇ અને ઊંચાઇ તો બધાયની સરખી છે. [૮]

આ પ્રમાણે ઈલાવૃતની દક્ષિણની બાજુ એક પછી એક નિષધ, હેમકૂટ, અને હિમાલય નામના ત્રણ પર્વતો છે. નીલા વગેરે પર્વતની જેમ આ પણ પૂર્વ અને પશ્ચિમની બાજુ ફેલાયેલો છે અને દશ-દશ હજાર જોજન ઊંચા છે. તેનાથી ક્રમશઃ

www.bhujmandir.org

હરિવર્ષ, કિંપુરુષ અને ભારતવર્ષની સીમાઓનો વિભાગ આવે છે. ૯ ઈલાવૃતથી પૂર્વ અને પશ્ચિમની બાજુએ ઉત્તરમાં નીલ પર્વત અને દક્ષિણમાં નિષધ પર્વત સુધી ફેલાયેલ ગંધમાદન અને માલ્યવાન્ નામના બે પર્વતો છે. તેની પહોળાઇ બે-બે હજાર જોજન છે અને આ ભદ્રાશ્વ અને કેતુમાલ નામના બે ખંડોની સીમા નક્કી કરેલ છે.૧૦ તેના સિવાય મંદર, મેરુમંદર, સુપાર્શ્વ અને કુમુદ આ ચાર દશ-દશ હજાર જોજન ઊંચા અને એટલા જ પહોળા પર્વતો મેરુ પર્વતના આધારભૂત થંભની સમાન બનેલા છે. ૧૧ આ ચારેની ઉપર તેની ધ્વજાની સમાન ક્રમશઃ આંબો, જાંબુડો, કદંબ અને વડ આ ચાર વૃક્ષો છે. તેમાંથી પ્રત્યેક અગિયારસો યોજન ઊંચા છે અને એટલીજ તેની ડાળીઓનો વિસ્તાર છે. તેની જાડાઇ સો-સો જોજન છે. ૧૨

હે ભરતશ્રેષ્ઠ ! આ પર્વતો ઉપર ચાર સરોવર પણ છે, જે ક્રમશઃ દૂધ, મધ, શેરડીનો સર અને મીઠા પાણી ભરેલ છે. આનું પાન કરનાર યક્ષો, કિન્નરો વગેરે ઉપદેવતાઓને સ્વભાવથી જ યોગસિદ્ધિઓ પ્રાપ્ત છે. ૧૩ તેની ઉપર ક્રમશઃ નંદન, ચૈત્રરથ, વૈભ્રાજક અને સર્વતોભદ્ર નામના ચાર દિવ્ય ઉપવન પણ છે. ૧૪ તેમાં મુખ્ય દેવગણ, અનેક સુરસુંદરીઓના નાયક બનીને સાથે વિહાર કરે છે. તે સમયે ગંધર્વો વગેરે ઉપદેવગણો તેના જ મહિમાના વખાણ કર્યા કરે છે. ૧૫ મંદરાચલની તળેટીમાં જે અગિયાર સો જોજન ઊંચા દેવતાઓનાં આમ્રવૃક્ષ છે. તેમાંથી ગિરિશિખરની સમાન મોટા અને અમૃતની સમાન સ્વાદિષ્ટ ફળ પડે છે. ૧૬ તે જ્યારે તૂટે છે, ત્યારે તેમાંથી અતિ સુગંધિત અને મીઠો લાલ રસ વહેવા લાગે છે. તે જ અરુણોદા નામની નદીના રૂપમાં બદલાઇ જાય છે. આ નદી મંદરાચલના શિખરથી ઉતરીને પોતાના જળથી ઈલાવૃત્ત ખંડના પૂર્વના વિભાગને સીંચે છે. ૧૭ શ્રીપાર્વતીજીની અનુચરી યક્ષપત્નિઓ આ જળનું સેવન કરે છે. તેનાથી તેઓના શરીરમાંથી સુગંધ નિકળે છે કે તેને સ્પર્શ કરીને વહેતો પવન પણ તેની ચારે બાજુ દશ જોજન સુધીના પ્રદેશને સુગંધથી ભરી દે છે. ૧૮

આ પ્રમાણે જાંબુના વૃક્ષ પરથી હાથી જેવડા મોટા અને પ્રાયઃ ઠળિયા વિનાના ફળો પડે છે. ઘણા ઊંચેથી પડવાને કારણે તે ફાટી જાય છે. તેના રસથી જાંબુ નામની નદી પ્રગટ થાય છે, જે મેરુમંદર પર્વતના દશ હજાર જોજન ઊંચા શિખરથી ઉતરીને ઈલાવૃત્તના દક્ષિણ ભૂભાગને સીંચે છે. ૧૯ તે નદીના બન્ને કિનારાઓની માટી તે રસથી ભીંજાઇને જ્યારે પવન અને સૂર્યના સંયોગથી સુકાઇ જાય છે, ત્યારે એ જ દેવલોકને વિભૂષિત કરનાર જાંબૂનદ નામનું સુવર્ણ બની જાય છે.૨૦ તેનાથી દેવતાઓ અને ગન્ધર્વો વગેરે પોતાની યુવાન સ્ત્રીઓ સાથે મુગટ, કડાં, કંદોરા વગેરે આભૂષણોના રૂપમાં ધારણ કરે છે. ૨૧

સુપાર્શ્વ પર્વત ઉપર જે વિશાળ કદંબવૃક્ષ આવેલું છે, તેની પાંચ બખોલોમાંથી મધની પાંચ ધારાઓ નિકળે છે; આ સુપાર્શ્વના શિખર ઉપરથી ઊતરીને ઈલાવૃત્ત ખંડના પશ્ચિમ ભાગને પોતાના સુગંધથી સુવાસિત કરે છે. ૨૨ જે લોકો એનું મધુપાન કરે છે, તેઓના મુખથી નિકળેલ પવન પોતાની ચારે બાજુ સો-સો જોજન સુધી તેની સુગંધ ફેલાવી દે છે. ૨૩ આ પ્રમાણે કુમુદ પર્વત ઉપર જે શતવલ્શ નામનું વટવૃક્ષ છે, તેની વડવાઈઓમાંથી નીચે તરફ વહેતા અનેક પ્રવાહો નિકળે છે, તે બધા ઈચ્છાનુસાર ભોગો આપનાર છે. તેનાથી દૂધ, દહીં, મધ, ઘી, ગોળ, અન્ન, વસ્ત્ર, શય્યા, આસન અને આભૂષણ વગેરે પદાર્થો મળી જાય છે. આ બધુ કુમુદના શિખર ઉપરથી નિકળીને ઈલાવૃત્તના ઉત્તર વિભાગને સીંચે છે. ૨૪ તેમને આપેલા પદાર્થોનું સેવન કરવાથી ત્યાંની પ્રજાની ચામડીમાં કરચલીઓ પડવી, વાળ ધોળા થઈ જવાં, થાક લાગવો, શરીરમાંથી પરસેવો નિકળવો, વૃદ્ધાવસ્થા થવી, રોગ થવો, મૃત્યુ, ઠંડી-ગરમીની પિડા, શરીર તેજ વિનાનું થઈ જવું તથા શરીર તૂટવાં વગેરે કષ્ટ ક્યારે પણ સતાંવતા નથી અને તેને જીવન પર્યંત સંપૂર્ણ સુખ પ્રાપ્ત થાય છે. ૨૫

હે રાજન્ ! કમળની કર્ણિકાની ચારે બાજુ જેમ કેસર હોય છે, તેવી જ રીતે મેરુના મૂળદેશમાં તેની ચારે બાજુ કુરઙ્ગ, કુરર, કુસુંભ, વૈકઙ્ક, ત્રિકૂટ, શિશિર, પતઙ્ગ, રુચક, નિષધ, શિનીવાસ, કપિલ, શઙ્ખ, વૈદૂર્ય, જારુધિ, હંસ, ઋષભ, નાગ, કાલંજર અને નારદ વગેરે વીસ પર્વત બીજા પણ છે. ૨૬ તેના સિવાય મેરુની પૂર્વ દિશા તરફ જઠર અને દેવકૂટ નામના બે પર્વતો છે, જે અઢાર હજાર જોજન લાંબા તથા બે હજાર જોજન પહોંળા અને ઊંચા છે. આ પ્રમાણે પશ્ચિમ તરફ પવન અને પારિયાત્ર, દક્ષિણ તરફ કૈલાસ અને કરવીર તથા ઉત્તર તરફ ત્રિશૃઙ્ગ અને મકર નામના પર્વતો છે. આ આઠ પર્વતોથી ચારે બાજુથી ઘેરાયેલો સુવર્ણગિરિ મેરુ અગ્નિની સમાન જગમગતો રહે છે. ૨૭ કહેવાય છે કે મેરુના શિખર ઉપર વચ્ચોવચ ભગવાન બ્રહ્માજીની સુવર્ણમય નગરી છે, જે આકારમાં સમચોરસ અને કરોડ જોજન વિસ્તારવાળી છે. ૨૮ તેની નીચે પૂર્વ વગેરે આઠ લોકપાલોની આઠ પુરીઓ છે. તે પોતપોતાના સ્વામીને અનુરૂપ તે તે દિશાઓમાં છે તથા પરિમાણમાં બ્રહ્માજીની પુરીથી ચોથા ભાગની છે. ૨૯

ઈતિ શ્રીમદ્ ભાગવતે મહાપુરાણે પંચમ સ્કંધે ભુવન કોશ વર્ણન નામનો સોળમો અધ્યાય સંપૂર્ણઃ (૧૬)

www.bhujmandir.org

## અધ્યાય -:- ૧૭

# ગંગાજીનું વિવરણ અને સંકર્ષણદેવની સ્તુતિ.

શ્રીશુકદેવજી કહે છે - હે રાજન્ ! જ્યારે રાજા બલિની યજ્ઞશાળામાં સાક્ષાત્ યજ્ઞમૂર્તિ ભગવાન વિષ્ણુએ ત્રિલોકને માપવા માટે પોતાનો ચરણ ફેલાવ્યો, ત્યારે તેના ડાબા ચરણના અંગૂઠાના નખથી બ્રહ્માંડનો ઉપરનો ભાગ ફાટી ગયો. તે છિદ્રમાં થઈને જે બ્રહ્માંડથી બહારના જળની ધારા અંદર આવી, તે ચરણને ધોવાથી તેમાં લાગેલ કેસરના ભળવાથી લાલ થઈ ગઈ. તે નિર્મળ ધારાનો સ્પર્શ થતાં જ સંસારનાં બધાં પાપ નષ્ટ થઈ જાય છે, પરંતુ તે હમેંશા નિર્મળ જ રહે છે. પહેલાં બીજા કોઈ નામથી તેને ન કહીને 'ભગવત્પદી' જ કહેતા હતા. તે ધારા હજારો યુગ વીતવાથી સ્વર્ગના મુખ્યભાગમાં રહેલ ધ્રુવલોકમાં ઊતરી, જેને 'વિષ્ણુપદી' પણ કહે છે. [૧]

હે વીરવ્રત પરીક્ષિત્ ! તે ધ્રુવલોકમાં ઉત્તાનપાદના પુત્ર પરમ ભાગવત ધ્રુવજી રહે છે, તે નિત્યપ્રતિ વધતા જતા ભક્તિભાવથી 'આ અમારા કુળદેવતાનું ચરણોદક છે' એવું માનીને આજે પણ તે જળને ઘણા આદરથી મસ્તક પર ચડાવે છે. તે સમયે પ્રેમાવેશના કારણે તેનું હૃદય અત્યંત ગદ્‌ગદ થઈ જાય છે, ઉત્કંઠાવશ વિવશ થઈને મીંચેલા બન્ને નેત્રકમળોમાંથી નિર્મળ આંસુઓની ધારા વહેવા લાગે છે અને શરીરમાં રોમાંચ થઈ જાય છે. [૨] તેના પછી આત્મનિષ્ઠ સપ્તર્ષિગણ તેનો પ્રભાવ જાણવાને કારણે 'આ જ તપસ્યાની આત્યંતિક સિદ્ધિ છે' એવું માનિને તેને આજે પણ આ પ્રમાણે આદરપૂર્વક પોતાની જટાજૂટ પર એવી જ રીતે ધારણ કરે છે જેમ મુમુક્ષુજન પોતાને પ્રાપ્ત થયેલ મુક્તિને ધારણ કરે. આમ તો એ અત્યંત નિષ્કામી છે; સર્વાત્મા ભગવાન્ વાસુદેવની નિશ્ચલ ભક્તિને જ પોતાનું પરમ ધન માનીને તેઓએ બીજી બધી કામનાઓનો ત્યાગ કરી દીધો છે, ત્યાં સુધી કે આત્મજ્ઞાનને પણ તેની આગળ કોઈ ચીજ ન માનતા. [૩] ત્યાંથી ગંગાજી કરોડો વિમાનોથી ઘેરાઈને આકાશમાં થઈને ઊતરે છે અને ચન્દ્રમંડળને ભીંજવતા મેરુના શિખરપર બ્રહ્મપુરીમાં ઊતરે છે. [૪] ત્યાંથી સીતા, અલકનંદા, ચક્ષુ અને ભદ્રા નામથી ચાર ધારાઓમાં વિભક્ત થઈ જાય છે તથા અલગ-અલગ ચારે દિશાઓમાં વહેતી વહેતી છેલ્લે નદ,નદીઓના અધીશ્વર સમુદ્રમાં ભળી જાય છે. [૫] તેમાં સીતા બ્રહ્મપુરીથી નીકળીને કેસરાચલના સર્વોચ્ચ શિખરમાં થઈને નીચેની તરફ વહેતી વહેતી ગંધમાદનના શિખર પર પડે છે અને ભદ્રાશ્વવર્ષને સિંચતી પૂર્વની તરફ ખારા સમુદ્રમાં ભળી જાય છે. [૬] આ પ્રમાણે ચક્ષુધારા માલ્યવાનના શિખર પર પહોંચીને ત્યાંથી અટક્યા વિના કેતુમાલવર્ષમાં વહેતી પશ્ચિમની તરફ ક્ષારસમુદ્રમાં જઈ મળી જાય છે. [૭] ભદ્રા મેરુપર્વતના શિખરથી ઉત્તરની તરફ પડે છે તથા એક પર્વતથી બીજા પર્વત પર જાય છે અને અંતમાં શૃઙ્ગવાનના શિખરથી નીકળીને ઉત્તરકુરુ દેશમાં થઈને ઉત્તરની તરફ વહેતી સમુદ્રમાં મળી જાય છે. [૮] અલકનંદા બ્રહ્મપુરીથી દક્ષિણની તરફ નીકળીને અનેક ગિરિશિખરોને ઉલઙ્ઘીને હેમકૂટ પર્વત પર પહોંચે છે, ત્યાંથી અત્યંત તીવ્ર વેગથી હિમાલયના શિખરને ચીરતી ભારતવર્ષમાં પ્રવેશે છે અને પછી દક્ષિણની તરફ સમુદ્રમાં જઈ ભળી જાય છે. તેમાં સ્નાન કરવા માટે આવનાર પુરુષને પગલે પગલે અશ્વમેધ અને રાજસૂય વગેરે યજ્ઞોનું ફળ પણ દુર્લભ નથી. [૯] પ્રત્યેક વર્ષમાં મેરુ વગેરે પર્વતોથી નીકળતી બીજી પણ અનેક નદ-નદીયો છે. [૧૦]

આ બધા ખંડોમાં ભારતવર્ષ જ કર્મભૂમિ છે. બીજા આઠ ખંડ તો સ્વર્ગવાસી પુરુષોનું સ્વર્ગલોકમાંથી બચેલ પુણ્યને ભોગવવા માટેનું સ્થાન છે. તેથી તેને પૃથ્વીલોકમાં સ્વર્ગપણ કહેવાય છે. [૧૧] ત્યાંના દેવતુલ્ય મનુષ્યોની ગણનાને અનુસારે દસ હજાર વર્ષની આયુષ્ય હોય છે. તેમાં દસ હજાર હાથીઓનું બળ હોય છે તથા તેના વજ્ર સમાન સુદૃઢ શરીરમાં જે શક્તિ, યૌવન અને ઉલ્લાસ હોય છે તેને કારણે તે ઘણા સમય સુધી મૈથુન વગેરે વિષયો ભોગવતા રહે છે. અંતમાં જ્યારે ભોગ સમાપ્ત થઈ જવાથી તેની આયુનું કેવળ એક વર્ષ રહી જાય છે, ત્યારે તેની સ્ત્રીયો ગર્ભ ધારણ કરે છે. આ પ્રમાણે ત્યાં હમેશાં ત્રેતાયુગની સમાન સમય રહે છે. [૧૨] ત્યાં એવાં આશ્રમ, ભવન અને પર્વતોની ઘાટીઓ છે તેના સુંદર ઉપવનમાં બધી ઋતુઓનાં ફૂલોના ગુચ્છ, ફળ અને નૂતન પલ્લવોની શોભાના ભારથી ઝૂકેલી ડાળીઓ અને લતાઓવાળાં વૃક્ષોથી સુશોભિત છે; ત્યાંના નિર્મળ જળથી ભરેલાં એવાં તળાવો પણ છે; જેમાં જુદાં જુદાં પ્રકારનાં નૂતન કમળ ખિલેલાં હોય છે અને તે કમળની સુગંધથી પ્રમુદિત થઈને રાજહંસ, જળમૃગ, કારણ્ડવ, સારસ અને ચકવા વગેરે પક્ષીઓ જુદા જુદા પ્રકારની બોલીઓ બોલે છે તથા વિભિન્ન જાતિના ભ્રમરો મધુર ગુંજાર કરતા રહે છે. આ તળાવોમાં ત્યાંના દેવશ્રેષ્ઠ પરમ સુંદરી

www.bhujmandir.org

દેવાઙ્ગનાઓની સાથે તેના કામ ઉન્માદ સૂચક હાસ્યવિલાસ અને લીલા કટાક્ષોથી મન અને નેત્રોનું આકૃષ્ટ થઈ જવાને કારણે જળક્રીડા વગેરે જુદા જુદા પ્રકારની ચેષ્ટાઓ કરતાં કરતાં સ્વચ્છંદ વિહાર કરે છે તથા તેના મુખ્ય અનુચરગણ અનેક પ્રકારની સામગ્રિઓથી તેનો આદર સત્કાર કરે છે.[૧૩] આ નવ ખંડોમાં પરમપુરુષ નારાયણ ભગવાન ત્યાંના પુરુષો પર અનુગ્રહ કરવા માટે આ સમયે પણ પોતાની જુદા-જુદા પ્રકારની મૂર્તિઓ દ્વારા વિરાજમાન છે. [૧૪]

ઈલાવર્તવર્ષમાં એક જ ભગવાન્ શંકર જ પુરુષ છે. શ્રીપાર્વતીજીના શાપને જાણનાર કોઈ બીજો પુરુષ ત્યાં પ્રવેશ કરતો નથી; કારણ કે ત્યાં જે જાય છે, તે સ્ત્રીરૂપ થઈ જાય છે. આ પ્રસંગનું આગળ (નવમા સ્કન્ધમાં) વર્ણન કરીશું [૧૫] ત્યાં પાર્વતી અને તેની અગણિત દાસીઓથી સેવાયેલ મહાદેવજી પરમ પુરુષ પરમાત્માની વાસુદેવ, પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ અને સઙ્કર્ષણ આ ચતુર્વ્યૂહ મૂર્તિઓમાંથી પોતાની કારણરૂપા સઙ્કર્ષણ નામની તમઃપ્રધાન ( ભગવાનની મૂર્તિ શુદ્ધ ચિન્મય જ છે પરન્તુ સંહાર વગેરે તામસી કાર્યોના હેતુભૂત હોવાને કારણે તામસી (તમઃપ્રધાન) મૂર્તિ કહે છે.) ચોથી મૂર્તિનું ધ્યાનસ્થિત મનોમય વિગ્રહના રૂપમાં ચિંતન કરે છે અને આ મંત્રનો ઉચ્ચારણ કરતા આ પ્રમાણે સ્તુતિ કરે છે. [૧૬]

ભગવાન શંકર કહે છે - 'ૐ જેનાથી બધા ગુણોની અભિવ્યક્તિ થાય છે, તે અનંત અને અવ્યક્તમૂર્તિ ૐસ્વરૂપ પરમપુરુષ શ્રીભગવાનને નમસ્કાર છે.' ' હે ભજનીય પ્રભો ! તમારા ચરણકમળ ભક્તોને આશ્રય આપનાર છે તથા તમે સ્વયં સંપૂર્ણ ઐશ્વર્યના પરમ આશ્રય છો. ભક્તની આગળ તમે તમારું ભૂતભાવન સ્વરૂપ પૂર્ણતયા પ્રકટ કરો છો તથા તેને સંસારના બંધનથી મુક્ત કરો છો, પરંતુ અભક્તોને તે બંધનમાં નાખતા રહો છો. તમે જ ઈશ્વર છો, હું તમારું ભજન કરું છું. [૧૭-૧૮] હે પ્રભુ ! અમે ક્રોધના આવેગને જીતી શક્યા નથી. તથા અમારી દૃષ્ટિ તત્કાળ પાપથી લિપ્ત થઈ જાય છે. પરંતુ તમે તો સંસારનું નિયમન કરવા માટે નિરંતર સાક્ષીરૂપે તેના બધા કર્મ કલાપોને જોયા કરો છો. છતાં પણ અમારા પ્રત્યેની તમારી દૃષ્ટિ પર તે માયિક વિષયોનો તથા ચિત્તની વૃત્તિઓનો નામમાત્રનો પણ પ્રભાવ નથી પડતો. આવી સ્થિતિમાં પોતાના મનને વશમાં કરવાની ઈચ્છા વાળો કયો પરુષ તમારો આદર ન કરે ? [૧૯] તમે જે પુરુષને મધુ વગેરે પીવાને કારણે અરુણનયન અને મત્ત જણાઓ છો, તે માયાને વશીભૂત થઈને જ એવાં મિથ્યા દર્શન કરે છે તથા તમારાં ચરણસ્પર્શથી જ ચિત્ત ચંચળ થઈ જવાને કારણે નાગપત્નીઓ લજ્જાવશ થઈને તમારી પૂજા કરવામાં અસમર્થ થઈ જાય છે. [૨૦] વેદમંત્રો તમને જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લયનું કારણ બતાવે છે; પરંતુ તમે સ્વયં આ ત્રણે વિકારોથી રહિત છો; તેથી તમને 'અનંત' કહે છે. તમારા હજાર મસ્તકો પર આ ભૂમંડળ રાઈના દાણાની જેમ રાખેલ છે. [૨૧] જેનાથી ઉત્પન્ન થયેલ એવો જે હું તે અહંકારરૂપ પોતાના ત્રિગુણમય તેજથી દેવતા, ઈન્દ્રિય અને ભૂતોની રચના કરું છું તે વિજ્ઞાનના આશ્રય ભગવાન્ બ્રહ્માજી પણ તમારું જ મહત્તત્ત્વસંજ્ઞક પહેલું ગુણમય સ્વરૂપ છે. [૨૨]

હે મહાત્મન્ ! મહત્તત્ત્વ, અહંકાર ઈન્દ્રિયાભિમાની દેવતા, ઈન્દ્રિયો અને પંચભૂત વગેરે અમે બધા દોરીમાં બંધાયેલ પંખીની જેમ તમારી ક્રિયાશક્તિને વશમાં રહીને તમારી જ કૃપાથી આ જગતની રચના કરીએ છીએ. [૨૩] સત્ત્વાદિ ગુણોની સૃષ્ટિથી મોહિત થયેલ આ જીવ તમારી જ રચેલ તથા કર્મ-બંધનમાં બંધાનાર માયાને તો કદાચ જાણી પણ લે, પરંતુ તેનાથી મુક્ત થવાનો ઉપાય તેને સરળતાથી ખબર પડતો નથી. આ જગતની ઉત્પત્તિ અને પ્રલય પણ તમારાં જ રૂપ છે. એવા તમને હું વરંવાર નમસ્કાર કરું છું . [૨૪]

ઈતિ શ્રીમદ્ ભાગવતે મહાપુરાણે પંચમ સ્કંધે શંકર સ્તુતિ વર્ણન નામનો સત્તરમો અધ્યાય સંપૂર્ણઃ (૧૭)

## અધ્યાય - : - ૧૮

# બીજા ખંડોનું વર્ણન

શ્રીશુકદેવજી કહે છે - હે રાજન્ ! ભદ્રાશ્વવર્ષ (ખંડ) માં ધર્મપુત્ર ભદ્રશ્રવા અને તેના મુખ્ય સેવક ભગવાન્ વાસુદેવની હયગ્રીવનામની ધર્મમયી પ્રિય મૂર્તિને અત્યંત સમાધિનિષ્ઠા દ્વારા હૃદયમાં સ્થાપિત કરીને આ મંત્રનો જપ કરતા રહીને આ પ્રમાણે સ્તુતિ કરે છે. [૧] ભદ્રશ્રવા અને એમના સેવકો કહે છે - 'ચિત્તને વિશુદ્ધ કરનાર ૐસ્વરૂપ ભગવાન્ ધર્મને નમસ્કાર છે' [૨] અહો ભગવાનની લીલા કેવી વિચિત્ર છે ? જેને કારણે આ જીવાત્મા બધા લોકોનો સંહાર કરનાર કાળને જોઈને પણ જોતો

www.bhujmandir.org

નથી અને તુચ્છ વિષયોનું સેવન કરવા માટે પાપમય વિચારમાં રચ્યો પચ્યો રહીને પોતાના જ હાથે પોતાનો પુત્ર અને પિતા વગેરેના શબને અગ્નિદાહ આપીને પણ પોતે જીવતા રહેવાની ઈચ્છા કરે છે. [૩] વિદ્વાન્ પુરુષો જગતને નશ્વર બતાવે છે અને સૂક્ષ્મદર્શી આત્મજ્ઞાની એવું દેખે પણ છે; છતાં પણ હે અજન્મા પ્રભુ ! તમારી માયાથી લોકો મોહિત થઈ જાય છે. તમે અનાદિ છો અને આશ્ચર્યજનક લીલાને કરનારા એવા જે તમો તે તમને હું નમસ્કાર કરું છું. [૪] હે પરમાત્મા ! તમે અકર્તા અને માયાના આવરણથી રહિત છો છતાં પણ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય આ તમારાં જ કર્મ માનવામાં આવ્યાં છે. તે તો બરાબર જ છે, તેમાં કોઇ આશ્ચર્ય જેવું નથી. કારણ કે સર્વાત્મારૂપથી તમે જ સંપૂર્ણ કાર્યના કારણ છો અને પોતાના શુદ્ધસ્વરૂપમાં આ કાર્ય-કારણભાવથી સર્વથા પર છો.[૫] તમારું સ્વરૂપ વિગ્રહ મનુષ્ય અને ઘોડાનું સંયુક્ત રૂપ છે. પ્રલયકાળમાં જ્યારે તમઃ (અંધકાર) પ્રધાન દૈત્યગણ વેદોને ચોરી ગયા હતા, ત્યારે બ્રહ્માજીએ પ્રાર્થના કરી હતી તેથી તમે રસાતળમાંથી લાવીને બ્રહ્માજીને આપ્યા હતા. આવા અદ્ભુત લીલા કરનાર સત્યસંકલ્પ તમને નમસ્કાર કરું છું. [૬] હરિવર્ષખંડમાં ભગવાન નૃસિંહરૂપે રહે છે. એમણે આ રૂપ જે કારણથી ધારણ કર્યું હતું, તેનું વર્ણન આગળ (સપ્તમ સ્કન્ધમાં) કરવામાં આવશે. ભગવાનના તે પ્રિયરૂપની મહાભાગવત પ્રહ્લાદજી તે વર્ષના બીજા પુરુષની સાથે નિષ્કામ અને અનન્ય ભક્તિભાવથી ઉપાસના કરે છે. આ પ્રહ્લાદજી મહાપુરુષોચિત ગુણોથી સંપન્ન છે તથા તેમણે પોતાના શીલ અને આચરણથી દૈત્ય અને દાનવના કુળને પવિત્ર કર્યું હતું. તે આ મન્ત્ર જપ તથા સ્તોત્રનો પાઠ કરે છે. [૭] 'ૐ સ્વરૂપ ભગવાન શ્રીનૃસિંહદેવને નમસ્કાર છે. તમે અગ્નિ વગેરે તેજોના પણ તેજ છો, તમને નમસ્કાર છે. હે વજનખ ! હે વજદંષ્ટ્ર ! તમે અમારી સામે પ્રગટ થાઓ, પ્રગટ થાઓ; અમારી કર્મવાસનાઓને બાળી નાખો, બાળી નાખો, અમારા અજ્ઞાનરૂપ અંધકારને નષ્ટ કરો, નષ્ટ કરો, ૐ સ્વાહા. અમારા અંતઃકરણમાં અભયદાન દેવા પ્રકાશિત થાઓ.[૮] ૐ ક્ષૌમ્' હે નાથ ! વિશ્વનું કલ્યાણ હો, દુષ્ટોની બુદ્ધિ શુદ્ધ હો, બધા પ્રાણિઓમાં પરસ્પર સદ્ભાવના હો, બધા એક બીજાનું હિતચિંતન કરે, અમારું મન શુભ માર્ગમાં પ્રવૃત્ત થાય અને અમારા સર્વની બુદ્ધિ નિષ્કામભાવથી ભગવાન્ શ્રીહરિમાં પ્રવેશ કરે. [૯] હે પ્રભુ ! ઘર, સ્ત્રી, પુત્ર, ધન અને ભાઈ તથા બંધુઓમાં અમારી આસક્તિ ન થાય; જો થાય તો કેવળ ભગવાનના પ્રેમી ભક્તોમાં જ થાય. જે સંયમી પુરુષ કેવળ શરીર નિર્વાહના યોગ્ય અન્નાદિથી સંતુષ્ટ રહે છે, તેને જેટલી જલદી સિદ્ધિ પ્રાપ્ત થાય છે, તેવી ઈન્દ્રિયલોલુપ પુરુષોને થતી નથી. [૧૦] તે ભગવાનના ભક્તના સંગથી ભગવાનના તીર્થતુલ્ય પવિત્ર ચરિત્ર સાંભળવા મળે છે, જે તેની અસાધારણ શક્તિ અને પ્રભાવનું સૂચક હોય છે. તેનું વારંવાર સેવન કરનાર લોકોના કર્ણના માર્ગથી ભગવાન હૃદયમાં પ્રવેશ કરે છે અને તેના સર્વ પ્રકારના દૈહિક અને માનસિક મળોને નષ્ટ કરી નાખે છે. પછી કોણ એવા ભગવાનના ભક્તનો સંગ કરવા ન ઈચ્છે ? [૧૧] જે પુરુષને ભગવાનમાં નિષ્કામ ભક્તિ છે, તેના હૃદયમાં સમસ્ત દેવતા, ધર્મ, જ્ઞાન વગેરે સંપૂર્ણ સદ્ગુણો સહિત સદાય નિવાસ કરીને રહે છે. પરંતુ જે ભગવાનનો ભક્ત નથી, તેમાં મહાપુરુષના તે ગુણો ક્યાંથી આવી શકે ? તે તો અનેક પ્રકારના સંકલ્પો કરીને નિરંતર તુચ્છ સાંસારિક વિષયોની તરફ દોડતો રહે છે. [૧૨] જેમ માછલીઓને જળ અત્યંત પ્રિય છે અને તેના જીવનનો આધાર હોય છે. તેવી જ રીતે સાક્ષાત્ શ્રીહરિ જ સમસ્ત દેહધારિઓના પ્રિયતમ આત્મા છે. તેનો ત્યાગ કરીને જો કોઈ મહત્ત્વાભિમાની પુરુષ ઘરમાં આસક્ત રહે છે તો તે દશામાં સ્ત્રી-પુરુષોની મોટાઇ કેવળ આયુષને જોઇને માનવામાં આવે છે; પરંતુ ગુણદષ્ટિએ માનવામાં આવતી નથી.[૧૩] તેથી હે અસુરો ! 'તમે તૃષ્ણા, રાગ, વિષાદ, ક્રોધ, અભિમાન, ઈચ્છા, ભય, દીનતા અને માનસિક સંતાપનું મૂળ તથા જન્મ-મરણરૂપ સંસારચક્રનું વહન કરનાર ઘર વગેરેનો ત્યાગ કરીને ભગવાન નરસિંહના નિર્ભય ચરણકમળનો આશ્રય લો' [૧૪]

કેતુમાલ ખંડમાં લક્ષ્મીજીનો તથા સંવત્સર નામના પ્રજાપતિના પુત્ર અને પુત્રીઓનું પ્રિય કરવા માટે પદ્યુમ્ન ભગવાન કામદેવરૂપે નિવાસ કરે છે. તે રાત્રિની અભિમાની દેવતારૂપ કન્યાઓ અને દિવસના અભિમાની દેવતારૂપ પુત્રોની સંખ્યા મનુષ્યની સો વર્ષની આયુષ્યના દિવસો અને રાત્રીઓ જેટલી છે, અર્થાત્ છત્રીસ હજાર વર્ષની છે અને તેઓજ તે ખંડના અધિપતિ છે. તે કન્યાઓ પરમપુરુષ શ્રીનારાયણના શ્રેષ્ઠ અસ્ત્ર સુદર્શનચક્રના તેજથી ડરી જાય છે; તેથી દરેક વર્ષના અંતે તેઓના ગર્ભ નષ્ટ થઈને પડી જાય છે. [૧૫] ભગવાન પોતાના સુલલિત ગતિ-વિલાસથી સુશોભિત મધુર મંદ હાસ્યથી મનોહર લીલાપૂર્ણ સુકુમાર નેત્રકટાક્ષથી, સહજ ઊપસેલાં સુંદર આંખ ઉપરનાં ભીંજણની રમણીય છટાથી મુખકમળનું અપાર સૌંદર્ય ઉલેચીને સૌંદર્યદેવી શ્રીલક્ષ્મીને આનંદિત કરે છે, અને પોતે પણ સહજાનંદરૂપ છે.[૧૬] શ્રીલક્ષ્મીજી પરમ સમાધિયોગ

www.bhujmandir.org

દ્વારા ભગવાનના તે માયામય સ્વરૂપની રાત્રીના સમયે પ્રજાપતિ સંવત્સરની કન્યાઓ સહિત અને દિવસમાં તેઓના પતિઓ સહિત આરાધના અને આ મંત્રનો જપ કરતી ભગવાનની સ્તુતિ કરે છે. [૧૭] જે ઈંદ્રિયોના નિયામક અને સંપૂર્ણ શ્રેષ્ઠ વસ્તુઓનો ભંડાર છે, ક્રિયાશક્તિ, જ્ઞાનશક્તિ અને સંકલ્પ અધ્યવસાય વગેરે ચિત્તના ધર્મો તથા તે વિષયોના અધીશ્વર છે, અગિયાર ઈન્દ્રિયો અને પાંચ વિષય આ સોળ કળાઓથી યુક્ત છે, વેદોક્ત કર્મોથી પ્રાપ્ત થાય છે, તથા અન્નમય, અમૃતમય અને સર્વમય છે તે માનસિક, ઐન્દ્રિયિક અને શારીરિક બળસ્વરૂપ પરમ સુંદર ભગવાન કામદેવને ૐ હ્રાં હ્રાં હ્રીં હ્રૂં આ બીજમંત્ર સહિત સર્વ બાજુથી નમસ્કાર છે. [૧૮]

હે ભગવાન ! તમે ઈન્દ્રિયોના અધીશ્વર છો. સ્ત્રીઓ જાત-જાતનાં કઠોર વ્રતોથી તમારી જ આરાધના કરીને બીજા લૌકિક પતિઓની ઈચ્છા કર્યા કરે છે. પરંતુ તે તેના પ્રિય પુત્ર, ધન અને આયુષ્યની રક્ષા કરી શકતા નથી; કારણ કે તે પોતે જ પરતંત્ર છે.[૧૯] સાચા પતિ તો એ જ છે, કે જે પોતે જ સર્વથા નિર્ભય હોય અને બીજા ભયભીત લોકોની સર્વપ્રકારે રક્ષા કરી શકે. એવા પતિ એકમાત્ર તમે જ છો; જો એકથી વધારે ઈશ્વર માનવામાં આવે તો તેને એક-બીજા તરફથી ભય થવાની સંભાવના છે. તેથી જ તમે પોતાની પ્રાપ્તિ કરતાં અધિક બીજા કોઈ લાભને માનતા નથી. [૨૦] હે ભગવાન ! જે સ્ત્રી તમારા ચરણકરળનું પૂજન જ ઈચ્છે છે, અને અન્ય કોઈ વસ્તુની ઈચ્છા કરતી નથી તેની સર્વે કામનાઓ પૂર્ણ થઈ જાય છે; પરંતુ જો કોઈ એક ઈચ્છાને લઈને તમારી ઉપાસના કરે છે, તેને તમે કેવળ એ જ વસ્તુ આપો છો. અને બધા ભોગો સમાપ્ત થયા પછી તે નષ્ટ થઈ જાય છે તો તેને માટે તેમને સંતપ્ત થવું પડે છે. [૨૧] હે અજિત ! મને મેળવવા માટે ઈન્દ્રિયસુખના અભિલાષી બ્રહ્મા અને રુદ્ર વગેરે સમસ્ત દેવો અને દાનવો કઠિન તપસ્યા કરતા રહે છે. પરંતુ તમારા ચરણકરળનો આશ્રય લેનાર ભક્ત સિવાય મને કોઈ મેળવી શકતો નથી; કારણ કે મારું મન તો તમારામાં જ લાગેલું રહે છે. [૨૨] હે અચ્યુત ! તમે તમારા જે વન્દનીય કરકમળ ભક્તોના શિર પર રાખો છો, તે મારા શિર પર પણ રાખો. હે વરેણ્ય ! તમે મને કેવળ શ્રીલાંછનરૂપમાં તમારા વક્ષઃસ્થળમાં જ ધારણ કરો છો; તમે તો સર્વ સમર્થ છો, અને તમારી માયાથી જે લીલા કરો છો, તેનું રહસ્ય કોણ જાણી શકે છે ? [૨૩]

રમ્યક દેશમાં મત્સ્ય ભગવાને ત્યાંના અધિપતિ મનુને પૂર્વકાળમાં પોતાનું પરમ પ્રિય મત્સ્યરૂપે દર્શન આપ્યું હતું. મનુ મહારાજ પણ આજ દિવસ સુધી ભગવાનના એ જ મત્સ્યરૂપની ઘણા ભક્તિભાવથી ઉપાસના કરે છે અને આ મંત્રનો જપ કરતા રહીને સ્તુતિ કરે છે. સત્ત્વપ્રધાન મુખ્ય પ્રાણ સૂત્રાત્મા તથા મનોબળ, ઈન્દ્રિયબળ અને શરીરબળ ૐપદનો અર્થ સર્વશ્રેષ્ઠ ભગવાન મહામત્સ્યને વારંવાર નમસ્કાર છે. [૨૪-૨૫] હે પ્રભુ ! જેવી રીતે નટ કઠપુતળિઓને નચાવે છે, તેવી જ રીતે તમે બ્રાહ્મણ વગેરે નામોની દોરીથી સંપૂર્ણ વિશ્વને પોતાને આધીન કરીને નચાવી રહ્યા છો. તેથી તમે જ બધાના પ્રેરક છો. તમને બ્રહ્મા વગેરે લોકપાલગણ પણ જોઈ શકતા નથી; છતાં પણ તમે સમસ્ત પ્રાણિઓની અંદર પ્રાણરૂપથી અને બહાર વાયુરૂપથી નિરંતર સંચાર કરી રહ્યા છો. વેદ જ તમારો મહાન્ શબ્દ છે. [૨૬]

એક વાર ઈન્દ્ર વગેરે ઈંદ્રિયાભિમાની દેવતાઓને પ્રાણસ્વરૂપ તમારાથી દ્વેષ થયો હતો. ત્યારે તમારાથી અલગ થઈ જવાથી તે જુદા જુદા અથવા પરસ્પર મળીને પણ મનુષ્ય પશુ, સ્થાવર-જંગમ વગેરે જેટલાં શરીર દેખાય છે, તેમાંથી ઘણો પ્રયત્ન કરવાથી પણ કોઈની રક્ષા ન કરી શક્યા. [૨૭] હે અજન્મા પ્રભુ ! તમે મારા સહિત અને સમસ્ત ઔષધરૂપ વનસ્પતિઓ અને વેલીઓના આશ્રયરૂપ આ પૃથ્વીને લઈને મોટા મોટા પ્રચંડ મોજાંઓવાળા પ્રલયકાલીન સમુદ્રમાં ભારે ઉત્સાહથી વિહાર કરનારા અને સંસારના સમસ્ત પ્રાણસમુદાયના નિયંતા એવા તમને મારા નમસ્કાર છે. [૨૮]

હિરણ્મય ખંડમાં ભગવાન કૂર્મરૂપ ધારણ કરીને રહે છે. ત્યાંના નિવાસિઓ સહિત પિતૃરાજ અર્યમા ભગવાનની તે પ્રિયતમ મૂર્તિની ઉપાસના કરે છે. અને તે મંત્રને નિરંતર જપતા સ્તુતિ કરે છે. [૨૯] જે સંપૂર્ણ સત્ત્વગુણથી યુક્ત છે, જળમાં વિચરતા રહેવાને કારણે જેનું સ્થાન કોઈ નિશ્ચિત નથી તથા જે કાળની મર્યાદાથી બહાર છે, તે ૐસ્વરૂપ સર્વવ્યાપક સર્વાધાર કૂર્મરૂપ ભગવાનને વારંવાર નમસ્કાર છે. [૩૦] હે ભગવાન ! અનેક રૂપોમાં પ્રતીત થતું આ દેખાતું પ્રપંચ જો કે મિથ્યા જ છે એવો નિશ્ચય થાય છે, તેથી એની વસ્તુતઃ કોઈ સંખ્યા નથી, છતાં પણ આ માયાથી પ્રકાશિક થનાર તમારું જ રૂપ છે. એવા અનિર્વચનીયરૂપ વાળા તમને મારા નમસ્કાર છે. [૩૧] એક માત્ર તમે જ જરાયુજ, સ્વેદજ, અંડજ, ઉદ્ભિજ્જ, જઙ્ગમ, સ્થાવર, દેવતા, ઋષિ, પિતૃગણ, ભૂત, ઈંદ્રિય, સ્વર્ગ, આકાશ, પૃથ્વી, પર્વત, નદી, સમુદ્ર, દ્વીપ, ગ્રહ અને તારા વગેરે વિભિન્ન

www.bhujmandir.org

નામોથી પ્રસિદ્ધ છો.[૩૨] તમે અસંખ્ય નામ, રૂપ અને આકૃતિઓથી યુક્ત છો; કપિલ વગેરે વિદ્વાનોએ જે તમારી ચોવીસ તત્ત્વોની સંખ્યા નિશ્ચિત કરી છે, તે જે તત્ત્વદષ્ટિનો ઉદય થવાથી નિવૃત્ત જઇ જાય છે, તે પણ વસ્તુતઃ તમારું જ સ્વરૂપ છે. એવા સાંખ્યસિદ્ધાન્ત સ્વરૂપ તમને મારા નમસ્કાર છે'. [૩૩]

ઉત્તર કુરુખંડમાં ભગવાન યજ્ઞપુરુષ વરાહમૂર્તિ ધારણ કરીને વિરાજમાન છે. ત્યાંના નિવાસિઓ સહિત સાક્ષાત્ પૃથ્વીદેવી તેની અવિચલ ભક્તિભાવથી ઉપાસના કરે છે. [૩૪] 'જેનું તત્ત્વ મંત્રોથી જણાય છે જે યજ્ઞ અને ક્રતુરૂપ છે તથા મોટા-મોટા યજ્ઞો જેનું અંગ છે તે ૐકારસ્વરૂપ શુક્લકર્મમય ત્રિયુગમૂર્તિ પુરુષોત્તમ ભગવાન વરાહને વારંવાર નમસ્કાર છે'. [૩૫] 'ઋત્વિજો જેમ અરણિના લાકડાના ટુકડાઓમાં છુપાયેલા અગ્નિને મંથન દ્વારા પ્રગટ કરે છે, તેવી રીતે કર્મની આસક્તિ અને કર્મફળની કામનાને લીધે છુપાયેલા તમારા રૂપનું દર્શન કરવાની ઈચ્છાથી પરમ પ્રવીણ પંડિતજનો પોતાના વિવેકયુકત મનરૂપી વલોણાથી શરીર અને ઈન્દ્રિય વગેરેને વલોવી નાખે છે. આ પ્રકારે મંથન કરવાથી પોતાના સ્વરૂપને પ્રગટ કરનાર તમને નમસ્કાર છે.[૩૬] વિચાર તથા યમ, નિયમ વગેરે યોગાઙ્ગોના સાધનથી જેની બુદ્ધિ નિશ્ચયાત્મિકા થઈ ગઈ છે. તે મહાપુરુષ દ્રવ્ય, ક્રિયા (ઈન્દ્રિયનો વ્યાપાર), હેતુ (ઈન્દ્રિયાધિષ્ઠાતા દેવતા), યમન (શરીર), ઈશ, કાળ અને કર્તા (અહંકાર) વગેરે માયાના કાર્યને જોઈને જેના વાસ્તવિક સ્વરૂપનો નિશ્ચય કરે છે એવા માયિક આકૃતિઓથી રહિત તમને વારંવાર નમસ્કાર છે. [૩૭] જેમ લોઢું જડ પદાર્થ હોવા છતાં ચુમ્બકના સાન્નિધ્ય માત્રથી હલન-ચલન કરે છે. તેવી રીતે જે સર્વસાક્ષીની ઈચ્છામાત્રથી જે પોતા માટે નથી, પરંતુ સમસ્ત પ્રાણિઓ માટે હોય છે, પ્રકૃતિ પોતાના ગુણો દ્વારા જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય કરતી રહે છે; એવા સંપૂર્ણ ગુણો અને કર્મોના સાક્ષી તમને નમસ્કાર છે. [૩૮] તમે જગતના કારણભૂત આદિવરાહ છો. જેમ એક હાથી બીજા હાથીને પછાડે છે, તેવી રીતે ગજરાજની જેમ ક્રીડા કરતા તમે યુદ્ધમાં પોતાના પ્રતિદ્વન્દ્વી હિરણ્યાક્ષ દૈત્યને કચડી નાખીને મને (પૃથ્વીને) પોતાની દાઢોની અણી પર રાખીને રસાતળથી પ્રલય સમુદ્રમાંથી બહાર નીકળ્યા હતા. હું એવા સર્વશક્તિમાન પ્રભુને વારંવાર નમસ્કાર કરું છું.' [૩૯]

ઈતિ શ્રીમદ્ ભાગવતે મહાપુરાણે પંચમ સ્કંધે ખંડ વર્ણન નામનો અઢાર અધ્યાય સંપૂર્ણઃ (૧૮)

## અધ્યાય -: - ૧૯

# કિંપુરુષખંડ અને ભારતવર્ષનું વર્ણન

શ્રીશુકદેવજી કહે છે - હે રાજન્! કિંપુરુષવર્ષમાં શ્રીલક્ષ્મણજીના મોટા ભાઈ આદિપુરુષ, સીતાહૃદયાભિરામ ભગવાન શ્રીરામના ચરણોની સન્નિધિના રસિક પરમ ભાગવત શ્રીહનુમાનજી બીજા કિન્નરોની સાથે અવિચલ ભક્તિભાવથી તેની ઉપાસના કરે છે. [૧] ત્યાં બીજા ગંધર્વોની સાથે આર્ષ્ટિષેણ તેઓના સ્વામી ભગવાન રામની પરમ કલ્યાણમયી ગુણગાથા ગાયા કરે છે. શ્રીહનુમાનજી તેને સાંભળે છે અને સ્વયં પણ આ મંત્રનો જપ કરતા આ પ્રમાણે તેની સ્તુતિ કરે છે. [૨] 'અમે ૐકાર સ્વરૂપ પવિત્રકીર્તિ ભગવાન શ્રીરામને નમસ્કાર કરીએ છીએ. તમારામાં સત્પુરુષોનાં લક્ષણ, શીલ અને આચરણ વિદ્યમાન છે; તમે ઘણા જ સંયમચિત્ત, લોકારાધનતત્પર, સાધુતાની પરીક્ષા માટે કસોટીરૂપ છો અને અત્યંત બ્રાહ્મણભક્ત છો. એવા મહાપુરુષ મહારાજ રામને અમારા વારંવાર પ્રણામ છે.' [૩] હે ભગવાન ! તમે વિશુદ્ધ બોધસ્વરૂપ, અદ્વિતીય, પોતાના સ્વરૂપના પ્રકાશથી ગુણોનું કાર્યરૂપ જાગ્રત વગેરે સંપૂર્ણ અવસ્થાઓના નિવાસ કરનાર, સર્વાંતરાત્મા, પરમ શાન્ત, શુદ્ધ બુદ્ધિથી ગ્રહણ કરવા યોગ્ય, નામરૂપથી રહિત અને અહંકારશૂન્ય છો; હું તમારે શરણે છું. [૪] હે પ્રભુ ! તમારો મનુષ્ય અવતાર કેવળ રાક્ષસોના વધ માટે જ નથી પરંતુ તેનો મુખ્ય ઉદ્દેશ્ય તો મનુષ્યોને બોધ આપવાનો છે. અન્યથા પોતાના સ્વરૂપમાં જ રમણ કરનાર સાક્ષાત્ જગતના આત્મા જગદીશ્વરને સીતાજીના વિયોગમાં આટલું દુઃખ કેવી રીતે થઈ શકે ? [૫] તમે ધીરપુરુષોના આત્મા છો( અહીં શંકા થાય કે ભગવાન તો બધાના આત્મા છે, તો પછી અહીં આત્મવાન્ (ધીર) પુરુષોના જ આત્મા છે એવું કેમ બતાવ્યું ? તેનું કારણ એ છે કે બધાના આત્મા હોવા છતાં પણ તેને કેવળ આત્મજ્ઞાની પુરુષ જ પોતાના

www.bhujmandir.org

આત્મારૂપથી અનુભવ કરે છે. બીજા પુરુષ એવું નથી કરતા. શ્રુતિમાં જ્યાં જ્યાં આત્મસાક્ષાત્કારની વાત આવે છે, એ જ આત્મવેત્તા માટે 'ધીર' શબ્દનો પ્રયોગ કર્યો છે. જેમ 'કશ્ચિદ્ધીરઃ પ્રત્યગાત્માનમૈક્ષત ઈતિ નઃ શુશ્રુમ ધીરાણામ્' ઈત્યાદિ. તેથી અહીં પણ ભગવાનને આત્માવાન્ અથવા ધીર પુરુષના આત્મા બતાવ્યા છે. ) અને પ્રિયતમ ભગવાન વાસુદેવ છો; ત્રિલોકની કોઈ પણ વસ્તુમાં તમને આસક્તિ નથી. તમે તો નથી સીતાજી માટે મોહ પામતા અને નથી લક્ષ્મણજીનો ત્યાગ પણ કરતા. [૬] (એક વાર ભગવાન શ્રીરામ એકાંતમાં એક દૂતની સાથે વાત કરી રહ્યા હતા. તે સમયે લક્ષ્મણજી પહેરો કરી રહ્યા હતા અને ભગવાનની આજ્ઞા હતી કે જો આ સમયે કોઈ અંદર આવશે તે મારા હથે માર્યો જશે. તેવામાં જ દૂર્વાસા મુનિ આવ્યા અને એમણે લક્ષ્મણજીને અંદર જઈ પ્રભુ શ્રીરામને સૂચના આપવા માટે અંદર જવા માટે વિવશ કર્યા. આવી પોતાની પ્રતિજ્ઞા અનુસારે ભગવાન ઘણા અસમંજ (દ્વિધા)માં પડી ગયા. ત્યારે વસિષ્ઠજીએ કહ્યું કે લક્ષ્મણજીનાં પ્રાણ ન લઈને તેનો ત્યાગ કરવો જોઈએ; કારણ કે પોતાના પ્રિયજનનો ત્યાગ કરવો મૃત્યુદંડની સમાન જ છે. તેથી ભગવાને તેનો ત્યાગ કર્યો.) તમારો આ વ્યાપાર કેવળ લોકશિક્ષા માટે જ છે. હે લક્ષ્મણાગ્રજ ! ઉત્તમ કુળમાં જન્મ, સુંદરતા, વાણીચાતુરી, બુદ્ધિ અને શ્રેષ્ઠયોનિ આમાંથી કોઈ પણ ગુણ તમારી પ્રસન્નતાનું કારણ થઈ ન શકે, આ વાત સમજાવવા માટે જ તમે આ બધા ગુણોથી રહિત અમારા જેવા વનવાસી વાનરો સાથે મિત્રતા કરી છે. [૭] દેવતા, અસુર, વાનર અથવા મનુષ્ય કોઈ પણ હોય, તેમણે બધીરીતે શ્રીરામરૂપ તમારું જ ભજન કરવું જોઈએ; કારણ કે તમે નરરૂપમાં સાક્ષાત્ શ્રીહરિ જ છો અને થોડું કર્યું હોય તેને ઘણું માનો છો. તમે એવા આશ્રિતવત્સલ છો કે જ્યારે સ્વયં દિવ્યધામમાં સિધાવ્યા હતા, ત્યારે સમસ્ત ઉત્તરકોસલવાસિઓને પણ પોતાની સાથે જ લઈ ગયા હતા.' [૮] ભારતદેશમાં પણ ભગવાન દયાવશ નરનરાયણરૂપ ધારણ કરીને સંયમશીલ પુરુષો ઉપર અનુગ્રહ કરવા માટે અવ્યક્તરૂપથી કલ્પના અંત સુધી તપ કરતા રહે છે. તેમની આ તપસ્યા એવી જ છે કે જેમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ઐશ્વર્ય, શાન્તિ અને ઉપરતિની ઉત્તરોત્તર વૃદ્ધિ થઈને અંતમાં આત્મસ્વરૂપની ઉપલબ્ધિ થઈ શકે છે. [૯] અહીં ભગવાન નારદજી સ્વયં શ્રીભગવાન દ્વારા કહેવાયેલ સાંખ્ય અને યોગશાસ્ત્ર સહિત ભગવાનના મહિમાને પ્રગટ કરનાર પાંચરાત્રદર્શનના સાવર્ણિ મુનિને ઉપદેશ કરવા માટે ભારતવર્ષની વર્ણાશ્રમધર્માવલમ્બિની પ્રજાની સાથે અત્યંત ભક્તિભાવથી ભગવાન શ્રીનરનારાયણની ઉપાસના કરતા અને આ મંત્રનો જપ તથા સ્તોત્રનો પાઠ કરતા તેમની સ્તુતિ કરે છે. [૧૦] ૐકાર સ્વરૂપ ઋષિપ્રવર ભગવાન નરનારાયણને નમસ્કાર છે. તે પરમહંસોના પરમ ગુરુ અને આત્મારામોના અધીશ્વર છે, તમને વારંવાર નમસ્કાર છે. [૧૧] 'જે વિશ્વની ઉત્પત્તિ વગેરેમાં તેના કર્તા સ્વયં હોવા છતાં પણ કર્તૃત્વના અભિમાનમાં બંધાતા નથી, શરીરમાં રહેવા છતાં પણ તેના ધર્મ ભૂખ-તરસ વગેરેને વશીભૂત થતાં નથી તથા દ્રષ્ટા હોવાં છતાં પણ જેની દૃષ્ટિ દૃશ્યના ગુણ-દોષથી દૂષિત થતી નથી. તે અસંગ અને વિશુદ્ધ સાક્ષિસ્વરૂપ ભગવાન નરનારાયણને નમસ્કાર છે. [૧૨] હે યોગેશ્વર ! હિરણ્યગર્ભ ભગવાન બ્રહ્માજીએ યોગસાધનાની સૌથી વધારે કુશળતા એ જ બતાવી છે કે મનુષ્ય અંતકાળમાં દેહાભિમાનને છોડીને ભક્તિપૂર્વક તમારા પ્રાકૃત ગુણરહિત (દિવ્ય) સ્વરૂપમાં પોતાનું મન લગાવે. [૧૩] લૌકિક અને પારલૌકિક ભોગોના લાલચી મૂઢ પુરુષ જેમ કે પુત્ર, સ્ત્રી અને ધનની ચિંતા કરીને મૃત્યુથી ડરે છે, તેવી જ રીતે જે વિદ્વાન પુરુષો છે તેને પણ આ નિંદનીય શરીરના છૂટવાનો ભય રહ્યા કરે, તો તેમણે જ્ઞાન પ્રાપ્તિ માટે કરેલ પ્રયત્ન કેવળ શ્રમ જ છે. [૧૪] તેથી હે અધોક્ષજ ! તમે અમને તમારો સ્વાભાવિક પ્રેમરૂપ ભક્તિયોગ પ્રદાન કરો. હે પ્રભુ ! જેનાથી આ નિંદનીય શરીરમાં તમારી માયાને કારણે બદ્ધમૂળ થયેલ દૂર્ભેદ્ય અહંતા-મમતાને અમે તુરંત કાપી નાખીએ.' [૧૫] હે રાજન્ ! આ ભારતવર્ષમાં પણ ઘણા પર્વતો અને નદીઓ છે, જેમ કે મલય, મઙ્ગલપ્રસ્થ, મૈનાક, ત્રિકૂટ, ઋષભ, કૂટક, કોલ્લક, સહ્ય, દેવગિરિ, ઋષ્યમાન્, શ્રીશૈલ, વેઙ્કટ, મહેન્દ્ર, વારિધાર, વિન્ધ્ય, શુક્તિમાન્, ઋક્ષગિરિ, પારિયાત્ર, દ્રોણ, ચિત્રકૂટ, ગોવર્ધન, રૈવતક, કકુભ, નીલ, ગોકામૂખ, ઈંદ્રકીલ, અને કામગિરિ વગેરે. એવી જ રીતે બીજા પણ સેંકડો હજારો પર્વતો છે, તેમના તટપ્રાન્તોમાંથી નીકળતા નદ (પાણીના વહેણ) અને નદીઓ પણ અગણિત છે. [૧૬] આ નદીયો પોતાના નામોથી જીવને પ્રવિત્ર કરી દે છે અને ભારતીય પ્રજા તેના જળમાં સ્નાન વગેરે કરે છે. [૧૭] તેમાંથી મુખ્ય નદીઓ આ પ્રમાણે છે ચંદ્રવસા, તામ્રપર્ણી, અવટોદા, કૃતમાલા, વૈહાયસી, કાવેરી, વેણી, પયસ્વિની, શર્કરાવર્તા, તુંગભદ્રા, કૃષ્ણા, વેણ્યા, ભીમરથી, ગોદાવરી, નિર્વિન્ધ્યા, સિન્ધુ, અન્ધ અને શોણ નામના નદ, મહાનદી, વેદસ્મૃતિ, ઋષિકુલ્યા, ત્રિસામા, કૌશિકી, મન્દાકિની, યમુના, સરસ્વતી, દૃષદ્વતી, ગોમતી, સરયૂ,

www.bhujmandir.org

રોધસ્વતી, સપ્તવતી, સુષોમા, શતદ્રૂ, ચન્દ્રભાગા, મરુદ્દૃધા, વિતસ્તા, અસિક્‌ની અને વિશ્વા [૧૮] આ વર્ષ (ખંડ)માં જન્મ લેનાર પુરુષોને જ પોતે કરેલ સાત્ત્વિક, રાજસ અને તામસ કર્મોને અનુસારે ક્રમશઃ જુદા જુદા પ્રકારની દિવ્ય, માનુષ અને નારકી યોનિઓ પ્રાપ્ત થાય છે; કારણ કે કર્માનુસાર બધા જીવોને બધા પ્રકારની યોનિઓ પ્રાપ્ત થઇ શકે છે. આ જ દેશમાં પોતપોતાના વર્ણ માટે નક્કી કરેલ ધર્મનું વિધિવત્ અનુષ્ઠાન (આચરણ) કરવાથી મોક્ષ સુદ્ધાંની પણ પ્રાપ્તિ થઇ શકે છે. [૧૯]

હે પરીક્ષિત ! બધા ભૂતો(જીવો)ના આત્મા રાગ વગેરે દોષોથી રહિત, અનિર્વચનીય, નિરાધાર પરમાત્મા ભગવાન વાસુદેવમાં અનન્ય અને અહૈતુક ભક્તિભાવ જ આ મોક્ષપદ છે. આ ભક્તિભાવ ત્યારે જ પ્રાપ્ત થાય છે, જ્યારે અનેક પ્રકારની બાધાઓ ઉત્પન્ન કરનાર અવિદ્યારૂપ હૃદયની ગ્રન્થિ કપાઇ (નષ્ટ) થઇ જવાથી ભગવાનના પ્રેમીભક્તનો સંગ મળે છે. [૨૦] દેવતા પણ આ ભારતદેશમાં ઉત્પન્ન થયેલ મનુષ્યનો આ પ્રકારે મહિમા ગાય છે. અહો ! જે જીવાત્માઓએ ભારતદેશમાં ભગવાનની સેવાને યોગ્ય મનુષ્ય જન્મ પ્રાપ્ત કરેલ છે, તેઓએ એવું તે કયું પુણ્ય કર્યું છે ? અથવા તેના ઉપર સ્વયં શ્રીહરિ જ પ્રસન્ન થઇ ગયા છે ? આવા પરમ સૌભાગ્ય માટે તો નિરંતર અમે (દેવતા) પણ તલસતા રહીએ છીએ. [૨૧] અમને ઘણા કઠોર યજ્ઞ, તપ, વ્રત અને દાન વગેરે કરીને જો આ તુચ્છ સ્વર્ગનો અધિકાર પ્રાપ્ત થયો છે, એનાથી શું લાભ છે ? અહીં તો ઈન્દ્રિયોનો ભોગ વધારે પડતો હોવાને કારણે સ્મૃતિશક્તિ ક્ષીણ થઇ જાય છે, તેથી શ્રીનારાયણના ચરણકમળોની સ્મૃતિ ક્યારેય થતી જ નથી. [૨૨] આ સ્વર્ગ તો શું અહીંના નિવાસિઓની એક કલ્પની આયુષ હોય છે પરંતુ અહીંથી ફરી સંસારચક્રમાં ફરવું પડે છે, તે બ્રહ્મલોક વગેરેની અપેક્ષાએ પણ ભારતભૂમિમાં થોડી આયુષવાળા થઇને જન્મ લેવો ઉત્તમ છે; કારણ કે અહીં ધીર પુરુષ એક ક્ષણમાં જ પોતાના આ મર્ત્યશરીરથી કરવામાં આવેલ સંપૂર્ણ કર્મ શ્રીભગવાનને અર્પણ કરીને તેનું (ભગવાનનું) અભયપદ પ્રાપ્ત કરી શકે છે.[૨૩] અહીં (સ્વર્ગમાં) ભગવાનની કથાની અમૃતમયી સરિતા વહેતી નથી, અહીં તે અમૃતમયી સરિતાનું ઉત્પત્તિ સ્થાન ભગવદ્‌ભક્ત સાધુજન નિવાસ કરતા નથી. અને અહીં નૃત્ય, ગીત વગેરેની સાથે મોટા સમારોહ દ્વારા ભગવાન યજ્ઞપુરુષની પૂજા-અર્ચના કરવામાં આવતી નથી, તે ભલેને બ્રહ્મલોક કેમ ન હોય, તેનું સેવન ન કરવું જોઇએ. [૨૪] જે જીવાત્માઓએ આ ભારતદેશમાં જ્ઞાન (વિવેકબુદ્ધિ), તેને અનુરૂપ કર્મ તથા તે કર્મને ઉપયોગી દ્રવ્ય વગેરે સામગ્રીથી સંપન્ન મનુષ્ય જન્મ મેળવ્યો છે, તે જો આવાગમન (જન્મ-મરણ)ના ચક્રથી નીકળવાનો પ્રયત્ન કરતો નથી. તો પારાધીના ફંદામાંથી છૂટીને પણ ફળ વગેરેના લોભથી તે વૃક્ષપર વિહાર કરનાર વનવાસી પક્ષિઓની સમાન ફરી બંધનમાં પડી જાય છે. [૨૫] 'અહો ! આ ભારતવાસીઓનું કેવું સૌભાગ્ય છે ? જ્યારે એ યજ્ઞમાં ભિન્ન-ભિન્ન દેવતાઓની તૃપ્તિના ઉદ્દેશ્યથી અલગ ભાગ રાખીને વિધિ, મન્ત્ર અને દ્રવ્ય વગેરેના યોગથી શ્રદ્ધાપૂર્વક દેવતાઓને હવિ પ્રદાન કરે છે, ત્યારે આ પ્રમાણે ઈન્દ્ર વગેરે દેવોના આહવાન કરવાથી સંપૂર્ણ કામનાઓને પૂર્ણ કરનાર સ્વયં પૂર્ણકામ શ્રીહરિ જ પ્રસન્ન થઇને તે હવિનું ગ્રહણ કરે છે. [૨૬] એ તો બરાબર છે કે ભગવાન સકામ પુરુષોના માંગવાથી તેને અભીષ્ટ પદાર્થ આપે છે, પરંતુ આ ભગવાનનું વાસ્તવિક દાન નથી; કારણ કે તે વસ્તુઓને મેળવી લેવાથી પણ મનુષ્યના મનમાં ફરી કામનાઓ થતી જ રહે છે. આનાથી ઊલટું જો શ્રીહરિનું નિષ્કામભાવથી યજન કરે છે, તેને તો સ્વયં શ્રીહરિ સાક્ષાત્ પોતાનાં ચરણકમળ જ આપી દે છે, જે બીજી બધી ઇચ્છાઓને સમાપ્ત કરનાર છે. [૨૭] તેથી અત્યાર સુધી સ્વર્ગસુખ ભોગવી લીધા પછી અમારાં પૂર્વકૃત યજ્ઞ, પ્રવચન અને શુભ કર્મોથી જે કંઇ પણ પુણ્ય બાકી રહ્યું હોય, તો તેના પ્રભાવથી અમને આ ભારતદેશમાં ભગવાનની સ્મૃતિથી યુક્ત મનુષ્ય જન્મ મળે; કારણ કે શ્રીહરિ પોતાનું ભજન કરનારનું બધી રીતે કલ્યાણ કરે છે.' [૨૮]

શ્રીશુકદેવજી કહે છે- હે રાજન્ ! રાજા સગરના પુત્રોએ પોતાના યજ્ઞના ઘોડાને શોધતા આ પૃથ્વીને ચારે બાજુએ ખોદી હતી. તેનાથી જંબુદ્વીપમાંજ બીજા આઠ દ્વીપ બની ગયા છે. [૨૯] તે સ્વર્ણપ્રસ્થ, ચંદ્રશુક્લ, આવર્તન, રમણક, મંદરહરિણ, પાંચજન્ય, સિંહલ અને લંકા છે. [૩૦] હે ભરતશ્રેષ્ઠ ! આ પ્રમાણે જેવું મેં ગુરુમુખેથી સાંભળ્યું હતું, તેવું જ તને આ જંબુદ્વીપના દેશોનો વિભાગ (વિસ્તાર) કહી સંભળાવ્યો. [૩૧]

**ઈતિ શ્રીમદ્ ભાગવતે મહાપુરાણે પંચમ સ્કંધે જંબુદ્વીપ વર્ણન નામનો ઓગણીસમો અધ્યાય સંપૂર્ણઃ (૧૯)**

www.bhujmandir.org

## અધ્યાય -:- ૨૦

# બીજા છ દ્વીપો અને લોકાલોક પર્વતનું વર્ણન

શ્રીશુકદેવજી કહે છે- હે રાજન્ ! ભૂમિ વિસ્તારનો માપ, લક્ષણ અને સ્થિતિને અનુસારે પ્લક્ષાદિ બીજા દ્વીપોના દેશ વિભાગનું વર્ણન કરવામાં આવે છે. [૧] જેવી રીતે મેરુ પર્વત જંબૂદ્વીપથી વીંટળાયેલો છે, તેવી રીતે જંબૂદ્વીપ પણ પોતાના જ જેટલા પરિમાણ અને વિસ્તારવાળા ખારા જળના સમુદ્રથી ચારે બાજુથી વીંટળાયેલો છે. વળી જે રીતે ખાઈ બહારના ઉપવનથી વીંટળાયેલી છે, તેવી રીતે ખારો સમુદ્ર પણ પોતાથી બમણા વિસ્તારવાળા પ્લક્ષદ્વીપથી વીંટળાયેલો છે. જંબૂદ્વીપમાં જેટલું મોટું જાંબુડાનું ઝાડ છે તેટલા જ વિસ્તારવાળા અહીં સુવર્ણમય પ્લક્ષ (અંજીર) નું ઝાડ છે. તેથી આ દ્વીપનું નામ પ્લક્ષદ્વીપ પડ્યું છે. અહીં સાત જિહ્વાવાળા અગ્નિદેવ વિરાજે છે. આ દ્વીપના અધિપતિ પ્રિયવ્રતપુત્ર મહારાજ ઈધ્મજિહ્વ હતા. તેમણે આ દ્વીપને સાત ખંડોમાં વિભાજિત કર્યો અને તેને તે ખંડોના જેવા જ નામવાળા પોતાના પુત્રોને સોંપી દીધા, અને પોતે અધ્યાત્મયોગનો આશ્રય લઈને વિરક્ત થઈ ગયા. [૨] આ દેશોનાં નામ શિવ, યવસ, સુભદ્ર, શાન્ત, ક્ષેમ, અમૃત અને અભય છે. આ દેશોમાં પણ સાત પર્વતો અને સાત નદીઓ જ પ્રસિદ્ધ છે. [૩] ત્યાં મણિકૂટ, વજ્રકૂટ, ઈન્દ્રસેન,જ્યોતિષ્માન, સુપર્ણ, હિરણ્યષ્ઠીવ અને મેઘમાલ આ સાત મર્યાદાપર્વતો છે તથા અરુણા, નૃમ્ણા, આઙ્ગિરસી, સાવિત્રી, સુપ્રભાતા, ઋતંભરા અને સત્યંભરા આ સાત મહાનદીઓ છે. ત્યાં હંસ, પતઙ્ગ, ઊર્ધ્વાયન અને સત્યાઙ્ગ નામના ચાર વર્ણો છે. ઉપર જણાવેલ નદીયોના જળમાં સ્નાન કરવાથી રજોગુણ-તમોગુણ ક્ષીણ થતા રહે છે. તેમની આયુષ્ય એક હજાર વર્ષની હોય છે. તેમના શરીરમાં દેવતાઓની જેમ થાક, પરસેવો વગેરે થતાં નથી અને સંતાનોત્પત્તિ પણ તેમના જેવી જ થાય છે. આ ત્રયીવિદ્યા દ્વારા ત્રણે વેદોમાં વર્ણન કરાયેલ સ્વર્ગના દ્વારભૂત આત્મસ્વરૂપ ભગવાન સૂર્યની ઉપાસના કરે છે. [૪] તેઓ કહે છે કે 'જેઓ સત્ય (અનુષ્ઠાનયોગ્ય ધર્મ) અને ઋત (પ્રતીત થનાર ધર્મ), વેદ અને શુભાશુભ ફળના અધિષ્ઠાતા છે તે પુરાણપુરુષ વિષ્ણુસ્વરૂપ ભગવાન સૂર્યના શરણમાં અમે જઈએ છીએ.' [૫] પ્લક્ષ વગેરે પાંચ દ્વીપોમાં બધા મનુષ્યોને જન્મથી જ આયુષ્ય, ઈન્દ્રિય, મનોબળ, ઈન્દ્રિયબળ, શારીરિક બળ, બુદ્ધિ અને પરાક્રમ સમાનરૂપથી સિદ્ધ થયેલાં હોય છે. [૬] પ્લક્ષદ્વીપ પોતાના જેટલા જ વિસ્તાર વાળા ઈક્ષુરસ (શેરડીના રસ)ના સમુદ્રથી ઘેરાયેલો છે. તેનાથી આગળ તેનાથી બમણા પરિમાણ(વિસ્તાર) વાળો શાલ્મલીદ્વીપ છે, જે એટલા જ વિસ્તારવાળા મદિરાના સમુદ્રથી ઘેરાયેલો છે. [૭] આ શાલ્મલીદ્વીપમાં પ્લક્ષદ્વીપના પ્લક્ષ ઝાડના જેવડું જ શાલ્મલીનું ઝાડ છે. કહેવાય છે કે, આ જ ઝાડ પોતાની વેદમય પાંખોથી ભગવાનની સ્તુતિ કરનાર પક્ષિરાજ ભગવાન ગરુડનું નિવાસસ્થાન છે તથા આ વૃક્ષ આ દ્વીપના નામ કરણમાં હેતુભૂત છે. [૮] આ દ્વીપના અધિપતિ પ્રિયવ્રતપુત્ર મહારાજ યજ્ઞબાહુ હતા. તેઓ તેવાજ તેમના સુરોચન, સૌમનસ્ય, રમણક, દેવવર્ષ, પારિભદ્ર, આપ્યાયન અને અવિજ્ઞાત નામાના સાત વિભાગ કર્યા અને તેઓને એ જ નામવાળા પોતાના પુત્રોને સોંપી દીધા. [૯] તેમાં પણ સાત વર્ષ, પર્વત અને સાત નદીઓ પ્રસિદ્ધ છે. પર્વતોનાં નામ આ પ્રમાણે છે સ્વરસ, શતશૃઙ્ગ, વામદેવ, કુન્દ, મુકુન્દ, પુષ્પવર્ષ અને સહસ્રશ્રુતિ છે તથા નદીઓ આ પ્રમાણે છે, અનુમતિ, સિનીવાલી, સરસ્વતી, કુહૂ, રજની, નન્દા અને રાકા છે,[૧૦] આ દેશોમાં રહેનાર શ્રુતધર, વીર્યધર, વસુંધર અને ઈષન્ધર નામના ચાર વર્ણ વેદમય આત્મસ્વરૂપ ભગવાન ચન્દ્રમાની વેદમંત્રોથી ઉપાસના કરે છે. [૧૧] તેઓ પ્રાર્થના કરતા કહે છે ' જે કૃષ્ણપક્ષ અને શુક્લપક્ષમાં પોતાના કિરણોથી વિભાજન કરીને દેવતાઓ, પિતૃઓ અને સમસ્ત પ્રાણિઓને અન્ન આપે છે, તે ચંદ્રદેવ અમારું મનોરંજન કરનારા રાજા થાઓ. [૧૨]

આ પ્રમાણે મદિરાના સમુદ્રથી આગળ તેનાથી બમણા પરિમાણવાળો કુશદ્વીપ છે. પહેલાં કહેલ દ્વીપની સમાન આ પણ પોતાના જ જેટલા વિસ્તારવાળા ઘૃત(ઘી)ના સમુદ્રથી વીંટળાયેલો છે. આ દ્વીપમાં ભગવાને રચેલું એક કુશનું ઝાડ છે, તેના નામથી આ દ્વીપનું નામ પ્રસિદ્ધ થયેલું છે, તે બીજા અગ્નિદેવ જેવું જ કુશ ઝાડ પોતાની કોમળ શિખાઓની કાન્તિથી બધી દિશાઓને પ્રકાશિત કરતું રહે છે.[૧૩] હે રાજન્ ! આ દ્વીપના અધિપતિ પ્રિયવ્રતપુત્ર મહારાજ હિરણ્યરેત હતા. તેમણે આ દ્વીપના સાત વિભાગ કરીને તેમાંનો એક-એક વિભાગ પોતાના સાત પુત્રો વસુ, વસુદાન, દઢરુચિ, નાભિગુપ્ત, સ્તુત્યવ્રત, વિવિક્ત અને વામદેવને આપી દીધા અને પોતે તપ કરવા નિકળી ગયા.[૧૪] તેમની સીમાઓ નક્કી કરનાર સાત પર્વતો છે અને સાત નદીઓ છે. પર્વતોનાં નામ આ પ્રમાણે છે - ચક્ર,ચતુઃશૃઙ્ગ, કપિલ, ચિત્રકૂટ, દેવાનીક, ઊર્ધ્વરોમા અને દ્રવિણ છે.

www.bhujmandir.org

નદીઓનાં નામ આ પ્રમાણે છે, રસકુલ્યા, મધુકુલ્યા, મિત્રવિંદા, શ્રુતવિંદા, દેવગર્ભા, ઘૃતચ્યુતા અને મંત્રમાલા [૧૫] આ નદીઓના જળમાં સ્નાન કરીને કુશદ્વીપવાસીઓ કુશળ, કોવિદ, અભિયુક્ત અને કુલક વર્ણના પુરુષ અગ્નિસ્વરૂપ ભગવાન શ્રીહરિનું યજ્ઞ વગેરે કર્મ કૌશલના દ્વારા પૂજન કરે છે. અને આ પ્રમાણે સ્તુતિ કરે છે. [૧૬] "હે અગ્નિદેવ ! તમે પરબ્રહ્મને પ્રત્યક્ષ હવિ પહોંચાડનાર છો; તેથી ભગવાનના અઙ્ગભૂત દેવતાઓનું યજન કરીને તમે તે પરમપુરુષનું યજન કરો." [૧૭]

હે રાજન્ !પછી ઘીના સમુદ્રની આગળ તેનાથી બમણા પરિમાણવાળો ક્રૌંચદ્વીપ છે. જેવી રીતે કુશદ્વીપ ઘીના સમુદ્રથી ઘેરાયેલો છે, તેવી રીતે આ પોતાના જેવડા વિસ્તારવાળા દૂધના સમુદ્રથી ઘેરાયેલો છે. આહીં ક્રૌંચ નામનો એક બહું મોટો પર્વત છે, તેને કારણે આ દ્વીપનું નામ ક્રૌંચદ્વીપ પડ્યું છે. [૧૮] પૂર્વે શ્રીસ્વામિકાર્તિકેયજીના શસ્ત્રપ્રહારથી આનો કટિભાગ અને લતા, નિકુંજ વગેરે ક્ષત વિક્ષત થઇ ગયો હતો, કિન્તુ ક્ષીરસમુદ્ર વડે સીંચવાથી વરુણદેવ વડે સુરક્ષિત થવાથી આ ફરી નિર્ભય થઇ ગયો. [૧૯] આ દ્વીપના અધિપતિ પ્રિયવ્રતપુત્ર મહારાજ ઘૃતપૃષ્ઠ હતા. તે બહું મોટા જ્ઞાની હતા. તેઓએ આ દ્વીપને સાત દેશોમાં વિભાજન કરીને તેના જ જેવા નામવાળા પોતાના સાત ઉત્તરાધિકારી પુત્રોને નિયુક્ત કર્યા અને પોતે સમગ્ર જીવપ્રાણીના અંતરાત્મા, પરમ મંગલમય કીર્તિશાળી ભગવાન શ્રીહરિના પાવન ચરણકમળનું શરણું લીધું. [૨૦] મહારાજ ઘૃતપૃષ્ઠના આમ, મધુરુહ, મેઘપૃષ્ઠ, સુધામા, ભ્રાજિષ્ઠ, લોહિતાર્ણ અને વનસ્પતિ આ સાત પુત્રો હતા. તેમના દેશોમાં પણ સાત ખંડો, પર્વતો અને સાત નદીઓ કહેવામાં આવે છે. પર્વતોનાં નામ આ પ્રમાણે છે - શુક્લ, વર્ધમાન, ભોજન, ઉપબર્હિણ, નંદ, નંદન અને સર્વતોભદ્ર છે તથા નદીઓનાં નામ આ પ્રમાણે છે - અભયા, અમૃતૌઘા, આર્યકા, તીર્થવતી, વૃત્તિરૂપવતી, પવિત્રવતી, અને શુક્લા. [૨૧] આ નદીઓનું પવિત્ર અને નિર્મળ જળનું સેવન કરનાર ત્યાંના પુરુષ, ઋષભ, દ્રવિણ અને દેવક નામના ચાર વર્ણવાળા નિવાસી જળથી ભરાયેલ અંજલીઓ દ્વારા આપોદેવતા જળના દેવતાની ઉપાસના કરે છે. [૨૨] (અને પ્રાર્થના કરે છે) હે જળના દેવતા ! તમને પરમાત્મા પાસેથી સામર્થ્ય પ્રાપ્ત છે. તમે ભૂ: ભુવ: અને સ્વ: આ ત્રણે લોકોને પવિત્ર કરો છો; તેથી તમે સ્વરૂપથી જ પાપોનો નાશ કરનાર છો. અમે અમારાં શરીરથી તમારો સ્પર્શ કરીએ છીએ, તમે અમારા અંગોને પવિત્ર કરો. [૨૩]

આ પ્રમાણે ક્ષીરસમુદ્રની આગળ તેની ચારે બાજુ બત્રીસ લાખ જોજન વિસ્તારવાળો શાકદ્વીપ છે, જે પોતાના જ જેટલા વિસ્તારવાળા દહીંના સમુદ્રથી ઘેરાયેલ છે. એમાં શાક નામનું એક બહું મોટું વૃક્ષ છે, તે જ આ દ્વીપના નામનું કારણ છે. તેની અત્યંત મનોહર સુગંધથી સમગ્ર દ્વીપ સુગંધિત રહે છે.[૨૪] મેધાતિથિ નામના તેના અધિપતિ પણ રાજા પ્રિયવ્રતનો જ પુત્ર હતો. તેમણે પણ પોતાના દ્વીપને સાત ખંડોમાં વિભાજિત કર્યો અને તેમાં તેવાજ નામ વાળા પોતાના પુત્રો પુરોજવ, મનોજવ, પવમાન, ધૂમ્રાનીક, ચિત્રરેફ, બહુરૂપ, અને વિશ્વધારને અધિપતિ બનાવ્યા. અને સ્વયં ભગવાન અનંતમાં દત્તચિત થઇ તપોવનમાં ચાલ્યા ગયા. [૨૫] આ ખંડોમાં પણ સાત મર્યાદા પર્વતો અને સાત નદીઓ જ છે. પર્વતોનાં નામ આ પ્રમાણે છે, ઈશાન, ઉરુશૃઙ્ગ, બલભદ્ર, શતકેસર, સહસ્રસ્રોત, દેવપાલ અને મહાનસ છે તથા નદીઓનાં નામ આ પ્રમાણે છે - અનઘા, આયુર્દા, ઉભયસ્પૃષ્ટિ, અપરાજિતા, પઞ્ચપદી, સહસ્રશ્રુતિ અને નિજધૃતિ છે. [૨૬] તે ખંડના ઋતવ્રત, સત્યવ્રત, દાનવ્રત અને અનુવ્રત નામના પુરુષો પ્રાણાયામ દ્વારા પોતાના રજોગુણ, તમોગુણને ક્ષીણ કરીને મહાન સમાધિ દ્વારા વાયુરૂપ શ્રીહરિની આરાધના કરે છે. તથા આ પ્રમાણે તેની સ્તુતિ કરે છે. [૨૭] 'જે પ્રાણ વગેરે વૃત્તિરૂપ પોતાની ધ્વજાઓ સહિત પ્રાણિઓની અંદર પ્રવેશ કરીને તેનું પાલન કરે છે તથા સંપૂર્ણ દેખાતું આ જગત જેને આધીન છે, તે સાક્ષાત્ અંતર્યામી વાયુ ભગવાન અમારી રક્ષા કરો. [૨૮]

આ પ્રમાણે દહીંના સમુદ્રની આગળ તેની ચારે બાજું તેનાથી બમણા વિસ્તારવાળા પુષ્કરદ્વીપ છે. તે ચારે બાજુથી પોતાના જ જેટલા વિસ્તારવાળા મીઠા જળના સમુદ્રથી ઘેરાયેલ છે. ત્યાં અગ્નિની શિખાની સમાન દેદીપ્યમાન સ્વર્ણમય લાખો પાંખડીઓવાળું એક ઘણું મોટું પુષ્કર કમળ છે, જે બ્રહ્માજીનું આસન માનવામાં આવે છે. [૨૯] તે દ્વીપના વચ્ચોવચ્ચ તેના પૂર્વ અને પશ્ચિમ વિભાગની સીમાઓ નક્કી કરનાર માનસોત્તર નામનો એક પર્વત છે. તે દશ હજાર જોજન ઊંચો અને એટલો જ લાંબો છે. તેની ઉપર ચારે દિશાઓમાં ઈન્દ્ર વગેરે લોકપાલોની ચાર પુરીઓ છે. તેની ઉપર મેરુપર્વતની ચારે બાજું ફરનાર સૂર્યના રથનું સંવત્સરરૂપ પૈડું દેવતાઓનો દિવસ અને રાત અર્થાત્ ઉત્તરાયણ અને દક્ષિણાયનના ક્રમથી સદાય ફર્યા કરે છે.[૩૦] તે દ્વીપના અધિપતિ પ્રિયવ્રતપુત્ર વીતિહોત્ર પણ પોતાના પુત્ર રમણક અને ધાતકિને બન્ને ખંડના અધિપતિ

www.bhujmandir.org

બનાવીને પોતે પોતાના મોટા ભાઈની જેમ ભગવાનની સેવામાં જ તત્પર રહેવા લાગ્યા હતા. [૩૧] ત્યાંના નિવાસી બ્રહ્મારૂપ ભગવાન શ્રીહરિની બ્રહ્મસાલોક્ય વગેરે પ્રાપ્તિ કરાવનાર કર્મોથી આરાધના કરતા આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યા. [૩૨] 'જે સાક્ષાત્ કર્મફળરૂપ છે અને એક પરમેશ્વરમાં જ જેમની પૂર્ણ સ્થિતિ છે તથા જેની સર્વે લોકો પૂજા કરે છે, બ્રહ્મજ્ઞાનના સાધનરૂપ તે અદ્વિતીય અને શાંતસ્વરૂપ બ્રહ્મમૂર્તિ ભગવાનને મારા નમસ્કાર છે.' [૩૩]

શ્રીશુકદેવજી કહે છે- હે રાજન્ ! તેની આગળ લોકાલોક નામનો પર્વત છે. તે પૃથ્વીની બધી બાજુ સૂર્ય દ્વારા પ્રકાશિત અને અપ્રકાશિત પ્રદેશની વચ્ચે તેનું વિભાજન કરવા માટે ઊભો છે. [૩૪] મેરુથી લઈને માનસોત્તર પર્વત સુધી જેટલું અંતર છે, તેટલી જ ભૂમિ શુદ્ધોદક સમુદ્રની સામે પાર છે. તેની આગળ સુવર્ણમયી ભૂમિ છે, જે દર્પણની જેમ સ્વચ્છ છે. તેમાં પડેલી કોઈ પણ વસ્તુ પાછી મળતી નથી, તેથી દેવતાઓ સિવાય બીજા કોઈ પ્રાણિઓ રહેતાં નથી. [૩૫] લોકાલોક પર્વત સૂર્ય પ્રકાશિત અને અપ્રકાશિત ભૂભાગના વચ્ચમાં છે, એનાથી તેનું આ નામ પડ્યું છે.[૩૬] આને પરમાત્માએ ત્રિલોકની બહાર તેની ચારે બાજુ સીમાના રૂપમાં સ્થાપિત કર્યો છે. એ એટલો ઊંચો અને લાંબો છે કે આની એક બાજુથી ત્રણે લોકોને પ્રકાશિત કરનારાં સૂર્યના કિરણોથી માંડીને ધ્રુવ સુધી સમસ્ત જ્યોતિર્મંડળના કિરણો બીજી બાજુ જઈ શકતાં નથી.[૩૭]

વિદ્વાનોએ પ્રમાણ, લક્ષણ અને સ્થિતિને અનુસારે બધા લોકોનો એટલો જ વિસ્તાર બતાવ્યો છે. આ સમગ્ર ભૂગોળ પચાસ કરોડ જોજન છે. આનો ચોથો ભાગ (અર્થાત્ સાડા બાર કરોડ જોજન વિસ્તારવાળો) આ લોકાલોકપર્વત છે. [૩૮] એમની ઉપર ચારે દિશાઓમાં સમસ્ત સંસારના ગુરુ સ્વયંભૂ શ્રીબ્રહ્માજીએ સર્વે જીવપ્રાણિમાત્રની રક્ષા માટે ઋષભ, પુષ્કરચૂડ, વામન અને અપારજિત નામના ચાર ગજરાજ નિયુક્ત કર્યા છે. [૩૯] આ દિગ્ગજોની અને પોતાના અંશસ્વરૂપ ઈન્દ્ર વગેરે લોકપાલોની વિવિધ શક્તિની વૃદ્ધિ ત્યાંના સમસ્ત લોકોના કલ્યાણ માટે પરમ ઐશ્વર્યના અધિપતિ સર્વાન્તર્યામી પરમ પુરુષ શ્રીહરિ પોતાના વિશ્વક્સેન વગેરે પાર્ષદો સહિત આ પર્વત ઉપર વિરાજે છે. તે પોતાના વિશુદ્ધ સત્ત્વ શ્રીવિગ્રહને જે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ઐશ્વર્ય વગેરે આઠ મહાસિદ્ધિઓથી યુક્ત છે તેને ધારણ કરી રહ્યા છે. તેમના કરકમળોમાં શંખ-ચક્ર વગેરે આયુધ સુશોભિત છે. [૪૦] આ પ્રમાણે પોતાની યોગ માયાથી રચેલા જુદા જુદા ભુવનોની વ્યવસ્થાને સુરક્ષિત રાખવા માટે લીલામય રૂપે કલ્પના અંતસુધી ત્યાં રહે છે. [૪૧] લોકાલોકના અંતર્વર્તી ભૂભાગનો જેટલો વિસ્તાર છે, તેટલો જ બીજી બાજુ અલોક પ્રદેશનો વિસ્તાર પણ છે, એવું સમજી લેવું જોઈએ. તેની આગળ તો કેવળ યોગેશ્વરોની જ બરાબર ગતિ થઈ શકે.[૪૨] હે રાજન્ ! સ્વર્ગ અને પૃથ્વીની વચ્ચે જે બ્રહ્માંડનું કેન્દ્ર છે, તે જ સૂર્યની સ્થિતિ છે. સૂર્ય અને બ્રહ્માંડગોલકની વચ્ચે સર્વે બાજુથી પચીસ કરોડ જોજનનું અંતર છે. [૪૩] સૂર્ય આ મૃત અર્થાત્ મરેલ અણ્ડમાં વૈરાજરૂપે વિરાજમાન છે, તેનાથી તેનું નામ 'માર્ત્તણ્ડ' થયું છે. આ હિરણ્યમય બ્રહ્માંડથી પ્રગટ થયેલા છે, તેથી તેને 'હિરણ્યગર્ભ' પણ કહે છે.[૪૪] સૂર્યદ્વારા જ દિશા, આકાશ, દ્યુલોક (અન્તરિક્ષલોક), ભૂર્લોક, સ્વર્ગ અને મોક્ષનો પ્રદેશ, નરક અને રસાતલ તથા અન્ય સમસ્ત ભાગોનો વિભાગ નક્કી થાય છે.[૪૫] સૂર્ય જ દેવતા, તિર્યક્, મનુષ્ય, સરીસૃપ અને વેલી વૃક્ષ વગેરે સમસ્ત જીવપ્રાણિઓના આત્મા અને નેત્રેન્દ્રિયના અધિષ્ઠાતા છે. [૪૬]

ઈતિ શ્રીમદ્ ભાગવતે મહાપુરાણે પંચમ સ્કંધે ભુવનકોશ વર્ણન નામનો વીશમો અધ્યાય સંપૂર્ણઃ (૨૦)

## અધ્યાય - : - ૨૧

# સૂર્યનો રથ અને તેની ગતિનું વર્ણન.

શ્રીશુકદેવજી કહે છે - હે રાજન્ ! વિસ્તાર અને લક્ષણો સહિત આ ભૂમંડળનો કુલ આટલો જ વિસ્તાર છે, તે તમને અમે કહી બતાવ્યો.[૧] આને અનુસારે વિદ્વાન લોકો દ્યુલોકનો પણ વિસ્તાર બતાવે છે. જેવી રીતે ચણા, વટાણા વગેરેનાં બે ફાડીયાંમાંથી એકનું સ્વરૂપ જાણી લેવાથી બીજાનું પણ જાણી શકાય છે, તેવી જ રીતે ભૂલોકના પરિમાણથી પણ દ્યુલોકનું પણ પરિમાણ સમજી લેવું જોઈએ. આ બન્નેની વચ્ચે અંતરિક્ષલોક છે. એ આ બન્ને લોકોનું સંધિસ્થાન છે. [૨] તે અંતરિક્ષલોકના મધ્યભાગમાં રહેલ ગ્રહો અને નક્ષત્રોના અધિપતિ ભગવાન સૂર્ય પોતાના તાપ અને પ્રકાશથી ત્રણે લોકોને તપાવતા અને

www.bhujmandir.org

પ્રકાશિત કરતા રહે છે. તે ઉત્તરાયણ, દક્ષિણાયન અને વિષુવત્ (મધ્યમ) નામવાળી ક્રમશઃ મન્દ, શીઘ્ર અને સમાન ગતિદ્વારા ચાલીને સમયાનુસાર મકર વગેરે રાશિઓમાં ઊંચા-નીચા અને સમાન સ્થાનોમાં જઈને દિવસ-રાતને મોટો-નાનો અને સમાન કરે છે. [૩] જ્યારે સૂર્ય ભગવાન મેષ અથવા તુલા રાશિમાં પ્રવેશ કરે છે. ત્યારે દિવસ અને રાત્રિ સરખાં થાય છે; જ્યારે વૃષભ વગેરે પાંચ (સૂર્ય) રાશિઓમાં ચાલે છે. ત્યારે પ્રતિમાસ રાત્રિઓ એક ઘડી નાની થતી જાય છે અને તે જ હિસાબે દિવસો મોટા થતા જાય છે. [૪] જ્યારે વૃશ્ચિક વગેરે પાંચ રાશિઓમાં ચાલે છે, ત્યારે દિવસો અને રાત્રિઓમાં સૂર્યના વધ-ઘટમાં ઉપર જણાવેલ કાળની સ્થિતિ કરતાં તેનાથી ઊલટું પરિવર્તન થાય છે. અર્થાત્ દિનપ્રતિદિન એક એક ઘડી ઘટતી જાય છે અને રાત્રિઓ વધતી જાય છે. [૫] આ પ્રમાણે દક્ષિયાણનનો પ્રારંભ થાય ત્યાં સુધી દિવસ મોટો થતો રહે છે અને ઉત્તરાયણ લાગે ત્યાં સુધી રાત્રિઓ મોટી થતી જાય છે. [૬] આ પ્રમાણે પંડિતજનો માનસોત્તર પર્વતપર સૂર્યની પરિક્રમાનો માર્ગ નવ કરોડ એકાવન લાખ જોજન બતાવે છે. તે પર્વતપર મેરુના પૂર્વની તરફ ઈન્દ્રની દેવધાની, નામની પુરી છે. દક્ષિણ દિશામાં યમરાજની સંયમની પુરી છે, પશ્ચિમમાં વરુણની નિમ્લોચની અને ઉત્તરમાં ચન્દ્રમાની વિભાવરી નામની પુરીઓ છે. આ પુરીઓમાં મેરુની ચારે બાજુ સમયાનુસાર સૂર્યોદય, મધ્યાહ્ન, સાયંકાળ અને અર્ધરાત્રિ થાય છે; તેને જ કારણે સમગ્ર જીવપ્રાણિમાત્રની પ્રવૃત્તિ અને નિવૃત્તિ થાય છે. [૭] હે રાજન્ ! જે લોકો સુમેરુપર રહે છે તેને તો સૂર્યદેવ સદાય મધ્યાહ્નકાલીન રહીને જ તપાવતા રહે છે. તે પોતાની ગતિ પ્રમાણે અશ્વિની વગેરે નક્ષત્રોની તરફ ગતિ કરતાં જોકે મેરુને ડાબે રાખીને ગતિ કરે છે તો પણ સમગ્ર જ્યોતિમંડળને ઘુમાવતા, હંમેશાં જમણી તરફ વાતા પ્રબલ પવન દ્વારા ઘૂમાવી દેવાતું હોવાને કારણે સૂર્યદેવ ડાબી બાજુએ રાખીને ગતિ કરતાં જણાઈ આવે છે. [૮] જે પુરીમાં સૂર્યનારાયણનો ઉદય થાય છે, તેનાથી બીલકુલ બીજી બાજુની પુરીમાં સૂર્ય અસ્ત થતા જાણાશે અને જ્યાં તે લોકોને પરસેવાથી ભીંજાતાં તપાવી રહ્યા હશે. તેનાથી બીલકુલ સામેની પુરીમાં અર્ધી રાત્રી થવાને કારણે તેઓ લોકોને નિદ્રાધીન કર્યા હશે. જે લોકોને મધ્યાહ્નના સમયે સૂર્ય સ્પષ્ટ દેખાઈ રહ્યા હશે તે લોકો, સૂર્ય જ્યારે સૌમ્ય દિશામાં પહોંચશે ત્યારે તેમનું દર્શન કરી શકશે નહીં. [૯]

સૂર્યદેવ જ્યારે ઈન્દ્રદેવની પુરીથી યમરાજની પુરી તરફ જાય છે, ત્યારે પંદર ઘડીમાં તેઓ સવા બે કરોડ અને સાડાબાર લાખ જોજનની ગતિથી થોડી પચીસ હજાર જોજન વધુ ગતિથી ચાલે છે. [૧૦] પછી આ જ ક્રમે તેઓ વરુણ અને ચન્દ્રમાની પુરીઓને પાર કરીને ફરી ઈન્દ્રની પુરીમાં પહોંચે છે. આ પ્રમાણે ચન્દ્રમા વગેરે બીજા ગ્રહો પણ જ્યોતિશ્ચક્રમાં બીજા નક્ષત્રોની સાથે ઉદિત અને અસ્ત થતા રહે છે. [૧૧] આ પ્રમાણે ભગવાન સૂર્યના વેદમય રથ એક મુહૂર્તમાં ચોત્રીસ લાખ આઠસો જોજનની ગતિના હિસાબે ચાલતો આ રથ ચારે પુરીઓમાં ફર્યા કરે છે. [૧૨] આ સૂર્યના રથનું સંવત્સર નામનું એક ચક્ર બતાવવામાં આવે છે. તેમાં મહિનાના રૂપમાં બાર આરા છે, ઋતુના રૂપમાં છ નેમીઓ છે, ત્રણ ચોમાસાના રૂપમાં ત્રણ નાભિઓ છે. આ રથની ધરીનો એક છેડો મેરુપર્વતની શિખરપર છે અને બીજો છેડો માનસોત્તર પર્વતપર છે. તેમાં લગાવેલ આ પૈડું ઘાણીના પૈડાંની જેમ ફરતું માનસોત્તરની ઉપર ચક્કર લગાવે છે.[૧૩] આ ધરીમાં જેનો મુખ્ય ભાગ જોડાયેલો છે, એવી એક ધરી બીજી પણ છે. તે લંબાઈમાં તેના ચોથા ભાગ જેટલી છે અને ઉપરનો છેડો તૈલયંત્રની ધરીની જેમ ધ્રુવલોકથી જોડાયેલ છે. [૧૪]

આ રથમાં બેસવાનું સ્થાન છત્રીસ લાખ જોજન લાંબુ અને નવ લાખ જોજન પહોળુ છે. તેનો તુરીય ભાગ પણ છત્રીસ લાખ જોજન જ લાંબો છે. તેમાં અરુણ નામનો સારથિએ ગાયત્રી વગેરે છન્દોના જેવા જ નામ વાળા સાત ઘોડાઓ જોડી રાખ્યા છે, તે જ આ રથ પર બેસીને ભગવાન સૂર્યને લઈને ચાલે છે.[૧૫] સૂર્યદેવની આગળ તેમની જ સામે મુખ રાખીને બેઠેલ અરુણ તેના સારથિનું કામ કરે છે. [૧૬] સૂર્યની આગળ અંગૂઠાના વેઢા જેવા અને એટલાજ આકારવાળા વાલખિલ્ય, વગેરે સાઠ હજાર ઋષિ સ્વસ્તિવાચન માટે નિયુક્ત કરાયેલ છે. તેઓ સૂર્યની સ્તુતિ કર્યા કરે છે. [૧૭] એના સિવાય ઋષિ, ગન્ધર્વ, અપ્સરા, નાગ, યક્ષ, રાક્ષસ અને દેવતા જે કુલમળીને ચૌદ છે, પરંતુ યુગલરૂપમાં જુદા- જુદા નામવાળા થઈને પોતાના જુદા-જુદા કર્મોથી પ્રત્યેક મહિનામાં અલગ-અલગ નામ ધારણ કરનાર આત્મસ્વરૂપ ભગવાન સૂર્યની જોડલાં મળીને ઉપાસના કરે છે. [૧૮] આ પ્રમાણે સૂર્યનારાયણ ભૂમંડળના નવ કરોડ એકાવન લાખ જોજન ઘેરાવામાંથી પ્રત્યેક ક્ષણમાં બે હજાર બે જોજનનું અંતર પાર કરી લે છે. [૧૯]

ઈતિ શ્રીમદ્ ભાગવતે મહાપુરાણે પંચમ સ્કંધે સૂર્ય રથ મંડલ વર્ણન નામનો એકવીશમો અધ્યાય સંપૂર્ણઃ (૨૧)

www.bhujmandir.org

## અધ્યાય - : - ૨૨

# જુદા જુદા ગ્રહોની સ્થિતિ અને ગતિનું વર્ણન

રાજા પરીક્ષિતે કહ્યું - હે ભગવાન ! તમે જે કહ્યું કે જોકે ભગવાન સૂર્ય રાશિઓની તરફ જાતે સમયે મેરુ અને ધ્રુવને ડાબી બાજુ રાખીને ચાલતા જણાય છે, પરંતુ વસ્તુતઃ તેની ગતિ દક્ષિણાવર્ત હોતી નથી. આ વિષયને અમે કેવી રીતે સમજીએ ?[૧]

શ્રીશુકદેવજી કહે છે- હે રાજન્ ! જેવી રીતે કુંભારના ફરતા ચાકડા પર ચડેલી, તેની સાથે ચક્કર ફરતી કીડીની પણ ગતિ ચાકડાથી જુદી દિશામાં દેખાય છે કારણ કે તે કીડી જુદા-જુદા સમયે તે ચક્રના જુદા-જુદા ભાગમાં જોવા મળે છે. તેવી રીતે નક્ષત્ર અને રાશિઓથી ઉપલક્ષિત કાળચક્રમાં પડીને ધ્રુવ અને મેરુને ડાબી બાજૂ રાખીને ઘૂમનાર સૂર્ય વગેરે ગ્રહોની ગતિ વાસ્તવમાં તેનાથી જુદી છે; કારણ કે તે કાળના ભેદથી જુદી-જુદી રાશિ અને નક્ષત્રોમાં દેખાઈ આવે છે. [૨] વેદ અને વિદ્વાન લોકો પણ જેની ગતિને જાણવા માટે ઉત્સુક રહે છે, તે સાક્ષાત્ આદિપુરુષ ભગવાન નારાયણ જ લોકોના કલ્યાણ અને કર્મોની શુદ્ધિ માટે પોતાના વેદમય વિગ્રહને કાળના બાર મહિનામાં વિભાજિત કરીને વસંત વગેરે છ ઋતુઓમાં તેના યથાયોગ્ય ગુણોનું વિધાન કરે છે. [૩] આ લોકમાં વર્ણ અને આશ્રમના ધર્મને અનુસરનાર પુરુષ ત્રણે વેદ દ્વારા પ્રતિપાદિત નાના-મોટા કર્મોથી ઈન્દ્ર વગેરે દેવતાઓના રૂપમાં અને યોગના સાધનોથી અંતર્યામીરૂપમાં તેની શ્રદ્ધાપૂર્વક આરાધના કરીને સુગમતાથી જ પરમ પદને પ્રાપ્ત કરે છે. [૪] ભગવાન સૂર્ય સર્વ પ્રાણીઓના આત્મા છે. તે પૃથ્વી અને દ્યુલોકના મધ્યમાં રહેલા આકાશમંડળની અંદર કાળચક્રમાં સ્થિર રહીને બાર મહિનાને ભોગવે છે, જે સંવત્સરના અવયવો છે અને મેષ વગેરે રાશિઓના નામથી પ્રસિદ્ધ છે. તેમાંથી પ્રત્યેક માસ ચંદ્રમાનથી શુક્લ અને કૃષ્ણ એમ બે પક્ષનો પિતૃમાનથી એક રાત અને એક દિવસનો તથા સૌરમાનથી સવા બે નક્ષત્રોનો બતાવવામાં આવે છે. જેટલા કાળમાં સૂર્યદેવ આ સંવત્સરનો છઠો ભાગ ભોગવે છે, તેટલા સમયને એક ઋતુ કહેવામાં આવે છે.[૫] આકાશમાં ભગવાન સૂર્યનો જેટલો માર્ગ છે, તેનો અડધો ભાગ તે જેટલા સમયમાં પાર કરી લે છે, તેને એક વર્ષ કહેવાય છે. [૬] તથા જેટલા સમયમાં તે પોતાની મન્દ, તીવ્ર અને સમાન ગતિથી સ્વર્ગ અને પૃથ્વીમંડળ સહિત સમગ્ર આકાશનું ચક્કર લગાવી લે છે. તેને અવાન્તર ભેદથી સંવત્સર, પરિવત્સર, ઈડાવત્સર, અનુવત્સર અથવા વત્સર કહે છે.[૭]

આ પ્રમાણે સૂર્યની કિરણોથી એક લાખ જોજન ઉપર ચન્દ્રમા છે. તેની ગતિ ઘણી તીવ્ર છે. તેથી તે બધા નક્ષત્રોથી આગળ રહે છે. તે સૂર્યના એક વર્ષના માર્ગને એક મહિનામાં, એક મહિનાના માર્ગને સવા બે દિવસમાં અને એક પક્ષના માર્ગને એક દિવસમાં જ ફરી લે છે. [૮] આ કૃષ્ણપક્ષમાં ક્ષીણ થતી કળાઓથી પિતૃગણના અને શુક્લપક્ષમાં વધતી જતી કળાઓથી દેવતાઓના દિવસ રાતનું વિભાજન કરે છે તથા ત્રીસ-ત્રીસ મુહૂર્તોમાં એક-એક નક્ષત્રને પાર કરે છે. અન્નમય અને અમૃતમય હોવાને કારણે આ જ બધા જીવોનો પ્રાણ અને જીવન છે. [૯] આ જે સોળ કળાઓથી યુક્ત મનોમય, અન્નમય, અમૃતમય પુરુષસ્વરૂપ ભગવાન ચન્દ્રમા છે એ જ દેવતા, પિતર, મનુષ્ય, ભૂત, પશુ, પક્ષી, સરીસૃપ અને વૃક્ષ વગેરે સમસ્ત પ્રાણિઓના પ્રાણોને પોષણ કરે છે; તેથી તેને 'સર્વમય' કહે છે. [૧૦]

ચન્દ્રમાથી ત્રણ લાખ જોજન ઊપર અભિજિત સહિત અઠ્યાવિશ નક્ષત્ર છે. ભગવાને તેને કાળચક્રમાં નિયુક્ત કરી રાખ્યા છે, તેથી એ મેરુને ડાબી બાજુ રાખીને ફર્યા કરે છે. [૧૧] તેનાથી બે લાખ જોજન ઊપર શુક્ર જોઈ શકાય છે. તે સૂર્યની શીઘ્ર, મન્દ અને સમાન ગતિઓને અનુસારે તેની સમાન ક્યારેક આગળ, ક્યારેક પાછળ અને ક્યારેક સાથે રહીને ચાલે છે. આ વરસાદ કરનાર ગ્રહ છે, તેથી લોકોને પ્રાયઃ હંમેશાં અનુકુળ રહે છે. તેની ગતિથી એવું અનુમાન થાય છે કે આ વરસાદ રોકનાર ગ્રહને શાન્ત કરી દે છે. [૧૨]

શુક્રની ગતિને સાથે બુધની પણ વ્યાખ્યા થઈ ગઈ, શુક્રને અનુસારે જ બુદ્ધની ગતિ પણ સમજી લેવી જોઈએ. આ ચન્દ્રમાના પુત્ર શુક્રથી બે લાખ જોજન ઊપર છે. આ પ્રાયઃ મંગળકારી જ છે; કિન્તુ જ્યારે સૂર્યની ગતિનું ઉલ્લંઘન કરી ચાલે છે ત્યારે અતિશય આંધી, વાદળ અને દુષ્કાળના ભયની સૂચના દે છે. [૧૩] એનાથી બે લાખ જોજન ઉપર મંગળ છે. તે જો વક્રગતિથી ચાલતો નથી, તો એક-એક રાશિને ત્રણ-ત્રણ પક્ષમાં ભોગવતો રહીને બારે રાશિઓને પાર કરે છે. આ અશુભ

www.bhujmandir.org

ગ્રહ છે અને પ્રાયઃ અમંગળનો સૂચક છે. [૧૪] તેની ઉપર બે લાખ જોજન દૂર ભગવાન બૃહસ્પતિનો ગ્રહ છે. તે જો વક્ર ગતિથી ચાલતો નથી, તો એક-એક રાશિને એક-એક વર્ષમાં ભોગવે છે આ પ્રાયઃ બ્રાહ્મણકુળ માટે અનુકૂળ કહેવાય છે. [૧૫]

બૃહસ્પતિથી બે લાખ જોજન ઉપર શનૈશ્ચર જોવામાં આવે છે. તે ત્રીસ મહિના સુધી એક-એક રાશિમાં રહે છે. તેથી તેને સર્વ રાશિઓને પાર કરવા માટે ત્રીસ વર્ષો લાગી જાય છે. આ પ્રાયઃ બધા માટે અશાન્તિકારક છે. [૧૬] તેની ઉપર અગિયાર લાખ જોજન દૂર કશ્યપ વગેરે સપ્તર્ષિ દેખાય છે. તે બધા લોકો માટે મંગળ કામનાઓ કરતા રહીને ભગવાન વિષ્ણુના પરમ પદ ધ્રુવલોકની પ્રદક્ષિણા કર્યા કરે છે.[૧૭]

ઈતિ શ્રીમદ્ ભાગવતે મહાપુરાણે પંચમ સ્કંધે જ્યોતિશચક્ર વર્ણન નામનો બાવીશમો અધ્યાય સંપૂર્ણઃ (૨૨)

## અધ્યાય -:- ૨૩

# શિશુમારચક્રનું વર્ણન

શ્રીશુકદેવજી કહે છે- હે રાજન્ ! સપ્તર્ષિઓથી તેર લાખ જોજન ઉપર ધ્રુવલોક છે. તેને ભગવાન વિષ્ણુનું પરમ પદ કહેવાય છે. અહીં ઉત્તાનપાદના પુત્ર ભગવાનના પરમ ભક્ત ધ્રુવજી વિરાજમાન છે. અગ્નિ, ઈન્દ્ર, પ્રજાપતિ કશ્યપ અને ધર્મ આ બધા એકી સાથે અત્યંત આદર પૂર્વક એમની પદક્ષિણા કર્યા કરે છે. બધા જ કલ્પ પર્યંત રહેનાર લોક એમના આધારે જ રહેલા છે. એમના આ લોકોના પ્રભાવનું (ચોથા સ્કન્ધમાં) વર્ણન કરેલું છે. [૧] હંમેશાં જાગ્રત રહેતા અવ્યક્તગતિ ભગવાન કાળની પ્રેરણાથી જે ગ્રહો, નક્ષત્રો વગેરે જ્યોતિર્ગણ નિરંતર ઘૂમ્યા કરે છે, ભગવાને ધ્રુવલોકને જ તે બધાના આધારસ્થભરૂપે નિયુક્ત કરેલ છે. તેથી આ એક સ્થાનમાં રહીને સદાય પ્રકાશિત રહે છે. [૨] જેવી રીતે ડૂડાંમાંથી ધાન્ય છૂટું કરવા માટે ડૂડાંને ખુંદનારાં પશુ નાની, મોટી અને મધ્યમ રસીમાં બાંધીને ક્રમશઃ નજીક, દૂર ને મધ્યમાં રહીને ખૂટીની ચારે બાજુ મંડળ બાંધીને ફર્યા કરે છે. તેવી રીતે બધાં નક્ષત્ર અને ગ્રહમંડળ બહાર અને અંદરના ક્રમથી આ કાળચક્રમાં નિયુક્ત થઈને ધ્રુવલોકનો જ આશ્રય લઈને વાયુથી પ્રેરિત થતા કલ્પના અંત સુધી ફર્યા કરે છે. જેવી રીતે વાદળાં અને બાજ વગેરે પક્ષીઓ પોતાના કર્મોની સહાયથી વાયુને આધીન રહીને આકાશમાં ઊડ્યા કરે છે, તેવી રીતે આ જ્યોતિમંડળ પણ પ્રકૃતિ અને પુરુષના સંયોગવશ પોતપોતાના કર્મોને અનુસારે ચક્કર મારતા રહે છે, પૃથ્વી પર પડતા નથી. [૩] કોઈ પુરુષ ભગવાનની યોગમાયાના આધારે રહેલ આ જ્યોતિશ્ચક્રનું શિશુમાર રૂપે વર્ણન કરે છે.[૪] આ શિશુમાર ગોળાકારે વળેલા આકારવાળા છે અને તેનું મુખ નીચે તરફ છે. આની પૂંછડીના છેડે ધ્રુવ રહેલ છે. પૂછડીના મધ્યભાગમાં પ્રજાપતિ, અગ્નિ, ઈન્દ્ર અને ધર્મ છે. પૂંછડીના મૂળમાં ધાતા અને વિધાતા છે. એના કટિભાગમાં સપ્તર્ષિ છે.આ શિશુમાર જમણી તરફ સંકોચાઈને કુડળી વાળેલો છે. આવી સ્થિતિમાં અભિજિતથી લઈને પુનર્વસુ પર્યંત જે ઉત્તરાયણનાં ચૌદ નક્ષત્રો છે, તે સર્વે તેમના જમણા ભાગ છે અને પુષ્યથી લઈને ઉત્તરાષાઢા પર્યંત જે દક્ષિણાયનનાં ચૌદ નક્ષત્રો છે, તે સર્વે ડાબા ભાગમાં છે. લોકમાં પણ જ્યારે શિશુમાર કુંડળાકારે થાય છે, ત્યારે બન્ને બાજુનાં અંગોની સંખ્યા સમાન રહે છે, તેવી રીતે અહીં નક્ષત્રોની સંખ્યામાં સમાનતા (બન્ને બાજુ ચૌદ-ચૌદ) છે. આમની પીઠના ભાગમાં અજવીથી (મૂળ, પૂર્વાષાઢા અને ઉત્તરાષાઢા નામના ત્રણ નક્ષત્રોનો સમૂહ) છે અને ઉદરના ભાગમાં આકાશગંગા છે. [૫] હે રાજન્ ! એમના જમણા અને ડાબા કટિભાગોમાં પુનર્વસુ અને પુષ્ય નક્ષત્રો છે. પાછલા ભાગે જમણા અને ડાબા ચરણોમાં આર્દ્રા અને આશ્લેષા નક્ષત્રો છે, તથા નસકોરાઓમાં ક્રમશઃ અભિજિત્ અને ઉત્તરાષાઢા નક્ષત્રો છે. આવી રીતે જમણાં અને ડાબાં નેત્રોમાં શ્રવણ અને પૂર્વાષાઢા અને જમણા અને ડાબા કાનોમાં ધનિષ્ઠા અને મૂળ નક્ષત્ર છે. મઘા વગેરે દક્ષિણાયનના આઠ નક્ષત્ર ડાબી પાસળીઓમાં અને ઊલટા ક્રમથી મૃગશિરા વગેરે ઉત્તરાયણના આઠ નક્ષત્ર ડાબી પાસળીઓમાં છે. શતભિષા અને જ્યેષ્ઠા આ બે નક્ષત્રો ક્રમશઃ જમણા અને ડાબા ખભાના સ્થાને છે. [૬] તેમની ઉપરની હડપચીમાં અગસ્ત્ય, નીચેની હડપચીમાં નક્ષત્રરૂપ યમ, મુખમાં મંગળ, લિંગપ્રદેશમાં શનિ, ખૂંધમાં બૃહસ્પતિ, છાતીમાં સૂર્ય, હૃદયમાં નારાયણ, મનમાં ચન્દ્રમા, નાભિમાં શુક્ર, સ્તનોમાં અશ્વિનીકુમાર, પ્રાણ અને અપાનમાં બુધ, ગળામાં રાહુ, સમસ્ત અઙ્ગોમાં કેતુ અને રુવાંટાંઓમાં સમગ્ર તારાગણ રહેલ છે. [૭]

www.bhujmandir.org

હે રાજન્ ! આ ભગવાન વિષ્ણુનું સર્વદેવમય સ્વરૂપ છે. તેમનું નિત્યપ્રતિ સંધ્યાકાળના સમયે પવિત્ર અને મૌન થઇને દર્શન કરતાં ચિંતન કરવું જોઇએ તથા આ મંત્રનો જપ કરતાં ભગવાનની સ્તુતિ કરવી જોઇએ. (''નમો જ્યોતિર્લોકાય કાલાયનાયાતિમિષાં પતયે મહાપુરુષાયાભિધીમહિ'' 'સંપૂર્ણ જ્યોતિર્ગણોના આશ્રય, કાળચક્ર સ્વરૂપ, સર્વદેવાધિપતિ પરમપુરુષ પરમાત્માનું નમસ્કારપૂર્વક અમે ધ્યાન કરીએ છીએ.' [૮] ગ્રહો, નક્ષત્રો અને તારાઓના રૂપમાં ભગવાનનું આધિદૈવિકરૂપ પ્રકાશિત થઇ રહ્યું છે; તે ત્રણે કાળમાં ઉપર્યુક્ત મંત્રનો જપ કરનાર પુરુષોનાં પાપોનો નાશ કરી નાખે છે. જે પુરુષ સવારે, બપોરે અને સાંજે આ ત્રણે કાળમાં તેમના આ આધિદૈવિક સ્વરૂપનું નિત્યપ્રતિ ચિંતન અને વંદન કરે છે, તેમનાં તે સમયે કરેલાં પાપો તુરંત નષ્ટ થઇ જાય છે. [૯]

ઈતિ શ્રીમદ્ ભાગવતે મહાપુરાણે પંચમ સ્કંધે શિશુમારચક્ર વર્ણન નામનો ત્રેવીશમો અધ્યાય સંપૂર્ણઃ (૨૩)

## અધ્યાય -ઃ- ૨૪

# રાહુ વગેરે ગ્રહોની સ્થિતિ, અતલ વગેરે લોકોનું વર્ણન.

શ્રીશુકદેવજી કહે છે, હે પરીક્ષિત્ ! કેટલાક લોકોનું કહેવું છે કે સૂર્યથી દસ હજાર જોજન નીચે રાહુ નક્ષત્રોની જેમ ફર્યા કરે છે. તેમણે ભગવાનની કૃપાથી જ દેવત્વ અને ગ્રહત્વ પ્રાપ્ત કર્યું છે, સ્વયં આ સિંહિકાપુત્ર અસુરાધમ હોવાને કારણે કોઇ રીતે આ પદને યોગ્ય નથી. તેમનો જન્મ અને કર્મોનું વર્ણન અમે આગળ કરીશું. [૧] સૂર્યનું આ જે અત્યંત તપતું મંડળ છે, તેનો વિસ્તાર દસ હજાર જોજન બતાવવામાં આવ્યો છે. તેવી રીતે ચન્દ્રમંડળનો વિસ્તાર બાર હજાર જોજન છે અને રાહુનો તેર હજાર જોજન છે. અમૃતપાનના સમયે રાહુ દેવતાના વેષમાં સૂર્ય અને ચન્દ્રની મધ્યે આવીને બેસી ગયો હતો. તે સમયે સૂર્ય અને ચન્દ્રએ તેની સૌને જાણ કરી દીધી; તે વેરને યાદ કરીને આ અમાવાસ્યા અને પૂર્ણિમાના દિવસે તેઓના ઉપર આક્રમણ કરે છે. [૨] આ જોઇને વિષ્ણુ ભગવાને સૂર્ય-ચન્દ્રની રક્ષા માટે બન્નેની પાસે પોતાનું પ્રિય આયુધ સુદર્શન ચક્રને નિયુક્ત કર્યું છે. તે હંમેશાં કર્યા કરે છે, તેથી રાહુ તેના અસહ્ય તેજથી ઉદ્વિગ્ન અને ચકિતચિત્ત થઇને મુહૂર્તવાર તેમની સામે આવીને તરત જ પાછો ચાલ્યો જાય છે. એટલી વાર તે સૂર્ય અને ચન્દ્રની સામે રહેવાની ઘટનાને લોકો ગ્રહણ કહે છે. [૩] રાહુથી દસ હજાર જોજન નીચે સિદ્ધો, ચારણો અને વિદ્યાધરો વગેરેના સ્થાન છે. [૪] તેની નીચે જ્યાં સુધી વાયુની ગતિ છે અને વાદળ જોઇ શકાય છે, તે અંતરિક્ષ લોક છે. તે યક્ષ, રાક્ષસ, પિશાચ, પ્રેત અને ભૂતોનું વિહારસ્થળ છે.[૫] તેની નીચે સો જોજન દૂર પૃથ્વી છે. જ્યાં સુધી હંસ, ગીધ, બાજ, ગરુડ વગેરે પક્ષીઓ ઊડી શકે છે, ત્યાં સુધી તેની સીમા છે. [૬] પૃથ્વીનો વિસ્તાર અને સ્થિતિ વગેરેનું વર્ણન આગળ થઇ ગયું છે. પૃથ્વીની નીચે અતલ, વિતલ, સુતલ, તલાતલ, મહાતલ, રસાતલ અને પાતાલ નામના સાત ભૂગર્ભસ્થિત લોક છે. આ એક-એકની નીચે એક-એક લોક દસ-દસ હજાર જોજન દૂર રહેલ છે, અને તેમની દરેકની લંબાઇ અને પહોંળાઇ પણ દસ-દસ હજાર જોજન છે.[૭] આ ભૂમિના લોક પણ એક રીતે સ્વર્ગ જ છે. તેમાં સ્વર્ગથી પણ વધારે વિષયભોગ, ઐશ્વર્ય, આનંદ, સંતાનસુખ અને ધનસંપત્તિ છે. અંહીના વૈભવપૂર્ણ ભવન, ઉદ્યાન અને ક્રીડાસ્થળોમાં દૈત્યો, દાનવો અને નાગલોકો અનેક પ્રકારની માયામયી ક્રીડાઓ કરતા નિવાસ કરે છે. આ બધા ગૃહસ્થધર્મનું પાલન કરનારા છે. તેમની પત્ની, પુત્ર,બન્ધુ બાન્ધવ અને સેવકો તેમને બહુ પ્રેમ કરે છે અને હંમેશાં પ્રસન્ન ચિત્ત રહે છે. તેમના ભોગોમાં ખલેલ કરવાની હિંમત ઈન્દ્ર વગેરે દેવતાઓમાં પણ નથી. [૮] હે મહારાજ ! આ લોકોમાં મહામાયાવી મયદાનવે બનાવેલ અનેક પુરીઓ શોભાથી જગમગી રહી છે, જે અનેક પ્રકારની જાતિઓના સુંદર અને ઉત્તમ મણિયોથી રચેલ ચિત્ર-વિચિત્ર ભવન, કોટ, નગરદ્વાર, સભાખંડ, મંદિર, વિશાળ આંગણાઓ તથા જેમ નાગ અને અસુરોનાં યુગલો અને કબૂતરો, પોપટ અને મેના વગેરે પક્ષી કિલોલ કર્યા કરે છે એવી વાટિકાઓ અને તે પાતાલલોકોના અધિપતિઓના ભવ્ય ભવનો સુશોભિત છે. [૯] ત્યાંના બગીચાઓ પણ પોતાની શોભાથી દેવલોકના બગીચાઓની શોભાને પરાજિત કરે છે. તેમાં અનેક પ્રકારનાં વૃક્ષો છે, જેની સુંદર ડાળીઓ ફળ-ફૂલોનાં ગુચ્છોના અને કોમળ કૂંપળોના ભારથી નમતી રહે છે તથા જુદા-જુદા પ્રકારની લતાવેલીઓને પોતાના અંગપાશમાં બાંધી રાખ્યા છે. ત્યાં જે નિર્મળ જળથી ભરેલ અનેક જળાશયો છે. તેમની પણ અપૂર્વ શોભા છે. તેના

www.bhujmandir.org

કિનારાઓ પર જુદા-જુદા પ્રકારના પક્ષીઓનાં જોડલાંઓ વિલાસ કર્યા કરે છે. આ વૃક્ષો અને જળાશયોની શોભાથી તે ઉદ્યાનો અત્યંત શોભી રહ્યા છે. તે જળાશયોમાં રહેનાર માછલીઓ જ્યારે ક્રીડા કરતી ઊછળે છે, ત્યારે જળમાં તરંગો ઊઠે છે. અને સાથે સાથે જળની ઉપર ઊગેલ કમળ, કુમુદ, કુવલય, કહ્લાર, નીલકમળ, લાલકમળ અને શતપત્ર કમળ વગેરે સમુદાય પણ ડોલવા લાગે છે. આ કમળોના વનોમાં રહેનાર પક્ષી ક્રીડા-કૌતુક કરતાં જુદા-જુદા પ્રકારની અતિ મધુર બોલી બોલ્યા કરે છે, જેને સાંભળીને મન અને ઇન્દ્રિઓમાં ઉત્સાહ છવાઇ જાય છે. [૧૦] ત્યાં સૂર્યનો પ્રકાશ જતો નથી, તેથી દિવસ અને રાત વગેરે કાળગણનાનો પણ કોઇ પ્રશ્ન ઊભો થતો નથી. [૧૧] ત્યાંના અંધકારને મોટા-મોટા નાગોના મસ્તકોના મણિઓ જ દૂર કરી દે છે.[૧૨] આ લોકોના રહેવાસીઓ જે ઔષધિ, રસ, રસાયન, અન્ન, પાન અને સ્નાન વગેરેનું સેવન કરે છે, તે સર્વે પદાર્થ દિવ્ય હોય છે; આ દિવ્ય વસ્તુઓના સેવનથી તેને માનસિક અથવા શારીરિક રોગ થતા નથી. તથા કરચલીઓ પડવી, વાળ સફેદ થઇ જવાં, વૃદ્ધાવસ્થા થવી, શરીર તેજ રહિત થઇ જવું, શરીરમાંથી દુર્ગંધ આવવી, પરસેવો નીકળવો, થાક લાગવો અને શિથિલતા આવવી તથા અવસ્થાની સાથે શરીરમાં બદલાવ આવવો આવો કોઇ પ્રકારનો શરીરમાં વિકાર થતો નથી. તે હંમેશાં સુંદર, સ્વસ્થ, યુવાન અને શક્તિ સંપન્ન રહે છે. [૧૩] તે પુણ્યપુરુષોનું ભગવાનના તેજરૂપ સુદર્શન ચક્ર સિવાય બીજા કોઇ સાધનથી મૃત્યુ થતુ નથી. [૧૪] સુદર્શન ચક્રના આવવાના ભયને કારણે અસુર રમણિઓને ગર્ભસ્રાવ અને ગર્ભપાત (આચતુર્થાદ્‌ભવેત્સ્રાવઃ પાતઃ પઞ્ચમષષ્ઠયોઃ - અર્થાત્ ચોથા માસ સુધીમાં જે ગર્ભ પડી જાય છે તેને 'ગર્ભસ્રાવ' કહે છે, તથા પાંચમા કે છઠ્ઠા માસમાં જે ગર્ભ પડી જાય છે તેને 'ગર્ભપાત' કહેવાય છે.) થઇ જાય છે. [૧૫]

અતલ લોકમાં મય દાનવનો પુત્ર અસુરશ્રેષ્ઠ બલ રહે છે. તેમણે છન્નું પ્રકારની માયા રચી છે. તેમાંથી કોઇ-કોઇ આજ પણ માયાવી પુરુષોમાં જોવા મળે છે. તેમણે એકવાર બગાસું ખાધું હતું તે સમયે તેમના મુખમાંથી સ્વૈરિણી (કેવળ પોતાની જ જાતીના પુરુષોની સાથે રમણ કરનારી) કામિની (અન્ય જાતીના પુરુષો સાથે પણ સમાગમ કરનારી) અને પુંશ્ચલી (પોતાના ભાઇ કે કાકાની સાથે સંગ કરનારી) આ ત્રણ પ્રકારની સ્ત્રીઓ ઉત્પન્ન થઇ. આ તે લોકમાં રહેનાર પુરુષને હાટક નામનો રસ પિવડાવીને સંભોગ કરાવવામાં સમર્થ બનાવી લે છે. અને પછી તેની સાથે પોતાના હાવ-ભાવમયી ચિંતવન, પ્રેમમય સ્મિત, પ્રેમાલાપ અને આલિઙ્ગન વગેરે દ્વારા ઇચ્છામુજબ રમણ કરે છે. તે હાટક રસને પીને મનુષ્ય મદાન્ધ થઇ જાય છે અને પોતાને દસ હજાર હાથિઓની સમાન બળવાન માનીને 'હું ઈશ્વર છુ' 'હું સિદ્ધ છું' આ પ્રમાણે અભિમાનમાં ફૂલાઇને વાતો કરવા લાગે છે. [૧૬]

અતલની નીચે વિતલ લોકમાં ભગવાન હાટકેશ્વર નામના મહાદેવજી પોતાના પાર્ષદ ભૂત ગણોની સાથે રહે છે. તે પ્રજાપતિની સૃષ્ટિની વૃદ્ધિ માટે ભવાનીની સાથે વિહાર કરે છે. તે બન્નેના તેજથી ત્યાં હાટકી નામની એક શ્રેષ્ઠ નદી ઉત્પન્ન થઇ છે. તેના જળને વાયુથી પ્રજ્વલિત અગ્નિ ઉત્સાહ પૂર્વક પીવે છે. તે જે હાટક નામનું સોનું થૂંકે છે તેનાથી બનાવાયેલ આભૂષણને દૈત્યરાજના અન્તઃપુરોમાં સ્ત્રી-પુરુષો બધા ધારણ કરે છે. [૧૭]

વિતલની નીચે સુતલ લોક છે. તેમાં મહાયશસ્વી પવિત્રકીર્તિ વિરોચનપુત્ર બલિ રહે છે. ભગવાને ઇન્દ્રનું પ્રિય કરવા માટે અદિતિના ગર્ભથી વામનરૂપમાં અવતાર લઇ બલિના ત્રણે લોકને છીનવી લીધા. અને પછી ભગવાને કૃપા કરીને તેમને આ લોકમાં પ્રવેશ કરાવ્યો. અહીં તેમને જેવી ઉત્તમ સંપત્તિ મળી છે, તેવી ઇન્દ્ર વગેરે દેવતાઓની પાસે પણ નથી. તેથી તે બલિ તે પૂજ્યતમ પ્રભુની પોતાના ધર્માચરણ દ્વારા આરાધના કરતા-કરતા આજ પણ નિર્ભયતા પૂર્વક રહે છે.[૧૮] હે રાજન્ ! સંપૂર્ણ જીવોના નિયંતા અને આત્મસ્વરૂપ એવા પરમાત્મા શ્રીવાસુદેવ ભગવાનના આવવાથી તેમને પરમ શ્રદ્ધા અને આદર સાથે સ્થિર ચિત્તથી દેવામાં આવેલ ભૂમિદાનનું આ જ મુખ્ય ફળ નથી, કે બલિને સુતલ લોકનું ઐશ્વય પ્રાપ્ત થઇ ગયું. આ ઐશ્વર્ય તો અનિત્ય છે. કિન્તુ તે ભૂમિદાન તો સાક્ષાત્ મોક્ષનું જ દ્વાર છે. [૧૯] પ્રયત્ન વિના અર્થાત્ આળસમાં બગાસું કે છીક લેતી વખતે, ચાલતી વખતે પડતાં કે લડથડાતાં વિવશ થઇને પણ જો એક વાર ભગવાનનું નામ લેવાથી પણ મનુષ્ય તરત જ કર્મબંધનને કાપી નાખે છે, જ્યારે મુમુક્ષુઓ આ કર્મબંધનને યોગસાધન વગેરે બીજા અનેક ઉપાયોનો આશ્રય લઇને મહામહેનતથી કાપી શકે છે. [૨૦] તેથી પોતાના સંયમી ભક્ત અને જ્ઞાનિઓને આત્મસ્વરૂપ પ્રદાન કરનાર અને સમસ્ત પ્રાણિઓના આત્મા શ્રીભગવાનને આત્મભાવથી કરેલ ભૂમિદાનનું આ ફળ નથી. [૨૧] ભગવાને જો બલિને આપેલ પોતાના

www.bhujmandir.org

સર્વસ્વ દાનના બદલામાં પોતાની વિસ્મૃતિ કરાવનાર આ માયામય ભોગ અને ઐશ્વર્ય જ આપ્યું હોય તો તેમની પર કોઇ અનુગ્રહ કર્યો નથી.[૨૨] જ્યારે બીજો કોઇ ઉપાય ન જોઇને ભગવાને યાચનાના કપટથી તેમના ત્રણે લોકનું રાજ્ય છીનવી લીધું અને તેમની પાસે કેવળ શરીર જ બાકી રહેવા દીધું, ત્યારે વરુણપાશથી બાંધીને પર્વતની ગુફામાં ફેંકી દેવામાં આવ્યું ત્યારે તેમને કહ્યું હતું. [૨૩] ખેદની વાત છે કે, આ ઐશ્વર્યશાળી ઈન્દ્ર વિદ્વાન્ હોવા છતાં પણ પોતાનો સાચો સ્વાર્થ સિદ્ધ કરવામાં કુશળ નથી. તેણે મારી પાસેનું આ સ્વર્ગનું રાજ્ય છીંનવી લેવા માટે બૃહસ્પતિને પોતાના મંત્રી બનાવ્યા; અને સ્વાર્થવશ તેમની અવગણના કરીને તેણે ભગવાન શ્રીવિષ્ણુ પાસેથી તેમની ભક્તિ ન માંગીને તેમના દ્વારા મારી પાસેથી પોતા માટે આ ભોગ જ માંગ્યા. પરંતુ ઈન્દ્રને ખબર નથી કે આ ત્રણ લોક તો કેવળ એક મંવન્તર સુધી જ રહે છે, જે અનંત કાળનો એક અવયવ માત્ર છે. ભગવાનની સેવાની આગળ આ તુચ્છ ભોગોનું શું મુલ્ય છે ?. [૨૪] અહો ! અમારા પિતામહ પ્રહ્લાદજીએ ભગવાનના હાથે પોતાના પિતા હિરણ્યકશિપુનું મરણ થયા પછી પ્રભુની સેવાનો જ વર માંગ્યો હતો. ભગવાન ભક્ત પ્રહ્લાદને રાજ્ય આપવા ઈચ્છતા હતા, તો પણ આ સર્વે ભોગો ભગવાનથી દૂર કરનાર છે, એવું સમજીને તેમણે પોતાના પિતાનું નિષ્કંટક રાજ્ય લેવાનો સ્વીકાર ન કર્યો. [૨૫] તેઓ મોટા મહાનુભાવ હતા. તેમનું અનુકરણ કરવાની પણ મારામાં બુદ્ધિ નથી, અને ભગવાનના અનુગ્રહથી પણ વંચિત છું. તો પછી મારા જેવા કોણ પુરુષ તેમની પાસે પહોંચવા માટે સાહસ કરી શકે છે ? [૨૬] હે રાજન્ ! આ બલિનું ચરિત્ર આગળ (આઠમા સ્કન્ધમાં) વિસ્તારથી અમે કહીશું. પોતાના ભક્તો પ્રત્યે ભગવાનનું હૃદય દયાથી ભર્યું રહે છે. તેનાથી સમગ્ર જગતના પરમ પૂજનીય ગુરુ ભગવાન નારાયણ હાથમાં ગદા લઈને સુતલ લોકમાં રાજા બલિના દ્વારપર સદાય ઉપસ્થિત રહે છે. એકવાર દિગ્વિજય કરતો ઘમંડી રાવણ જ્યારે બલિના દરવાજે પહોંચ્યો, ત્યારે ભગવાને પોતાના ચરણારવિન્દના અંગૂઠાની ઠોકરથી જ તેને લાખો જોજન દૂર ફેકી દીધો હતો. [૨૭]

સુતલ લોકથી નીચે તલાતલ લોક છે. ત્યાં ત્રિપુરાધિપતિ મય નામનો દાનવરાજ રહે છે, પહેલાં ત્રણે લોકોને શાંતિ આપવા માટે ભગવાન શંકરે તેના ત્રણે પુરને બાળીને ભસ્મ કરી નાખ્યાં હતાં. પછી શંકરની જ કૃપાથી તેને આ સ્થાન મળ્યું. આ માયાવિઓનો પરમ ગુરુ છે. અને મહાદેવજી દ્વારા સુરક્ષિત છે. તેથી તેને સુદર્શન ચક્રથી પણ કોઇ ભય નથી. ત્યાંના રહેવાસી લોકો તેનો ઘણો આદર કરે છે. [૨૮] તેની નીચે મહાતલમાં કદ્રુથી ઉત્પન્ન થયેલ અનેક મસ્તકોવાળા સર્પોનો ક્રોધવશ નામનો એક સમુદાય રહે છે. તેમાં મોટી ફણાઓ વાળા કુહક, તક્ષક, કાલિય અને સુષેણ વગેરે મુખ્ય છે. તે ભગવાનનું વાહન પક્ષિરાજ ગરુડજીથી સદાય ભયભીત રહે છે; તો પણ ક્યારેક પોતાની સ્ત્રી, પુત્ર, મિત્ર અને કુટુંબના સંગથી પ્રમત્ત થઈને વિહાર કરવા લાગે છે. [૨૯] તેની નીચે રસાતલમાં પણિ નામના દૈત્યો અને દાનવો રહે છે. આ નિવાતકવચ, કાલેય અને હિરણ્યપુર વાસી પણ કહેવાય છે. તેઓ દેવતાઓથી વેર રાખે છે. અને જન્મથી જ બળવાન અને મહા સાહસી હોય છે. પરન્તુ જેનો પ્રભાવ સંપૂર્ણ લોકોમાં ફેલાયેલો છે એવો શ્રીહરિના તેજથી બળને કારણે અભિમાનમાં ચૂર્ણ થઈ જવાને કારણે તે દૂતી સરમાએ કહેલ મન્ત્રવર્ણરૂપ વાક્યને કારણે સર્વદા ઈન્દ્રથી ભયભીત રહ્યા કરે છે. ( એક કથા આવે છે કે જ્યારે પણિ નામના દૈત્યોએ પૃથ્વીને રસાતળમાં છૂપાવી દીધી હતી, ત્યારે ઈન્દ્રએ તેને શોધવા માટે સરમા નામની એક દૂતીને મોકલી હતી. દૈત્યોએ સરમાથી સંધિ કરવાની ઈચ્છા કરી પરંતુ સરમાએ સન્ધિ ન કરીને ઈન્દ્રની સ્તુતિ કરતાં કહ્યું હતું - ‘હતા ઈન્દ્રેણ પ્રણયઃ શયધ્વમ્’ હે પણિઓ ! તમે ઈન્દ્રના હાથે મરીને પૃથ્વી પર સુઈ જાવો, આ શાપને કારણે તેને સદાય ઈન્દ્રથી ભય લાગ્યા કરે છે.) [૩૦]

રસાતલની નીચે પાતાલ છે. ત્યાં શંખ, કુલિક, મહાશંખ, શ્વેત, ધનંજય, ધૃતરાષ્ટ્ર, શંખચૂડ, કંબલ, અશ્વતર અને દેવદત્ત વગેરે મોટા ક્રોધી અને મોટી ફણાઓ વાળા નાગો રહે છે. તેમાં વાસુકિ નાગ મુખ્ય છે. તેમાંથી કોઈકના પાંચ, કોઈકના સાત કોઈકના દસ, કોઈકના સો ફણાઓના ચમકતા મણિઓના પ્રકાશથી પાતાલ લોકના અંધકારને સંપૂર્ણ નષ્ટ કરી દે છે. [૩૧]

**ઈતિ શ્રીમદ્ ભાગવતે મહાપુરાણે પંચમ સ્કંધે અતલાદિ સપ્તલોક વર્ણન નામનો ચોવીશમો અધ્યાય સંપૂર્ણઃ (૨૪)**

www.bhujmandir.org

## અધ્યાય - : - ૨૫

# શ્રી સંકર્ષણદેવનું વિવરણ અને તેની સ્તુતિ.

શ્રીશુકદેવજી કહે છે - હે રાજન્ ! પાતાલલોકની નીચે ત્રીસ હજાર જોજન દૂર અનંત નામની વિખ્યાત ભગવાનની તામસી નિત્ય કળા છે. તે અહંકાર રૂપા હોવાને કારણે દ્રષ્ટા અને દૃશ્યને ખેંચીને એક કરી દે છે. તેથી પંચરાત્ર આગમના અનુયાયી ભક્તજન તેને સંકર્ષણ કહે છે. [૧] આ અનંત ભગવાનનાં એક હજાર મસ્તક છે. તેમના એક મસ્તક પર રાખેલ આ સમગ્ર ભૂમંડળ રાઈના દાણાની જેમ દેખાઈ દે છે. [૨] પ્રલયકાળનો સમય આવવાથી જ્યારે તેમને આ વિશ્વનો સંહાર કરવાની ઈચ્છા થાય છે, ત્યારે તેના ક્રોધવશથી ફરતી મનોહર ભ્રુકુટિઓના મધ્યભાગથી સંકર્ષણ નામનો રુદ્ર પ્રગટ થાય છે. તેની વ્યૂહ સંખ્યા અગિયાર છે. તે બધા ત્રણ આંખોવાળા હોય છે. અને હાથમાં ત્રણ પાંખવાળું ત્રિશૂલ ધારણ કરે છે. [૩] ભગવાન સંકર્ષણના ચરણકમળોના ગોળ સ્વચ્છ અને અરુણવર્ણી નખમણિઓની પંક્તિ સમાન દેદીપ્યમાન છે. જ્યારે બીજા અનન્ય મુખ્ય ભક્તો સહિત અનેક નાગરાજો અનન્ય ભાવથી જ્યારે તેમને પ્રણામ કરે છે, ત્યારે તેમને તે નખમણિઓમાં પોતાનાં કુંડલોની કાન્તિથી યુક્ત કમનીય ગાલવાળા મનોહર મુખારવિંદોનું મનને મોહ પમાડનાર દર્શન થાય છે, અને તેમનું મન આનંદથી ભરાઈ જાય છે. [૪] નાગરાજોની અનેક કન્યાઓ વિવિધ કામનાઓથી તેમનાં અંગમંડળ પર ચાંદીના સ્થંભની સમાન સુશોભિત, અને વલયવિલસિત લાંબી શ્વેતવર્ણ સુંદર ભુજાઓ પર અગરુ, ચંદન અને કુમકુમનો લેપ કરતી હોય છે, તે સમયે ભગવાનના અંગોનો સ્પર્શ થવાથી તેમના હૃદયમાં કામનો સંચાર થઈ જાય છે. ત્યારે તેમના મદવિહ્વળ કરુણાએ સહિત અરુણ નેત્રકમળોથી સુશોભિત તથા પ્રેમમદથી મુખકમળની તરફ મધુર મનોહર હાસ્યની સાથે લજ્જાની ભાવનાથી જોવા લાગે છે. [૫] અનંત ગુણોના સાગર તે સંકર્ષણ ભગવાન પોતાના અમર્ષ (અસહનશીલતા) અને ક્રોધના વેગને રોકીને ત્યાં સમગ્ર લોકોના કલ્યાણ માટે વિરાજમાન છે. [૬] દેવતાઓ, અસુરો, નાગો, સિદ્ધો, ગંધર્વો, વિદ્યાધરો અને મુનિગણો આ બધા ભગવાન અનંતનું ધ્યાન કર્યા કરે છે. તેમના નેત્રો નિરંતર પ્રેમમદથી પ્રસન્ન ચંચળ અને વિહ્વળ રહે છે. તે ભગવાન સંકર્ષણ સુલલિત વચનામૃતથી પોતાના પાર્ષદો અને દેવયૂથપોને સંતુષ્ટ કર્યા કરે છે. તેમના અંગપર નીલાંબર અને કાનોમાં કેવળ એક કુંડળ ચળકતું રહે છે, તથા તેમનો સુભગ અને સુંદર હસ્ત હળની મૂઠ પર રાખેલો હોય છે. તે ઉદારલીલામય ભગવાન સંકર્ષણ ગળામાં વૈજયંતી માળા ધારણ કરે છે, જે સાક્ષાત્ ઈન્દ્રના હાથી ઐરાવતના ગળામાં પડેલી સુવર્ણની સાંકળ સમાન જણાય છે, તે વૈજયંતી માળાની કાન્તિ ક્યારેય ફીકી નથી પડતી એવી નવીન તુલસીની ગન્ધ અને મધુર મકરન્દથી ઉન્મત્ત થયેલ ભ્રમરાઓ નિરંતર મધુર ગુંજાર કરીને તેમની શોભા વધારે છે. [૭] હે પરીક્ષિત્ ! આ પ્રમણે ભગવાન અનંતનું માહાત્મ્ય પૂર્વક શ્રવણ અને ધ્યાન કરવાથી મુમુક્ષુઓના હૃદયમાં આવિર્ભૂત થાય છે, અને અનાદિકાળની કર્મવાસનાઓથી ગ્રથિત સત્ત્વ, રજ અને તમોગુણાત્મક અવિદ્યામયી હૃદયની ગ્રન્થીઓને તત્કાળ કાપી નાખે છે. તેમના ગુણોનું એકવાર બ્રહ્માજીના પુત્ર ભગવાન નારદજીએ તુમ્બુરુ ગંધર્વની સાથે બ્રહ્માજીની સભામાં આ પ્રમાણે ગાન કર્યું હતું. [૮] એક હોવા છતાં અનેક રૂપને ધારણ કરનાર એવા ભગવાન સંકર્ષણની

દૃષ્ટિ પડવાથી જ જગતની ઉત્પત્તિ સ્થિતિ અને પ્રલયના હેતુભૂત સત્ત્વ, રજ અને તમ આ પ્રાકૃતગુણો પોતપોતાના કાર્યમાં સમર્થ થાય છે. તેમનું સ્વરૂપ ધ્રુવ, અનાદિ અને અનંત છે તથા જે એકલા હોવા છતાં પણ આ અનેક પ્રકારના પ્રપંચને પોતામાં ધારણ કરેલ છે, તે ભગવાન સંકર્ષણના તત્ત્વને કોઈ કેવી રીતે જાણી શકે છે ? [૯] જેમાં આ કાર્ય કારણરૂપ સમગ્ર પ્રપંચ ભાસે છે તથા પોતાના ભક્તજનોના ચિત્ત આકર્ષિત કરવા માટે વીરતાપૂર્વક કરેલી લીલાને પરમ પરાક્રમી સિંહને આદર્શ માનીને અપનાવ્યા છે. તે ઉદારવીર્ય સંકર્ષણ ભગવાને આપણી ઉપર મોટી કૃપા કરીને આ વિશુદ્ધ સત્ત્વમય સ્વરૂપ ધારણ કર્યું છે. [૧૦] જેમનાં નામોનું કોઈ પીડિત અથવા પતિત પુરુષ, કોઈ આપત્તિમાં અથવા હસીને પણ ઉચ્ચારણ કરે છે તો તે પુરુષ બીજા મનુષ્યનાં પણ બધાં પાપોનો તત્કાળ નાશ કરી દે છે. એવા શેષનારાયણ ભગવાનને છોડીને મુમુક્ષુ પુરુષ બીજા કોનો આશ્રય લઈ શકે ? [૧૧] આ પર્વતો, નદીઓ અને સમુદ્રો વગેરેથી પૂર્ણ સમગ્ર ભૂમંડળ તે સહસ્રશીર્ષા ભગવાનના એક મસ્તક ઉપર એક રજકણની જેમ રાખેલ છે. તેથી તેમના પરાક્રમનો કોઈ માપ નથી. કોઈક મનુષ્યની હજાર જીભ હોય તો પણ તે સર્વવ્યાપક ભગવાનના પરાક્રમોની ગણના કરવાનું સહાસ કેવી રીતે કરી શકે ? [૧૨] વાસ્તવમાં તેમની શક્તિનો કોઈ અંત

www.bhujmandir.org

નથી. તથા તેમના ગુણો અને પ્રભાવ પણ અસીમ છે. એવા પ્રભાવશાળી ભગવાન અનંત રસાતળના મૂળમાં પોતાના જ મહિમામાં રહી સ્વતન્ત્ર છે. અને સમસ્ત લોકોની સ્થિતિ માટે લીલાથી જ પૃથ્વીને ધારણ કરેલ છે. ૧૩ હે રાજન્ ! ભોગોની કામનાવાળા પુરુષોને પોતાના કર્મોને અનુસારે પ્રાપ્ત થનાર ભગવાને રચેલી આ જ ગતિઓ છે. એમને જેવી રીતે ગુરુમુખથી મેં સાંભળ્યું હતું તેવી જ રીતે તને કઇ સંભળાવ્યું ૧૪ મનુષ્યને પ્રવૃત્તિરૂપ ધર્મના પરિણામે પ્રાપ્ત થતી પરસ્પર વિલક્ષણ ઉત્તમ અને અધમ આદિ વિવિધ પ્રકારની ગતિઓ છે તે મેં તમને તમારા પ્રશ્નને અનુસારે કહી સંભળાવી. બીજુ શું કહી સંભળાવું ? ૧૫

ઈતિ શ્રીમદ્ ભાગવતે મહાપુરાણે પંચમ સ્કંધે સંકર્ષણ વર્ણન નામનો પચીસમો અધ્યાય સંપૂર્ણઃ (૨૫)

## અધ્યાય -:- ૨૬

# નરકોની જુદી- જુદી ગતિઓનું વર્ણન

રાજા પરીક્ષિતે પૂછ્યું , હે મહર્ષિ ! મનુષ્યોને જે આ ઉત્તમ, અધમ, ગતિઓ પ્રાપ્ત થાય છે તેમાં આટલી બધી વિભિન્નતા કેમ છે ? ૧

શ્રી શુકદેવજીએ કહ્યું - હે રાજન્ ! કર્મ કરનાર પુરુષ સાત્વિક, રાજસ અને તામસ એમ ત્રણ પ્રકારના હોય છે. તથા તેમની શ્રદ્ધાઓમાં પણ ભેદ રહે છે. આ પ્રમાણે સ્વભાવ અને શ્રદ્ધાના ભેદથી તેમના કર્મોની ગતિઓ પણ જુદી-જુદી હોય છે અને ઓછા-વધુ પ્રમાણમાં આ બધી ગતિઓ સર્વે જીવપ્રાણીને પ્રાપ્ત થાય છે ૨ એ જ રીતે નિષિદ્ધ કર્મરૂપ પાપ કરનારાઓને પણ તેમની શ્રદ્ધાની અસમાનતાને કારણે સરખું ફળ નથી મળતું. તેથી અનાદિ અવિદ્યાને વશ થઈને કામના પૂર્વક કરવામાં આવેલ તે નિષેધ કર્મોના પરિણામમાં જે હજારો પ્રકારની નારકી ગતિઓ હોય છે, તેમનું વિસ્તાર પૂર્વક વર્ણન કરીશું. ૩ રાજા પરીક્ષિતે પૂછ્યું - હે ભગવાન ! તમે જેમનું વર્ણન કરવા ઈચ્છો છો, તે નરક આ પૃથ્વીનો જ કોઇ દેશ વિશેષ છે ? અથવા ત્રિલોકીથી બહારનો લોક અથવા એની જ અંદર કોઈ જગ્યા છે ? ૪

શ્રીશુકદેવજીએ કહ્યું - હે રાજન્ ! તે ત્રણ લોકની અંદર જ છે તથા દક્ષિણ દિશા તરફ અને પૃથ્વીથી નીચે પાણીની ઉપર (નરક લોક) રહેલ છે. આ જ દિશામાં અગ્નિષ્વાત વગેરે પિતૃગણ રહે છે, તે અત્યંત એકાગ્રતા પૂર્વક પોતાના વંશધરો માટે મંગલકામના કર્યા કરે છે. ૫ તે નરક લોકમાં સૂર્યના પુત્ર પિતૃરાજ ભગવાન યમ પોતાના સેવકો સહિત રહે છે તથા ભગવાનની આજ્ઞાનું ઉલ્લંઘન કર્યા વિના પોતાના દૂતો દ્વારા ત્યાં દુષ્કર્મોને અનુસારે પાપના ફળરૂપે દંડ આપે છે. ૬ હે પરીક્ષિત્ ! કેટલાક મનુષ્યો નરકોની સંખ્યા એકવીસ બતાવે છે. હવે અમે તેનાં નામ, રૂપ અને લક્ષણોને અનુસારે તેમનું ક્રમશઃ વર્ણન કરીએ છીએ. તેમના નામ આ પ્રમાણે છે, તામિસ્ર, અન્ધતામિસ્ર, રૌરવ, મહારૌરવ, કુમ્ભીપાક, કાલસૂત્ર, અસિપત્રવન, સૂકરમુખ, અંધકૂપ, કૃમિભોજન, સન્દંશ, તપ્તસૂર્મિ, વજ્રકંટક, શાલ્મલી, વૈતરણી, પૂયોદ, પ્રાણરોધ, વિશસન, લાલાભક્ષ, સારમેયાદન, અવીચિ અને અયઃપાન આ સિવાય અન્ય નરકનાં નામ આ પ્રમાણે છે. ક્ષારકર્દમ, રક્ષોગણ ભોજન, શૂલપ્રોત, દન્દશૂક, અવટનિરોધન, પર્યાવર્તન અને સૂચીમુખ આ સાત છે, કુલ મળીને અઠ્ઠાવીસ ભિન્ન ભિન્ન યાતનાઓ ભોગવવાનાં નરક સ્થાનો છે. ૭ જે પુરુષ બીજાનું ધન, પુત્ર અથવા સ્ત્રીઓનું હરણ કરે છે, તેને અત્યંત ભયાનક યમદૂત કાળપાશમાં બાંધીને બળપૂર્વક તામિસ્ત્ર નરકમાં ફેંકી દે છે. તે અંધકારમય નરકમાં તેને અન્ન-જળ ન આપવું. માર મારવો અને ભય બતાવવો વગેરે અનેક પ્રકારના ઉપાયો દ્વારા પીડા આપવામાં આવે છે. એનાથી અત્યંત દુઃખી થઈને તે મૂર્છિત થઈ જાય છે. ૮ આ પ્રમાણે જે પુરુષ બીજાને છેતરીને તેની સ્ત્રી વગેરેને ભોગવે છે, તે અંધતામિસ્ર નરકમાં પીડાય છે. ત્યાંની યાતનાઓ ભોગવીને તે કપાયેલા ઝાડની જેમ દુઃખી થઈને બધી સૂધ-બૂધ ભૂલી જાય છે અને તેને કાંઇ પણ સમજમાં નથી આવતું. તેથી આ નરકને અંધતામિસ્ર કહે છે. ૯

જે પુરુષ આ લોકમાં 'આ શરીર જ હું છું અને આ સ્ત્રી-ધન વગેરે મારાં છે' આવી બુદ્ધિથી બીજા પ્રાણિઓનો દ્રોહ કરીને નિરંતર પોતાના કુટુંબનું જ પાલન-પોષણ કરે છે, તે પોતાનું શરીર છોડ્યા પછી પોતાનાં પાપને કારણે પોતે રૌરવ

www.bhujmandir.org

નરકમાં પડે છે. [૧૦] આ લોકમાં તેણે જે જીવોને જેવી રીતે દુઃખ પહોંચાડ્યું હોય, તે પરલોકમાં યમયાતનાનો સમય આવતાં તે જીવાત્માને રુરુ થઈને તેવા જ પ્રકારનું દુઃખ ભોગવવું પડે છે. તેથી આ નરકનું નામ 'રૌરવ' છે. 'રુરુ સર્પથી પણ વધારે ક્રુર સ્વભાવવાળા એક જીવનું નામ છે.' [૧૧] એવું મહારૌરવ નરક છે. એમાં તે જીવ જાય છે, જે કોઈની પરવા ન કરીને કેવળ પોતાના જ શરીરનું પાલન-પોષણ કરે છે. ત્યાં કાચું માંસ ખાનાર રુરુઓ તેને માંસના લોભથી કાપી-કાપીને ખાય છે. [૧૨] જે ક્રૂર મનુષ્ય આ લોકમાં પોતાનું પેટ ભરવા માટે જીવતા પશુ અથવા પક્ષિઓને રાંધે છે, તે હૃદયહીન, રાક્ષસથી પણ અધમ પુરુષને યમદૂતો કુંભીપાક નરકમાં લઈ જઈને ઉકળતા તેલમાં રાંધે છે. [૧૩] જે મનુષ્ય આ લોકમાં માતા, પિતા, બ્રાહ્મણ અને વેદની નીંદા કરે છે, તેને યમદૂત કાળસૂત્ર નરકમાં લઈ જાય છે. તેનો વિસ્તાર દસ હજાર જોજન છે. તેની જમીન તાંબાની છે . તેમાં જે તપેલ મેદાન છે, તે ઉપરથી સૂર્ય અને નીચેથી અગ્નિના તાપથી તપે છે. ત્યાં પહોંચેલો પાપી જીવ ભૂખ, તરસથી દુઃખી થઈ જાય છે અને તેનું શરીર બહાર તથા અંદર બળવા લાગે છે, તેની બેચેની એટલી વધી જાય છે કે તે ક્યારેક બેસે છે. ક્યારેક સૂઈ જાય છે, તો ક્યારેક તરફડવા લાગે છે, ક્યારેક ઊભો થાય છે અને ક્યારેક અંહી-તહીં દોડવા લાગે છે. આ પ્રમાણે તે નરપશુના શરીરમાં જેટલાં રુવાડાં હોય છે, તેટલાં હજાર વર્ષો સુધી તેની દુર્ગતિ થતી રહે છે. [૧૪] જે પુરુષ કોઈ પ્રકારની આપત્તિ ન આવી હોય તો પણ વૈદિક માર્ગને છોડીને બીજા પાખંડયુક્ત ધર્મનો આશ્રય લે છે, તેને યમદૂત અસિપત્રવન નરકમાં લઈ જઈને કોરડાઓથી મારે છે. જ્યારે તે આ મારથી બચવા માટે આમ-તેમ દોડવા લાગે છે, ત્યારે તેનાં બધાં શરીરનાં અંગો તાલવનના તલવારની સમાન ધારદાર પાંદળાઓથી જેમાં બન્ને બાજુ તિક્ષ્ણ ધાર હોય છે તેના વડે છિન્ન-ભિન્ન થવા લાગે છે. ત્યારે તે અત્યંત દુઃખથી 'હાય, હું મરી ગયો !' આ પ્રમાણે રુદન કરતો ડગલે ને પગલે મૂર્ચ્છિત થઈને પડી જાય છે. પોતાના ધર્મને છોડીને પાખંડમાર્ગમાં ચાલવાથી તેને આ પ્રકારે કુકર્મનું ફળ ભોગવવું પડે છે. [૧૫]

આ લોકમાં જે પુરુષ રાજા અથવા રાજાના કર્મચારી થઈને કોઈ નિર્દોષ મનુષ્યને દંડે છે અથવા બ્રાહ્મણને શરીરદંડ દે છે, તે મહાપાપી મરીને સૂકરમુખ નરકમાં પડે છે. ત્યાં જ્યારે મહા બળવાન યમદૂત તેના અંગોને કચરે છે, ત્યારે તે (ઘાણીમાં ઓરવામાં આવતા શેરડીના સાંઠાઓની જેમ) દુઃખી થઈને જેવી રીતે આ લોકમાં તેના દ્વારા દુઃખી થયેલ પ્રાણીઓ રોઈ-રોઈને બરાડતાં હતાં, તેવી જ રીતે તે ક્યારેક આર્ત્તસ્વરથી ચીસો પાડે અને ક્યારેક મૂર્ચ્છિત થઈ જાય છે.[૧૬]

જે પુરુષ આ લોકમાં માંકડ વગેરે જીવોની હિંસા કરે છે, તે તેમનો દ્રોહ કરવાને કારણે અંધકૂપ નરકમાં પડે છે. કારણ કે સ્વયં ભગવાને રક્તપાન વગેરે કરવાની વૃત્તિ બનાવી છે અને તેને તેથી બીજાને દુઃખ થશે એવું જ્ઞાન પણ નથી; પરંતુ મનુષ્યની વૃત્તિ ભગવાને વિધિ-નિષેધ પૂર્વક બનાવી છે અને તેને બીજાને દુઃખ થશે એવું જ્ઞાન પણ છે. ત્યાં તે પશુ, મૃગ, પક્ષી, સર્પ વગેરે (ઘસડાઈને ચાલતાં) જંતુઓ, મચ્છર, જૂ માકણ અને માખી વગેરે જીવો જેમનો તેને દ્રોહ કર્યો હતો તેઓ બધા તે જીવને ચારે બાજુથી કાપીને ખાય છે. તેથી તેની ઊંઘ અને શાન્તિ ભંગ થઈ જાય છે અને ક્યાંય સ્થાન ન મળવાથી બેચેનીને કારણે તે ઘોર અંધકારમાં એવી રીતે ભટક્તો રહે છે, જેવી રીતે રોગગ્રસ્ત શરીરમાં જીવ તડફડે છે. [૧૭]

જે મનુષ્ય આ લોકમાં પંચમહાયજ્ઞ કર્યા વિના તથા જે કંઈ મળે છે તે કોઈ બીજાને આપ્યા વિના પોતે જ ખાઈ જાય છે, તેને કાગડા જેવો કહેવામાં આવે છે. તે પરલોકમાં કૃમિભોજન નામના અધમ નરકમાં પડે છે. ત્યાં એક લાખ જોજન લાબાં અને પહોંળા એક કીડાનો કુંડ છે. તેમાં તેને પણ કીડો બનીને રહેવું પડે છે; અને જ્યાં સુધી પોતાના પાપોનું પ્રાયશ્ચિત નહીં કરનાર તે પાપીને કોઈને કંઈ આપ્યા વિના અને હવન કર્યા વિના પોતે ખાવાનો જે દોષ લાગ્યો છે તેનું પ્રાયશ્ચિત થઈ જતું નથી ત્યાં સુધી તે જીવ તે કીડાઓને ખાય છે. [૧૮] હે રાજન્ ! આ લોકમાં જે વ્યક્તિ ચોરી અથવા બળજબરીથી બ્રાહ્મણનું અથવા આપત્તકાળ વિના પણ કોઈ બીજા પુરુષનું સોનું, રત્ન અને ધન વગેરેની ચોરી કરે છે, તેના મૃત્યુ પછી યમદૂત સન્દંશ નામના નરકમાં લઈ જઈને ગરમ કરેલ લોઢાના ડામ દે છે. અને ચીપિયાથી તેની ચાંબડી ઉતારે છે. [૧૯] આ લોકમાં જો કોઈ પુરુષ ન કરવા યોગ્ય સ્ત્રી સાથે સંભોગ કરે છે અથવા કોઈ સ્ત્રી અગમ્ય પુરુષથી વ્યભિચાર કરે છે, તો યમદૂત તેને તપ્તસૂર્મિ નામના નરકમાં લઈ જઈને કોરડાઓથી મારે છે તથા પુરુષને તપાવેલ લોઢાની સ્ત્રીના પુતળા સાથે આલિંગન કરાવે છે અને સ્ત્રીને તપાવેલ પુરુષના પુતળાની સાથે આલિંગન કરાવે છે. [૨૦] જે પુરુષ આ લોકમાં પશુ વગેરેની સાથે વ્યભિચાર કરે છે, તેને મૃત્યુ પછી યમદૂત વજ્રકંટકશાલ્મલી નરકમાં નાખે છે અને વજ્રની સમાન કઠોર કાંટાવાળા શીમળાના વૃક્ષપર ચડાવીને પછી નીચે તરફ ખેંચે છે. [૨૧] જો રાજા અથવા રાજપુરુષ આ લોકમાં શ્રેષ્ઠ કુળમાં જન્મ લઈને પણ ધર્મની મર્યાદાનું ઉલંઘન કરે છે, તેને

www.bhujmandir.org

કારણે તેના મરણ પછી તેને વૈતરણી નદીમાં નાખી છે. ત્યાં નદી નરકોની ખાઈની સમાન હોય છે; તેમાં મળ, મૂત્ર, પરું, રક્ત, કેશ, નખ, હાડકાં, ચરબી, માંસ અને મજ્જા વગેરે ગંદી વસ્તુઓ ભરેલી હોય છે. તેમાં પડ્યા પછી તેને બધી બાજુથી મગર, મચ્છ આદિ પાણીના જીવો ચીરી ખાય છે. પરન્તુ તેનાથી તેનું શરીર છૂટતું નથી, પાપને કારણે પ્રાણ તેને ધારણ કરી રાખે છે અને તે દુર્ગતિનું ફળ પોતાના કર્મફળની સજા સમજીને મનમાં ને મનમાં દુઃખી થયા કરે છે. [૨૨] જે મનુષ્ય શૌચ અને આચારના નિયમોનો ત્યાગ કરીને અને મર્યાદા ઉલ્લંઘન કરીને આ લોકમાં શુદ્રજાતીની સ્ત્રીની સાથે સંબંધ બાંધીને પશુની સમાન આચરણ કરે છે તે મર્યા પછી પરુ, વિષ્ઠા, મૂત્ર, કફ અને મળથી ભરેલ પૂયોદ નામના સમુદ્રમાં પડીને તે અત્યંત ઘૃણિત વસ્તુઓને ખાય છે. [૨૩] આ લોકમાં જે બ્રાહ્મણ વગેરે ઉચ્ચ વર્ણના લોકો કૂતરાં અથવા ગધેડાંને પાળે છે અને મૃગયાદિ કરવા વડે શિકાર વગેરે કરે છે, તથા પશુઓનો વધ કરે છે, તેમના મર્યા પછી તે પ્રાણરોધ નામના નકરમાં પડે છે અને ત્યાં યમદૂતો તેને લક્ષ્ય બનાવીને બાણોથી વીંધે છે. [૨૪]

જે પાખંડી મનુષ્યો પાખંડપૂર્ણ યજ્ઞોમાં પશુઓનો વધ કરે છે, તેમને પરલોકમાં વિશસન નરકમાં નાખીને ત્યાંના અધિકારી તેને બહુ દુઃખ આપીને કાપે છે. [૨૫] જે દ્વિજ કામાતુર થઇને પોતાની સવર્ણા પત્નીને વીર્યપાન કરાવે છે, મર્યા પછી તે પાપીને યમદૂત વીર્યની નદી લાલાભક્ષ નામના નકરમાં નાખીને વીર્ય પિવડાવે છે,[૨૬] જે કોઇ ચોર અથવા રાજા અથવા રાજપુરુષો આ લોકમાં કોઈના ઘરમાં અગ્નિ લગાડે છે, કોઈને ઝેર આપીને મારી નાખે છે, અથવા ગામ અથવા વ્યાપારીઓની મંડળીઓને લૂંટી લે છે, તેના મર્યા પછી સારમેયાદન નામના નરકમાં વજની જેમ તીક્ષ્ણ દાંતો વાળા સાતસો વીસ યમદૂતો કૂતરાઓ બનીને જોર-જોરથી કાપીને ખાય છે. [૨૭] આ લોકમાં જે પુરુષ કોઈની સાક્ષી દેવામાં, વ્યાપારમાં અથવા દાન આપતી વખતે કોઈ પણ પ્રકારનું ખોટું બોલે છે, તેના મરણ પછી આધારશૂન્ય અવીચિમાન્ નરકમાં પડે છે. ત્યાં તેને સો જોજન ઊંચા પહાડના શિખર પરથી ઊંધા માથે નીચે ફેંકે છે. તે નરકની પથ્થરની જમીન પાણી જેવી લાગતી હોય છે તેથી તેનું નામ અવીચિમાન છે. ત્યાં તેને ફેંકવાથી તેના શરીરના ટુકડે-ટુકડા થઇ જવા છતાં પણ પ્રાણ નીકળતા નથી; તેથી તેને વારંવાર ઉપર લઈ જઈને નીચે ફેંકે છે. [૨૮] જે બ્રાહ્મણ અથવા બ્રાહ્મણી અથવા વ્રતનું પાલન કરતી કોઈ પણ વ્યક્તિ પ્રમાદવશ થઈને મદ્યપાન કરે છે તથા જે ક્ષત્રિય અથવા વૈશ્ય સોમપાન (ક્ષત્રિઓ અને વૈશ્યો માટે સોમપાન કરવાનું શસ્ત્રોમાં નિષેધ છે.) કરે છે, તેને યમદૂત અયઃપાન નામના નરકમાં લઈ જાય છે અને તેની છાતીપર પગ રાખીને મોઢામાં અગ્નિથી ઓગાળેલ લોઢાનો રસ નાખે છે. [૨૯] જે પુરુષ આ લોકમાં નિમ્ન વર્ણનો હોવા છતાં પણ પોતાને મોટો માનવાને કારણે જન્મ, તપ, વિદ્યા, આચાર, વર્ણ અથવા આશ્રમમાં પોતાથી મોટાનો વિશેષ આદર સત્કાર નથી કરતો, તે જીવતો છતાં પણ મરેલાની સમાન છે. મર્યા પછી તેને ક્ષારકર્દમ નામના નરકમાં ઊંધા માથે નાખે છે. અને ત્યાં તેને અનંત પ્રકારની પીડા ભોગવવી પડે છે. [૩૦] જે પુરુષ આ લોકમાં નરમેધ વગેરે યજ્ઞોદ્વારા ભૈરવ, યક્ષ, રાક્ષસ વગેરેનું યજન કરે છે અને જે સ્ત્રીઓ પશુઓની જેમ પુરુષોને ખાઈ જાય છે, તેમને પશુઓની જેમ મારવા આવેલા તે પુરુષો યમલોકમાં રાક્ષસો થઈને અનેક પ્રકારની યાતનાઓ દે છે અને રક્ષોગણભોજન નામના નરકમાં કસાઈની જેમ કુહાડીથી કાપી-કાપીને તેમનું રક્ત પીવે છે. તથા જેમ તે માંસાહારી પુરુષ આ લોકમાં તેનું માંસ ભક્ષણ કરીને જે રીતે આનંદિત થતો હતો, તેવી રીતે તે પણ તેનું રક્ત પાન કરે છે અને આનંદિત થઈને નાચ-ગાન કરે છે. [૩૧] આ લોકમાં જે મનુષ્ય વન અથવા ગામના નિરપરાધી જીવોને કે જે બધા પોતાના પાણોને રાખવા ઈચ્છે છે, તેમને જુદા જુદા ઉપાયોથી લલચાવીને પોતાની પાસે બોલાવી લે છે અને પછી તેને કાટાંઓથી વીંધીને અથવા રસ્સીથી બાંધીને મજાક કરવા ખાતર અનેક પ્રકારની પીડાઓ દે છે, તેને પણ મર્યા પછી યમયાતનાઓના સમયે શૂલપ્રોત નામના નરકમાં શૂળીથી વીંધવામાં આવે છે. તે સમયે તેને ભૂખ-તરસ સતાવે છે અને કંક, બટેર વગેરે તીક્ષ્ણ ચાંચોવાળાં નરકનાં ભયાનક પક્ષીઓ ખાવા લાગે છે, ત્યારે તેમને પોતે કરેલ બધાં પાપ યાદ આવે છે. [૩૨]

હે રાજન્! આ લોકમાં જેઓ સર્પની જેમ ઉગ્ર સ્વભાવવાળા પુરુષો બીજા જીવોને પીડા પહોંચાડે છે, તેઓ મર્યા પછી દંદશૂક નામના નરકમાં પડે છે. ત્યાં પાંચ અને સાત મોઢાવાળા સર્પો તેમની પાસે આવીને તેમને ઉંદરોની જેમ ખાઈ જાય છે. [૩૩] જે વ્યક્તિ આ લોકમાં બીજાં પ્રાણીઓને અંધારી ખીણો, કોઠા અથવા ગુફાઓમાં નાખી દે છે, તેને પરલોકમાં યમદૂતો તેવાં જ સ્થાનોમાં નાખીને ઝેરી અગ્નિના ધૂમાડામાં ગુંગળાવી મારે છે. તેથી આ નરકને અવટનિરોધન કહે છે. [૩૪] જે ગૃહસ્થ પોતાને ઘેર આવેલ અતિથિઓ કે અભ્યાગતોની સામે વારંવાર ક્રોધથી કુટિલ નેત્રોથી જુવે છે, જાણે તેને ભસ્મ કરી દેશે, તે

www.bhujmandir.org

જ્યારે નરકમાં જાય છે, ત્યારે તે પાપીની આંખોને ગીધો, કાગડા અને બટેર વગેરે વજ્રની સમાન કઠોર ચાંચોવાળાં પક્ષીઓ બળપૂર્વક કાઢી લે છે. આ નરકને પર્યાવર્તન કહે છે. [૩૫] આ લોકમાં જે વ્યક્તિ પોતાને મોટો ધનવાન સમજીને અભિમાનવશ બધાને વાંકી નજરથી જુવે છે અને બધા ઉપર શંકા રાખે છે, ધનનો ખર્ચ અને નાશની ચિંતાથી જેનું હૃદય અને મુખ શોષાયેલા રહે છે, તેથી થોડું પણ સુખચેન નહીં માનીને જે યક્ષની સમાન ધનની રક્ષામાં જ લાગ્યો રહે છે તથા પૈસા ભેગા કરવા, વધારવા અને બચાવવામાં જે અનેક પ્રકારનાં પાપ કર્યા કરે છે, તે નરાધમ મર્યા પછી સૂચીમુખ નરકમાં પડે છે. ત્યાં તે અર્થપિસાચ પાપાત્માના બધાં અંગોને યમરાજના દૂતો દરજીઓની જેમ સોય-દોરાથી સીવે છે. [૩૬] હે રાજન્ ! યમલોકમાં આ જ પ્રમાણે અનેક હજારો નરકો છે. તેમાંથી આંહીયાં જેનો ઉલ્લેખ કર્યો છે અને જેમના વિષે કશું કહેવામાં આવ્યું નથી, તે બધા અધર્મપરાયણ જીવો પોતાના કર્મને અનુસારે વારંવાર નરકોમાં જાય છે. અને ધર્માત્મા પુરુષ સ્વર્ગ વગેરેમાં જાય છે. આ પ્રમાણે નરક અને સ્વર્ગના ભોગથી જ્યારે એમના અધિકાંશ પાપો અને પુણ્ય ક્ષીણ થઈ જાય છે, ત્યારે બાકી બચેલાં પુણ્યપાપરૂપકર્મને લઈને ફરીથી આ લોકમાં જન્મ લેવા માટે આવે છે. [૩૭] આ ધર્મ અને અધર્મ બન્નેથી વિલક્ષણ એવો જે નિવૃત્તિ માર્ગ છે, તેનું તો આગળ (બીજા સ્કંન્ધમાં) જ વર્ણન થઈ ગયું છે, પુરાણમાં જેમનું ચૌદ ભુવનના રૂપમાં વર્ણન કરવામાં આવ્યું છે, તે બ્રહ્માંડકોશ એટલો જ છે. આ સાક્ષાત્ પરમ પુરુષ શ્રીનારાયણ પોતાની માયાના ગુણોથી યુક્ત અત્યંત સ્થૂળ સ્વરૂપ છે. એનું વર્ણન મેં તમને સંભળાવ્યું, પરમાત્મા ભગવાનનું ઉપનિષદોમાં વર્ણિત નિર્ગુણ સ્વરૂપ જો કે મન-બુદ્ધિની પહોંચથી બહાર છે તો પણ જે પુરુષ આ સ્થૂળ રૂપનું વર્ણન આદરપૂર્વક વાંચે છે, સાંભળે છે અથવા સંભળાવે છે, તેની બુદ્ધિ શ્રદ્ધા અને ભક્તિને કારણે શુદ્ધ થઈ જાય છે અને ભગવાનના તે સૂક્ષ્મરૂપનો પણ અનુભવ કરી શકે છે. [૩૮]

યતિજનોએ ભગવાનનાં સ્થૂળ અને સૂક્ષ્મ બન્ને પ્રકારના રૂપોનું વર્ણન કરીને પહેલાં સ્થૂળ રૂપમાં ચિત્તને સ્થિર કરવું જોઈએ, પછી ધીરે-ધીરે ત્યાંથી હટાવીને તેને સૂક્ષ્મ સ્વરૂપમાં લઈ જાવું જોઈએ. [૩૯] હે પરીક્ષિત્ ! મેં તમારી આગળ પૃથ્વી, અને તેના અંતર્ગત દ્વીપો, ખંડો, નદીઓ, પર્વતો, આકાશ, સમુદ્રો, પાતાળ વગેરે લોકો તથા દિશા, જ્યોર્તિગણ, ભુવનો અને નરકોની સ્થિતિનું વર્ણન કર્યું. આ જ ભગવાનનું અદ્‌ભૂત સ્થૂળ રૂપ છે કે જે સમસ્ત જીવસમુદાયનો આશ્રય સ્થાન છે. [૪૦]

ઈતિ શ્રીમદ્ ભાગવતે મહાપુરાણે પંચમ સ્કંધે નરક વર્ણન નામનો છવીસમો અધ્યાય સંપૂર્ણઃ (૨૬)

# ઇતિ પંચમ સ્કંધ સમાપ્ત